Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણીની પગદંડી

[કેળવણી વિષયક લેખો]

લેખક

નાનાભાઈ ભટ્ટ

66 ग
९८

મુખ્ય . . . તા

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

મુંબઈ અને અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણીની પગદંડી

[કેળવણી વિષયક લેખો]

લેખક

નાનાભાઈ ભટ્ટ

66 ग
१८

મુખ્ય વિક્રેતા

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

મુંબઈ અને અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૨૨૦૦૩

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પુસ્તકમાં નાનાભાઈના શિક્ષક તરીકેના લગભગ ૪૦-૪૫ વર્ષના જીવનના મનોરંજક કિસ્સાઓ કે ટુચકાઓ નથી, તેમ, પોતાને મળેલી સફળતા કે નિષ્ફળતાનો અંતિમ સાર માત્ર નથી. પણ 'કેળવણી' ને જીવનવિજ્ઞાનનો એક વિશાળ પ્રદેશ સમજી, તે પ્રદેશના એક બુદ્ધિમાન અને સાવધ ખેડનારા તરીકે તેના દરેક ક્ષેત્રમાં ક્યાં કેવા પ્રકારની ભૂમિ છે—ક્યાં માટી છે, ક્યાં કાંકરા છે, ક્યાં પથરા છે, ક્યાં કાદવ છે, ક્યાં ગોખરુ છે, ક્યાં ઝાંખરાં કાંટા છે, ક્યાં ઊંચાણ છે, ક્યાં નીચાણ છે, ક્યાં કઠણ છે, ક્યાં કળણ છે, કયો ભાગ કઈ કઈ નિશાનીઓથી ઓળખાય છે. વિગેરેની ખેડતાં ખેડતાં જ જે જે નોંધો કરતા ગયા તેનું પ્રકાશન છે.

—કિશોરલાલ ઘ. મશરૂવાળા

(પ્રસ્તાવનામાંથી)

66 ग/१८

…या ……………

…ख्या … २२००३

… पर सर्व प्रकार की निशानियां … है। कोई महाशय १५ दिन से … क पुस्तक अपने पास नहीं रख … क देर तक रखने के लिये पुनः … नी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म ❀ 66 Π/9८

पुस्तक-संख्या ....

पंजिका-संख्या ...२२०३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

66 ग/१८
22003
२5-१0-2003

स्टाक प्रमाणीकरण ११८४-११८९
22003
२5-१0-2003

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશન–૪

કેળવણીની પગદંડી

(કેળવણી વિષયક લેખોનો સંગ્રહ)

નાનાભાઈ ભટ્ટ

गुरुकुल कांगड़ी

મુખ્ય વિક્રેતા

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

મુંબઈ અને અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી આવૃત્તિ

જુન ૧૯૪૬

કિંમત

૩-૮-૦

પ્રકાશક

નાનાભાઇ ભટ

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા (કાઠિયાવાડ)

*

: મુદ્રક :

શાહ ગુલાબચંદ લલ્લુભાઇ

મહોદય પ્રેસ,—ભાવનગર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

નાનાભાઈના પુસ્તકની પ્રસ્તાવના હું મારી ધૃષ્ટતાનું પ્રદર્શન કરવા નથી લખતો. પણ મારો તેમના પ્રત્યેનો આદર પ્રગટ કરવા અને તેમની ઇચ્છાને માન આપવાથી મને મળનારા આત્મસંતોષ માટે જ તેમ કરું છું.

નાનાભાઈએ કેળવણીના પ્રદેશમાં પ્રવેશ કર્યો, ત્યારે હું અંગ્રેજી ૪થા કે ૫મા ધોરણમાં ભણતો હોઇશ. એમણે તો કેળવણી લેતાં લેતાં જ ભણાવવા માંડયું, અને ડીગ્રી મળી તે પહેલાં જ પોતાના જીવનનું કાર્ય નક્કી કરી નાંખી તેમાં દાખલ થઇ ગયા. આજ સુધી તેને તેઓ વળગી રહ્યા છે. તેમના પરંપરાગત સંસ્કારો પણ એ કાર્યને માટે અનુકૂળ હતા, અને યોગ્ય પરિસ્થિતિઓ પણ તેમને માટે તૈયાર થતી ગઇ. આ કામ એમની પ્રકૃતિને અનુરૂપ–સ્વભાવનિયત હતું; તેને જ તેમણે બુદ્ધિથી–હેતુપૂર્વક વરીને વધારે અપનાવ્યું; અને મન, વાણી તથા કર્મ ત્રણેને તેમાં રોકી વર્ષો સુધી તેનું જ એકાગ્ર ચિંતન કરી, તેને માટે જોઇતા આવશ્યક સદ્‌ગુણો અને કુશળતાઓને કેળવી, તે કાર્યને દીપાવ્યું, તે ક્ષેત્રમાં મહત્તા મેળવી, પોતાનો વિકાસ સાધ્યો, અને સ્વકર્માચરણ દ્વારા મનુષ્ય કેવી રીતે શ્રેયઃસાધના કરી શકે તેનો એક દાખલો બેસાડ્યો. સાથે સાથે જ ગુજરાતમાં કેળવણીનો નવો યુગ પ્રવર્તાવનારા બન્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે માણસ જીવન આખું એક જ કાર્યને વળગી રહે, તે એ ક્ષેત્રનો સહેજે અનુભવી તો બને જ. પણ બધા અનુભવીઓ જાગ્રતપણે–સ્મૃતિપૂર્વક અનુભવો લેતા નથી. મોટે ભાગે તે કાર્યને તેઓ પોતાની સહજ આદત બનાવી પોતાના ચિત્તના ઊંઘણશી ભાગનું અંગ કરી મૂકે છે. પાછલી ઉંમરે પોતાના અનુભવોમાંથી જો તેઓ બીજાને કંઇ કહે છે, તો તે મોટે ભાગે કિસ્સાઓ અને ટૂચકાઓ, અથવા પોતાની સફળતા કે નિષ્ફળતાને પરિણામે થયેલો તે કાર્ય વિષેનો આશાવાદી કે નિરાશાવાદી અંતિમ સાર હોય છે. પાછળ આવનારાઓને ઉપયોગી થઇ શકે એવાં એંધાણો દેખાડી જવાનું કામ તેઓ કરતા નથી. એ કામ તો જે જાગ્રતપણે–સ્મૃતિ રાખી તે કાર્યને કરતો હોય તે જ કરી શકે છે.

આ પુસ્તકમાં નાનાભાઈના શિક્ષક તરીકેના લગભગ ૪૦–૪૫ વર્ષના જીવનના મનોરંજક કિસ્સાઓ કે ટૂચકાઓ નથી. તેમ, પોતાને મળેલી સફળતા કે નિષ્ફળતાનો અંતિમ સાર માત્ર નથી. પણ 'કેળવણી'ને જીવન–વિજ્ઞાનનો એક વિશાળ પ્રદેશ સમજી, તે પ્રદેશના એક બુદ્ધિમાન અને સાવધ ખેડનારા તરીકે તેના દરેક ક્ષેત્રમાં કયાં કેવા પ્રકારની ભૂમિ છે–કયાં માટી છે, કયાં કાંકરા છે, કયાં પથરા છે, કયાં દાભ છે, કયાં ગોખરૂ છે; કયાં ઝાંખરાં કાંટા છે; કયાં ઊંચાણ છે, કયાં નીચાણ છે; કયાં કઠણ છે, કયાં કળણ છે; કયો ભાગ કઇ કઇ નિશાનીઓથી ઓળખાય છે–વગેરેની ખેડતાં ખેડતાં જ જે જે નોંધો કરતા ગયા તેનું તે પ્રકાશન છે. જે કોઇ કેળવણીના પ્રદેશમાં દખલ દે, પછી તે તેના ઉદરનિર્વાહના ધંધા રૂપે હોય, કે તેવા ધંધા કરનારાઓને રોકી તેમની પાસે કામ લેનાર માલિક (ડિરેકટર) રૂપે હોય, કે સંશોધક વૈજ્ઞાનિક રૂપે હોય–દરેકને એ પ્રદેશના કોઇ ને કોઇ ક્ષેત્રનો મુકાબલો થવાનો જ. તેમને સૌને આ નોંધો હજુ ઘણાંક વર્ષ સુધી ઉપયોગી રહેશે. એ નોંધો ચાલીશથી વધુ વર્ષ દરમ્યાન મળેલા અનુભવો પર આજની દૃષ્ટિએ, વિચાર કરીને લખેલી નથી. પણ જેમ એક શોધક પોતાની પ્રયોગશાળામાં રોજ જે પ્રયોગો કરે કે પોતાની નજર તળે થતા જુએ તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોજનિશી રાખે તથા તે પરના પોતાના તે દિવસના વિચારો નોંધે કે જેમાં પોતાની અનુભવે ખરી માલમ પડેલી તેમજ પાછળથી ખોટી માલમ પડેલી અજમાયશો અને વિચારમાળા પણ હોય–તે પ્રકારની છે.

પાછળથી ભૂલભરેલી નોંધોમાંયે બે પ્રકાર હોય છે. જીવનની ભૂલો તરીકે જેને આપણે ઓળખાવીએ છીએ, તેમાંની કેટલીક એવા પ્રકારની હોય છે કે જે પાછળની દૃષ્ટિએ ભલે ભૂલ લાગે, પણ જે પરિસ્થિતિમાં એ કામ થયાં તેમાં તેમ કર્યા વિના છૂટકો જ નહોતો અથવા જીવનના તેટલા જ અનુભવ તથા વિકાસની દશામાં એમ જ બને–એવું દેખાડનારી હોય છે. આવી ભૂલો એક રીતે ભૂલો નહીં, પણ વિકાસની ભૂમિકા જ હોય છે. એ ભૂમિકામાં તે પગલું આગળની દૃષ્ટિએ સાચું ન હોય, તોયે અનિવાર્ય જેવું હોય છે. બીજો પ્રકાર સાચી ભૂલોનો જ હોય છે. વાચક તેને તે રીતે સમજી જ લે છે, પણ તેવી ભૂલો વારંવાર થતી રહેવાનો સંભવ હોવાથી તેવી નોંધ બીજાઓને ઇશારારૂપ થાય છે.

આમ આ પુસ્તક કેળવણીના પ્રદેશમાં નાનાભાઇના પગતળે આવેલી કે નાનાભાઇ તથા તેમના સાથીઓ અને સમકાલીનો દ્વારા બનેલી કેડીઓમાં નાનાભાઇએ વર્તેલાં એંધાણોની નોંધો છે. આ રીતે આ પુસ્તકને માટે "કેળવણીની પગદંડી" નામ યથાર્થ થયું છે.

પૂરું કરતાં પહેલાં નાનાભાઇની એક સાહિત્યસેવાનો ઉલ્લેખ કરી લઉં. આપણા દેશના વિદ્વાનોમાં એક એવી ફેશન છે કે પ્રચલિત શબ્દ યથાર્થ હોય, છતાં કેવળ રૂઢ હોવાને કારણે જ તેને અશિષ્ટ કરવો, અને કોઈક નવો શબ્દ યોજવો. એક કાળે બાળકોને ભણાવનારને 'પંડિત' (ગુજરાતીમાં પંડ્યા, મરાઠીમાં પંત) નું સંબોધન આદરસૂચક લેખાતું. પછી સદ્‌ગત રમણભાઇએ એક કિસ્સામાં 'રામલા'નું 'રામજી–લાલભાઇ' કેમ બને છે એ વર્ણવ્યું છે તેમ–પંડિત, પંડ્યા, પંતમાં વિશેષ આદર ઉમેરવાની જરૂર લાગવાથી તેમાં 'જી' ઉમેરાયો. પછી મુસલમાન કાળમાં એ દેશી શબ્દ અને દેશી વિદ્યા ભણાવનાર કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરબી ફારસીના ભણાવનાર માટે વપરાતા ‘ મહેતા ’ તથા ‘ મુનશી ’ શબ્દ વધારે માનવંતા લેખાયા. એ રીતે પંડિતો અને પંડ્યાઓ ‘મહેતા’ કે ‘ મુનશી ’ બનવા માંડ્યા. તેમને યે આગળ પર વધારે આધારની જરૂર લાગવાથી, ‘ જી ’ નો ટેકો અપાવા લાગ્યો. આમ ‘ મહેતાજી ’ અને ‘ મુનશીજી ’ સામાન્ય નામો થઇ ગયાં. પછી આવ્યો અંગ્રેજી જમાનો. તેમની શાળાઓમાં તો ‘ માસ્તર ’ જ હોય ! એટલે મહેતાજી કહેવડાવવા કરતાં માસ્તર કહેવડાવવું વધારે ઇજ્જતભર્યું લાગ્યું. તો યે મુશ્કેલીનો અંત ન આવ્યો. કારણકે, ‘ માસ્તર ’ તો પ્રાથમિક કે માધ્યમિક શીખવે તે જ. કોલેજમાં ભણાવનારને ‘ માસ્તર ’ કહેવું એ શિષ્ટ ન ગણાય. ત્યાંનો ભણાવનારો તો ‘ પ્રોફેસર. ’

પછી આવ્યો રાષ્ટ્રીય જાગૃતિનો જમાનો. એટલે અંગ્રેજી શબ્દો છોડી આપણે સંસ્કૃત–ફારસી તરફ વળ્યા. માસ્તર–ટીચરનું ભાષાંતર થયું ‘ શિક્ષક ’ અને પ્રોફેસરનું ‘ અધ્યાપક ’ (મહારાષ્ટ્રમાં આચાર્ય), અને પ્રિન્સિપાલનું ‘ આચાર્ય ’ (મહારાષ્ટ્રમાં મુખ્ય આચાર્ય). પેલા ‘ મહેતાજી ’ ‘ પંતોજી ’ તો તુચ્છતા બતાવવામાં વાપરવાના શબ્દો થઈ ગયા...વળી, જમાનો વધ્યો. રાષ્ટ્રીય શિક્ષણ ફેલાયું. એક લીટીને ભૂંસ્યા વિના નાની કરવી હોય, તો તેની પાસે બીજી મોટી લીટી દોરવી–એ ન્યાયે અધ્યાપક શબ્દે શિક્ષક શબ્દમાં લઘુતા આણી. શિક્ષક શબ્દને છોડી બધાને જ અધ્યાપક (કે આચાર્ય) કહેવાનો યુગ દાખલ થયો. પણ એમ પ્રોફેસરોની અવગણના કેમ થઈ શકે ? તેમણે નવી યુક્તિ કાઢી. તેઓ અધ્યાપક મટી ‘ પ્રાધ્યાપક ’ કે પ્રાચાર્ય ’ બની ગયા !

શબ્દોના આ ઇતિહાસમાં, ઘણાં વર્ષ સુધી શામળદાસ કોલેજના પ્રોફેસર ‘ નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ ’ ને, અને પાછળથી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના આચાર્ય ‘ નૃસિંહપ્રસાદ ઉર્ફે નાનાભાઇ ભટ્ટ ’ ને નામે ગુજરાતે ઓળખેલા પુરૂષે પોતાની ઓળખાણ આંબલાની ગ્રામ દક્ષિણામૂર્તિ નિશાળના ‘ મહેતાજી નાનાભાઇ ભટ્ટ ’ ને નામે કરાવી ‘ નિશાળ ’ તથા ‘ મહેતાજી ’ જેવા શબ્દોને પુનઃ પ્રતિષ્ઠા આપી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં ત્યાં ઉચ્ચ-નીચના ભેદ દેખાડનારી શ્રેણીઓ સ્થાપ્યા વિના આપણને ચેન જ પડતું નથી! ઉચ્ચ નીચ સમજવાનું કાંઇ બીજું નિમિત્ત હાથ ન આવે તો કેવળ શબ્દો બદલીને પણ કાલ્પનિક ઉચ્ચ નીચતા આપણે લાવી મૂકીએ છીએ! એમાં આપણે સાહિત્ય અને શબ્દોનો વિકાસ માનીએ છીએ. પરંતુ આપણે એટલું જ કરીએ છીએ કે તત્વતઃ એક જ કામ કરનારાઓમાં ઓછીવત્તી પ્રતિષ્ઠાના કૃત્રિમ ભેદો નિર્માણ કરી અદેખાઇનાં બીજ વાવીએ છીએ. નાનાભાઇએ આ ચીલો તોડી એક સેવા બજાવી છે.

સેવાગ્રામ, ૧૯મી મે, ૧૯૪૬.

કિશોરલાલ ઘ. મશરૂવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકના બે બોલ

આ 'કેળવણીની પગદંડી' ખરેખર કેળવણીની પગદંડી છે કે કેમ એ તો કેળવણીકારોએ જોવાનું રહ્યું. પણ આ પુસ્તક મારા જીવનની પગદંડી તો છે જ. રીતસર કેળવણીના ક્ષેત્રમાં પગ મૂકયાં મને આજે ૪૩ વર્ષ થવા આવ્યાં. ઈ. સ. ૧૯૦૩ ની સાલમાં હું શામળદાસ કોલેજનો ફેલો થયો ત્યારથી આજ સુધી હું મહેતાજી જ રહ્યો છું એને હું મારૂં સદ્ભાગ્ય માનું છું. પણ એ વર્ષોમાં કેળવણી વિષે હું જે વિચારો ધરાવતો હતો તે જ વિચારો આજે પણ ધરાવું છું એમ કહી ન શકાય.

દક્ષિણામૂર્તિની શરૂઆત કરી ત્યારે હું સ્પષ્ટ અસ્પષ્ટ રાષ્ટ્રીય વિચારોથી પ્રેરાયેલો છતાં મારી આંખ આગળ તો ઇટન અને હેરો જ હશે. એ દિવસોમાં હું ઇંગ્લાંડની પબ્લીક સ્કૂલોની વાતો કરતો અને આવી પબ્લીક સ્કૂલોને આપણો ઘાટ આપવાના મનોરથો સેવતો. દક્ષિણામૂર્તિ અમારી પોતાની રીતે ગુજરાતના અમુક વર્ગના વિદ્યાર્થીઓ માટે પબ્લીક સ્કૂલ બની પણ ખરી. પણ મારી રાષ્ટ્રીયતાની કલ્પના દિવસે દિવસે બદલાતી ગઇ અને આપણા દેશ માટેની પબ્લીક સ્કૂલની કલ્પના પણ બદલાતી ગઇ. આજે મને સ્પષ્ટ જણાય છે કે આંબલામાં છે તેવી લોકશાળા એ જ આપણી સાચી પબ્લીક સ્કૂલ છે અથવા તો આપણી **Folk-School** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆતનાં વર્ષોમાં ગૃહજીવન તેમજ શાળાજીવનના મારા વિચારો પશ્ચિમના વિચારોથી વધારે રંગાએલાં હશે. આજે મારે ગૃહપતિનું કામ કરવું હોય તો હું ભાવનગરમાં વિચારતો તેથી બીજી રીતે વિચારૂં. દક્ષિણામૂર્તિની શરૂઆત કરી ત્યારે વિદ્યાર્થીઓ પોતાનાં જમવાનાં વાસણો પોતાને હાથે માંજે એ મોટો ફેરફાર ગણાતો; આજે પોતાના અંગત કામો ઉપરાંત વિદ્યાર્થી રીતસરનો ઉત્પાદક શ્રમ ન કરે તો એ પોતાને મોટું નુકશાન કરે છે એમ કહું.

એક દિવસ એવો હતો કે જ્યારે મારા વિદ્યાર્થીઓ કાંતવું મરજી-જીયાત કે ફરજીયાત એવી ચર્ચાઓ કરતા અને હું એવી ચર્ચા થવા દેતો, આજે જોઉં છું તો ગામડામાં એ વસ્તુ સાવ સ્વાભાવિક જ છે. અને આટલાં વર્ષોમાં કોઇ દિવસ મેં ખાદીનો ખાસ આગ્રહ રાખ્યો નથી, અને છતાં કોઇ ખાદી ન પહેરતો હોય કે કાંતતો ન હોય એવો વિદ્યાર્થી મળતો નથી.

મને બરાબર યાદ છે, હું મુંબઇની ટ્રેનીંગ કોલેજમાં ભણતો હતો ત્યારે એક દિવસ મેં સભામાં શારીરિક સજાની ફિલસૂફી પર વ્યાખ્યાન આપ્યું અને મિત્રોને મુગ્ધ કર્યા; એક દિવસ એવો પણ આવ્યો કે મહુવાના હેડમાસ્તર તરીકે મેં સજા કરવાની નેતરની સોટીને ખીંટી પરથી હેઠી ન ઉતારી તે ન જ ઉતારી; એક દિવસ એવો પણ આવ્યો કે દક્ષિણામૂર્તિના વડલાની ટોચ પરથી અમે મિત્રોએ શાળામાં શારી-રિક સજા વિરૂદ્ધ જેહાદ પોકારી. આજે આંબલાના આંબાવાડિયામાં બેઠાં બેઠાં અમે મિત્રો ગાંધીજીના પ્રેમ ને અહિંસાના મંત્રો પઢીએ છીએ અને શારીરિક સજા શાળાજીવનમાંથી જ નહિ પણ સમગ્ર માનવ-જીવનમાંથી દૂર થવી જોઇએ એવાં સ્વપ્નો સેવીએ છીએ.

એટલે ખરી રીતે તો ભાવનગરના દક્ષિણામૂર્તિના નિયામકમાંથી આંબલાના ગ્રામ દક્ષિણામૂર્તિનો મુખ્ય મહેતાજી હું કેમ થયો તેનું આ ઝાંખું એવું ચિત્ર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં મને એક વાતનો સંતોષ છે. મારા વિચારોના વાતાવરણની પાછળ મારી જે ભોંય છે એ કાયમ રહી છે એનો મને સંતોષ છે. મારા વિચારોમાં ફેરફારો થયા હશે અથવા તો થયા છે જ; પણ એ તમામ વિચારોની પાછળ સાચી કેળવણી આપીને દક્ષિણામૂર્તિ દેવની એટલે કે ભગવાનની પૂજા કરવાની મારી વાસના કાયમ રહી મને દેખાય છે. જેમ જેમ સાચી કેળવણીનું મારૂં દર્શન બદલાતું ગયું છે તેમ તેમ મારા જીવને પલટા લીધા છે અને મિત્રોને સુદ્ધાંત આવા પલટા અણઉકલ્યા રહ્યા છે.

વાચકો મારા પલટા અને એ પલટા પાછળની ભૂમિકા આ પુસ્તકમાં જોઇ શકશે એવી આશા સાથે વિરમું છું.

૧૧-૪-૪૬ આંબલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

(દરેક લેખને છેડે આપેલ સાલ લેખ લખાયાની છે.)

૧

સિદ્ધાંતચર્ચા

લેખનું નામ	પૃષ્ઠ
૧ ગૂજરાતીના શિક્ષણમાં એક બે આવશ્યક વિચારો... ...	૩
૨ ઇતિહાસના પાઠ્યપુસ્તકની પસંદગી	૧૧
૩ શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી મંડળ	૧૯
૪ વિદ્યાર્થીઓના પ્રવાસો	૩૪
૫ ઔદ્યોગિક કેળવણી	૫૧
૬ છાત્રાલય મીમાંસા	૫૯
૭ સત્યાગ્રહ—લડત કે કેળવણીનો અખતરો ?	૮૧
૮ ગૃહપતિની લાયકાત	૮૮
૯ ઠંડું મગજ	૯૨
૧૦ સંસ્થા : પુરુષપ્રધાન અને યોજનાપ્રધાન	૯૫
૧૧ નવીન કેળવણી એટલે ?	૯૮
૧૨ ચારિત્ર્ય	૧૦૧
૧૩ છાત્રાલયો શું કરે ?	૧૦૩
૧૪ સત્તા અને જવાબદારી	૧૦૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫ ક્યાં જવું છે? ૧૦૯
૧૬ દુરુપયોગ ૧૧૩
૧૭ સ્વાશ્રય ૧૧૫
૧૮ સ્વમાન ૧૧૭
૧૯ ધાર્મિક કેળવણીની વિચારણા... ... ...૧૧૯
૨૦ છાત્રાલયનું ઋણ ૧૨૨
૨૧ જીવનની નવી દૃષ્ટિ ૧૨૫
૨૨ વાતાવરણ... ... ...૧૨૮
૨૩ શિસ્ત એટલે શું ?... ... ...૧૩૫
૨૪ આપણી શિક્ષણ સંસ્થાઓ ૧૩૮
૨૫ ધર્મ-શિક્ષણ ૧૫૦
૨૬ વ્યવહાર કે આદર્શ ૧૫૪
૨૭ નૂતન ગ્રામ વિદ્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ૧૫૬
૨૮ અદ્યતન ગૃહપતિ ૧૬૩
૨૯ બ્રહ્મચર્ય ૧૬૬
૩૦ સામાજિક જીવન ૧૬૮
૩૧ ગૃહપતિની આધ્યાત્મિકતા ૧૭૦
૩૨ સ્વતંત્રતા—થોડીએક ગેરસમજ... ... ...૧૭૨
૩૩ જાતમહેનતનો જન્મસિદ્ધ હક્ક ૧૭૫
૩૪ સાહિત્ય અને કેળવણી ૧૭૭
૩૫ માનસશાસ્ત્ર ૧૯૦
૩૬ માંગલિક પ્રવચન ૧૯૩

ખંડ ૨ જો.

વ્યવહાર-ચર્ચા

૩૭ પ્રશ્નોત્તર ૨૦૫
૩૮ રસોયો ૨૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯ વિદલ તંદુલ ૨૧૫
૪૦ તહેવારોનો વિચાર ૨૧૭
૪૧ કરકસર ૨૨૦
૪૨ મૂતરડી ૨૨૩
૪૩ પરણેલ વિદ્યાર્થી ૨૨૫
૪૪ મુખ્ય વિદ્યાર્થી : ધરાર પટેલ... ... ...૨૨૭
૪૫ ટપાલ ૨૩૦
૪૬ વિદ્યાર્થીઓ અને જાહેર જીવન ૨૩૨
૪૭ પાણી ૨૩૫
૪૮ કોઠાર ૨૩૭
૪૯ વિદ્યાર્થીઓના ખાનગી પૈસા ૨૪૩
૫૦ થોડીક આવડત ૨૪૬
૫૧ પ્રાર્થના ૨૪૯
૫૨ છાત્રાલયમાં ધર્મક્રિયા ૨૫૨
૫૩ વધારે ખાવું ૨૫૫
૫૪ વિદ્યાર્થીની સારવાર કોણ કરે ? ૨૫૭
૫૫ ભોજન પહેલાં ૨૬૦
૫૬ છાત્રાલયમાં ચોરી ૨૬૨
૫૭ છાત્રાલયમાં હડતાળ ૨૬૫
૫૮ આપણાં શરીરો ૨૬૯
૫૯ લૂલી કેળવણી ૨૭૫
૬૦ ચોકખું પાણી ૨૭૯
૬૧ સેક્રેટરી વિ. ગૃહપતિ... ... ...૨૮૧
૬૨ નટખટ વિદ્યાર્થી ૨૮૪
૬૩ એક વણનોંધ્યો ગૃહપતિ ૨૮૬
૬૪ કેળવણી વિષયક પ્રશ્નોત્તરી ૨૮૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહત્ત્વની ભૂલ

૨૮૨ મા પાના પરના લખાણના અનુસંધાનમાં જ ૨૮૩ મા પાના પરનું લખાણ છે. ૨૮૨ મા પાના પર ખાલી રહેલી જગ્યા તથા સાલવારી ભૂલથી મૂકાયેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનાભાઇના અન્ય પુસ્તકો

મહાભારતનાં પાત્રો

રામાયણનાં પાત્રો

હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ ભા. ૧–૨

લોક ભાગવત

ભાગવત કથાઓ

આપણા દેશનો ઇતિહાસ

વિ.

હવે પછી

દૃષ્ટાંત કથાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણીની પગદંડી

(૧)

સિદ્ધાંત ચર્ચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતીના શિક્ષણમાં એક બે આવશ્યક વિચારો

ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યનું શિક્ષણ આપણી શાળાઓમાં જુદી જ દૃષ્ટિથી અપાવું જોઇએ. આ દૃષ્ટિને હું કલાની દૃષ્ટિ કહું તો ચાલે. ગુજરાતી ભાષા તેમજ ગુજરાતી સાહિત્યનું શિક્ષણ કાંઇ હકીકતોના જ્ઞાન માટે આપવામાં આવતું નથી; એ શિક્ષણનો ઉદ્દેશ જ્ઞાન નહીં પરન્તુ શક્તિ આપવાનો છે—કલ્પના, લાગણી અને રસવૃત્તિ પોષવાનો છે. ભૂગોળ શીખવતી વખતે શિક્ષક ભૂગોળની હકીકતો કદાચ વિદ્યાર્થીની પાસે મૂકી શકે પરન્તુ ભાષાશિક્ષણમાં તેમ નથી. ભાષાશિક્ષણમાં હકીકતો પોતે ગૌણ છે: તે તે હકીકતને માનવી જીવનની સાથે જે દૃષ્ટિ સાંકળી શકે છે તે દૃષ્ટિનું અને એવી દૃષ્ટિનું પોષણ કરનાર સાહિત્યનું ભાષા-શિક્ષણમાં સ્થાન છે. ભૂગોળ ભલે ચન્દ્રોદય અને સમુદ્રનો પરસ્પર સંબંધ બાંધે, તેનો ચોક્કસ સમય ઠરાવે અને ગણિતબદ્ધ નિયમો ઊભા કરે, પરન્તુ

‘ આજ મહારાજ જળ પર ઉદય જોઇને
ચન્દ્રનો હૃદયમાં હર્ષ જામે. ’

એ કાવ્ય તો કલા અને તજ્જન્ય આનંદને જ પિછાને છે.

સાહિત્યનું—માતૃભાષાના સાહિત્યનું આપણી શાળાઓમાં આ દૃષ્ટિએ જ સ્થાન છે. સાહિત્યની ઉચ્ચ વાનીઓને આપણે વર્ગમાં મરડી મચડીને ખૂબ નીચોવીએ છીએ ત્યારે તેમાંથી વ્યાકરણનાં અને પદચ્છેદનાં બે ચાર ટીપાં પડે છે એ સાચું; પરન્તુ સાહિત્યમાંથી ઉચ્ચ જીવનની જે પ્રેરણા જાગવી જોઇએ તે તો આ રીતે જાગે જ નહિ.

વિદ્યાર્થીઓ આપણા સાહિત્યનો લાભ લેતા થાય, ‘આપણું સાહિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારંવાર વાંચીને તેનો આત્મા ખીલે, સાહિત્યનો ઉપભોગ કરી આનંદ માણે અને એ રીતે સાહિત્ય દ્વારા ગુપ્ત પણ સચોટ રીતે મનુષ્યત્વના ઉચ્ચ આદર્શો જીવનમાં વણી લેઃ આ તરફ આપણા ભાષાશિક્ષકની નજર જવી જોઇએ. આપણે ત્યાં મોટે ભાગે તો એવું જ બને છે કે શિક્ષક જ્યારે સાહિત્યનો કોઈ ભાગ શીખવવા બેસે ત્યારે સાહિત્યના આ સુન્દર નમૂનાને વિદ્યાર્થી પાસે મૂકતાં મૂકતાં પોતે જ નવો સાહિત્યકાર કહો કે ટીકાકાર કહો કે હકીકતકાર, બની જાય છે અને સાહિત્યનો વિદ્યાર્થીના આત્મા સાથે સંબંધ જામવા દેતો જ નથી.

આનું કારણ એ છે કે આપણે શિક્ષકો જ ઉચ્ચ સાહિત્યને પિછાનતા નથી. એ પિછાન માટે જે સંસ્કારિતા જોઇએ છીએ તે આપણી કોલેજો પણ આપી શકતી નથી એ આપણે કબૂલ જ કરવું જોઇએ.

માતૃભાષાના સાહિત્યને શાળામાં અગ્રસ્થાન આપવાનો પ્રધાન ઉદ્દેશ તો એ છે કે સાહિત્ય દ્વારા સ્વાભાવિક રીતે વિદ્યાર્થીનું જીવન ઘડાય છે. સાહિત્ય એ તો એક પ્રકારની કલા છે. કલા પોતાના સૌંદર્યથી મનુજ હૃદયને પથ્યાપથ્યનું ભાન કરાવી શકે છે અને આવા કલાત્મક વિવેક ઉપર માણસ પોતાના જીવનના આદર્શો બાંધે છે. આ રીતે મનુષ્યનો સારાસારનો વિવેક ઘડવામાં તેમજ મનુષ્યને જીવન માટે શ્રેયસ્ અને પ્રેયસ્નું તારતમ્ય પાઇ દેવામાં સહિત્યનો ઘણો મોટો હિસ્સો છે. અને શાળા આ બાબતનો જેટલો લાભ લે તેટલો થોડો છે. ગુજરાતી શિક્ષકે ઉદાત્ત સાહિત્યનાં સંસર્ગથી વિદ્યાર્થી પોતે એવા સાહિત્ય તરફ વધારે ને વધારે આકર્ષાય તેમ કરવું જોઇએ. માતૃભાષાનું સાહિત્ય જીવનસ્પર્શી હોય છે; એનો પ્રદેશ સંકુચિત હોતો નથી. અનેક પ્રકારની આકાંક્ષાઓ, વાસનાઓ, રાગદ્વેષો, આનંદો, હર્ષશોકો અને હાસ્યરુદનો જે આપણે માનવ જીવનમાં જોઇએ છીએ તે સઘળાંને અહીં પણ સ્થાન હોય છે. ખરૂં સાહિત્ય વિદ્યાર્થીની પાસે આખા જીવનપ્રદેશને ખુલ્લો મૂકી દે છે અને અહીં જ વિદ્યાર્થી પોતે ન સમજે તેવી રીતે તેનું જીવન પોષાય છે, ભાવિનાં અનેરાં સ્વપ્નો ઘડાય છે અને જીવતર મૂર્ત સ્વરૂપ પકડતું જાય છે. આ સાહિત્ય જીવનમાર્ગ પર અલૌકિક પ્રકાશ નાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતીનો શિક્ષક પોતાના કાર્યને આવી વિશાળ દૃષ્ટિથી ન જુએ ત્યાં સુધી આપણી શાળાઓમાં ગુજરાતીનું શિક્ષણ મડદાલ જેવું રહે તેમાં શી નવાઈ? માટે ગુજરાતીનો શિક્ષકઃ—

૧, સાહિત્યનો અને વિદ્યાર્થીનો સીધો સંબંધ વધારે જામવા દે અને પોતે સમજાવવાને બહાને બહુ આડો આવે છે તે ન આવે.

૨. માત્ર, પ્રેરણા જગાડવાની ખાતર જરૂર હોય ત્યાં સુંદર વાંચન આપી છેટો રહે. પ્રસંગે એકાદ અઘરા શબ્દનો અર્થ કહે.

૩. વિદ્યાર્થી વારંવાર સાહિત્યના સુન્દર ફકરાને વાંચે એ તરફ તેમને પ્રેરે.

વિદ્યાર્થી સાહિત્યનો ઉપભોગ કરે એ જરૂરનું છે. એ સાહિત્યનું શરીર તેમજ તેનો આત્મા બન્ને ઉપયોગી ચીજો છે અને એક બીજાની સાથે ગુંથાએલી છે, એટલે સાહિત્યનો આત્મા પકડવા માટે બાહ્ય શબ્દ-રચના વગેરે પણ ઓછાં ઉપયોગી નથી. બલ્કે એ સ્થૂળ પણ એ જ આત્માનો આવિર્ભાવ છે; એટલે અવારનવાર તે સાહિત્યનો પરિચય અતિ ઉપયોગી છે.

એક બીજી વાત પણ શિક્ષકે ધ્યાનમાં રાખવી જોઇએ. ઉચ્ચ સાહિત્ય—કોઇ પણ ખરી કલા—જીવન પર અસર કરે છે. શાળામાં શિક્ષક વિદ્યાર્થીની પાસે સાહિત્ય મૂકી તેના જીવન ઉપર અસર કરવા માગે છે. પરન્તુ, જ્યાં સુધી શિક્ષકે પોતે પોતાના જીવનમાં એ સાહિત્યની અદ્દ્ભુત અસર અનુ-ભવી ન હોય ત્યાં સુધી શિક્ષક વિદ્યાર્થી ઉપર છાપ ઊભી કરવામાં ફળી-ભૂત થાય જ નહિ. ' ફુલ વીણ સખે, ફુલ વીણ સખે ' એ કવિતા સમજાવનાર અને કવિતા દ્વારા મનુજ હૃદયના સૂક્ષ્મ તારને હલાવવાની ઈચ્છા રાખનાર શિક્ષક પોતે તો પહેલો હલી ગયેલ હોવો જોઇએ. નહિતર, આવી બાબતમાં જે શિક્ષક પોતે ઘાયલ થયેલો ન હોય તે બીજાને ઘાયલ કરી શકતો જ નથી. માટે જ, ગુજરાતી ભાષાના શિક્ષકે ઉદાત્ત સાહિત્યનો સારો પરિચય સેવી તેનાથી ભીંજાયેલા જ રહ્યા કરવું; માત્ર ઉપયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરતું એ સાહિત્ય વાંચી લેવું એવી સમજણ દૂર કરવી. ઘણીવાર કોઇ કોઈ શિક્ષકને એમ પણ થઈ આવે કે એકની એક કવિતા દર વર્ષે શીખવવી પડે એટલે પછી શો રસ રહે ? પરન્તુ આ ભૂલ છે.

क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः । એનો એ સૂર્ય પચાસ વર્ષ સુધી ઊગે છતાં જ્યારે જુઓ ત્યારે એની છટા ઓરજ હોય ! કેટલાંક ઉત્તમ કાવ્યો માટે તો એવું પણ બને છે કે જેમ જેમ તેને વધારે ને વધારે વાંચો તેમ તેમ નવી નવી ખુબી ઝળકી ઉઠે. સામાન્ય રીતે પણ જે સાહિત્ય વિદ્યાર્થીની પાસે આપણે મૂકવું છે તેમાં આપણી રસવૃત્તિને સ્થાન તો મળ્યું જ હોવું જોઇએ; જે સાહિત્ય વિદ્યાર્થી પાસે આવવાનું છે તેને શિક્ષકે અમુક રીતે પોતાનું તો કર્યું હોવું જોઇએ.

આટલું સાહિત્ય અને તે શીખવવાની દૃષ્ટિ માટે.

વર્ગમાં ભાષાસાહિત્ય શીખવવાનો આખો પ્રશ્ન જેટલો મહત્વનો છે તેટલો જ મહત્વનો પ્રશ્ન નિબંધલેખનનો છે. દરેક શાળા નિબંધલેખનને બહુ અગત્યનું સ્થાન તો જરૂર આપે છે, પરંતુ કોઈ પણ શાળા તેનો કોયડો ઉકેલી શકી હોય એમ દેખાતું નથી. હું હાઇસ્કુલમાં ભણતો હતો ત્યારે અમને ગુજરાતીમાં તો કોઈ નિબંધો લખવાનું કહે નહિ; કારણ કે ગુજરાતી એ ભાષા જ ન ગણાતી. પરન્તુ અંગ્રેજીમાં અમને નિબંધો લખાવતા ખરા. શરૂઆતમાં અમે શિક્ષક પાસેથી કોઈ નાની વાર્તા સાંભળીને તરતજ અંગ્રેજીમાં લખી લાવતા અને જેની યાદશક્તિ સરસ હોય તે પહેલો આવતો. પછીથી તો અમે ઊંચા ધોરણમાં ગયા ત્યારે સારા સારા મથાળાવાળા નિબંધો અમારે લખવા પડતા. અમારા એક શિક્ષકે અમને Honesty is the Best Policy એ વિષય ઉપર નિબંધ આપ્યો હતો. નિબંધ અમે લખીએ એટલે શિક્ષક જોઈ આપે અને ભાષાની ભૂલો હોય તો સુધારે અથવા બે ચાર સારી વાકયરચનાઓ શીખવે. નિબંધમાં જેમ બને તેમ રૂઢીપ્રયોગો ઘુસાડવા અને વિષયને મરડી મચરડીને પણ એકાદ સારા કવિની થોડી લીટીઓ નિબંધની શરૂઆતમાં કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેડે લગાડી દેવી એવી અમને ખાસ સૂચના આપવમાં આવતી. ઘણીવાર તો મેકમીલનના કે પીટરસનના લખેલા નિબંધો અમે ગોખી લેતા અને પરીક્ષામાં આબાદ ઉતારતા.

આજે આ બધી બાબતોનો વિચાર કરતાં હસવું આવે છે, દિલગીરી પણ તેટલી જ થાય છે. નિબંધલેખનના આખા વિષય ઉપર તો આજે ન જ વિચાર કરીએ, પરંતુ નિબંધલેખનનાં કેટલાંએક જરૂરી અંગોને તો આજે તપાસીએ.

નિબંધ એક રીતે વિદ્યાર્થીની ઉત્પન્ન કરેલી નવી સૃષ્ટિ છે. માણસ પોતાની આસપાસ જે જે જુએ છે, સાંભળે છે, સ્પર્શે છે, વિચારે છે, જીવે છે તે તે સર્વને તે કાંઇ ને કાંઈ મૂર્ત રૂપ આપવાનો પ્રયત્ન કરે છે જ. એમ કર્યા વિનાં તે રહી શકતો જ નથી. જેમ મનુજ આત્મા જિજ્ઞાસુ છે તેમજ પોતાની પાસે જે કાંઈ છે તે કોઇ ને કોઇ રૂપમાં વ્યક્ત કરવું—મૂર્તિમન્ત કરવું એ પણ મનુષ્યનો સ્વભાવ જ છે.

એટલે વિદ્યાર્થી નિબંધના રૂપમાં પોતાની સૃષ્ટિ રચે તે પહેલાં તેની આંતર સમૃદ્ધિ વધવી જોઇએ એ જરૂરનું છે. આપણે સમજીએ છીએ કે શ્વાસોચ્છ્વાસની બાબતમાં માણસ ફેફસાંની અંદર જેટલા પ્રમાણમાં વધારે વાયુ ભરી શકે તેટલા પ્રમાણમાં તે મલિન વાયુને વધારે બહાર કાઢી શકે છે. તેમજ માણસ પોતે જુદા જુદા અનેક ઘાટથી જેમ વધારે પરિચિત તેમ તે પોતે નવા ઘાટોના સૃષ્ટા તરીકે વધારે આબાદ નીવડે.

એક રીતે જોતાં બાળક બોલતાં શીખે છે ત્યારથી જ તે સૃષ્ટા તો થઈ ચૂકે છે; તેનું નિબંધગ્રથન તે દિવસથી શરૂ થઈ ચૂક્યું ગણાય જ. બાળક જેમ જેમ મોટું થતું જાય અને તેના અનુભવની આલમ જેમ જેમ વધારે વિશાળ થતી જાય તેમ તેમ તેનો કોષ પણ વધે અને પરિણામે તેની સર્જનશક્તિમાં વધારો થાય જ.

નિબંધલેખન એ કલા છે અને શબ્દ એ એનું સાહિત્ય છે—બાહ્ય સાધન છે. કોઈ પણ કલાની માફક નિબંધલેખનમાં પણ સૌથી જરૂરનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો એ છે કે વિદ્યાર્થીની પાસે સારામાં સારા નમૂનાઓ ઊભા થવા જોઈએ. નિબંધલેખન એ તો વ્યક્તિનું પ્રતિબિંબ છે, પરંતુ તેની આંતર સામગ્રીને માટે જે તરેહ તરેહના આદર્શો વિદ્યાર્થીની સન્મુખ ખડા થવા જોઈએ તેનું શું ?

આટલા માટે, વિદ્યાર્થીઓ સારા નિબંધો લખી શકે એવી જેને ખાયેશ હોય તે શિક્ષકે વિદ્યાર્થીને ભાષાના સારામાં સારા સાહિત્યનો પરિચય આપવો જોઈએ. બેશક તેની વય વગેરેને ધ્યાનમાં લઈને.

વિદ્યાર્થીની દુનિયા વિસ્તાર પામે અને એ વિસ્તાર પામેલી દુનિયાને મૂર્ત સ્વરૂપ આપનાર થોડા ગુરુઓનો સંગ થઈ જાય એટલે વિદ્યાર્થીઓ પાસેથી આપોઆપ નિબંધો ફૂટી નીકળવાના.

ઘણીવાર આપણને એમ લાગે છે કે વિદ્યાર્થીની પાસે વિચારો તો છે પણ ભાષા નથી. સામાન્ય રીતે વિચાર અને એ વિચારને વહન કરવાની ભાષા એ બન્ને એટલાં સંકળાયેલાં છે કે એ બેને આપણે છૂટાં પાડી શકીએ નહિ. છતાં પણ, નિબંધલેખનમાં સારી ભાષાની પણ તેટલી જ અપેક્ષા છે એટલે આ ભાષાના પ્રશ્નને આપણે નીરાળો ચર્ચીએ.

વિદ્યાર્થીનો ભાષા ઉપરનો કાબૂ અભ્યાસથી–વારંવારની વપરાશથી–જામે છે. વિદ્યાર્થી રસથી પ્રેરાઈને અવારનવાર બોલવા ચાલવામાં ભાષાનો છૂટથી ઉપયોગ કરે એટલે તેનું સ્વામિત્વ દૃઢ થતું જાય છે. આવો કાબૂ મેળવવા માટે કાંઈ વ્યાકરણના નિયમોની અપેક્ષા તો ઓછી જ છે ?

પરન્તુ આવો અભ્યાસ, ભાષાનો છૂટથી ઉપયોગ કરવાનું બળ અને વલણ, એ બધું એક બાબત ઉપર આધાર રાખે છે. વિદ્યાર્થીની સન્મુખ શુદ્ધ અને સવીર્ય ભાષાના નમૂનાઓ જ ખડા થવા જોઈએ, કારણ કે ભાષા ઘડાય છે આવા નમૂનાઓના આધારે; અને એક વાર ઘડેલો ઘાટ પાછળથી ફેરવી પણ શકાતો નથી.

અને આ નમૂનાઓ ઊભા કોણ કરે છે વારૂ ? આપણે શિક્ષકો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળામાં આપણી શિક્ષકોની ભાષા એ વિદ્યાર્થીને મન તો નમૂનેદાર ભાષા. ગૃહમાં ગૃહપતિઓની ભાષા અને શાળામાં શિક્ષકોની ભાષા–આથી જ વિદ્યાર્થીઓની ભાષા ઘડાય છે. આપણે જાણીએ છીએ કે આપણે આ બાબતમાં કેટલા બધા બેદરકાર છીએ. વિદ્યાર્થીઓની સાથેની આપણી વાતચીતમાં, આપણી ભાષા કેવી ખામીવાળી હોય છે? આપણો અવાજ, આપણા ઉચ્ચારો, આપણો લ્હેંકો, આપણા વિરામો, આપણા શબ્દોનું સામર્થ્ય, શબ્દ ઉપર ભાર મૂકવાની આપણી રીત, આપણા 'અને.... અને....વળી' એ બધાં આપણી કંગાલિયત બતાવનારાં નથી તો, બીજું શું?

અને શું આપણે ક્ષણભર પણ માની શકીએ કે આપણા આ રોજના વ્યવહારની વિદ્યાર્થીઓ પર ઓછી અસર થાય છે?

આપણામાં એક ભ્રમમૂલક વિચાર ઘર કરીને બેઠો છે કે ભાષાનો શિક્ષક જ ભાષાને માટે જવાબદાર; નિબંધશિક્ષક હોય તેને નિબંધો લખવા પડે એટલે તેણે નિબંધની રીતે બોલવું હોય તો ભલે, વગેરે; પરન્તુ માતૃભાષાના શુદ્ધ વપરાશને માટે તો હરકોઇ શિક્ષક જવાબદાર છે. શું ગણિતશિક્ષક ગણિતમાં ખોટી ભાષાનો ઉપયોગ કરી લે તે ક્ષંતવ્ય છે? ઇતિહાસનો શિક્ષક કહે કે મારે તો હકીકતોની સાથે સંબંધ છે, ભાષાનો ગોટાળો થાય તો હું શું કરૂં, તો તે પણ ક્ષંતવ્ય નથી. માતૃભાષાને કાંઈ એક કે બે સમયની સાથે જ સંબંધ છે એમ નહિ. એને તો આખા જીવનની સાથે સંબંધ છે. અને તેટલા જ માટે આખા શાળાજીવનની તેમજ ગૃહજીવનની ભાષા શુદ્ધ હોવી જોઇએ અને તેટલા માટે શિક્ષકો તથા ગૃહપતિઓનો ભાષાવ્યવહાર શુદ્ધ જ હોવો ઘટે છે.

આપણી શાળાઓમાં પણ ભાષાના શિક્ષકોનો મુખવ્યવહાર કેવો શુદ્ધ અને સંસ્કારી છે તે જોયા વિના જ ભાષાશિક્ષણનું કાર્ય સોંપવામાં આવે છે અને કોલેજો વગેરેમાં પણ ભાષા વિદ્યાર્થીના મુખમાં કેવી દીસે છે તે જોવાનાં સાધનો થોડાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણો જે ભાષાવ્યવહાર મુખથી ચાલે છે તેની જીવન ઉપર કેટલી બધી અસર છે તે આપણે જાણતા નથી. હાલમાં લખવા લખાવવાનું કામ એટલું બધું વધી પડ્યું છે કે ભાષાશિક્ષણમાં કાનનું સ્થાન આપણે ભૂલી ગયા છીએ. પરન્તુ, ભાષાના શિક્ષણમાં આંખના કરતાં પણ સંસ્કારી કાન અને સંસ્કારી જીભ વધારે મહત્વનાં છે. ભાષાશિક્ષણના વધારે વ્યાપક પ્રદેશમાં જઇને બોલીએ તો ભાષાસાહિત્ય તો કાન અને જીભ દ્વારા આત્માને સંસ્કારે છે, અને જેને આપણે ભાષાનુરાગ કહીએ તેને જાગ્રત કરે છે.

માટે જ દરેક શિક્ષકે શાળામાં શુદ્ધ સંસ્કારી ભાષા જ વાપરવી. ઉચ્ચારો ચોકખા, વાકયો પૂરાં ને અર્થવાહક, શૈલી સુન્દર અને વ્યક્તિત્વની છાપવાળી. આપણે વિદ્યાર્થીની પાસે ભાષાનો–નિબંધલેખનના શરીરનો આદર્શ ઊભો કરવો છે માટે આ બાબતમાં કોઇ શિક્ષક ગફલત કરે તે ચાલી ન શકે.

અલબત્ત, આનો અર્થ એવો તો નથી જ કે આપણે શાળામાં હોઇએ ત્યાં સુધી કૃત્રિમ ભાષા જ બોલીએ અને આપણી પોતાની ભાષાને એટલે ઉતારી રાખી હોય તે ઘેર જઇએ ત્યારે સાથે લેતા જઈએ! આપણી ભાષા ખોટી કૃત્રિમતા તો ન જ પકડે, પરન્તુ આપણું બોલવું વધારે સંબદ્ધ, શુદ્ધ, સરલ અને છતાં ઉદાત્ત થવું જ જોઇએ.

નિબંધલેખનમાં એવી પણ વિચિત્રતા જોવામાં આવે છે કે આપણે વિદ્યાર્થીની આલમના વિષયનો વિચાર કરતા જ નથી અને જે તે ઠોકી બેસાડીએ છીએ. વિદ્યાર્થીએ જે પ્રસંગને કે બાબતને પોતાની કરી લીધી છે, જેમાં તેને પોતાનો અંગત રસ છે અને જેનું સર્જન કરવામાં તે પોતાની શક્તિને ઉત્સાહથી વાપરે છે એમ આપણને જણાય તેવા વિષયો ઉપર નિબંધલેખનનું આમન્ત્રણ થવું હોય તો થવું જોઇએ. ખરી રીતે તો વાર્તાઓ એ જ આ ઉમ્મરના વિદ્યાર્થીઓ માટે વધારે યોગ્ય વસ્તુ છે. અને તેનો જ ઉપયોગ થવો જોઇએ. અહીં તો નિબંધ માટે આટલું જ.

(૧૯૨૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસના પાઠ્યપુસ્તકની પસંદગી

અત્યારે કોઇપણ નવી રાષ્ટ્રીયશાળા ઉઘડે છે એટલે શાળાના કાર્યકર્તાઓ જૂદાં જૂદાં ધોરણો માટે કયાં કયાં પાઠ્યપુસ્તકો ચલાવવાં તેનો વિચાર કરવા બેસી જાય છે. ખરી રીતે તો શાળાએ સૌથી પહેલાં જ પોતાના આદર્શને બરાબર વિચારી લેવો જોઇએ અને પછી પોતે કેવા પ્રકારની કેળવણી આપવા માગે છે તેનો વિગતવાર ઉકેલ કરવો જોઇએ. શાળાનો આદર્શ અને એ આદર્શનો વ્યવહારૂ અમલ, એ બે મર્યાદાઓ નક્કી થાય એટલે પછી એ સ્થિતિએ પહોંચવા માટે કયાં કયાં સાધનો જરૂરનાં છે તે નક્કી કરવું સહેલું છે. પાઠ્યપુસ્તકોની પસંદગી એ પણ આવાં સાધનોનો જ વિચાર છે.

પરંતુ આપણે ત્યાં હાલની સ્થિતિમાં આદર્શને નક્કી કર્યા પછી પાઠ્યપુસ્તકોને પસંદ કરવાનું બનતું નથી. બેશક, પાઠ્યપુસ્તકોને માણસ અમુક રીતે પસંદ કરે એટલે આડકતરી રીતે તો તે પોતાના આદર્શને ખુલ્લો જ કરે છે એ દેખીતું છે. છતાં, આવી પસંદગીમાં ઘણીવાર તો પાઠ્યપુસ્તકો શાળાના આદર્શને ઘડી નાખે છે. આ રીતે જોતાં શાળામાં જુદા જુદા વિષયોને શીખવવા માટે પાઠ્યપુસ્તકોની પસંદગી કરવી એ જવાબદારીભર્યું કામ છે અને ગમે તેમ વિચાર કર્યા વિના પાઠ્યપુસ્તકો દાખલ કરી દેવામાં કોઇપણ રાષ્ટ્રીયશાળા ભૂલ જ કરે છે એમ આપણે કહી શકીએ.

આપણી માધ્યમિક શાળાઓમાં ઇતિહાસનો વિષય અત્યારે અગત્યનું સ્થાન ભોગવે છે. ઇતિહાસનું પાઠ્યપુસ્તક પસંદ કરવામાં કોઇ પણ શાળાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયાં કયાં તત્ત્વોનો વિચાર કરવો જોઇએ તેનો આ લેખમાં આપણે વિચાર કરીએ.

કોઇપણ પ્રજાનો ઇતિહાસ એટલે એ પ્રજાનો ભૂતકાળ. એ પ્રજાની અત્યારે જે સ્થિતિ છે તેની પાછળ કયાં કયાં બળો રહેલાં છે, તે પ્રજાનો આત્મા જીવનમાં કયાં કયાં ક્ષેત્રોમાં અને કેવી રીતે સંકોચ તેમજ વિકાસ પામ્યો છે તેની સંબદ્ધ હકીકત. બીજી રીતે બોલીએ તો પ્રજાનો ઇતિહાસ એટલે પ્રજાનું જીવનચરિત.

આવા ઇતિહાસશિક્ષણનો મુખ્ય ઉદ્દેશ શો હોઇ શકે ? આપની આસપાસ જે સમાજ ઊભો છે તે સમાજનો અને ખાસ કરીને તો તેના સામાજિક તેમજ રાજકીય સ્વરૂપનો ખ્યાલ આપવો એ ઇતિહાસનો મુખ્ય ઉદ્દેશ છે. સમાજ અત્યારે જે સ્વરૂપે છે તે સ્વરૂપ કેવી રીતે ઘડાયું, એ પ્રકારનો ઘાટ થવામાં કયાં કયાં કારણો હતાં, કયા કયા મહાપુરુષોએ સમાજનાં બળોના નાયક થઇને અથવા તો પ્રતિરોધી થઇને તેને છેવટ ગતિ આપી છે વગેરે આપણે જાણીએ ત્યારે સમાજને આપણે વધારે ઓળખીએ–તેનું યથાર્થ સ્વરૂપ બરાબર પિછાની શકીએ. આપણી આસપાસની દુનિયાના આવા સામાજિક અને રાજકીય સ્વરૂપની પિછાન કરાવવી એ ઇતિહાસશિક્ષણનો મુખ્ય ઉદ્દેશ છે, આવી પિછાન કરાવવાની સાથે સાથે બુદ્ધિને તેમજ હૃદયને જે જે સાંસ્કારિક લાભો થાય તે બધા ઉપયોગી છતાં મુખ્ય ઉદ્દેશને આધીન વર્તે છે એમ સમજવું.

આ ઉદ્દેશને સિદ્ધ કરવા માટે આપણે પાઠ્યપુસ્તક પસંદ કરીએ છીએ એટલું જ જો આપણે બરાબર ધ્યાનમાં રાખીએ તો ઘણું સારું. આ ઉદ્દેશને સિદ્ધ કરવા માટે પાઠ્યપુસ્તક એ કાંઈ એક જ સાધન નથી. ઇતિહાસ તો ભૂતકાળમાં પ્રવેશ કરે છે અને એ ભૂતકાળને બહાર લાવી જીવતોજાગતો બનાવી દઇ વિદ્યાર્થીની પાસે મૂકે છે. માત્ર ભૂતકાળની હકીકતો તો મરી ગયેલી હકીકતો છે. શિક્ષણમાં એ મૃત હકીકતોને પ્રાણ ફૂંકીને સજીવન કરવાની રહે છે અને આ રીતે ભૂતકાળ સજીવન થાય ત્યારે જ ઇતિહાસનું ખરું શિક્ષણ મળ્યું કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરી ગયેલા ભૂતકાળને સજીવન કરવા માટે ઐતિહાસિક સ્થળોની યાત્રાઓ, જૂના અવશેષો, ચિત્રસંગ્રહો, વગેરે સાધનોની યોજના ઘણો લાભ કરે છે. આપણે તો અહીં પાઠ્યપુસ્તકોનો જ મુખ્યત્વે વિચાર કરવાનો છે એટલે બીજાં સાધનોને હાલ બાજુ પર મૂકીશું.

ઇતિહાસનું પાઠ્યપુસ્તક ઇતિહાસનું છે એટલે ઇતિહાસના કોઈ પણ પાઠ્યપુસ્તકમાં ઐતિહાસિક સત્યનો વિનાશ તો ન જ થવો જોઇએ. ઇતિહાસનું આખું ચણતર બનેલી હકીકતો ઉપર ચણાય છે એટલે હકીકતો જે રીતે બની હોય તે જ રીતે તેમને યથાર્થ મૂકવી એ સૌથી પહેલું જરૂરનું છે.

ખરૂં છે કે ઘણીવાર આવો સત્યાસત્યનો નિર્ણય આપણે ધારીએ તેટલો સહેલો નથી. એકની એક જ હકીકત એક પક્ષને એક રીતે ભાસે ને બીજા પક્ષને બીજી રીતે ભાસે. યૂરોપમાં બોનાપાર્ટનું તેમ જ જોન ઓવ્ આર્કનું જીવન ફ્રાન્સના લોકોને અમુક જ પ્રકારનું લાગે. એનો એ સમ્રાટ્ અકબર હિંદુઓને જૂદો લાગે અને ચુસ્ત મુસલમાનોને જૂદો લાગે. આપણા દેશનો ઈ. સ. ૧૮૫૭નો પ્રસંગ અંગ્રેજ ઇતિહાસકારોને સિપાહીનો બળવો લાગે ત્યારે સ્વરાજવાદી હિંદીઓને સ્વાતંત્ર્યનું યુદ્ધ લાગે. આમાં તો પ્રજાકીય દૃષ્ટિબિંદુનો પ્રશ્ન આવે છે. પરંતુ આવા પ્રજાકીય દૃષ્ટિબિંદુનો પ્રશ્ન ન હોય ત્યાં પણ ઘણીવાર મતભેદ પડે છે. એક પક્ષ કહે કે અકબરે હેમુને મારવાની આનાકાની કરી એટલે બ્હેરામખાને તેને મારી નાખ્યો, ત્યારે બીજો પક્ષ કહે કે અકબરે સ્હેજ આનાકાનીથી પણ તેને માર્યો તો ખરો. એકનો એક જ બનાવ બે જોનારાઓ જુદી જુદી દૃષ્ટિથી જુએ અને તે બન્ને તેનો અહેવાલ જુદો જુદો આપે એવું ઘણીવાર બને છે. પરંતુ આવા પ્રસંગોમાં આપણી બુદ્ધિ સામાન્ય દૃષ્ટિએ સત્યનો તાગ કાઢી શકે છે.

અને તેમ છતાં જે પાઠ્યપુસ્તક યોગ્ય આધાર સાથે પોતાનો અભિપ્રાય મૂકે છે અને સત્યને માટે તત્પર છે તે પુસ્તક જ પાઠ્યપુસ્તક તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગ્ય છે. પરંતુ, આવા સત્યાસત્યને અંગે ખાસ કરીને બે ત્રણ બાબતો વિચારી લેવી ઘટે છે.

આપણે ત્યાં પાઠ્યપુસ્તક લખનારાઓ જાતે કાંઇ ઇતિહાસકારો નથી હોતા. તેઓ તો મોટે ભાગે સ્વતંત્ર ઇતિહાસકારોનાં પુસ્તકોને આધારે લખે છે એટલે જો તેઓ પોતાના જ્ઞાનમાં અદ્યતન ન રહે તો તેમની હકીકતોનો ઉકેલ જીર્ણ થઇ જવાનો સંભવ છે. ખાસ કરીને આપણા દેશના ઇતિહાસમાં તો હજી ઘણી નવી શોધો થયા જ કરે છે અને એવી શોધોનું તાજું જ્ઞાન જો પાઠ્યપુસ્તકમાં ઉમેરાયા ન કરે તો પાઠ્યપુસ્તક પુરાણુ બની રહે. એટલે કોઈ પણ પાઠ્યપુસ્તકમાં છેલ્લામાં છેલ્લી શોધનું પરિણામ તો આવવું જ જોઇએ.

ઘણીવાર પ્રજાના જુવાનવર્ગમાં સ્વદેશાભિમાનનો જુસ્સો રેડવાની ખાતર પાઠ્યપુસ્તકોમાં જાણ્યે અજાણ્યે ઇતિહાસમાં ન છાજે એવું લખવામાં આવે છે. પોતાની માતૃભૂમિ માટે સદભિમાન જાગ્રત થવું એ તો જરૂર ઇતિહાસના સુશિક્ષણનું પરિણામ છે. પણ ખાસ એ હેતુથી ઇતિહાસના બનાવોને સ્હેજ પણ મચક આપવી એ યોગ્ય નથી. ઇતિહાસ ભૂતકાળનો વિચાર કરે છે તેમ ભવિષ્યમાં પણ દૃષ્ટિ નાખે છે અને આવતી કાલની દુનિયાને રચનારાં સ્વપ્નો પણ માણે છે. એટલે જે પુસ્તક આવતી કાલના શાંત અને સુલેહબદ્ધ જગતની ભાવનાને વિઘાતક નીવડે એ ઇતિહાસનું પુસ્તક આખી માનવજાતિનું દ્રોહી ગણાય.

આ રીતે ઐતિહાસિક સત્યને વળગી રહેવું એ કોઇ પણ પાઠ્ય-પુસ્તકનો પહેલો ધર્મ.

પાઠ્યપુસ્તકની પસંદગીમાં બીજી અગત્યની વાત લેખકનું દૃષ્ટિબિંદુ છે. ઘણીવાર તો લેખક પોતાની પ્રસ્તાવનામાં જ પોતાનું દૃષ્ટિબિંદુ જણાવી દે છે અને તેમ ન જણાવ્યું હોય તોપણ લેખકે જે જે હકીકતોને પસંદ કરી હોય, એ હકીકતોને જે રીતે ગોઠવી હોય તથા ઇતિહાસનાં જુદાં જુદાં પાત્રો ઉપર જે છાયાપ્રકાશ પડવા દીધાં હોય તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરથી આપણે લેખકનું દૃષ્ટિબિંદુ પામી શકીએ ખરા. દાખલા તરીકે, કોઈ લેખક હિંદુયુગસંબંધે વિસ્તારથી લખે અને અર્વાચીન યુગને ટુંકામાં પતાવે; કોઇ લેખક રાજ્યપ્રકરણને ગૌણ કરી સામાજિક સ્થિતિનાં ચિત્રો વધારે ઉઘડતા રંગે પૂરે; કોઇ લેખક વ્યક્તિઓને ઇતિહાસની વિધાતા ગણે; કોઇ વ્યક્તિઓને માત્ર પરિસ્થિતિના શ્રેષ્ઠ આવિર્ભાવ રૂપ જાણે. આ પ્રમાણે તરેહ તરેહનાં દૃષ્ટિબિંદુઓ પાઠ્યપુસ્તકોમાં નજરે પડે. સામાન્ય રીતે જે પાઠ્યપુસ્તક પ્રજાના સર્વાંગ જીવનનું પ્રતિબિંબ ઝીલવાનો પ્રયત્ન કરતું જણાય તે બીજાં પુસ્તકો કરતાં વધારે યોગ્ય છે; છતાં પણ વિદ્યાર્થીઓ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓનો પરિચય કરી લે એ હેતુથી જુદાં જુદાં પુસ્તકો પણ વિદ્યાર્થીઓના પરિચય માટે આપણે જરૂર મૂકીએ. માત્ર, જે પુસ્તકમાં એક પણ ચોક્કસ દૃષ્ટિબિંદુ ન હોય, પરંતુ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓનો ખીચડો થયો હોય તે પુસ્તકને આપણે ત્યજવું જોઇએ. કારણ કે ઇતિહાસને હકીકતોના સમૂહ સાથે સંબંધ નથી પરંતુ એ હકીકતોના ઉકેલની સાથે સંબંધ છે અને ચોક્કસ દૃષ્ટિબિંદુ વિના હકીકતોનો ઉકેલ આવવો જ સંભવતો નથી.

આ રીતે ઐતિહાસિક સત્ય અને લેખકનું દૃષ્ટિબિંદુ એ બે મુદ્દાઓ આપણે જોયા.

પાઠ્યપુસ્તકમાં ત્રીજી અગત્યની વાત પસંદ કરેલી હકીકતો છે. નાની ઉંમરના વિદ્યાર્થીઓ સ્થૂળ હકીકતોને વધારે સ્હેલાઇથી પકડી લે છે એ આપણે જાણીએ છીએ, અને સૂક્ષ્મ હકીકતો તો ઠેઠ ઉપરનાં ધોરણોના વિદ્યાર્થીઓને પણ ભારે પડે છે એ પણ સૌ સમજે છે. એટલા માટે હકીકતો એવી જ પસંદ કરેલી હોવી જોઇએ કે વિદ્યાર્થીને તે તરત જ આકર્ષી લે ને તેના મનમાં પોતાનો માર્ગ સહજ કરી લે. હકીકતોની આવી પસંદગી અને વિદ્યાર્થીઓના માનસના નિયમને અનુસરીને જ ઉન્મેષ યોજના પર લખાયેલાં પુસ્તકો બીજાં પુસ્તકોના કરતાં વધારે આવકારદાયક છે—ખાસ કરીને નીચેનાં ધોરણોમાં.

એકની એક વાત કહેવા માટે મન જલદી ગ્રહણ કરી શકે તેવી સ્થૂળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હકીકતો પણ મૂકી શકાય અને વધારે સૂક્ષ્મ હકીકતો પણ મૂકી શકાય. શ્રીહર્ષરાજાના વખતમાં બુદ્ધધર્મનું ચિત્ર આપવું હોય તો હ્યુએનસંગના અધિષ્ઠાતાપણા નીચે પ્રયાગના મોટા ધર્મસંમેલનની હકીકતથી પણ આપી શકાય અને ધર્મની સ્થિતિ વિષે સૂક્ષ્મ ચર્ચાથી પણ આપી શકાય. છતાં, એ ધર્મસંમેલનની હકીકત માધ્યમિક શાળાના પુસ્તકમાં સ્થાને છે અને સૂક્ષ્મ ચર્ચા અસ્થાને છે.

ઈતિહાસની હકીકતો જેમ બને તેમ વધારે સ્થૂળ જોઈએ; પણ સાથે સાથે એ સ્થૂળ હકીકતોનો નિર્દેશ બહુ જ સ્પષ્ટતાથી થવો જોઇએ. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે લખતાં આપણે એક ભૂલ કરી જઈએ છીએ તે એ કે આપણે કેટલાંક વિશેષણોને તદ્દન સાદાં ગણીને વાપરીએ છીએ અને માનીએ છીએ કે આપણી ભાષા બહુ જ સહેલી છે એટલે વિદ્યાર્થીઓને અઘરી નહિ પડે. પણ સહેલી ભાષા બધી વાર ચોક્કસ ખ્યાલો આપી શકતી નથી. આપણે તો વિદ્યાર્થીની પાસે જૂની બિનાને જીવતી કરીને મૂકવી છે એટલે જે શબ્દો અમુક ચોક્કસ અર્થવાળા હોય અને જે શબ્દો ચોક્કસ રીતે અમુક ચિત્ર ઉભું કરતા હોય તેવા જ શબ્દો વાપરવા જોઈએ. શબ્દો ટૂંકા હોય, સાવ સહેલા હોય અને છતાં, વિદ્યાર્થીઓ માટે જરાય ભાવવાહક ન હોય એવું ઘણીવાર બને છે. મારાં લખેલાં પુસ્તકોમાં પણ આ દોષ તો નજરે પડે તેમ છે. મારું પુસ્તક લખે છે—

" યજ્ઞો સાદા અને ભાવવાળા હોવા જોઇએ તેને બદલે ધાંધલ જેવા થઇ પડ્યા અને બ્રાહ્મણનું જીવન આદર્શરૂપ હોવું જોઇએ તે જ વિપરીત થતું ચાલ્યું.......... "

'યજ્ઞો સાદા અને ભાવવાળા' એટલે કેવા ? 'ધાંધલ જેવા' યજ્ઞો એટલે વળી કેવા ? 'બ્રાહ્મણનુ આદર્શજીવન' એટલે શું સમજવું ? શું આ બધાં વિશેષણો વિદ્યાર્થીને સ્પર્શ કરવાનાં છે ?

અહીં જ પાઠ્યપુસ્તકની ખરી કસોટી છે. પાઠ્યપુસ્તક એટલે હકી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કતોનો ઢગલો તો નહિ જ. પાઠ્યપુસ્તક તો હકીકતોને એવા શબ્દોથી આલેખે કે તેનું આબેહૂબ ચિત્ર વિદ્યાર્થીના મનમાં ઊભું થાય અને વિદ્યાર્થીને તો એમ જ થઇ જાય કે પોતે એ બનાવની વચ્ચોવચ્ચ જ ઊભો છે. ચિત્રની આવી સચોટતા ને તાદૃશતા વિના પાઠ્યપુસ્તક ભૂતકાળને કદી પણ સજીવન કરી શકે જ નહિ, અને ભૂતકાળ સજીવન ન થાય એટલે હકીકતો સત્ય અને દૃષ્ટિબિંદુ યથાર્થ હોય તો પણ શું વળે? આટલા માટે જ પાઠ્યપુસ્તકનો આ લખાવટનો પ્રશ્ન એક રીતે સૌથી વધારે મહત્વનો છે.

અલબત્ત એવું બને કે કેટલાંક પાઠ્યપુસ્તકો એવા આશયથી જ લખાયાં હોય કે તેની લખાવટને શિક્ષકના આબેહૂબ નિવેદનની પૂર્તિ મળે અને એ રીતે પુસ્તકની ત્રુટી મુખનિવેદનથી દૂર થાય; પરન્તુ, અત્યારના સંયોગો જોતાં આ રીત બહુ પસંદ કરવા જેવી નથી. પાઠ્યપુસ્તક લખનારે પોતે જે પ્રકારનું નિવેદન કલ્પ્યું હોય તેવું જ બીજા શિક્ષક પાસેથી નીકળે એ ભાગ્યે જ બને; એટલે નિવેદનની અપેક્ષા ન રાખતાં સંપૂર્ણ ચિત્રોવાળું પાઠ્યપુસ્તક પસંદ કરવું વધારે સલાહકારક છે.

આ ઉપરાંત પાઠ્યપુસ્તકની ભાષાનો વિચાર પણ તદ્દન વિસારી શકાય તેવો તો નથી જ. ઇતિહાસનું પાઠ્યપુસ્તક એ ભાષાનું કે સાહિત્યનું પુસ્તક નથી એટલું આપણે ભલે કબૂલ રાખીએ; છતાં પણ પુસ્તકની ભાષા શુદ્ધ ને નિર્દોષ તો જોઇએ જ. આપણી ગુજરાતી ભાષામાં જે થોડાં ઘણાં પાઠ્યપુસ્તકો છે તેમાં ભાષા તો સાવ તરજુમીયા જેવી થઇ ગઇ છે એ દિલગીરીની વાત છે. ખરી રીતે શાળામાં કોઇપણ વિષયનું પાઠ્યપુસ્તક ખરાબ ભાષાવાળું ન જ હોવું જોઇએ.

આપણાં પુસ્તકોમાં સાધારણ રીતે ચિત્રો, નકશા, સિક્કાઓ, ઇતરવાચન માટે પુસ્તક નિર્દેશ, વિગેરેની મોટે ભાગે ખામીઓ છે, આ બધી ખામીઓ તરતમાં દૂર થવી મુશ્કેલ છે; છતાં જે પાઠ્ય પુસ્તકમાં તે બધી

૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર થઇ હોય, તે વધારે આવકારદાયક છે. પણ ચિત્રો, નકશાઓ હોય તે પણ સારા હોય તોજ તેનો અર્થ છે; માત્ર તેનું અસ્તિત્વ બહુ ઉપયોગી નથી.

આ પ્રમાણે માધ્યમિક શાળા માટેના ઇતિહાસના પાઠ્ય પુસ્તકમાં આપણે આટલી બાબતોની અપેક્ષા રાખીયેઃ—

૧ ઐતિહાસિક સત્ય.

૨ અમુક ચોક્કસ દૃષ્ટિબિન્દુ.

૩ હકીકતો બને તેટલી સ્થૂલ—ખાસ કરીતે નીચાં ધોરણમાં.

૪ હકીકતોનો સ્પષ્ટતાપૂર્વક નિર્દેશ ચોક્કસાઈ.

૫ ચિત્રોની તાદૃશતા.

૬ ભાષાશુદ્ધિ—શુદ્ધ ઉદાત્ત ગૂજરાતી.

૭ સારાં ચિત્રો, અને સિક્કાઓની પ્લેટો.

૮ ઇતર વાચન માટે પુસ્તકોનું સૂચન.

(૧૯૨૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિમંડળ

વિદ્યાર્થિમંડળ દક્ષિણામૂર્તિગૃહનું એક ધ્યાન ખેંચે તેવું અંગ છે. આજે છાત્રાલયના વિદ્યાર્થીઓ તેમજ ગૃહપતિઓ આ મંડળના સભ્યો છે અને આખુંય મંડળ પોતાના ચોક્કસ ધોરણે કામ કર્યે જાય છે.

પરંતુ મંડળ આજે છે તેવું જ કાંઇ જન્મ્યું નથી. વિદ્યાર્થિમંડળના આખા જીવનમાં આજ સુધીમાં અનેક ફેરફારો થયા છે અને એ બધા ફેરફારોનો આંક સૌ કોઇ સ્પષ્ટ રીતે જોઇ શકે. વિદ્યાર્થિમંડળની આખી જીવનકથાનો હું સાક્ષી રહ્યો છું એ અધિકારે આજે સમાજ પાસે એ મંડળની હકીકત રજુ કરૂં છું.

ભવન ઇ. સ. ૧૯૧૦ ના ડિસેમ્બર માસમાં શરૂ થયું. ભવનના વીશ વિદ્યાર્થીઓ ભવનમાં રહે, ખાય, પીએ, વાંચે અને ગામની શાળામાં ભણવા જાય. હાઇસ્કૂલમાં કે સનાતન સ્કૂલમાં ભણનારા એ વિદ્યાર્થીઓ માટે અમારે ગૃહમાં પણ નાની હાઇસ્કૂલ કે સનાતન સ્કૂલ ચલાવવી પડતી. સવારે વહેલા ઉઠી, નાહી ધોઇ સૌ લેસન કરવા મંડી પડે અને વારાફરતી મારી પાસે શીખવા આવે; રાત્રિએ પણ એ જ કામ. શાળાના ભણતરને મધ્યબિન્દુ તરીકે રાખીને છાત્રાલયના જીવનનું આખું વર્તુળ દોરવાનું એટલે જીવનના ભોગે લેસન થાય પણ લેસનના ભોગે કાંઈ પણ થઇ ન શકે એવી સ્થિતિ હતી.

આ દશામાં વિદ્યાર્થીઓને સ્વતંત્ર જીવન જેવું થોડું જ હોય; ન વાંચે તેને કોઈ રીતે વંચાવ્યે જ છૂટકો: પછી સમજાવીને કે ધમકાવીને.

આ પહેલા વર્ષ દરમ્યાન, કોલેજનું કામ હોવાથી છાત્રાલયના કામને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું એકલો પહોંચી ન શકતો એટલે મને વિદ્યાર્થીઓ સહાય કરે એવા વિચારથી થોડાએક મોટા વિદ્યાર્થીઓને મેં કામ સોંપ્યાં હતાં. હું અને વિદ્યાર્થીઓ સૌ મળીને ઘર એટલે છાત્રાલય, એ વિચાર તો છાત્રાલયના મૂળમાં જ હતો.

એ દિવસોમાં પાણી ઉપર સખ્ત દેખરેખ રાખવી પડતી કે રખેને કોઈ વધારે પાણી વાપરી જાય! પાણી ભરનાર ડોશીમા અને છાનામાના પાણી વાપરી નાખતા એ વિદ્યાર્થીઓની ટપાટપી સંભારું છું ત્યારે આજે પણ ઘડીભર મનનો થાક ઉતરી જાય છે. પીપનું ઢાંકણું ખખડયું કે ડોશીમા લાંબા હાથ કરતાં દોટ દે અને હું કોલેજમાંથી પાછો ફરું ત્યારે ત્રણ ચાર ભટુરિયાંને દરવાજા પાસે જ હાજર રાખે. આ પરિસ્થિતિમાં એક મોટા વિદ્યાર્થીને પાણીના કામ પર રોકેલા એટલે તેમાંથી પાણીના નિયમો ઊભા થયા: દિશાએ જવા માટે બે કળશા, નહાવા માટે આઠ, દાતણ માટે એક, વગેરે.

આ પ્રમાણે એક વિદ્યાર્થી ગાદલાનું કામ કરતો, એક ભોજન વખતે ઘીની વાટકીઓ કરતો અને એક ત્રીજો રમતોનો સામાન સાચવતો.

આ પહેલા વર્ષ દરમ્યાન શાળાનું ભણતર અમને ખૂબ ખટકતું અને બાર માસ પૂરા થયા પહેલાં અમે ભવન તરફથી પ્રયોગ રૂપે ચોથા ધોરણનો વર્ગ શરૂ કર્યો. આ વર્ગના છ સાત વિદ્યાર્થીઓને ગામની શાળામાં જવાની જરૂર ન હતી.

ભવનનો વર્ગ શરૂ થયો એટલે મારું કામ વધ્યું—કોલેજના કામની સાથે પહોંચી ન શકાય તેટલું વધ્યું, એટલે અમે બીજા સુપ્રિન્ટેન્ડન્ટ રાખ્યા. હું વર્ગમાં કામ કરું અને રહું તો વિદ્યાર્થીઓ સાથે જ. આ વર્ગમાં સદ્‌ગત રણજીતરામભાઈ ઇતિહાસ શીખવતા, લાભભાઈ ગુજરાતી શીખવતા અને નાગપુરથી તાજા પાસ થઈ આવેલા પોપટભાઈ (હીરાલાલ હરગોવિંદ પંડ્યા) વનસ્પતિશાસ્ત્ર લેતા. આ વર્ગના વિદ્યાર્થીઓ પોતાના વિચારોને વ્યકત કરી શકે, શાળાના વિષયો ઉપરાંત પોતાના ઈતર વાચનને મૂર્તરૂપ આપે અને ભાષા ઉપર પોતાનો ઊભો થતો કાબૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

66 ગ/૧૮ 22003
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજમાવી લે એવા એવા વિચારોથી ‘ દક્ષિણામૂર્તિ ’ નામનું વિદ્યાર્થી-ઓનું માસિક આ વખતે પહેલવહેલું જન્મ્યું. અને એ જ માસિક હજી આજે પણ ‘ વિદ્યાર્થી ’ના નામથી ગૃહના વિદ્યાર્થીઓ ચલાવે છે. વિદ્યાર્થીઓના આ દક્ષિણામૂર્તિના પહેલા તંત્રી ભાઇ લાલ. આ માસિક માટે કવર-ડિઝાઇન ભાઇ રામી કરતા અને એ જ છોટાલાલ રામીએ

‘ થાઓ મહાન કરવા સુમહાન કામો ’

એ લીટીમાં દક્ષિણામૂર્તિના તરુણોનો આદર્શ આંક્યો ને હજી આજે પણ

‘ થાશું મહાન કરવા સુમહાન કાર્યો ’

એ રૂપમાં માસિકે તે જાળવી રાખ્યો છે.

શરૂઆતના આ માસિકમાં અને આજના સમૃદ્ધ ‘વિદ્યાર્થી’ માં મોટો તફાવત છે અને એ તફાવતમાં જ તે દિવસના વિદ્યાર્થીમંડળનો અને આજના વિદ્યાર્થીમંડળનો તફાવત સમજાઈ જાય તેમ છે.

બીજે વર્ષે વિદ્યાર્થીઓનાં કામોમાં બે બાબતોનો ઉમેરો થયો. અમે રહેતા તે શ્રી તખ્તસિંહજી ધર્મશાળાની ગાર ઉખડી ઉખડીને ત્યાં મોટા ખાડા થવા લાગ્યા એટલે જોડાનો એક વ્યવસ્થાપક ઊભો થયો અને વિદ્યાર્થીઓ સવારે રખડે નહિ પરંતુ વાંચે એવું ચોક્કસ પરિણામ લાવવા માટે ભીખુભા નામના એક વિદ્યાર્થી પોલીસ થયા. રોજ સવારે સાડા સાતથી સાડા દસ સુધીમાં ભીખુભા કંક બારવટે નીકળેલા વિદ્યાર્થીઓને પકડી પકડીને સુપ્રિન્ટેન્ડન્ટ પાસે લઇ જાય એ હું મારા અભ્યાસગૃહમાંથી જોતો. પણ આ પોલીસખાતું દક્ષિણામૂર્તિને સદ્યું નહિ એટલે ભીખુભા પણ ગયા, સુપ્રિન્ટેન્ડન્ટ પણ ગયા અને પોલીસ પણ ગયો.

ઈ. સ. ૧૯૧૩ ની સાલમાં હું પાછો સુપ્રિન્ટેન્ડન્ટ થયો અને મારી મદદમાં એક શિક્ષકને રાખ્યા. આ વર્ષ મારી સ્ત્રીની બિમારીનું હતું એટલે આખા છાત્રાલયનું જ નહિ પરંતુ મારા ઘરનું કામ પણ વિદ્યાર્થી-ઓ હસ્તક જ ચાલતું. રાત્રિના બાર વાગે ગઢેચીના ડૉકટરને બોલાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવું હોય તો વિદ્યાર્થીઓ એક પગે તૈયાર. અને આવા આંટા કાંઈ બે ચાર નહિ પણ સો દોઢસો થયા હશે. મારા જીવનમાં મને પહેલવહેલું ભાન થયું કે કેટલીએક બાબતોમાં વિદ્યાર્થીઓને તદ્દન સ્વતંત્ર જવાબદારી પર છોડી દીધા હોય તો કામ સુંદર થાય જ. પરંતુ એ વખતે તો આ વિચાર કરવાની મને પણ ફુરસદ ન હતી.

૧૯૧૩ ના ઓક્ટોબરમાં મારી સ્ત્રી ગુજરી ગઈ. એ જ અરસામાં હું કોલેજમાંથી પણ છૂટો થયો અને મારા બન્ને પગ ભવનમાં સ્થિર થયા. આ વખતે ભાવનગરમાં પ્લેગ ચાલતો હોવાથી અમે સૌ નેસડે રહેવા ગયા અને ત્યાં આખા છાત્રાલયનો વહીવટ મેં વિદ્યાર્થીઓના હાથમાં મૂકી દીધો. નેસડામાં અમે સૌ એક બીજાના સારા પરિચયમાં આવ્યા અને મારા મનમાં તેમજ વિદ્યાર્થીઓના મનમાં વિદ્યાર્થિમંડળની ભાવના સ્પષ્ટ રીતે ઉઠી.

નેસડાવાસ દરમ્યાન વિદ્યાર્થીઓની પક્ષાપક્ષી અને ભાવાભાવો મારી સન્મુખ રજૂ થયાં; કયા કયા વિદ્યાર્થીઓ કેવળ મારી હૂંફથી જ ફૂદે છે તે પણ નક્કી થયું અને આ સર્વને પરિણામે રીતસરનું વિદ્યાર્થિમંડળ ઊભું થયું. આજ સુધીમાં વિદ્યાર્થી હસ્તક જે જે કામો ચાલતાં હતાં તે બધાં કામો વિદ્યાર્થિમંડળનાં કામો થયાં અને તેમને રીતસર શબ્દોમાં મૂકવામાં આવ્યાં. પરંતુ એક ફેરફાર આ વખતે ઊભો થયો. આજ સુધી જુદા જુદા વિદ્યાર્થીઓને હું કામો સોંપતો હતો એને બદલે વિદ્યાર્થીઓ પોતે અંદર અંદર પોતાના નેતાને ચુંટી લે એવો નિયમ કર્યો, અને આ ફેરફાર અગત્યનો ગણાય. શરૂઆતનાં વર્ષોમાં આવી ચુંટણી થવાનો સમય આવે તે અગાઉ મોટા વિદ્યાર્થીઓની શક્તિઓ પરત્વે અમારે અનેક ચર્ચાઓ પણ થતી. એ દિવસોમાં તો ચુંટણીની ધમાલથી થાકીને કેટલાએક સારા વિદ્યાર્થીઓ મારી પસંદગી વધારે ઇચ્છિતા અને હજી આજે પણ ચુંટણીની ધમાલની બહાર રહી સેવા કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ ગૃહમાં મળી આવશે. ચુંટણી કરનારા નવા તેમજ નાના વિદ્યાર્થીઓને ચુંટણી પાછળ રહેલાં જવાબદારી અને જોખમ ન સમજાય ત્યાં ચુંટણીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાહ્ય રૂપ નિરર્થક છે એ વાત તે દિવસે પણ ઘણાને સમજાએલી અને એ ફેરફારને અંગે તીખી ચર્ચા પણ ઊભી થએલી. આ તકરારનો તોડ એ દિવસોમાં એવો આવ્યો કે ગૃહપતિને યોગ્ય લાગે તો ચુંટાએલા નેતાને રદ કરી તેને સ્થાને બીજાને નીમી શકે.

નેસડાવાસ દરમ્યાન મારે અવારનવાર ભાવનગર જવું આવવું પડતું એટલે મારી ગેરહાજરીમાં વિદ્યાર્થીને ગૃહપતિનો અધિકાર સોંપવાનો શિરસ્તો ઉભો થયો, અને વિદ્યાર્થીગૃહપતિની યોજનાનાં બીજ નંખાયાં. ત્યાર પછી તો મારે સંસ્થાના ફંડને અંગે અવારનવાર બહાર જવું પડે એટલે છાત્રાલયનો ઘણો કારભાર વિદ્યાર્થીઓના હાથમાં જ રહેતો. ઈ. સ. ૧૯૧૪ ની સાલમાં ફંડ માટે હું રંગુન ગયો ત્યારે છાત્રાલયનો ઘણોખરો આંતર વહીવટ વિદ્યાર્થીઓના હાથમાં જ હતો.

આ વર્ષોમાં વિદ્યાર્થીમંડળ પાસે નીચે પ્રમાણે ખાતાંઓ હતાં:—

૧ સેક્રેટરી (તંત્રી તેમજ પુસ્તકાલય સાથે)

૨ સ્વચ્છતા (ધોબી, દાતણ, પાણી, જોડા, બત્તી વગેરે સાથે)

૩ રમતો

૪ ભોજન

૫ ઘંટ અને ગાદલાં

૬ દવાખાનું

ભવનમાં દવાખાનાના ખાતાની અગત્ય ઊભી કરવાનું માન ભાઈ વેણીશંકરને અને ગોપાળરાવને ઘટે છે. તેમણે પોતે માંદા પડી આ વિભાગની અગત્ય ઊભી કરી હતી. ત્યાર પહેલાં જે કોઈ માંદા પડતા તેની સારવાર મોટે ભાગે મારા અને મોટાભાઇ (સ્વ૦ હરગોવિંદદાસ અજરામર પંડ્યા) ના હસ્તક રહેતી અને વિદ્યાર્થીઓ માગી મદદ આપતા. હવે પછી માગી મદદ આપવાનું અમારે ભાગે આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇ. સ. ૧૯૧૭ માં દક્ષિણામૂર્તિએ પોતાના નવાં મકાનોમાં પગ મૂકયો અને એ સાથે જ છાત્રાલયના જીવનમાં ફેરફાર થવા લાગ્યો. ભવનને પોતાની જ એક સ્વતંત્ર શાળાની અનિવાર્ય જરૂર લાગી અને ઇ. સ. ૧૯૧૮ ના જૂન માસમાં દક્ષિણામૂર્તિ વિદ્યાલય શરૂ થયું. ભવનમાં વિદ્યાર્થીઓની સંખ્યા એકદમ વધતી ચાલી. એક ગૃહપતિને સ્થાને બે ત્રણ ગૃહપતિઓ અને એક મુખ્ય ગૃહપતિની જરૂર ઉભી થઇ અને આ નવી પરિસ્થતિને પહોંચી વળવા માટે વિદ્યાર્થિમંડળે નવું રૂપ ધારણ કર્યું.

પરંતુ એકલો પરિસ્થતિને પહોંચી વળવાનો જ પ્રશ્ન ન હતો. આજ સુધીમાં વિદ્યાર્થિમંડળની આખી ભાવના પાછળ જે ધ્વનિ માત્ર હતો તે આ નવા સંયોગોમાં સ્પષ્ટ થયો અને વિદ્યાર્થિમંડળે વધારે ચોક્કસ, વધારે વ્યવસ્થિત અને વધારે તાત્ત્વિક રૂપ પકડયું.

આજ સુધીના વિદ્યાર્થિમંડળનો ખ્યાલ લેવા માટે આપણે એ બંધારણના જ શબ્દો જોઇએ:—

નામ તથા ઉદ્દેશ

" આ મંડળનું નામ શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિમંડળ રહેશે. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિગૃહની આંતર વ્યવસ્થાનાં જે જૂદા જૂદા વિભાગોનાં કામો હાલ તુરતમાં છે અથવા તો ભવિષ્યમાં નીકળે તે સર્વની વ્યવસ્થા વિદ્યાર્થીઓને જ હાથે થાય એવા ઉદ્દેશથી આ મંડળ સ્થાપવામાં આવ્યું છે.

મેમ્બર તથા પ્રમુખ

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિગૃહનો દરેક વિદ્યાર્થી આ મંડળનો મેમ્બર છે અને સુપ્રિન્ટેન્ડન્ટ મંડળના ઓનરરી પ્રમુખ તરીકે છે.

સુપ્રિન્ટેન્ડન્ટની ગેરહાજરીમાં સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે કામ કરવા માટે સત્રની શરૂઆતમાં જ સામાન્ય સભા વખતે સુપ્રિન્ટેન્ડન્ટ એક વિદ્યાર્થીને પોતાની ઇચ્છાનુસાર ચુંટી લેશે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૯૧૯ના ઑગષ્ટ માસમાં પુનઃસંસ્કરણ પામેલા બંધારણને આપણે વાંચીએઃ—

નામ

“ આ મંડળનું નામ ‘ શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીમંડળ ’ રહેશે.

ઉદ્દેશ

૧ મુખ્ય ગૃહપતિ, ગૃહપતિઓ અને વિદ્યાર્થીઓ ગૃહની આંતરવ્યવસ્થાના વિચાર અને અમલમાં સાથે રહે,

૨ વિદ્યાર્થીઓ એ વિચાર અને વ્યવસ્થામાં પોતાના વિચારો છૂટથી જણાવી શકે,

૩ જાતમહેનતથી ઉત્પન્ન થતો આત્મવિકાસ અને કાર્યદક્ષતા વિદ્યાર્થીઓમાં આવે,

૪ વિદ્યાર્થીગૃહનું નાનું એવું રાષ્ટ્ર ચલાવવાની તેમને તાલીમ મળે, અને

૫ એ રીતે વિદ્યાર્થીઓ ગૃહના વિધેય ન રહેતાં તેના અંગભૂત બને એ આ વિદ્યાર્થીમંડળનો મુખ્ય ઉદ્દેશ છે.

સભ્ય

શ્રી દક્ષિણામૂર્તિ ગૃહના મુખ્ય ગૃહપતિ, ગૃહપતિઓ અને વિદ્યાર્થીઓ આ વિદ્યાર્થીમંડળના (સામાન્ય) સભ્યો ગણાશે. ”

આ રીતે મંડળના મુખ્ય ઉદ્દેશમાં અને ગૃહપતિના સ્થાનમાં આપણને જેમ નવીન દૃષ્ટિ દેખાય છે તેમ તેને અનુસરીને બંધારણનાં બીજાં અંગોમાં પણ ફેરફારો છે.

આજ સુધી વિદ્યાર્થીમંડળ તે ફક્ત નેતાઓની જ સભા હતી તેને બદલે કાર્યવાહક સભા અને સામાન્ય સભા એવાં બે મંડળો થયાં અને એ બંનેના નિયમો, હક્કો, કાર્યપ્રદેશ વગેરે વધારે વ્યવસ્થિત થયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૯૧૯ પહેલાં જ વિદ્યાર્થીઓની સંખ્યા તો વધી ચૂકી હતી. એટલે વિદ્યાર્થીઓના અનામત હિસાબો રાખવાનું કામ તથા તેમને જોઈતી ચીજો પૂરી પાડવાનું કામ ગૃહપતિના હાથમાંથી વિદ્યાર્થિમંડળના હાથમાં ગયું હતું. પરંતુ આ ફેરફાર પછી તો વિદ્યાર્થીઓએ રીતસર પોતાની એક દુકાન ઉઘાડી અને વિદ્યાર્થીઓના અનામતખાતાને રીતસર લેવડદેવડના ધોરણ પર મૂકી દીધું. એક વખત તો દુકાન પાસે મૂડી ન હતી તે ખાતર વિદ્યાર્થિમંડળે પોતાના સભ્યોની ખરીદ ઉપર કર નાખ્યો હતો અને એ કરની ઉપજમાંથી પોતાની નાની મૂડી ઊભી કરી હતી. એક દિવસ તો જે વિદ્યાર્થીના અનામત ખાતામાં જમા રકમ ન હોય તેને કાંઈ પણ રકમ ધીરવી પડે તો મંડળ તેના પર વ્યાજ ચડાવતું.

પરંતુ એથીયે વધારે મહત્ત્વનો ફેરફાર તો તંત્રીપદનો હતો. આજ સુધી મંડળનો સેક્રેટરી વિદ્યાર્થીઓનું માસિક ચલાવતો, તેને બદલે હવે મંત્રી અને તંત્રીની બે અલાયદી જગાઓ ઊભી થઈ. આ દિવસથી માંડીને આજની ઘડી સુધી વિદ્યાર્થિમંડળનું માસિક માત્ર શાળાના બૌદ્ધિક વિષયો ચર્ચતું માસિક મટી જઈ છાત્રાલયને ને સમગ્ર જીવનને ચર્ચતું માસિક બન્યું છે અને કેટલાએક તંત્રીઓએ તો ‘ વિદ્યાર્થી ’ માસિકની ‘ નોંધો ’ માટે સારી એવી પ્રતિષ્ઠા મેળવી છે.

૧૯૧૯ ના આ પુનઃસંસ્કરણને અંગે બીજા એક ફેરફારની પણ નોંધ લઈએ. આ વખતે ભવનમાં એકને બદલે ત્રણ નિવાસગૃહો હતાં, ત્રણ ગૃહપતિઓ હતા અને મુખ્ય ગૃહપતિના હુકમ નીચે આખું તંત્ર ગોઠવાયું હતું. બધા ગૃહપતિઓ અને વિદ્યાર્થીઓ એકઠા મળીને મુખ્ય ગૃહપતિના હુકમ પ્રમાણે જ તંત્ર હાંકે તે કરતાં જૂદા જૂદા નિવાસગૃહના વિદ્યાર્થીઓ અને ગૃહપતિ મળી પોતાના વિભાગનું વ્યક્તિત્વ પણ ખીલવે અને એ રીતે આખું તંત્ર યંત્રવત્ ન ચાલતાં વિદ્યાર્થી–ગૃહપતિઓની ગૃહભાવના જળવાય એવા એવા વિચારથી આખા ગૃહના સામાન્ય વિદ્યાર્થીમંડળ ઉપરાંત વિભાગોનાં નાનાં નાનાં પણ સ્વતંત્ર વિદ્યાર્થિમંડળો ઊભાં કર્યાં હતાં, અને આ વિભાગમંડળો પોતાના પ્રતિનિધિઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય વિદ્યાર્થિમંડળમાં મોકલે એવી યોજના કરી હતી. વિભાગનાં આ અલાયદાં વિદ્યાર્થિમંડળો હજી આજે પણ હયાત છે અને મૂળ વિદ્યાર્થિમંડળની પાંખમાં રહીને પોતાનું કામ કર્યે જાય છે, પરંતુ મોટા વિદ્યાર્થિમંડળમાંથી તેમના પ્રતિનિધિઓ ખસી ગયા છે. એ પ્રતિનિધિત્વથી દરેક વિભાગ સામાન્ય મંડળને પોતાનો અંગત વિચાર અને સહકાર આપી આખા મંડળનું સમતોલપણું જાળવશે એવો ખ્યાલ હતો તે પાછળથી ભૂલભરેલો માલુમ પડયો અને ઉલટી વિભાગ વિભાગની વચ્ચે અયોગ્ય હરીફાઇ ઉભી થઇ.

ગાદલાંનું કામ સામાન્ય વિદ્યાર્થિમંડળમાંથી વિભાગના મંડળમાં ચાલ્યું ગયું છે.

આટલા ફેરફારો ૧૯૧૯ માં થયા. આ ફેરફારો કરવા માટે જે કમિટી બેઠી હતી તેમાં તે વખતના ચારેક વિદ્યાર્થીઓ અને બે ગૃહપતિઓ હતા.

ત્યારપછી એક ફેરફાર ૧૯૨૨ માં થયો. ૧૯૨૨ ના ફેરફાર પહેલાં પણ ગૃહની ચીજો ખરીદ કરવા માટે રીતસર અમુક વિદ્યાર્થીઓ જાય એવો શિરસ્તો તો થઇ જ ચૂકયો હતો પણ એ ખરીદખાતાને રીતસરની બહાલી વિદ્યાર્થિમંડળના ચોપડા પર ઇ. સ. ૧૯૨૨ માં મળી.

આ સિવાય મહેમાનોનું પણ એક નવું ખાતું વધ્યું. આજ સુધી ભવનમાં મહેમાનો તો આવ્યે જ જતા હતા, પરંતુ ઇ. સ. ૧૯૨૦ પછી સંસ્થા કાંઇક વધારે જાહેર થઈ અને બાલમંદિરે ઘણા મહેમાનોને આકર્ષવા માંડ્યા એટલે મહેમાનોનું રીતસરનું ખાતું ગૃહમાં ઊભું થયું અને છાત્રાલયમાં અતિથિભાવના જગાડવા અને પોષવાનો સુંદર અવસર આવ્યો.

ઈ. સ. ૧૯૨૨ માં વિદ્યાર્થિમંડળે રેંટીયા ખાતાને પણ સ્થાન આપ્યું હતું; પરંતુ વણાટશાળા આખી અલાયદી ઉભી થઈ અને શાળાને હસ્તક પણ અમુક વખત રહી એટલે તે ખાતું મંડળમાંથી રદ થઈ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજ સુધી તો વિદ્યાર્થિમંડળ જાણે વધતું જ ચાલ્યું છે, પરંતુ વિદ્યાર્થિમંડળના સાંધાઓમાં કચરો ભરાઈ ગએલો એટલે આ વર્ષને અંતે તે તૂટું તૂટું થઇ ગયું. વિદ્યાર્થિમંડળ ગમે તેવું તો પણ વિદ્યાર્થિઓનું મંડળ છે; નેતાઓ ગમે તેવા પણ આખર વિદ્યાર્થિઓ છે; છાત્રાલયના વિદ્યાર્થિઓમાં દર વર્ષે નવી ભરતી થયા જ કરે છે એટલે કેટલાએક તદ્દન નવા અને અણઘડ વિદ્યાર્થીઓ પણ હોય. આ બધા સંયોગોને લઇને કોઈ વખત વિદ્યાર્થિમંડળ જરા લ્હેરે ચડી જાય અને કર્તવ્યમાં શિથિલ રહે એ સમજી શકાય તેવું છે. આવા પ્રસંગોમાં છાત્રાલયના તત્ત્વાગ્રહી વિદ્યાર્થીઓ બહાર પડે છે, અને કર્તવ્યબુદ્ધિહીન વિદ્યાર્થીઓના નેતૃત્વ કરતાં મુખ્ય ગૃહપતિની હકુમત વધારે સારી છે વગેરે દલીલોથી આખા સમૂહને સળગાવી મૂકે છે. આવો પવન વાય છે ત્યારે એવા જોસથી વાય છે કે ખુદ ગૃહપતિને પણ વિદ્યાર્થીના માનસનું વલણ જોઇને થંભી જવું પડે અને એ પવન પર સવારી કરી તેમાંથી આખા મંડળને વધારે પ્રાણવંત કરી બહાર કેમ લાવવું તેનો શાંતિથી વિચાર કરવો પડે.

આ અરસામાં આવો એક પવન આવ્યો ને વિદ્યાર્થિમંડળ તૂટ્યું. દિવસોના દિવસો સુધી ચર્ચાઓ થઇ. વિદ્યાર્થીઓ ન ખાય, ન પીએ પણ વિદ્યાર્થિમંડળ રાખવું કે ન રાખવું એની જ વાતો કર્યા કરે; અને છેવટે મંડળ તોડ્યું. મંડળને સાચવી રાખવાના આગ્રહવાળા કેટલાએક વિદ્યાર્થીઓ તે દિવસે રડી પડ્યા!

અને બીજે દિવસ ઊગ્યો. સૌને એમ જ થયું કે આપણે કાલ હતા તેથી આજે કાંઈ ઓછા થઇ ગયા છીએ! માણસો મૃત મનુષ્યના ગુણો સંભારે છે તેમ વિદ્યાર્થિમંડળના ગુણો વિદ્યાર્થીઓ સંભારવા લાગ્યા, અને તત્ત્વાગ્રહનાં પૂર ઉતરવા લાગ્યાં તે સાથે જ વિદ્યાર્થિમંડળ પાછું આળસ મરડીને બેઠું થયું. આ સમય દરમ્યાન વિદ્યાર્થિમંડળના મૃતકલ્પ દેહ પર બેઠું બેઠું 'વિદ્યાર્થી' તો પોતાની નોંધ લખ્યે જ જતું હતું અને એ નોંધોએ એ દેહમાં પાછો જીવ આણ્યો એમ કહેવામાં ખોટું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થિમંડળ ઊભું થયું, ત્યારે કાંઇક તો નવું થવું જ જોઇએ. આજ સુધી ગૃહના બજેટમાં હાથ નાખવાનો આ મંડળને અધિકાર ન હતો. આ વખતથી વ્યવસ્થાપક મંડળે મંજુર કરેલી રમતોની રકમ રમતોના નેતા વિદ્યાર્થીમંડળની સંમતિથી ખર્ચી શકે એ વાતને રીતસર સ્વીકારવામાં આવી અને એ જ પ્રમાણે વિદ્યાર્થિમંડળના મંત્રીને આખા મંડળના ખર્ચ માટે ગૃહની ઑફિસમાંથી વાર્ષિક રૂ. ૨૫ મળે તેવી ગોઠવણ થઇ.

મંડળ ઊભું તો થયું પરંતુ સંયોગવશાત્ ઇ. સ. ૧૯૨૫ ના માર્ચ એપ્રીલમાં ફરીથી સૂઈ ગયું. વિદ્યાર્થિમંડળ અને ગૃહપતિના સીમાડાની તકરારો થઇ અને એ વ્હાલસોઇ તકરારને પરિણામે વિદ્યાર્થીઓ રિસામણે રહ્યા. વિદ્યાર્થિમંડળનું તંત્ર બહુ અટપટું થઈ ગયું હતું. નિયમાવલિએ ભયંકર રૂપ ધારણ કર્યું હતું. જ્યાં સમજણનો શબ્દ માત્ર બસ થાય ત્યાં રીતસર નોટિસો નીકળી અને આ બધાની પાછળ કોણ જાણે શુંય ખટકતું હતું પણ મંડળ પડ્યું. આખા વિદ્યાર્થિસમૂહમાં એક પણ વિદ્યાર્થી એવો ન હતો કે જેના પર બધા વિશ્વાસથી જોઇ શકે અને જે વિદ્યાર્થીઓને ક્ષણભર રોકી શકે.

પરંતુ વિદ્યાર્થિમંડળ જાય પણ વિદ્યાર્થીઓનો સંસ્થાના કાર્યમાંથી હિસ્સો કેમ જાય? રખેને સૌને વૃદ્ધ વિદ્યાર્થીમંડળનું વૃદ્ધત્વ ખટકતું હોય એમ સમજી વિદ્યાર્થીપંચ ઊભું કર્યું; સ્વયંસેવકો ઊભા કર્યા; સમજણથી પણ શબ્દોમાં ઉતારેલા નિયમો સિવાય કામ લેવાનો પ્રયત્ન કર્યો; પણ વિદ્યાર્થિમંડળની ભાવના ચિરંજીવ નીવડી. કેટલાએક વિદ્યાર્થીઓએ સ્વતંત્ર પરંતુ મંદ ગતિવાળા વિદ્યાર્થિમંડળના કરતાં પરતંત્ર પરંતુ શીઘ્ર ગતિવાળા ગૃહપતિના અમલને માટે પોતાની ઇચ્છા દર્શાવી. પરંતુ પહેલી વખત મંડળને મારી નાખવામાં જેણે સક્રિય ભાગ લીધો હતો તે વિદ્યાર્થીનો જાતઅનુભવ છેવટે વિજયી નીવડયો; અને આજે વિદ્યાર્થિમંડળ પાછું ચાલવા લાગ્યું છે.

આ નવા વિદ્યાર્થિમંડળે પોતાના જૂના જીવનમાં એક બે ફેરફારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યાં છે. આજ સુધી જુદે જુદે વખતે બાગાયતનું કામ વિદ્યાર્થીમંડળે ઊભું કરેલું, પરંતુ ગૃહમાં પાણીની અત્યંત પરાધીનતાને લઇને એ ખાતું આજે હોય તો કાલે ન હોય એમ બન્યું છે. આ વખતે ઘણી અભિલાષાઓ સાથે બાગનું ખાતું ફરીથી ખોલવામાં આવ્યું છે.

આજ સુધી છાત્રાલયમાં જે જે ઉત્સવો, તહેવારો વગેરે ઉજવાતા તેમનો કાર્યક્રમ ગોઠવવો, શણગાર કરવો, બેઠકો રચવી, નિમંત્રણો કરવાં વગેરે કામ મંત્રીનું હતું. ધીમે ધીમે છાત્રાલયના જીવનમાં આવા ઉત્સવોનું સ્થાન વધતું જાય છે એટલે ઉત્સવોની વ્યવસ્થા મંત્રીના કામથી જુદી પાડી એક અલાયદી સમિતિને સોંપવામાં આવી છે અને એ સમિતિના મંત્રી વિદ્યાર્થીમંડળના એક નેતા ગણાયા છે. રમતોના નેતા પોતે જ કસરતો તેમજ રમતોનું કામ સાથે કરતા એ વસ્તુસ્થિતિ તો ગયા વર્ષથી જ બદલાઇ છે. છાત્રાલયમાં અખાડા—મલખમને રીતસરનું સ્થાન મળ્યું તેની સાથે જ અખાડાના નેતાનું સ્થાન વિદ્યાર્થી મંડળમાં ઊભું થઈ ચૂકયું છે.

આ ઉપરાંત વિદ્યાર્થીમંડળના ત્રણ નેતાઓ ગૃહપતિઓની સાથે છાત્રાલયની સામાન્ય મંત્રણાઓમાં સામેલ રહે એવો ઠરાવ પણ વિદ્યાર્થિ-મંડળે પસાર કર્યો છે.

આટલો દક્ષિણામૂર્તિના વિદ્યાર્થિમંડળનો ઉડતો ઇતિહાસ.

આજે એકલા રાજકારણમાં જ સ્વાત્મનિર્ણયના સિદ્ધાંતને અવકાશ છે એમ નથી રહ્યું. જીવનના એટલે કેળવણીના આખા પ્રદેશમાં સ્વાત્મ-નિર્ણયનો સિદ્ધાંત સ્વીકારાઈ ચૂકયો છે અને આવા સ્વાત્મનિર્ણયમાં જ જીવનનો વિકાસ છે, એમ સૌ કોઇ કબૂલ કરે છે. વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં આ સ્વાત્મનિર્ણયનો માર્ગ પકડે એ આ વિદ્યાર્થિમંડળની ભાવના છે અને આટલા અનુભવથી એ ભાવના ઉપર અમારી શ્રદ્ધા ખૂબ દૃઢ થઇ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગુજરાત–કાઠિયાવાડનાં ઘણાં છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ છાત્રાલયના કામમાં ભાગ લે છે, પરંતુ કોઇને કહ્યા પ્રમાણે માત્ર છાત્રાલયના કામમાં ભાગ લેવો અને આ પ્રકારનો સ્વાત્મનિર્ણય એ બે વચ્ચે તફાવત છે– બહુ મોટો તફાવત છે.

આજનો વિદ્યાર્થી આવતી કાલના સમાજનો આદમી છે. જે સમાજમાં તેને આવતી કાલે જીવવું છે તે સમાજજીવનની તાલીમ તેણે આજે લઈ લેવી જોઇએ. આજે આપણી શાળાઓ મોટે ભાગે વિષયોનું જ્ઞાનમાત્ર આપનારી સંસ્થાઓ થઇ પડી છે એટલે તેમાં જીવન સાથે બહુ ઓછો સંબંધ છે. કેળવણી તો માણસને જીવતાં શીખવે. એટલે છાત્રાલયો આ બાબતોમાં ઘણું કરી શકે તેમ છે. પરંતુ છાત્રાલયના સમૂહજીવનમાં વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્ય ન હોય ત્યાં સુધી સમાજજીવનની તાલીમ મળે જ ક્યાંથી? આજે આપણો સમાજ હીનપ્રાણ છે કારણ કે આપણને સ્વાતંત્ર્યયુક્ત સમાજજીવન જીવતાં આવડતું નથી. આપણને ખરા સ્વાતંત્ર્યનું ભાન નથી એટલે તો આજે ક્ષુદ્ર સ્વાર્થ ખાતર આપણે સમાજના હિતને અવગણીએ છીએ અને પરસ્પર સહિષ્ણુતા, સ્વાર્થત્યાગ, સેવાભાવ વગેરે દાખવી શકતા નથી. છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્ય દ્વારા નીરોગ સમાજજીવનની હવા આપી હોય તો આવતી કાલનો સમાજ હીનપ્રાણ નહિ રહે.

અને તેમાંય આપણે તો સ્વરાજ્યના હિમાયતીઓ. આજે આપણને સ્વરાજ્યની ખરી ભૂખ લાગી નથી એમ કહેવાય છે; કારણ કે સ્વરાજ્યમાં કેવી મજા છે તેનું આપણને ભાન નથી. મનુષ્ય બીજાં જનાવરો કરતાં એટલો જ ચડીઆતો છે કે તેનામાં પોતાની બાબતમાં ભૂલ કરવાની અને ભૂલથી વિકાસ સાધવાની તાકાત છે. પોતાના પગ પર ઉભા રહેવાનો અને તેમ કરવામાં પડવા આખડવાનો આ હક્ક વિદ્યાર્થીને જો છાત્રાલયમાં ભોગવવા દેવામાં આવે તો ભવિષ્યમાં તેનો એ હક્ક કોઇ પણ મનુષ્ય છીનવી લઈ શકશે નહિ એ ચોક્કસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છાત્રાલયો જેને ડિસિપ્લીન, ડિસિપ્લીન કહે છે તે શું આથી નાસી જવાની છે? ડિસિપ્લીન એ શું આકાશમાંથી વિદ્યાર્થીના માથા પર બેસનારી વસ્તુ છે? ડિસિપ્લીન તો વિદ્યાર્થીના અંતરમાંથી ઊગતી વસ્તુ છે અને એવી ડિસિપ્લીન સ્વાતંત્ર્ય વિના ઊગતી જ નથી.

માત્ર ગૃહપતિઓ આ સ્વાતંત્ર્યનો અને અતંત્રનો બરાબર વિવેક કરી લે એટલી જ સૂચના આપવી ઘટે. વિદ્યાર્થીની ઉંમરને બહુ ભારે પડે એટલો બધો કાર્યભાર તેમના માથા પર મૂકી તેમની પાસેથી વ્યવસ્થિત પરિણામની આશા કોઇ પણ ગૃહપતિ ન રાખે. તેમજ કેટલાએક વિદ્યાર્થીઓ પારતંત્ર્યમાં જ ઉછરેલા હોય છે એટલે તેમને મન સ્વાતંત્ર્ય એ નિરંકુશતા ભાસે છે, તો તેમને ધીમે ધીમે સ્વાતંત્ર્યની શુદ્ધ હવા આપી કેવી રીતે ઊંચા લઇ લેવા એ તો ગૃહપતિ પોતે જ વિચારી શકે; પરંતુ વિદ્યાર્થીના સ્વાતંત્ર્યનો સિદ્ધાંત એક વાર સ્વીકાર્યો એટલે આ બધી સંયોગમર્યાદાઓ અનાયાસે ગૃહપતિને સૂઝી આવશે એવી મારી ખાત્રી છે. મૂળ તો કેળવણીના આ સ્વાતંત્ર્યના સિદ્ધાંતને છાત્રાલયો યથાર્થ સ્વીકારે એ જ પ્રથમ જરૂરનું છે.

આજે હજી દક્ષિણામૂર્તિનું વિદ્યાર્થિમંડળ અનેક ખામીઓવાળું છે; એના લોહીમાં હજી એવી તાકાત નથી કે ક્ષયરોગ જેવા રોગનાં જંતુઓ પ્રવેશ કરે તો પણ એ તાકાતથી જ તેને હડસેલી પાડે. દક્ષિણામૂર્તિ માધ્યામિક શિક્ષણથી આગળ ચાલી શકયું નથી એટલે આ વિદ્યાર્થિમંડળની ભાવનાપરંપરા જોઇએ તેટલી જાગૃત રહી નથી—સાતત્ય પામી નથી; આજે હજી છાત્રાલય અને વિનયમંદિર બંનેને વિદ્યાર્થિમંડળે સર કર્યાં નથી તેમ. છાત્રાલયના તથા વિનયમંદિરના જીવનની રગેરગે એ ભાવના વ્યાપી નથી.

છતાં મને અમારા વિદ્યાર્થિમંડળમાં સંપૂર્ણ શ્રદ્ધા છે અને તેના ભાવિ માટે ઉજ્વળ આશા છે. જો ગૂજરાત–કાઠિયાવાડનાં છાત્રાલયોને કાંઈ પણ કહેવાનો મારો અધિકાર હોય તો હું નમ્રતાથી જણાવું છું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે દરેક છાત્રાલયમાં વિદ્યાર્થીઓના સ્વાતંત્ર્ય તથા સહકાર ઉપર આવાં મંડળોની યોજના થવી જોઇએ. આવાં વિદ્યાર્થિમંડળોમાં જ છાત્રાલયના જીવનની સાર્થકતા છે એમાં મને શક નથી.[૧]

(૧૯૨૫)

૧. આજના વિદ્યાર્થિમંડળના સમગ્ર ખ્યાલ ખાતર તેના હસ્તક ચાલતાં ખાતાંઓની યાદી એકી સાથે આપું તો અસ્થાને ન જ ગણાય. (૧) મંત્રી. (૨) તંત્રી. (૩) ભોજન. (૪) સ્વચ્છતા. (૫) અખાડો. (૬) દવાખાનું. (૭) વસ્તુવેચાણ (દુકાન). (૮) અનામતખાતું. (૯) મહેમાન ખાતું. (૧૦) ઘંટ. (૧૧) રમતો. (૧૨) ખરીદખાતું. (૧૩) બાગાયત. (૧૪) ઉત્સવ સમિતિ. (૧૫) નિરીક્ષકો. (ઓડીટર).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓના પ્રવાસો.

(૧) પ્રવાસોના ઉદ્દેશ.

આજકાલ વિદ્યાર્થીઓના પ્રવાસો કેળવણીમાં પોતાનું સ્થાન મેળવતા જાય છે. આપણે ત્યાં જૂના વખતમાં દરેક માણસને માથે હિંદુસ્થાનનાં ચાર ધામ કરવાની ફરજ મનાતી તેમાં પ્રવાસજન્ય લાભોનો ખ્યાલ જરૂર હતો, પરંતુ સામાન્ય રીતે એ યાત્રા માણસ મોટી ઉંમરે જ કરતો. યૂરપમાં એક દિવસ એવો હતો કે જ્યારે કેળવણી પામેલા પુરુષે યૂરપનો પ્રવાસ ન કર્યો હોય ત્યાં સુધી તેની કેળવણી અપૂર્ણ લેખાતી. પરંતુ આ પ્રવાસ માણસ પદવી પ્રાપ્ત કર્યા પછી કરે એવી પ્રથા હતી. માણસ ઊગતી ઉંમરમાં પ્રવાસ કરવા નીકળી પડે અને એ રીતે વ્યવસ્થિત પ્રવાસ કેળવણીનું એક અંગ બની રહે એ ખ્યાલ આપણે ત્યાં તો હજી નવો છે; અને તેમાંય છ સાત વર્ષનું બાળક પ્રવાસાર્થે પાલીતાણા જાય અને ડુંગરે ચડે એમ કોઇ સાંભળે તો કદાચ આજે પણ તેને તે કથન પર વિશ્વાસ નહિ આવે. આજે તો જે પ્રવાસોની હું વાત કરવાનો છું તેમાં બારથી અઢાર વર્ષના વિદ્યાર્થીઓ મારી સન્મુખ છે. છતાં પણ એ પ્રવાસોની પાછળ રહેલો ખ્યાલ તો ગમે તે ઉંમરના વિદ્યાર્થીઓને લાગુ પાડી શકાય.

જે કેટલીએક શાળાઓમાં વિદ્યાર્થીઓને માટે પ્રવાસનો પ્રબંધ કરવામાં આવે છે ત્યાં મોટે ભાગે જ્ઞાનપ્રાપ્તિ એ ઉદ્દેશ હોય છે. વિદ્યાર્થીઓને મીલ જોવા લઈ જવા અને ત્યાં મીલ વિષે સમજુતી આપવી; વિદ્યાર્થીઓને બરફનું કારખાનું જોવા લઇ જવા અને બરફનો પાઠ સમજાવવો અથવા તો પુસ્તકમાં વીજળીનો પાઠ આવ્યો હોય તો વીજળીનું કારખાનું દેખાડી પાઠને વધારે સ્પષ્ટ કરવો વગેરે. આ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળાના શિક્ષણને વધારે સ્પષ્ટ ને રસવાહી કરવા માટે નાના પ્રવાસોની યોજના થાય એ જરૂર ઇચ્છવા જેવું છે. પરંતુ પ્રવાસનો ઉદ્દેશ આટલાથી જ પૂરો થાય એમ સમજવાની કોઇએ ભૂલ ન કરવી. આપણે આજની શાળામાં જે શબ્દશિક્ષણ આપીએ છીએ તે શબ્દશિક્ષણની પૂર્તિ રૂપે જ ફક્ત આવા પ્રવાસો લાભદાયી છે એમ માનવું એ તો પ્રવાસના આખા ખ્યાલને ઉતારી પાડવા જેવું છે. વિદ્યાર્થીઓનો પ્રવાસ એ તો વધારે વ્યાપક વસ્તુ છે.

પ્રવાસમાં સીધી રીતે જ્ઞાન મળો કે ન મળો, પરંતુ ગૃહ અને શાળાની સાંકડી દિવાલોને લાત મારીને વિદ્યાર્થી બહાર કુદરતમાં ઉતરી પડે; ઘડીભર શિષ્ટ સમાજનો શિષ્ટ બાળક મટી જઈ એક વાર ફરીથી કુદરતનો બચ્ચો બની તેની ગોદમાં આળોટી લે અને ધરાઇ ધરાઇને સ્તનપાન કરે; મનુષ્યત્વ, જનતા અને ભ્રાતૃભાવનાં લાંબાં ચોડાં વ્યાખ્યાનો સાંભળવાને બદલે જનતા જ્યાં પડી છે ત્યાં તેને ઢૂંઢીને ઓળખી લે અને એવી ઊંડી ઓળખ ઉપર જાણ્યે અજાણ્યે ભ્રાતૃભાવનાં ચણતર ચણે; પોતાની આસપાસ ઝાડ, પાન, ફળ, ફૂલ, પશુ, પંખી, કીટ વગેરે જે સૃષ્ટિ જીવતી જાગતી પડી છે તેને તેના શુદ્ધ સ્વરૂપમાં ઓળખી લે; ઇતિહાસનાં અર્થહીન થોથાંને ત્યાગીને જે સ્થાનોમાં ઇતિહાસ ઘડાયો છે અને દટાયો છે ત્યાં તેનું પરિશીલન કરે; ભૂગોળની જડ, શાબ્દિક વ્યાખ્યાઓ ગોખવાને બદલે એ ડુંગરાઓ, એ ઝરણાંઓ, એ સાગર વગેરે સાથે ખૂબ રખડી રખડીને સહવાસથી તેમનું હાર્દ પી જાય; ઘેર આરામ ખુરશીમાં પડ્યાં પડ્યાં ચંડોળ, બુલબુલ અને સાગરની કવિતાનો પદચ્છેદ કરવાને બદલે એ ચંડોળ, એ બુલબુલ અને એ સાગરને ચરણે બેસીને તેમનું કવન સાંભળે અને આ સર્વના પરિણામે પોતાના જીવનમાં અવનવો સંભાર ભરી લે એમાં જ આવા પ્રવાસોની સાર્થકતા છે.

આવી વિશાળ દૃષ્ટિથી જોઇએ ત્યારે તો આવા પ્રવાસોના બે મહાન ઉદ્દેશો આપણે મૂકીએ: એક તો જનતાનો પરિચય, અને બીજો કુદરતનો પરિચય, તથા છેવટે એ બન્નેના પરિચયથી ઉત્પન્ન થતી દૃષ્ટિની વિશાળતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનતાનો પરિચય.

આજે આપણા સમાજમાં સૌથી વધારે ધ્યાન ખેંચે એવી વસ્તુ એક છે, સમાજના જુદા જુદા વર્ગો વચ્ચે ઊભી થએલી દિવાલો. ગરીબ અને તવંગર વચ્ચે, શિક્ષિત અને અશિક્ષિત વચ્ચે, ગામડિયા અને શહેરી વચ્ચે, સ્ત્રી અને પુરુષ વચ્ચે, શ્રમજીવી અને બુદ્ધિજીવી વચ્ચે, હિંદુ અને મુસલમાન વચ્ચે, ગોહિલવાડી અને ઝાલાવાડી વચ્ચે, કાઠિયાવાડી અને ગુજરાતી વચ્ચે, બંગાળી અને મદ્રાસી વચ્ચે, હિન્દી અને જાપાની વચ્ચે, અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે તેમજ જંગલી અને સુધરેલ વચ્ચે આજે અભેદ્ય દિવાલો પડી છે અને એ દિવાલોએ માનવ હૃદયના સ્વાભાવિક પ્રવાહને વહેતો બંધ કર્યો છે. એટલે તો આજે આખી દુનિયામાં ઠેર ઠેર ઘોર યુદ્ધો ચાલી રહ્યાં છે. આજે શહેરી અને ગામડિયાને મેળ નથી; આજે ગરીબ અને તવંગરોના સ્વાર્થો ભિન્ન ભિન્ન મનાય છે; આજનો શિક્ષિત વર્ગ અશિક્ષિત વર્ગથી વેગળો પડતો જાય છે. મજુરો અને બુદ્ધિમાન વર્ગ વચ્ચે આજે ભેદભાવ ઊભો થયો છે; ગોહિલવાડી પોતાના જ પાડોશીને ઓળખતો નથી; કાઠિયાવાડીઓ કેમ જાણે ગુજરાતીઓથી જુદા જ હોય એમ સમજે છે; બંગાળી અને મદ્રાસી એક બીજાને શબ્દોથી જ ભાઇઓ કહે છે; હિન્દી અને જાપાની વચ્ચે એશિયાવાસીની સમાનતા ઊગતી નથી; અંગ્રેજો અને ફ્રેંચો એક જ સંસ્કૃતિના અને એકજ ધર્મના વારસ હોવા છતાં તેમની વચ્ચે તેમની ખાડી જેવી મોટી ખાડી પડી છે. આ બધાનું મુખ્ય કારણ એ જ છે કે આપણે એક બીજાને યથાર્થ ઓળખતા નથી અને ઓળખતાં શીખ્યા નથી. આવી યથાર્થ પિછાન ઉપર વિશ્વશાંતિ ઊભી કરવા માટે તો આજે અંગ્રેજ વિદ્યાર્થીઓ ફ્રેંચ જનતાનો સહવાસ લેવા ફ્રાન્સમાં પ્રવાસે નીકળે છે અને ઈંગ્લાંડના ખરા હૃદયની પારખ કરવા માટે ફ્રેંચ ગ્રેડ્યુએટો ઇંગ્લાંડની શાંતિકુંજોને ઢૂંઢી રહ્યા છે. આપણા દેશમાં પણ ચાર તીર્થધામની યોજનામાં આવો જ ઉદ્દેશ હતો. એક અદની કાઠિયાવાડી ડોશી પણ હિમાળે ન ચડે કે જગન્નાથની હાંડી ન કરે અથવા તો રામેશ્વરનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શન કર્યા વિના રહે તો તેના જીવને ચેન ન પડે એવી રીતે એ યાત્રાને લોકારૂઢ કરવામાં પણ જનતાની આવી પિછાનનો મોટો ઉદ્દેશ હતો જ; અને એ કારણથી તો આવડા મોટા દેશમાં રાજકીય ઐકયને અભાવે સાંસ્કારિક ઐકય જળવાઇ રહ્યું હતું. સમાજમાં ઊભી થએલી આ દિવાલોને આજે આપણે તોડયે જ છૂટકો છે. માણસે માણસને ઓળખવો જ પડશે. દેશ પરદેશના રીતરિવાજો, લક્ષણો, સંસ્કૃતિ, વ્હેમો, ધર્મ, માન્યતાઓ, વગેરેને જાણી લઇને એ સર્વથી પર જે માનવ હૃદય ધડકી રહ્યું છે તેના પર લક્ષ રાખીને જનતાનું ઐકય સાધવું જ પડશે અને એ ભગીરથ પ્રયાસની દીક્ષા પણ આજના યુગની શાળાઓમાં જ મળવી જોઇએ. શહેરમાં રહેલો વિદ્યાર્થી ગામડામાં જાય અને ગામડાના લોકો, તેમના રીતરિવાજ, તેમનો ઘરસંસાર, તેમની રમતો, તેમના આનંદોત્સવો, તેમનું મહેનતુ જીવન અને તેમની આર્થિક સ્થિતિ વગેરે જુએ, જાણે અને એ રીતે ગામડિયાઓનો સત્સંગ કરે તો આજે ગામડાં તરફ જે અનાદર કે તિરસ્કાર છે તેને સ્થાને આદર થાય, એટલું જ નહિ પરંતુ શહેરી જીવનનાં ઝેર અજાણતાં પણ ઉતરી જાય. ગામડિયાના મહેનતુ જીવનમાં રહેલો જીવનનો આદર્શ, તેની રમતોમાં અને ઉત્સવોમાં રહેલી સાદાઇ અને નિર્દોષતા, કુદરત સાથેનો તેના જીવનનો મેળ વગેરે નજરોનજર જોનારા વિદ્યાર્થીઓને શહેરોની વિલાસિતા અને કૃત્રિમતા જરૂર સાલવાનાં. એ જ પ્રમાણે ગામડાની શાળાનો વિદ્યાર્થી શહેરમાં આવશે ત્યારે તેનામાં પણ કૂપમંડુકત્વ હશે તે ટળી જશે, અને ગામડાની બહાર મનુષ્યના આત્માએ કયા કયા વિજયો મેળવ્યા છે તે સમજાતાં, અજ્ઞાનને લીધે ઉભી થએલી સંકુચિત દૃષ્ટિ આપોઆપ સરી પડશે.

ભાવનગરનો વિદ્યાર્થી ખોડિયાર માતાના પ્રવાસે જાય ત્યારે ખોડિયાર માતાનો ઇતિહાસ શોધે, ખોડિયાર માતા જેમ ગોહિલોની કુળદેવી છે તેમ બીજા કાઠીગરાસિઆઓની કુળદેવીઓ વિષે જાણવા પ્રયત્ન કરે અને એ બધી કુળદેવીઓની ભાવના પાછળ રહેલા કાઠીગરાસિયાઓના આત્માને ઓળખે. પાસે જ રાજપરામાં રહેતા લોકોના જીવનને ઉકેલે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંની કોઇ જૂની પુરાણી ડોશીના રેંટીયા પાસે બેસીને ખોડિયાર માના ચમત્કારો સાંભળે અને એ ચમત્કારોમાંથી ડોકિયાં કરતું રાજપરાનું લોકજીવન તપાસે. કોઇ અજવાળી રાતે ખોડિયારમાના ચોતરા પાસે ખુલ્લા સ્વરથી રાસડા લેતી કણબણો પાસેથી આ ગ્રામ્યજીવનની મહેચ્છાઓ અને દેવભાવનાઓ આપોઆપ સમજી લે અને એ માતાના આરસના આખા મંદિર પર, ત્યાંના દવાખાના પર, ત્યાંના સ્ટેશન પર અને આખા સ્થાન પર મહારાજા ભાવસિંહજીની જીવન્ત શ્રદ્ધા કેવી આલેખાઇ ગઇ છે એ બધું નિહાળી લે તો એ વિદ્યાર્થી ભાવનગર આવશે ત્યારે તે જરૂર વધારે ઉચ્ચ માનવી થયો હશે.

અને એ જ પ્રમાણે રાજપરાની નિશાળનો કોઈ વિદ્યાર્થી ભાવનગર આવે તો ભાવનગરનાં બોડતળાવ, તખ્તેશ્વર મહાદેવ, બંદર, રેલ્વે સ્ટેશન વગેરે જોઇને માણસ શહેરમાં શું શું કરી શકે છે તેનું તેને દર્શન થશે અને કલબ, નાટક, સીનેમા, ગુજરી, હવેલી, નવરાબાગ વગેરે સ્થળોમાં શહેરીઓ કેવું જીવન ગાળી રહ્યા છે તેનું તેને ભાન થશે અને એ જીવનમાં દૂરથી રહ્યાં રહ્યાં જે ખોટી લાલસા થયા કરે છે તે લાલસા ટળી જઈ તે તે બાબત તેના ખરેખરા સ્વરૂપમાં ઊભી રહેશે. આવો વિદ્યાર્થી ભાવનગરથી પાછો ખોડિયાર સ્ટેશને ઉતરશે ત્યારે પહેલાં હતો તેથી ઓછો સાભડભોથો થશે, ઓછો બ્હીકણ થશે અને આવા પ્રવાસોની તક તેને વધારે મળતી જાય તો તો પોતાના જીવનની ખરી મહત્તા તેને સમજાઇ જશે.

આ રીતે જોતાં વિદ્યાર્થીઓ પોતાના ગામની આસપાસના પ્રદેશોમાં પ્રવાસ કરતા થશે તો મોટી ઉંમરે આખા દેશમાં પણ પ્રવાસ કરવાનો વિચાર કરશે; અને જેમને અનુકૂળતા હશે તેઓ દુનિયાની સફર કરી વિશ્વબંધુત્વનો પાયો નાખશે. આજે આખા માનવ સમાજમાં આચાર-વિચારની સંકુચિતતા છે. અમુક રિવાજ પાળે તે માણસ જ સારો, અમુક વિચારો ધરાવે તે જ સંસ્કારી, અમુક દેવને માને અને અમુક પ્રકારે પૂજા કરે તે જ ધર્મી, અમુક રીતભાત આવડે તે જ શિષ્ટ, અમુક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષામાં બોલતાં આવડે તે જ ભણેલો, અમુક પોષાક પહેરે તે જ સુધરેલો, અમુક રંગવાળી ચામડી હોય તે જ સત્તા ભોગવવાને જન્મેલો, અમુક જ્ઞાતિમાં જન્મે તે જ ઉચ્ચ જીવનનો અધિકારી, અમુક ધંધો કરે તે જ ઉચ્ચ: આ પ્રકારની સંકુચિત દૃષ્ટિને દૂર કરવી હોય તો વિદ્યાર્થીઓના આવા પ્રવાસો એ ઉત્તમ માર્ગ છે. જનતાના ઉપર લખ્યા વિશાળ પરિચયનું બીજ આવા પ્રવાસોમાં પડી જવું જોઇએ.

કુદરતનો પરિચય

હવે આપણે કુદરતના પરિચય ઉપર આવીએ.

ઉપર આપણે જનતાના પરિચયને જોયો. સામાન્ય દૃષ્ટિએ એમ પણ લાગી જાય કે બારથી અઢાર વર્ષની ઉંમર સુધીમાં આવા પરિચયની વાત કરવી એ તો કેવળ કપોલકલ્પના છે; પણ વસ્તુતઃ એમ નથી. અલબત્ત, એ ઉંમરે અમુક ખ્યાલો વિચારસૃષ્ટિમાં ઉતર્યા ન હોય એ તદ્દન સંભવિત જ છે, પરંતુ લોકજીવનનો પરિચય પોતાનું પરિણામ ઉપજાવ્યા વિના તો રહે જ શાનો ?

અને છતાં, વિદ્યાર્થીઓને પ્રવાસો દરમ્યાન જનતાનો પરિચય આકર્ષે છે તે કરતાં કુદરતનો પરિચય વધારે આકર્ષે છે. વિદ્યાર્થી એ ઉંમરે કુદરતનો બચ્ચો છે. કુદરત તો આજે આપણને પણ પોતાનું રૂપ નિહાળવા માટે બોલાવી રહી છે પણ આપણે એ આંખો ગુમાવી છે. કુદરત તો આજે પણ પોતાનું સંગીત આપણી પાસે ધરી રહી છે પણ આપણા કાન ફૂટી ગયા છે. અલબત્ત, આજ સુધીના શિક્ષણથી એ આંખો અને એ કાન વિદ્યાર્થી પણ લગભગ ગુમાવી બેઠો હોય છે; પરંતુ હજી તે સાવ આંધળો બ્હેરો નથી થયો, ગામ બહાર જઇને જુએ છે ત્યાં આજે પણ તેનું હૈયું ઉછળી આવે છે. હજી આજે પણ કોયલનો ટહુકો અને મોરની કેકા તેને ચમકાવી શકે છે. આ વિદ્યાર્થીને કુદરતમાં છૂટો મૂકી દ્યો. આપણી શાળાઓમાં વિદ્યાર્થીને કુદરતનો પરિચય છે જ ક્યાં ? સમાજ અને કુદરત વચ્ચે તો જાણે લાખો ગાઉનું અંતર પડી ગયું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કુદરત તો સમજો કે સમાજની બહાર જઈ ખેતરોમાં વસી છે. શાળામાં કુદરત કહો કે જે કહો તે ચોપડીમાં જ છે. પાણીપતનું મેદાન પણ પુસ્તકમાં છે, શેલીનું સ્કાઇલાર્ક પણ પુસ્તકમાં છે, દલપતરામનો આબુ પણ પુસ્તકમાં છે અને કબીરવડ પણ પુસ્તકમાં છે. કીડી, મંકોડા અને તમરાં તેમજ થોર, આવળ અને બાવળ તો પુસ્તકમાંય ન હોય. શિક્ષણની જ્યાં આવી દશા હોય ત્યાં તો વિદ્યાર્થીને કુદરતનો પરિચય કરાવવો એ તરસ્યાને પાણી પાયા સમાન ગણાય. વિદ્યાર્થીનો આત્મા તો આ બધાંનો તરસ્યો છે; કુદરતમાંથી એ 'કુહુ' સાંભળે ત્યાં તો વિદ્યાર્થીનો જીવ ઊંચો નીચો થાય છે અને શાળારૂપી પિંજરાના-સળીયાને ખૂબ પાંખો મારે છે. સંધ્યાના અનેરા રંગ ખીલે એટલે તેનું હૃદય અણઉકલ્યા ઉછાળા મારવા માંડે છે. વિદ્યાર્થીનો કુદરત સાથેનો આવો સંબંધ વધારે જગાડવા માટે અને વધારે વધારે ઉચ્ચ બનાવવા માટે વિદ્યાર્થીને કુદરતનાં દશ્યોમાં છોડી મૂકવો જોઇએ. આપણી શાળાઓમાં ભૂગોળના શિક્ષણનો જે પ્રબંધ છે તે આ દૃષ્ટિથી જ સાર્થ ગણાય. આપણી આસપાસ પડેલી વિશાળ પૃથ્વી કુદરત અને મનુષ્યે ઘડી છે. કુદરત અને મનુષ્યે ઘડેલી આ પૃથ્વીની આપણને બરાબર પિછાન થાય અને એ રીતે સમગ્ર વિશ્વમાં–spaceમાં આપણું કયું સ્થાન છે તે આપણી રગે રગે ઉતરી જાય એ ભૂગોળના શિક્ષણનો પરમ ઉદ્દેશ. આ ઉદ્દેશ પ્રવાસમાં જેટલો સફળ થવા સંભવ છે તેટલો બીજી રીતે થવાનો સંભવ નથી. ભાવનગરનો કોઈ વિદ્યાર્થી વર્ગમાં બેઠો બેઠો ગમે તેટલાં પુસ્તકો વાંચી નાખે તો પણ શિહોરની કાંટમાં રખડવાથી તેને તે કાંટનો જે ખ્યાલ આવશે તે પુસ્તકોમાંથી નહિ જ આવે. હું પોતે આફ્રિકા ગયો ત્યારે સારી એવી પુસ્તકિયા તૈયારી કરીને ગયો હતો. આફ્રિકાનું વિકટોરીઆ સરોવર આવું આવું હશે એવો મેં પુસ્તકો પરથી ખ્યાલ બાંધેલો, પરંતુ જ્યારે હું એ મીઠા પાણીના અફાટ દરિયાને કાંઠે ઊભો રહ્યો ત્યારે તો પેલાં પુસ્તક માત્ર સંતાઇ ગયાં અને કોઇ અજબ ખ્યાલ ઊભો થયો. આપણા વિદ્યાર્થીઓને પણ નદી, પર્વત, ખીણ, સાગર, મેદાન વગેરેના ખ્યાલો હોતા જ નથી અને હોય છે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યથાર્થ હોતા નથી. એ યથાર્થ ખ્યાલ માટે તો વિદ્યાર્થીએ તે તે સ્થાનમાં ખૂબ ભટકવું જોઇએ અને એમ ભટકતાં ભટકતાં ખુદ કુદરત પાસેથી જીવનમંત્ર લઈ લેવો જોઇએ.

આટલું તો ભૂગોળમાં સામાન્ય ગણાતા વિચારો માટે.

પણ કુદરતમાં કાંઇ એકલા આ નિર્જીવ પદાર્થોનો સમાવેશ નથી થતો. ત્યાં તો પશુપંખીઓ, છે, ઝાડપાન છે અને જીવજંતુ પણ છે. પશુપંખીઓ સંબંધી આપણું અજ્ઞાન એટલું બધું છે કે આપણા ઘરમાં રોજ આવતી ચકલીને પણ આપણે યથાર્થ પિછાનતા નથી. એ તો ચકલી એટલે ચકલી; આવે અને દાણા પડ્યા હોય તો ખાઇ જાય. એનાં પીંછાના રંગની મજા આપણી આંખો લઇ ન શકે; એના કલ્લોલને આપણા કાનમાં સ્થાન ન હોય; એનું શરીર, એની ગતિ, એનો સ્વભાવ એ તો બહુ બહુ તો વાર્તામાં જ રહે. ખુદ ભાવનગરના અનેક ચબુતરાઓમાં જાર નાખનારા કેટલા માણસો પંખીઓને સમજપૂર્વક ઓળખે છે ને ઓળખમાં રસ લે છે? કંચનભાઇ જેવા શોખીનોને ભાવનગરમાં કેટલા માણસો જાણે છે? જાણનારા કેટલા એ ચીજની ખરી કદર કરી શકે છે? જેવું પંખીનું તેવું જ પશુનું. બહુ બહુ તો ગૌશાળામાં રાખ્યાં હોય તો તેને જોવા જઇએ એટલું. એના જીવનનો તલસ્પર્શ કરવાની વાત તો બાજુ પર રહી પરંતુ એ જીવનનો પરિચય પણ આપણે તો ગુમાવી બેઠા છીએ. અને ઝાડપાન? આંખ જ કયાં છે? જે ખડ દરરોજ આપણા પગ તળે છુંદાય છે તેનું સૌંદર્ય આપણને સ્પર્શ કરે છે? આપણે તો રૂઢિથી સમજીએ કે હાર તો ગુલાબનો અને સાચાં ફૂલનો શોભે; અને તે બરાબર છે. પરંતુ કુદરતમાં કાંઈ ગુલાબ એક જ છે? મુસાફરોના રસ્તાઓને શોભાવતી પેલી પીળી આવળ, ચોમાસામાં ખેતરોની વાડે ઉગતાં ધોળાં પીળાં ફૂલો, ખડની સાથે ચકદાઇ જતાં નાનાં નાનાં રાતી, પીળી અને ભૂરી ટીલડી જેવાં ફૂલો, પીળી કરેણુ અને વાદળી છાંટવાળાં ફૂલો: આ બધો કુદરતનો શણગાર વિદ્યાર્થી એક વાર ઓળખી લે, પછી જુઓ તેની મજા. પછી એ મૈત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂટી શકતી જ નથી. ત્યાર પછી તો આંબાઆંબલીના કે લીમડાનાં પાનમાં સૌંદર્ય દેખાય છે એટલું જ નહિ પરંતુ થોરના ડાંડલામાં, બાવળની શૂળમાં અને નદીના છીયામાં પણ સૌંદર્ય આવે છે અને તેની આંખ જ્યાં પડે ત્યાં તે સૌંદર્ય, સૌંદર્ય ને સૌંદર્ય જ દેખે છે. એક વખત આવી આંખ આવી ગઈ એટલે તો ડુંગરા, નદી, મેદાન, સીમ, ખેતર બધાં સ્થાનો તેની પાસે નવો વેષ લઇને જ ખડાં થઇ જાય છે અને વિદ્યાર્થી એ મસ્તીમાં ને મસ્તીમાં વધ્યે જ જાય છે.

કુદરતના આ દેખાવોનો પરિચય વિદ્યાર્થીઅવસ્થામાં જેટલો વધારે થાય એટલો ફાયદો છે. આજે જ્યારે આપણી શાળાઓનાં મકાનો કુદરતની વચ્ચે નથી, જ્યારે આપણી શાળાના અભ્યાસક્રમમાં લૂખીસૂકી ભૂગોળ સિવાય ઝાડ, ફળ, ફૂલ કે પશુપંખીના પરિચયને અવકાશ નથી ત્યારે તો આવો પરિચય ખાસ વધારે જરૂરી છે અને જે વિદ્યાર્થીઓને પ્રવાસદ્વારા એ મળે તેમને તો સાચી કેળવણી મળી છે એમ કહી શકાય.

પ્રવાસ દ્વારા જનતાનો તેમજ કુદરતનો ઉપર જણાવ્યો તેવો પરિચય આપવાનો પ્રબંધ કરીએ તો વિદ્યાર્થીની દૃષ્ટિમર્યાદા સાંકડી મટીને વિશાળ બને, તે પોતાની જાતને એક ગામડાનો કે એક દેશનો માનવાને બદલે આખી પૃથ્વીનો કે કદાચ આખા વિશ્વનો માની શકે એના પૂર્વ તૈયારી થઈ જાય. અને તેને પરિણામે માનવ જીવન વધારે વિશુદ્ધ અને નિર્દોષ બને. આટલું પ્રવાસના મુખ્ય ઉદ્દેશ પરત્વે.

આ બે મુખ્ય ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને શાળા કે છાત્રાલય પોતાના વિદ્યાર્થીઓના પ્રવાસની ગોઠવણ કરે. માત્ર પુસ્તકના જ્ઞાનને ટેકો આપવા માટે પ્રવાસ ગોઠવવાને બદલે, પહેલાં પ્રવાસથી વસ્તુપરિચય સાધે અને પાછળથી એ પરિચયને વ્યવસ્થિત સ્વરૂપમાં મૂકવા માટે પુસ્તકની મદદ આપે. આથી શાળાના લૂખા જણાતા વિષયો નવીન રસ ધારણ કરશે એટલું જ નહિ, પરંતુ એ વિષયો ઉપરાંત ખુદ જીવનની ખૂબી વિદ્યાર્થી પાસે ખડી થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) પ્રવાસો કેમ કરવા

ઉક્ત ઉદ્દેશોની સિદ્ધિ માટે જ્યારે પ્રવાસની ગોઠવણ કરવામાં આવે છે ત્યારે ખુદ એ ગોઠવણમાં પણ બીજા અનેક લાભો અનાયાસે ઊભા થાય છે અને એ રીતે એ આખી ગોઠવણ પણ કેળવણીના ધ્યેયને ધ્યાનમાં રાખીને જ કરવી ઘટારત છે. બાકી તો અનેક માણસો દુનિયામાં રખડતા ફરે છે, અને જનતાનો તેમજ કુદરતનો પરિચય લીધા કરે છે.

સ્વાશ્રય

આખા પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થી જેમ બને તેમ વધારે સ્વાશ્રયી થાય એ ખાસ જરૂરનું છે. આજે આપણે એવું ખાડા ટેકરા વિનાનું જીવન જીવીએ છીએ, કે એ જીવનમાં આપણે કેટલા બધા પરાધીન છીએ તેનું આપણને ભાન નથી. સાધારણ રીતે રોજનું જીવન તો અમુક ક્રમે જ વહ્યું જાય: સવાર પડે, નાસ્તો મળે, લેસન કરીએ, જમવાનું મળે, નિશાળે જઈએ, માસ્તર શીખવે, ઘેર આવીએ, ક્રિકેટ રમીએ, વાળુ કરીને સૂઈ જઈએ. એ બધામાં વિદ્યાર્થીને તો મોટે ભાગે ભણવાનું અને બીજા તૈયાર કરીને આપે તે ભોગવવાનું. આવી અક્રિયતા વિદ્યાર્થીજીવનને વિઘાતક છે. આજે આપણી શાળામાં મોટે ભાગે અને ઘરોમાં પણ વિદ્યાર્થી વધારે વધારે પરાવલંબી થતો જાય છે. શાળામાં તો તેને તૈયાર કોળિયા ગળે ઉતારવા સિવાય બીજો ધંધો જ નહિ. ઘેર પણ રખેને એને પાઠ નહિ આવડે અને નાપાસ થશે એ બ્હીકે માબાપ દુઃખ વેઠીને પણ તેને ઘરના કામોમાંથી મુક્ત રાખે છે. એટલે આખા વિદ્યાર્થીજીવનમાં વિદ્યાર્થીને પોતાની શક્તિ અજમાવવાનો પ્રસંગ જ નથી, અને એને અભાવે એ શક્તિ છેક જ મરી જાય છે. મનુષ્યજીવનમાં જો કોઈ શક્તિની સૌથી વધારે કિંમત હોય તો આ સ્વાશ્રયની છે, સ્વાતંત્ર્યની છે. સ્વાતંત્ર્ય એ મનુષ્યનો જન્મસિદ્ધ હક્ક છે. એ રાજકારણમાં સાચું છે જ પણ કેળવણીમાં તો એ પરમ સત્ય છે, એટલે વિદ્યાર્થીઓના પ્રવાસો આવા સ્વાવલંબ ઉપર જ રચાવા જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાસના સ્વાશ્રયમાં સૌથી મહત્ત્વની વસ્તુ તો પ્રવાસ આખો પગે ચાલીને કરવો અને ઓછામાં ઓછી વસ્તુઓથી ચલાવી લેવું એ છે. ગાડીઘોડામાં બેસીને કરેલો પ્રવાસ અને સંપૂર્ણ સગવડોથી કરેલો પ્રવાસ તંદુરસ્ત વિદ્યાર્થીને ફિક્કો જણાય છે અને એવા પ્રવાસમાં પ્રવાસની મસ્તી તો હોતી જ નથી. વિદ્યાર્થી તો જગને ઢૂંઢવા નીકળ્યો છે. એને જગતના ખાડા ટેકરા પર વિહરવું છે એટલે એ વિહારમાં એ બીજાના હાથપગ વાપરે એમાં તો તેને પક્ષાઘાત થાય. એને તે વળી સગવડો શી ? એ તો નીકળ્યો છે જ અગવડોને ભેટવા માટે. એને તો અગવડમાંથી પોતાના પૂરતી સગવડ ઊભી કરવાની તાકાત છે. એને તો રૂંવાડે રૂંવાડે પ્રાણ છે. ઉતારા છોડીને ખુલ્લા મેદાનમાં ઝરડાં વચ્ચે સૂવામાં તેને તો આનંદ આવે છે. સમયનો પ્રશ્ન હોય ત્યાં ઉપયોગ પૂરતી બધી સગવડ એ જરૂર લે; હદ ઉપરાંતનું કષ્ટ તો વેઠે જ નહિ. પરંતુ સ્વાશ્રયને ભોગે સગવડ તેને હરામ છે.

પ્રવાસોની યોજના

બીજું આખા પ્રવાસનો ક્રમ વિદ્યાર્થીઓ પોતે જ ગોઠવે. અલબત્ત, શિક્ષક આવી ગોઠવણમાં જરૂર મદદ કરે; જોઇતા નકશાઓ, પુસ્તકો અને માહિતી વગેરે પૂરાં પાડે પણ તે બધાં સાધનોમાંથી મુસાફરીનો ક્રમ ઉપજાવી કાઢવાનું કામ તો વિદ્યાર્થીઓનું જ. એ અધિકાર તેમની પાસેથી છીનવી શકાય નહિ. આ સ્થળે એક બાબતની નોંધ લેવી ઘટે છે. વિદ્યાર્થીઓના પ્રવાસમાં ઘણી વાર એવું બને છે કે શરૂઆતથી આખા પ્રવાસનો ક્રમ વ્યવસ્થિત રીતે ગોઠવાયો નથી હોતો એટલે આખે રસ્તે ગોટો જ ચાલ્યા કરે છે, અને પ્રવાસથી થવાના લાભો થવાને બદલે ઉલટો વિદ્યાર્થીઓને કંટાળો આવી જાય છે. પરિણામે તે ફરીથી પ્રવાસ કરતો અટકી જાય છે. અલબત્ત, પ્રવાસની રીતસરની વ્યવસ્થા એટલે બધી વાર લશ્કરી કૅમ્પની જડ વ્યવસ્થા તો નહિ જ. પરંતુ યોગ્ય છૂટ સાથે વિદ્યાર્થીઓ પોતે ગોઠવેલા ક્રમને વળગી રહે તો જ પ્રવાસની મજા આવે, પ્રવાસની વ્યવસ્થામાં લશ્કરી વ્યવસ્થા અને યૌવનનો સ્વચ્છંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિહાર એ બન્નેનો સુયોગ કરવો ઘટે છે, અને તેમાં પણ જ્યારે વધારે વિદ્યાર્થીઓનો પ્રશ્ન હોય ત્યારે વ્યવસ્થાની ખાતર પણ નિયમને વળગી રહેવું પડે છે. પરંતુ આવો લશ્કરી ક્રમ બને તેટલો ઓછો રાખવો, અને રાખ્યો હોય તેને ચુસ્તપણે વળગી રહેવું. બાકી તો શાળાના સમયપત્રકમાંથી છૂટા થએલા વિદ્યાર્થીઓને પોતાની મેળે પોતાનું સમયપત્રક ઉપજાવી કાઢવાની સંપૂર્ણ તક પ્રવાસમાં આપવી. જો કે વ્યવસ્થા અને સ્વાતંત્ર્યના આ વિવેકમાં વિદ્યાર્થીઓને શિક્ષકની મદદની જરૂર પડે એ આજની સ્થિતિએ સમજી શકાય તેવું છે.

વ્યવસ્થા

પ્રવાસ આખાનો ક્રમ જેમ વિદ્યાર્થીઓ નક્કી કરે તેમજ આખા પ્રવાસ દરમ્યાન જૂદી જૂદી વ્યવસ્થા અને વિગતો પણ વિદ્યાર્થીઓ જ સંભાળે. કયાં કયાં જવું ? શું શું જોવું ? કયાં ઉતારો કરવો ? ખાવા-પીવાની કેવી ગોઠવણ કરવી ? કેટલો સામાન સાથે લેવો ? માર્ગમાં કોઈ બિમાર થાય તો શું કરવું વગેરે ? વિચારો પણ વિદ્યાર્થીઓએ જ કરી લેવા જોઇએ. અને એ કરેલા વિચારોનો અમલ પણ તેમના હાથે થવો જોઇએ. જો પ્રવાસે જનારા વિદ્યાર્થીઓની ઠીક ઠીક સંખ્યા હોય તો એક મંડળી પુરોગામી મંડળી થાય, એકાદ મંડળી ભોજનની વ્યવસ્થા હાથમાં લે, કોઇ મંડળી ખરીદનું કામ હાથ ધરે, તો કોઈ પાણીની વ્યવસ્થા હાથમાં લે, ઉતારા વગેરે માટે એક જૂદી ટોળી થાય અને આ સર્વને સલાહ આપવા માટે એકાદ ચાલાક વિદ્યાર્થી સામાન્ય મંત્રી થાય તો બસ છે. પ્રવાસની તાલીમના તત્ત્વને અંગે વિદ્યાર્થીઓ ધારે તો પોતાની શાળાના ચિન્હવાળા અને સાથે રાષ્ટ્રચિન્હવાળા વાવટાઓ રાખી શકે અને માર્ગમાં કૂચ વગેરેની ગોઠવણ રાખી શકે તેમજ પ્રસંગોપાત્ત આફત આવી પડે તો કેમ કરવું જોઇએ તેનો અખતરો કરી શકે; પરંતુ આ લશ્કરી તાલીમ માટે વિદ્યાર્થીઓને પ્રવાસ પહેલાં પણ થોડી તાલીમ મળવી જોઇએ; નહિતર લશ્કરી તાલીમને સ્થાને ઘોંઘાટ અને ગોટમગોટા ચાલશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાતંત્ર્ય અને સહકાર

વિદ્યાર્થીઓને આવું સ્વાતંત્ર્ય આપશું તો તે કાંઈ ને કાંઈ કરી બેસશે એવો એક ભય છે. વિદ્યાર્થીઓને માથે વ્યવસ્થાનો આવો મોટો ભાર મૂકશું તો તેઓ ઉપાડી નહિ શકે એવો બીજો ભય છે. આ સ્વાતંત્ર્ય અને આ જવાબદારીની જો યોગ્ય મર્યાદા ન અંકાય તો આવા ભયોને આજે સ્થાન પણ મળે; પરંતુ યોગ્ય દેખરેખ સાથે આવું સ્વાતંત્ર્ય અને આવી જવાબદારી ઉઠાવવા વિદ્યાર્થીઓ સદા ઉત્સુક જ હોય છે, એ કોઇ પણ શિક્ષકની દૃષ્ટિ બહાર જવું ન જોઇએ. ઊલટું આજે તો આવા સ્વાતંત્ર્ય અને આવી જવાબદારી વિના આપણી શાળાઓમાં વિદ્યાર્થીઓની શક્તિ બીજા માર્ગો શોધી રહી છે. આજે આપણને જરૂર એમ લાગે કે આ વિદ્યાર્થીઓ અહીં એક બીજા સાથે લડે છે, નાની નાની વાતોમાં કજીયા કરે છે, કોઇ કોઇવાર તો એક બીજાની વાઢી આંગળી પર મૂતરતાં નથી. એવા સૌને છૂટા મૂકશું તો કોણ જાણે શું થશે? પરંતુ પ્રવાસ શરૂ થયા પછી આ શંકા એની મેળે નિવૃત્ત થાય છે. દવાખાનાના કામમાંથી કંટાળીને ખસી ગયેલો મહેન્દ્ર પ્રવાસમાં તો દવાની પેટી આખે માર્ગે હાથમાં રાખે છે અને રાત્રિએ વરસતે વરસાદે રેતીમાં ગુમ થએલી ચપ્પુને શોધવા મહેનત કરે છે. અમસ્થા માણેકલાલ એટલે બાળક જેવો સ્વભાવ, મનમોજી, કામ કરે ન કરે પણ પ્રવાસમાં તો એડવાન્સ પાર્ટીનો વખત થયો એટલે ઉપડ્યાં જ હોય, અને અંધારી રાત્રિએ ઓરડીના ઝરડામાં પસાર થતા થતા દુધનાં બોધડાં ફેરવે. અમસ્થા વિદ્યાર્થીઓ સૂવાની જગા માટે સરહદની મારામારી કરે પણ ભીકડામાં એક નાનીશી કોટડીમાં ચાળીશ જણા એક બીજા પર સમાઈ જાય અને સૌ એક બીજાને નભાવી લે. આડે દિવસે નાના મોટા વિદ્યાર્થીઓ નાનપ મોટપના વાદ ચલાવે પરંતુ વખત આવ્યે નાનાઓને છાપરા હેઠળ સુવાડી મોટાઓ ટપકતા વડલા નીચે આખી રાત પડ્યા રહે અને સવારે તરબોળ ઊભા થાય. આવા આવા અનેક પ્રસંગોમાં વિદ્યાર્થીઓ વગર પૂછ્યે પ્રકાશી નીકળે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાજિક સહકાર આપોઆપ ઊભો થાય છે અને આ સ્વાતંત્ર્ય તેમજ જવાબદારીથી તેમને પોતાને પણ અજબ આત્મશ્રદ્ધા આવી જાય છે.

ઘણી વાર તો આપણા ભયો કપોલકલ્પિત જ હોય છે. આપણે મન જે મુશ્કેલી અડચણ દેખાય છે તે વિદ્યાર્થીને મન રમત જણાય છે એટલું જ કહેવું બસ નથી. મુશ્કેલી ઊભી થાય તો તેની સામે બાથ ભીડવાની અને આપણું પરાક્રમ દેખાડવાની ભારે મજા આવે એવા તો તેમના મનોરથો હોય છે. તમે કોઈ વાર આ ઉંમરના વિદ્યાર્થીઓ સાથે મુસાફરી કરી છે? એ પ્રવાસમાં તમે કોઇ વાર ભૂલા પડ્યા છો? કોઈ વાર તમને સિંહવાઘનો ભય આવી પડ્યો છે? કોઇ વાર તમારું ગાડું સાવ અટકી પડયું છે? કોઇ વાર તમને ચોર મળ્યા છે? કોઇ વાર એકાદ વિદ્યાર્થી ઘાયલ થઇ પડ્યો છે? આવા એકાદ પ્રસંગે પણ જો તમે હાજર હશો તો વિદ્યાર્થીઓની આત્મશ્રદ્ધા, તેમનો સહકાર, મુશ્કેલીને સામે પગલે ભેટવાની તેમની ઉત્સુકતા અને આ બધી કસોટીમાંથી ઉત્પન્ન થતો આનંદ તમે જરૂર જોયાં હશે.

આવા સ્વાતંત્ર્ય અને જવાબદારી આપ્યા સિવાય માત્ર વિદ્યાર્થીઓને જનતાનો અને કુદરતનો પરિચય કરાવવા માટે ઉપાડો અને પાછા લાવો, એથી જનતા અને કુદરતનો પરિચય થાય તો ભલે થાય પણ એ પરિચયની પાછળ પોતાની મહેનત અને સ્વાધીનતાની જે ખુમારી આવવી જોઇએ તે નહિ આવે, અને એટલે અંશે એ પરિચય જીવનમાં જોઇએ તેટલાં ઓજસ નહિ ભરે; બલ્કે ઘણી વાર તો એ પરિચય વંધ્ય જ રહેશે.

શિક્ષક કે ગૃહપતિની જરૂરીઆત

જો આવા પ્રવાસોમાં વિદ્યાર્થીઓ જ બધી વ્યવસ્થા કરવાના છે અને કારભાર બધો તેમના જ હાથમાં છે તો પછી શિક્ષકને કે ગૃહપતિને પ્રવાસમાં સાથે જવાની શી જરૂર છે એવો પ્રશ્ન સાહજિક છે.

શિક્ષક અથવા ગૃહપતિ પ્રવાસમાં સાથે જાય છે એ તો વિદ્યાર્થી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓને વ્યવસ્થા કરી આપવા અને બંદોબસ્ત રાખવા માટે જ જાય છે એવો આ પ્રશ્નની પાછળ ધ્વનિ છે. જે ઉંમરના વિદ્યાર્થીઓનો આપણે વિચાર કરવા બેઠા છીએ તે વિદ્યાર્થીઓની સાથે શિક્ષક કે ગૃહપતિ હોય તો વધારે ઇષ્ટ છે એવો મારો પોતાનો અભિપ્રાય છે. ઘણી વાર એવું બને છે કે વિદ્યાર્થીઓએ તે તે સ્થાનો કદિ જોયાં હોતાં નથી એટલે શિક્ષક કે ગૃહપતિની સલાહ વિના તેમની વ્યવસ્થા વગેરે તૂટી પડે છે અને પરિણામે વિદ્યાર્થીઓ કંટાળીને પાછા આવે છે એટલે પ્રવાસ ઉપરથી જ તેમનો ભાવ ઉડી જાય છે. કયો પ્રવાસ અને કઇ વ્યવસ્થા વિદ્યાર્થીઓની મર્યાદાનાં છે, કયો ક્રમ પસંદ કરવાથી પ્રવાસનો ઉત્સાહ જળવાઇ રહેશે, કયો માર્ગ લેવાથી સમય અને પૈસાની યથાર્થ કરકસર થઇ શકશે વગેરે વિચારોમાં વિદ્યાર્થી શિક્ષક ગૃહપતિની સલાહથી વંચિત રહે તે આજની સ્થિતિએ ઇષ્ટ નથી. હા, એક વાત છે. વિદ્યાર્થીઓને બહુ બહુ તો ત્રણ ત્રણ કે ચાર ચાર જણાની ટુકડીમાં મોકલવામાં આવે અને જેટલો માર્ગનિર્દેશ પ્રવાસ શરૂ થયા પહેલાં થઈ જવો આવશ્યક છે તેટલો થઇ ગયો હોય તો શિક્ષક કે ગૃહપતિ સાથે ન જાય તો પણ ચાલે; પરંતુ જ્યાં મંડળી મોટી હોય ત્યાં તો કેટલાએક વ્યવસ્થાના પ્રશ્નો પણ તેની હાજરી માગે છે.

પરંતુ શિક્ષક વિદ્યાર્થીઓને પ્રવાસમાં મદદરૂપ થાય અથવા તો જે જે જોવા જાણવાનું હોય તે વધારે સારી રીતે દેખાડી શકે એ કરતાં પણ પ્રવાસમાં તેની હાજરી બીજી રીતે વધારે ઉપયોગી છે. શિક્ષક ગૃહપતિ વર્ગમાં કે ગૃહમાં વિદ્યાર્થીના માનસનો અભ્યાસ કરી શકે છે તે કરતાં આવા પ્રવાસોમાં વધારે સારી રીતે કરી શકે છે. પ્રવાસમાં વિદ્યાર્થી પોતાના અસલ સ્વરૂપમાં ચોવીશે કલાક ખીલે છે એટલે તેનો અભ્યાસ વધારે યથાર્થ અને વધારે સ્હેલાઇથી થઇ શકે છે. વર્ગમાં ઠોઠ જણાતો વિદ્યાર્થી પ્રવાસમાં ઝળકી ઉઠે ત્યારે શિક્ષકે જરૂર વિચાર કરવો ઘટે છે; ગણિતના વિષયમાંથી નાસવા માગતો વિદ્યાર્થી પ્રવાસમાં તંબુ તાણતી વખતે ફૂટેફૂટ અને ઇંચેઇંચનું બરાબર માપ લે ત્યારે તો શિક્ષકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણિતના આખા અભ્યાસક્રમ પર વિચાર કરવા જેવું થઇ પડે. અમસ્થો આળસુ જણાતો વિદ્યાર્થી ખડની ગંજી બનાવવી હોય ત્યારે ઊભે પગે ખડો રહે અને ઘાસ કાપે, પુળીઓ વાળે, થાંભલા ગોઠવે, શોભા કરે ત્યારે તો ગૃહપતિને પોતાની નોંધપોથી ચેકવી પડે અને નવો ખ્યાલ કરવો પડે. પ્રવાસમાં શિક્ષક કે ગૃહપતિ આ દૃષ્ટિથી વધારે ઉપયોગી છે અને એ જ એનું મુખ્ય કામ હોઇ શકે.

બાકી તો ઘણી વાર પ્રવાસમાં eyes and no eyes નો પ્રશ્ન હોય છે. વસ્તુ આપણી સન્મુખ હોય પણ આપણી નજર તે પર ન હોય એવું જીવનમાં ઘણી વાર બને છે; અને એવે પ્રસંગે એકાદ સૂચનથી કે ટકોરથી નજર ખુલ્લી કરી નાખનાર કોઈ હોય તો ભારે મજા આવે છે. આ પ્રમાણે સાથે રહીને વિદ્યાર્થીને દૃષ્ટિ આપનાર શિક્ષક કે ગૃહપતિ પ્રવાસમાં ઉપયોગી છે.

પરંતુ શિક્ષક કે ગૃહપતિની આ ઉપયોગિતાનો એવો તો અર્થ નથી જ કે તેના વિના વિદ્યાર્થીઓ પ્રવાસે નીકળી જ ન શકે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓ મોટી મંડળીમાં પ્રવાસે નીકળે એ વધારે વ્યવહાર્ય છે છતાં પણ દરેક વિદ્યાર્થીને એકલો પણ પ્રવાસે મોકલી શકાય અથવા તો ત્રણ-ત્રણ ચાર-ચારની ટુકડીમાં પણ મોકલી શકાય. કેટલીએક વખત તો આવી નાની ટુકડીને વ્યવસ્થાના કેટલાએક પ્રશ્નો ઊભા થતા જ નથી એટલે વધારે અનુકૂળતા રહે છે, અને પ્રવાસના ઉદ્દેશો પણ તેમનામાં વધારે સફળ થાય છે.

આવા પ્રવાસોની ગોઠવણ આપણી બધી શાળાઓમાં તેમજ છાત્રાલયોમાં થવાની જરૂર છે. કાઠિયાવાડનો વિદ્યાર્થી સોળ સત્તર વર્ષે શાળાની બહાર જાય ત્યારે તેણે કાઠિયાવાડનો દરિયાકાંઠો, ગીર, ગિરનાર ને શત્રુંજય, ભાદર મચ્છુ ને ભોગાવો, ભાલ અને નાઘેર એટલાં પોતાના પગ હેઠળ કાઢ્યાં હોય, સાથે ગુજરાતનો આબુ, પાવાગઢ અથવા તાપી કે નર્મદાની

૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજા લીધી હોય અને આગ્રાના તાજ તરફ કે ગુલ્બર્ગાના ઘુમટ તરફ, અમરનાથ અને રામેશ્વર તરફ, કાશી તરફ શૃંગેરી તરફ અથવા તો કહો કે ગંગા તરફ કે ગોદાવરી તરફ માત્ર દૃષ્ટિપાત કરવાનો પ્રસંગ લીધો હોય તો એને યથાર્થ કેળવણી મળી છે એમ આપણે કહી શકીએ. મતલબ કે કાઠિયાવાડ, એથી આગળ વધીને ગુજરાત અને એથી જરા આગળ વધીને હિંદુસ્થાનનો તેને થોડો પણ જીવતો પરિચય થયો હોવો જોઇએ.

માધ્યમિક શાળાઓ આટલા પાયા ઊભા કરે તો બસ છે.

(૧૯૨૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔદ્યોગિક કેળવણી

આપણી શાળા મહાશાળાઓમાં ધંધાની કેળવણી દાખલ કરવાનો પ્રશ્ન ધીમે ધીમે સ્વરૂપ પકડતો જાય છે. આ આખાયે પ્રશ્નના મૂળમાં પ્રજાના જીવનનિર્વાહનો પણ વિચાર છે. જે કેળવણી માણસને ટંકે શેર અનાજ અપાવી ન શકે તેને કેળવણી કહેવાય જ શી રીતે ? આજની આપણી કેળવણી ગણ્યાગાંઠયા લોકોને શ્રીમંત બનાવે છે પણ એ મૂઠીભર લોકોની પાછળ સમાજનો મોટો ભાગ પગ પર પગ ચડાવીને બેસતાં શીખે છે. અને આ બેઠાડુ વર્ગ વધતો જાય છે તેમ તેમ પ્રજાજીવનનું જોખમ પણ વધતું જ જાય છે. શરૂઆતનાં વર્ષોમાં આ બેઠાડુ વર્ગને પરદેશી સરકારે પ્રતિષ્ઠા આપી એટલે આજે જ્યારે સમજુ લોકો આ બેઠાડુ કેળવણીથી અસંતોષ પામી ધંધાની કેળવણીનો ઉકેલ લાવવા મથે છે ત્યારે ધંધામાં પડેલા લોકો પોતાના છોકરાઓને આ બેઠાડુ કેળવણી આપવાની હિમાયત કરી રહ્યા છે. ખરૂં કહીએ તો આ બેઠાડુ કેળવણીએ પ્રજાના માનસને જકડી લીધું છે. એટલે જે વસ્તુ આજથી સાઠેક વર્ષ પર સહજ હતી તે સાધવા માટે આજે તો મોટો પ્રયત્ન કરવો પડે તેમ છે.

અલબત્ત, આ દોષ કાંઇ એકલો આજની કેળવણીનો જ નથી. એની પાછળ તો આજની આપણી ગુલામદશા આવી પડી છે. આજે બહુ જ ચોકખા શબ્દોમાં બોલીએ તો દેશમાં ધંધા છે જ નહિ. આપણા હુન્નર ઉદ્યોગો નષ્ટપ્રાય થયા છે; આપણો વેપાર માત્ર દલાલી છે; આપણી ખેતીએ ખેડુતના અંગ પર ફાટેલ લૂગડું પણ રહેવા દીધું નથી. અને જ્યાં સુધી આપણે સ્વરાજ નહિ મેળવીએ ત્યાં સુધી આ સ્થિતિમાં ફેરફાર થાય એવી આશા ન જ રાખવી.

છતાંયે એ સ્વરાજનું માનસ ઊભું કરવા માટે પણ આપણે જે કાંઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુન્નર ઉદ્યોગ આપણા હાથમાં છે તેના તરફ ધ્યાન આપવું જોઈએ, અને મહાશાળાઓ મારફત તેનો ઉકેલ લાવવો જોઈએ .

ઉદ્યોગની કેળવણીના આ વિચારમાં રોજના શેર લોટના વિચારોની સાથે જ બીજા વિચારો પણ ઉભા તો છે જ. મગજમાં ઈતિહાસ, ભૂગોળ અને ગણિતનાં ભૂંસા ભરેલા વિદ્યાર્થીઓથી સમજુ સમાજ આજે થાકી ગયો છે. જેમ આપણા અર્થશાસ્ત્રીઓ ચાલુ કેળવણીની પાછળ વિકરાળ બેકારીનાં દર્શન કરી રહ્યા છે તેમજ આપણા સમાજશાસ્ત્રીઓ આજની કેવળ બૌદ્ધિક કેળવણીની પાછળ આખાયે સમાજનો હ્રાસ જોઈ રહ્યા છે; આપણા રાજકીય નેતાઓ આજની કેળવણીની પાછળ આપણને કાયમને માટે ગુલામ રાખવાની નેમ જુએ છે ત્યારે આજના કેળવણીકારો ચાલુ કેળવણીમાં પ્રજાના સમગ્ર આત્માને ભિન્ન ભિન્ન સ્વરૂપે વ્યક્ત થવાનો અવકાશ નથી એટલે પ્રજાના આત્માનો હ્રાસ જુએ છે. અને આ બધા વિચારકોની પાછળ આજે નાનો છતાં સમર્થ એક વર્ગ ઊભો છે, જે માને છે કે–માણસમાત્રે પોતાના જ પરસેવાથી દેહનિર્વાહ કરવો જોઈએ, અને આજે સમાજમાં બુદ્ધિજીવી અને શ્રમજીવી એવા જે બે વર્ગો પડ્યા છે તે નાબુદ થવા જોઇએ. આ વિચારકો તો ઉદ્યોગની કેળવણીને જ કેળવણી માને છે અને એ કેળવણીને સંસ્કારી બનાવવા પૂરતી જ બીજી કેળવણી હોઈ શકે એમ જણાવે છે.

આ રીતે જોતાં ધંધા ઉદ્યોગની કેળવણીનો પ્રશ્ન આજે મહત્ત્વનો થઈ પડ્યો છે. આપણે આજે તેનો થોડોએક વિચાર કરી લઈએ.

ધંધા ઉદ્યોગની કેળવણી એટલે શું ? એક રીતે જોઇએ તો હરકોઈ કેળવણી ધંધા ઉદ્યોગની જ કેળવણી નથી ? જે કેળવણી આજના દાક્તરો, વકીલો અને કારકુનો ઉત્પન્ન કરે છે તે પણ અમુક ધંધા માટે માણસોને તૈયાર કરે છે એટલે અંશે તે ધંધાની કેળવણી છે જ; અને ધધા ઉદ્યોગનો આ વિશાળ અર્થ આપણે કરીએ ત્યારે એ બરાબર પણ છે.

પણ આપણે ધંધા ઉદ્યોગની કેળવણીને જો તેના ખાસ મર્યાદિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થમાં વાપરીએ તો ધંધા ઉદ્યોગની કેળવણીમાં બુદ્ધિ પર ભાર હોય તેના કરતાં શરીર પર વધારે ઝોક હોય છે; અથવા સ્પષ્ટ શબ્દોમાં બોલીએ તો બુદ્ધિથી મેળવેલું જ્ઞાન વ્યવહારમાં રીતસર લાગુ પાડવાનું હોય છે. અલબત, કોઈ પણ ધંધામાં આ પ્રમાણે જ્ઞાનને વ્યવહારમાં ઉતારી શકે તેવા લોકો ઓછા પ્રમાણમાં હોય છે. જ્યારે મોટો ભાગ તો ધંધાનો વ્યવહાર કરી જાણે છે, એટલે ધંધાની કેળવણી એટલે તે તે ધંધાના વ્યવહારમાં હાથ બેસી જવો એટલું જ આપણે સમજીએ છીએ. આપણે આજે ધંધા ઉદ્યોગની કેળવણીનો આ મર્યાદિત અર્થમાં જ વિચાર કરશું.

જેમ ગમે તે કેળવણી એ આપણા આ પ્રસ્તુત પ્રસંગે ધંધા ઉદ્યોગની કેળવણી નથી તેમજ Manual Training એ પણ ધંધા ઉદ્યોગની કેળવણી નથી. હજી તો ગઇ કાલ સુધી સુધરેલી દુનિયામાં પણ માત્ર બૌદ્ધિક કેળવણી પર જ ભાર મૂકાતો હતો અને ધંધાની કેળવણીને હલકી પણ ગણવામાં આવતી. પણ સમર્થ કેળવણીકારોએ અને માનસશાસ્ત્રીઓએ આ વિચારમાં મોટું પરિવર્તન કરી નાંખ્યું. આ વિચારકોએ જાહેર કર્યું કે હાથ પગ ઇંદ્રિયો વગેરેની સાચી કેળવણી વિના માત્ર બૌદ્ધિક કેળવણી જીવનમાં પોતાનાં મૂળ જ નાખતી નથી; એટલે જીવન-નિર્વાહના ઉકેલને માટે નહિ તો પણ ખુદ બૌદ્ધિક કેળવણીને જ સંગીન કરવા માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં આ Manual Trainingની જરૂર છે. આવું Manual Training ધંધા રોજગારની કેળવણીના પૂર્વ સ્વરૂપ તરીકે ગમે તેટલું સાચું છે તો પણ એ પોતે ધંધા રોજગારની કેળવણી તો નથી જ.

એક દિવસ એવો હતો કે જ્યારે આ જાતના ધંધા ઉદ્યોગો શીખવવા એ આપણા દેશમાં શાળાની મર્યાદા બહાર હતું. આપણા ધંધા ઉદ્યોગો પરંપરાથી બાપની પાસેથી દીકરો લે એ રીતે ઉતરી આવતા હતા. અને કોઈ પણ ધંધાનો સમાજ તે તે ધંધાના આદર્શને જાળવી રાખવા મથતો હતો. આ સ્થિતિમાં શીખવનાર અને શીખનાર બન્નેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભ હતો, ધંધાનું વાતાવરણ સહેજે ઊભું થતું અને આજની કેટલીયે કડાકૂટ વિના માણસ ધંધામાં પ્રવીણ થઇ જતો.

પણ આજે આ સ્થિતિ બદલાતી જાય છે. આજે એક બાજુથી આપણે પશ્ચિમના યંત્રવાદમાં ઘસડાવું પડે છે એટલે મોટા પાયા પર ઉદ્યોગો ચાલવા લાગ્યા છે, અને બીજી બાજુથી આપણા હુન્નરો ઘસાવા લાગ્યા છે એટલે પરંપરા તો તૂટવા જ લાગી છે. આવી પરિસ્થિતિમાં જો કોઈ પણ સંસ્થા આજે આ ધંધાઓને બચાવી શકે અને ફરીથી ધીકતા કરી શકે તેવી હોય તો તે શાળા જ છે. એટલે આજે આપણે આ જાતના પુનરુદ્ધાર માટે પણ શાળા પાસે જવું પડે છે.

હવે આપણે રીતસર આપણા ધંધા ઉદ્યોગનો જરા વિચાર કરીએ. મેં ઉપર જણાવ્યું તેમ આજે ખરી રીતે પરદેશી લોકોની દલાલી સિવાય આપણી પાસે એક પણ ધંધો કે ઉદ્યોગ છે જ નહિ. અને જ્યાં સુધી આપણને સ્વરાજ ન મળે ત્યાં સુધી આ સ્થિતિમાં પલટો થશે જ નહિ. આ વસ્તુને ધ્યાનમાં લઇને મહાત્મા ગાંધીજીએ આખા દેશને માટે કાંતવાના સાર્વત્રિક ઉદ્યોગને અગ્રસ્થાન આપ્યું છે, અને તે બરાબર જ છે.

પણ આપણે આટલેથી ન અટકતાં આપણી શાળા મહાશાળાઓમાં બીજા ધંધા ઉદ્યોગોનો વિચાર કરીએ.

જ્યારે જ્યારે આપણે ધંધા ઉદ્યોગોનો વિચાર કરીએ ત્યારે આપણે આપણા દેશનો મુખ્ય ઉદ્યોગ ખેતીનો છે એ ભૂલવું ન જોઇએ. ખેતી એ ખરા અર્થમાં ઉત્પાદક ઉદ્યોગ છે. આપણો દેશ પણ ખેતીપ્રધાન દેશ છે, એટલે એ ઉદ્યોગને આપણી શાળાઓમાં ઘણું ઊંચું સ્થાન ઘટે છે. આજે આપણે શાળા મહાશાળાઓના અભ્યાસક્રમો શહેરના વિદ્યાર્થીઓને જ ધ્યાનમાં રાખીને રચ્યા છે એટલે ખેતીનો વિચાર કર્યો જ નથી. અને શહેર માટે રચેલા આ અભ્યાસક્રમો આપણે ગામડામાં લઈ ગયા એટલે ત્યાં પણ આપણી કેળવણીએ કાંઈ કર્યું હોય તો ગામડાના લોકોમાં શહેરી જીવનનો ખોટો મોહ ઊભો કર્યો છે. આજે આ બાબતમાં આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરતા થયા છીએ. ખેતીને આપણે શાળાઓમાં સ્થાન આપવું જોઇએ.

ખેતી એ પ્રધાનતઃ ઉત્પાદક ધંધો. પણ ખેતી સિવાય પણ જીવનની બીજી જરૂરીઆતોને પૂરી પાડનારા ધંધાઓ સમાજ માટે એટલા જ જરૂરના છે. આ બધા ધંધાઓમાં સુતારીકામ, લુહારકામ વગેરેને આપણે મૂકીએ અને બહુ ઉદારતાથી બોલીએ તો સમાજને જે જે ચીજોની જરૂર હોય તે પેદા કરવાના તમામ ધંધાઓનો આમાં સમાવેશ કરીએ.

આજે લોકો જેને હુન્નર ઉદ્યોગની કેળવણી કહે છે તે આ વિભાગને વધારે લાગુ પડે છે.

આપણે બે મોટા વિભાગો તપાસ્યા: ખેતી અને તેને લગતા ધંધા, તથા હુન્નર ઉદ્યોગો. ત્રીજો મોટો વિભાગ રહ્યો વેપારનો. ખેતી અને બીજા હુન્નર ઉદ્યોગો એક યા બીજી રીતે વસ્તુને ઉત્પન્ન કરે છે, પણ આ પ્રમાણે ઉત્પન્ન થતી વસ્તુ સમાજનાં માણસો સુધી પહોંચતી કરવી એ પણ સમાજમાં જરૂરી વસ્તુ છે અને આ કામ વેપારી કરે છે. વેપારી ઉત્પાદકનો અને વાપરનારનો સંબંધ બાંધે છે અને આ સંબંધ બાંધનાર ઉપર એ બન્નેનો મોટો આધાર પણ છે, માટે જ વેપારની કેળવણી એ પણ સમાજની દૃષ્ટિથી આના જેટલી જ જરૂરી છે. અને તેમાંયે આપણું ગુજરાત તો આ વેપારી કુનેહને માટે સુપ્રસિદ્ધ છે એટલે ગુજરાતની કેળવણીમાં તેને વિસારી શકાય જ કેમ ?

આ બધા ધંધા ઉદ્યોગોને શાળામાં કેવી રીતે દાખલ કરવા એનો હવે વિચાર કરીએ. આ બધા ધંધા ઉદ્યોગોને અંગે આપણે બે પ્રકારના માણસો પેદા કરવા માગીએ: એક એ ધંધામાં બુદ્ધિથી નિષ્ણાત થઈ શકે એવા લોકો, અને બીજા એ ધંધામાં મોટે ભાગે બીજાએ બતાવેલ માર્ગે યથાશક્તિ કામ કરનારાઓ.

આમાં પહેલા પ્રકારના માણસો ઊભા કરવા માટે તે તે વિષયની ઉચ્ચ કેળવણીની સંસ્થાઓ થવી જોઇએ અને ત્યાં તે તે ધંધામાં શોધખોળ સાથે ઊંચા પ્રકારનું શિક્ષણ અપાય તેવી સગવડ થવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બીજા પ્રકારના માણસો માટે આપણે માધ્યામિક શાળાઓમાં શું કરી શકીએ તે પ્રશ્ન છે. આ પ્રશ્નના બે ઉકેલ આજે નજર પાસે ખડા છે.

એક તો આપણે આજે માધ્યામિક શાળાઓમાં બીજા વિષયોનું શિક્ષણ આપીએ છીએ તેમજ તે તે ઉદ્યોગને આપણે એક વિષય તરીકે દાખલ કરવો અને તેનું રીતસર જ્ઞાન આપવું. આપણી માધ્યમિક શાળાઓમાં આજે આપણે આ પ્રમાણે ખેતી, સુતારકામ, લુહારકામ, વેપાર વગેરેને દાખલ કરી શકીએ અને એથી એક પગલું આગળ ચાલીને એમ પણ કરી શકીએ કે માધ્યામિક શાળાના ઉપરનાં ધોરણોમાં જેઓ આ ધંધાના કામને માટે વધારે યોગ્ય હોય તેને માથે બીજા વિષયોનો ભાર ઓછો કરી નાખીએ. આમ કરીએ એટલે જે વિદ્યાર્થી સુતારી-કામમાં આગળ વધવા લાયક હશે તે આગળ વધી શકશે અને જેને બીજા વિષયમાં વધવું હશે તે તેમાં વધી શકશે.

આજની દરેકે દરેક શાળામાં આ પ્રમાણે આપણે ધંધા હુન્નરની કેળવણી દાખલ કરી શકીએ. અથવા તો એવી કેળવણીની શરૂઆત કરી શકીએ. આવી કેળવણી વિગતવાર કેમ દાખલ કરવી, સુતારીકામ દાખલ કરવું હોય તો વિગતવાર કેમ કરવું, વેપાર શીખવવો હોય તો શું શું શીખવવું વગેરેની ચર્ચા કરવાનું આ સ્થાન નથી; પણ દરેક શાળા આ પ્રમાણે કોઇ પણ એક કે વધારે ઉદ્યોગોને સ્થાન આપી શકે એમાં મને શંકા નથી.

આ સ્થાન આપવામાં એક વસ્તુ તરફ ફરીથી હું ધ્યાન ખેંચું છું. જે શાળા આમાંનો કોઇ વિષય ધંધાની તાલીમ તરીકે મૂકવા માગતી હોય તેનો રસ્તો જુદો છે અને જે શાળા માત્ર Manual Training તરીકે મૂકે તેનો માર્ગ જુદો છે. Manual Training આપનારા-ઓનું લક્ષ ધંધો નથી પણ તજ્જન્ય સંસ્કારિતા વગેરે છે. આવી સંસ્કારિતાની કિંમત ઓછી નથી પણ એ બુદ્ધિથી અપાએલી કેળવણીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ધંધાની કેળવણી માની લેવાની ભૂલ તો ન જ કરીએ. આજે તો આપણે એ પણ સમજી શકીએ કે દરેક દરેક માધ્યમિક શાળા આવા એકાદ બે હુન્નરોને પોતાના અભ્યાસમાં ચોક્કસ સ્થાન આપે; પછી જે વિદ્યાર્થીઓ તેને માટે વધારે યોગ્ય હોય તે તેમાંથી ધંધા તરફ વળે અને બીજાઓ ભલે તેને જીવનની એક સુંદર હોબી (ધૂન) તરીકે રાખે.

આ એક માર્ગ. આ માર્ગ સહેલો છે; શાળાના સ્વરૂપમાં કાંઈ પણ ફેરફાર કર્યા વિના આ માર્ગ લઈ શકાય છે; બૌદ્ધિક કેળવણીમાં માનનારાઓને પણ આ મધ્યમ માર્ગ પસંદ પડે તેમ છે અને એ માર્ગમાં આગળ વધવા માટે પૂરતો અવકાશ છે. એટલે જે જે શાળાના ચાલકોને ધંધા ઉદ્યોગની તાલીમમાં પૂરી શ્રદ્ધા ન હોય તેઓ આટલો માર્ગ સ્વીકારે તો પણ આપણે સંતોષ માનીએ.

પણ આ માર્ગમાં એક મોટો દોષ છે. આપણી આજની માધ્યમિક શાળાઓમાં ઉદ્યોગનું વાતાવરણ જ નથી, કોઈ પણ વાતાવરણ હોય તો ખાલી બૌદ્ધિક વાતાવરણ છે. આ વાતાવરણમાં કોઈ પણ ધંધો ઉદ્યોગ તેના ખરા સ્વરૂપમાં પ્રકાશી નીકળે તે સંભવિત નથી. આપણા અભ્યાસ-ના વિષયો પાંડિત્યલક્ષી છે, ઉદ્યોગલક્ષી નથી; એટલે ઉદ્યોગ દાખલ કરશું તો પણ વિદ્યાર્થીઓ શરીરને વાળવાને બદલે ઉદ્યોગની વાતો કરનારા થઈ જાય એવો ભય છે; અને શાળાનું સુકાન જેમના હાથમાં છે એવા આપણે શિક્ષકો હાથ પગ ચલાવવાને બદલે એ ઉદ્યોગના ચોકીદાર થઈ જઈએ એ પણ ભય છે.

માટે જ આપણે એક બીજો માર્ગ વિચારવો જોઈએ, અને તે રીતસર ઔદ્યોગિક શાળાઓ ખોલવાનો. જેમ આજે આપણી બૌદ્ધિક તાલીમની હાઈસ્કૂલો ચાલે છે તેમજ આપણે ઔદ્યોગિક હાઈસ્કૂલો ખોલવી જોઈએ અને તેનો આખો અભ્યાસક્રમ તે તે ઉદ્યોગને ધ્યાનમાં લઈને રચાવો જોઈએ. આવી ઔદ્યોગિક શાળાઓમાં દરેક વિષય શીખવાય તે ઉદ્યોગને કેન્દ્રસ્થાને રાખીને શીખવાય, અને તેની સાથે સાથે જીવનની સંસ્કારિતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણને પણ સ્થાન મળે. આવી શાળાઓમાં એક બીજાને લગતા ઉદ્યોગોને આપણે સાથે પણ રાખી શકીએ અને તેનો વહીવટ તે તે ઉદ્યોગના કારીગરો સમાજમાં પડ્યા હોય તેમને હસ્તક પણ આપણે મૂકી શકીએ. આ પ્રમાણે થાય એટલે શાળાઓ અને ધંધાદારી લોકોની વચ્ચે જે મોટું અંતર છે તે પણ કપાઈ જશે, ઉદ્યોગો આજે પુસ્તકિયા બનતા હશે તે વધારે વ્યવહારુ થશે અને ઉદ્યોગોમાં પડેલા માણસો આજે જે સંસ્કારહીન જીવન ગાળે છે તે પણ દૂર થશે એટલે ઉદ્યોગોમાં સંસ્કારિતા આવશે અને વિલાસિતામાં ઉદ્યોગનો સંચાર થશે.

આ બીજો માર્ગ પહેલા માર્ગના જેટલો સરલ નથી પણ તેનું ફળ મોટું છે. આજે આપણા દેશમાં એ બે માર્ગના લાભાલાભ તપાસવા યોગ્ય નથી. આજે તો જેને જે માર્ગમાં શ્રદ્ધા હોય તેણે તે માર્ગ અજમાવી જોવો. આવી ઘણી અજમાયશોને અંતે આપણા દેશને માટે કયો માર્ગ શ્રેયસ્કર છે તે નક્કી થઈ રહેશે.

આટલા માટે જ ઔદ્યોગિક કેળવણીની વધુ પડતી ચર્ચામાં ઉતરવાને બદલે આજે તો હરકોઈ પ્રકારની ઔદ્યોગિક કેળવણી શરૂ કરવી એ આપણી ફરજ છે. આ કેળવણી શરૂ કરીને તેનો અનુભવ લીધા પછી આપણા માર્ગમાં નવો પ્રકાશ પડશે અને વિચાર કરવાની સામગ્રી પણ આપણને મળશે.

(૧૯૨૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાત્રાલય મીમાંસા*

ભાઇઓ અને બહેનો,

આ ત્રીજા છાત્રાલય સંમેલનના પ્રમુખ તરીકે આપે મને પસંદ કર્યો તે ખાતર હું આપનો સૌનો આભારી છું. મારા પૂજ્ય કાકાસાહેબને આજે વર્ષો થયાં મારા પર અને દક્ષિણામૂર્તિ પર પક્ષપાત છે તે આપ જાણતા હશો. એ પક્ષપાતને લીધે જ દક્ષિણામૂર્તિના એક પણ મંડળના રીતસર સભ્ય ન હોવા છતાં દક્ષિણામૂર્તિના અંતરમાં આજે એમનું સ્થાન છે, એ વાત દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓ સૌથી વધારે જાણે છે અને અનુભવે છે. આ જ પક્ષપાતથી પ્રેરાઇને કાકાસાહેબે ગયે વર્ષે મારા ખાતર સંમેલન બંધ રાખ્યું; આ જ પક્ષપાતથી પ્રેરાઇને કાકાએ નવજીવનમાં મારાં વખાણ કર્યાં અને હથોડા પણ માર્યાં; આ જ પક્ષપાતથી પ્રેરાઇને આખાયે ગુજરાત કાઠિયાવાડના સ્વાગતના અધિકારી કાકા આજે મારૂં અને આપનું સ્વાગત કરી રહ્યા છે. હું પોતે કાકાના આ પક્ષપાતને લાયક નીવડું એ જ પ્રભુ પાસે માગું છું.

આ સંમેલન ગુજરાત વિદ્યાપીઠમાં ભરાય છે. હું પોતે વિદ્યાપીઠનો સ્નાતક નથી; માત્ર બાપુની કૃપાને વશ થઇને થોડો વખત મેં વિદ્યાપીઠમાં મારો મામુલી ફાળો આપ્યો હતો. છતાંયે વિદ્યાપીઠની સ્થાપનાથી માંડીને આજ દિન સુધી વિદ્યાપીઠ તરફ માનની દૃષ્ટિથી હું જોતો આવ્યો છું. શરીરે આજે ગમે તેટલી દુર્બળ હોવા છતાં વિદ્યાપીઠ સમગ્ર ગુજરાતની માતા છે એવી મારી દૃઢ શ્રદ્ધા છે અને એ શ્રદ્ધાના બળે આજે તેના ખોળામાં બેસીને મારા વિચારો આપની પાસે રજૂ કરવાનું સદ્‌ભાગ્ય હું આભાર સાથે સ્વીકારૂં છું.

---

* તૃતીય છાત્રાલય સંમેલન—અમદાવાદ મુકામે તા. ૧૯–૧–૩૦ ના રોજ પ્રમુખ તરીકે કરેલું ભાષણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવ જીવનની માફક સંસ્થાજીવનને પણ અમુક અમુક આદર્શ હોય છે. અને આવા આદર્શનું અવારનવાર સંસ્કરણ કરવામાં ન આવે તો તેના પર ધૂળ ચડી જાય છે. આવા આદર્શને વારંવાર પ્રયત્ન કરીને જીવતો રાખવો અને મનુષ્યના વ્યવહારથી તેના પર જાણ્યે અજાણ્યે ધૂળ ચડી ગઈ હોય તે ખંખેરી નાખવી એ આવાં સંમેલનોનો ઉદ્દેશ હોય છે. આપણા છાત્રાલય સંમેલનમાં આપણા આદર્શને આપણી સન્મુખ ફરીથી સ્થાપીએ અને આપણા પોતાના દોષથી આપણે આદર્શને ઢીલો કર્યો હોય તો ફરીથી તેને મજબૂત કરીએ એ આપણા આ સંમેલનનું એક કામ અને ઘણું અગત્યનું કામ. પ્રમુખસ્થાને બેઠો હોય કે છેક છેલ્લો જોડા પાસે બેઠો હોય પણ જે માણસ છાત્રાલયના આપણા આદર્શને જરાયે હેઠો પડવાં ન દેતાં તેનો વાવટો ઊંચો જ ફરકાવ્યે રાખશે તે જ આ સંમેલનનો સાચો પ્રમુખ છે એમ ખચીત માનજો.

પણ આદર્શ એ તો દૈવી વસ્તુ છે, જ્યારે આપણે સૌ દુન્યવી માણસો છીએ. આદર્શવાદી લોકોને માથે એક એવો આરોપ છે કે એ લોકો ગગનવિહારી લોકો છે, પણ કશોય અમલ કરી શકતા નથી; આદર્શવાદી લોકો હમેશાં સાતમા સ્વર્ગમાં જ વિહરે છે અને પૃથ્વી પર પગ જ દેતા નથી; આદર્શવાદી લોકો બડી બડી વાતો કરે છે પણ વાત અમલમાં ઉતારવાનો પ્રસંગ આવે ત્યારે નિષ્ફળ થાય છે અને પોતાના દોષને માટે લોકોને ભાંડે છે. આથી બીજા પ્રકારનો આરોપ આપણા વ્યવહારીઆ લોકો ઉપર છે. એ લોકોમાં આદર્શની ધગશ તો નથી જ, પણ ઘણી વાર આદર્શ તરફ અંતરનો અણગમો છે. આવા લોકો ચોમાસાનાં અળસિયાંની માફક પૃથ્વીથી જરાયે ઊંચા ઊડવા માગતા નથી અને વ્યવહારને નામે ચાલુ પરિસ્થિતિના માત્ર ભોગ જ બની રહે છે. આવાં સંમેલનો આ આદર્શ અને વ્યવહાર બન્નેનો મેળ કરવાના સુંદર પ્રસંગો છે એમ જ કહેવું જોઇએ. આપણું આ સંમેલન છાત્રાલય જીવનનો આદર્શ અને વ્યવહાર એ બન્નેનો સાચો મેળ ઊભો કરવામાં આપણને ઉપયોગી થાય તો જ તેની સાર્થકતા ગણાય. આપણે માત્ર છાત્રાલયો સંબંધે ખાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચા ઊંચા વિચારો કરીને છૂટા પડીએ તો આપણી વાતો ગમે તેટલી સારી દેખાશે છતાં તેનો કશો ઉપયોગ નથી; એ જ પ્રમાણે આપણે માત્ર છાત્રાલયમાં કેટલા ટંક ખાવા આપવું અને રમતોમાં ક્રિકેટ રાખવી કે હુડતુતુ રાખવી એવા વિચારો કરીને છૂટા પડશું તો ગમે તેટલા વ્યવહારડાહ્યા ગણાશું છતાં તેનોયે કશો ઉપયોગ નથી. આપણે તો આદર્શવાદી થવું છે અને છતાં વેદીઆ નથી થવું; આપણે તો વ્યવહારદક્ષ બનવું છે છતાં વહેવારીઆ નથી થવું; આપણે તો છાત્રાલયનો આદર્શ પણ સેવવો છે અને એ જ આદર્શને અનુલક્ષીને વ્યવહાર પણ કરવો છે.

હવે આપણને સહેજે પ્રશ્ન થશે કે છાત્રાલયનો આદર્શ કયો ?

આવા આદર્શનો જે લોકો વિચાર કરે છે તેઓના મન પર બે જુદી જુદી સંસ્થાઓના જીવનની અસર દેખાય છે. એક તરફથી આપણા દેશના પ્રાચીન આશ્રમો અને તેમાંનું જીવન આપણને ઘણાને આકર્ષણ કરે છે. પ્રાચીન કાળના આશ્રમજીવન વિષે ઘણી ચોક્કસ માહિતી તો કોઈકની પાસે જ હશે પરંતુ એ આશ્રમજીવનના જે સ્મરણશેષો આજે સાહિત્યમાં મોજુદ છે તેની અસર આપણા લોકોના મન પર નાની સૂની તો નથી જ. એ કાળના ગુરુઓ, એ કાળની ગુરુપત્નીઓ, એ વખતનું સાદું જીવન, એ ભવ્ય અરણ્યવાસ, ગુરુશિષ્યના હેતાળ સંબંધો, શિષ્યની આજ્ઞાંકિતતા, ગુરુનો પ્રેમ : આ અને આવા બીજા ખ્યાલો આટલા વર્ષોને વીંધીને પણ આપણને આજે મુગ્ધ કરે છે અને આજનાં છાત્રાલયોમાં આવું આવું બધું જોવાને આપણને લલચાવે છે.

જેમ એક બાજુ આ પ્રાચીન આશ્રમજીવન આપણી નજરને ખેંચે છે, તેમ બીજી બાજુ જાણ્યે અજાણ્યે ઇંગ્લાંડની ઇટન અને હૅરો જેવી પબ્લિક સ્કૂલનાં જીવન પણ આપણને આકર્ષણ કરે છે. ઇટન અને હૅરોનું તાલીમબદ્ધ જીવન, એ સંસ્થાઓનાં ક્રીડાંગણો અને ત્યાં ઘડાતાં તેમનાં ચારિત્ર્ય, એ પબ્લિક સ્કૂલમાં અધ્યાપક અને શિષ્ય વચ્ચેનો ઘાટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધ, ત્યાંનાં મોટાં વસતિગૃહો, ત્યાંનાં પ્રાર્થનામંદિરો, ત્યાંની પ્રિફૅક્ટ પદ્ધતિ વગેરેએ પણ આપણા ઉપર ઘણી મોટી અસર કરી છે.

અને છતાંયે આપણું આજનું છાત્રાલય એ નથી જૂના જમાનાનો આશ્રમ તેમ જ નથી ઇટન કે હૅરો. એ તો બિચારૂં એક છાત્રાલય જ છે. પછી તેને ગુરુકુળ કહો, ઋષિકુળ કહો, છાત્રાલય કહો કે બોર્ડિંગ કહો. અને આનું કારણ પણ એટલું જ સ્પષ્ટ છે. પ્રાચીન કાળમાં જે સામાજિક બળોને આધારે આપણા આશ્રમો બંધાયા હશે તે સામાજિક બળો આપણાં છાત્રાલયોની પાછળ નથી. ઇંગ્લાંડમાં જે સામાજિક બળોને લીધે ઇટન ટે હૅરો જન્મ્યાં હશે તે બળો પણ આપણે ત્યાં નથી. બહુ જ ચોકખા શબ્દોમાં બોલીએ તો જે પરગામના વિદ્યાર્થીઓને આજની અંગ્રેજી કેળવણી લેવા માટે શહેરોમાં રહેવું પડે છે તેમની સગવડ સાચવવા અને ગામડાના વધારે વધારે વિદ્યાર્થીઓ એ કેળવણી લેતા થાય તેમ કરવા આપણે છાત્રાલગો કાઢયાં છે. પરગામના વિદ્યાર્થીઓની આવી સગવડ સાચવવી એ જ આપણા મોટા ભાગની ઉત્પત્તિનું કારણ. હાઈસ્કૂલો કે મિડલસ્કૂલોમાં મળતી કેળવણી પરગામના વિદ્યાર્થીઓને ઓછી મુશ્કેલીથી મળે એ મૂળ હેતુ અને એ હેતુમાં એક સાધન તરીકે બોર્ડિંગની સ્થાપના.

પણ એક વાત આપણે ભૂલવી ન જોઇએ. કેટલાંક છાત્રાલયો ઉપર કહ્યું તે પ્રમાણે હાઈસ્કૂલની સગવડ માટે સ્થપાયાં જ નથી પણ અમુક વિશિષ્ટ ઉદ્દેશથી સ્થપાયાં છે. સત્યાગ્રહ આશ્રમનું છાત્રાલય આનો એક દાખલો છે. ત્યાંનું છાત્રાલય સ્થાપના વખતે જ કેળવણીની જીવતીજાગતી સંસ્થા તરીકે સ્થપાયું છે. આર્યસમાજનાં ગુરુકુળો માટે પણ આ પ્રમાણે કહી શકાય. ગુજરાતમાં જુદાં જુદાં મિશનો તરફથી જે છાત્રાલયો ચલાવવામાં આવે છે તે પણ આ જ રીતે કહેવાતી બોર્ડિંગોથી જુદા પ્રકારનાં છે.

આ પ્રમાણે સ્વતંત્ર ઊભાં થએલાં છાત્રાલયો અને ખાસ બોર્ડિંગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે ઉત્પત્તિનો તફાવત છે અને એ તફાવત માત્ર ઉપરચોટિયો તફાવત નથી પણ ઠેઠ છાત્રાલય જીવનના અંતર સુધી તેનો પ્રવેશ છે. છતાંયે આપણે ડરવાનું કશું કારણ નથી. આપણી બોર્ડિંગો ભલે ગમે તે કારણથી ઊભી થઇ હોય છતાં તેમાં વિદ્યાર્થીઓ તો છે; અને જ્યાં જ્યાં વિદ્યાર્થીઓ એક સમૂહ તરીકે હોય ત્યાં ત્યાં આજે નહિ તો કાલે કેળવણીની સંસ્થા ઊભી કરી જ શકાય છે.

શું આશ્રમો, શું ઇટન કે હૅરો અને શું આપણાં છાત્રાલયો: એ બધાંયની પાછળ આદર્શ તરીકે તો આપણું શુદ્ધ ને સંસ્કારી ગૃહજીવન ઊભું છે; અને સંસ્કારી શુદ્ધ ગૃહ એ દુનિયાની મોટામાં મોટી કેળવણીની સંસ્થા છે. આપણાં આશ્રમજીવન અને ઇટન હૅરોમાં આજે પણ જે કાંઇ આપણને મુગ્ધ કરે છે તે આવા શુદ્ધ સંસ્કારી ગૃહજીવનના જ અંશો છે. શુદ્ધ સ્વતંત્ર વાતાવરણ, પરસ્પરનો વણમાગ્યો સહકાર, બીજાને માટે પોતાની સગવડનો ત્યાગ, સાદાઇ અને જાતમહેનત, પ્રેમ પર બંધાએલ એકતંત્રતા: આ બધાં જ્યાં મોજુદ હોય ત્યાં સાચું ગૃહજીવન છે—અને આ બધાં મોજુદ હોય ત્યાં સાચું છાત્રાલય છે. પ્રાચીન કાળના આશ્રમોનું જીવન આજે એની એ ઢબે ઉભું કરવું એ નકામું છે. આપણે તો એ આશ્રમજીવનની કે સારા ગૃહજીવનની ભાવનાઓને ચિરંજીવ રાખવી અને તેમને આજનો લેબાસ પહેરાવવો. આજની સંસ્થા આજની ભૂમિમાં ઊગે છે, આજનાં ખાતરપાણી પર પોષાય છે, આજની હવા તેને મળે છે એટલે તેને ખરેખર આજની જ બનાવવી જોઈએ; નહિતર એ ઊગશે જ નહિ અને ઊગશે તો જૂના જમાનાના અવશેષ તરીકે સંગ્રહસ્થાનમાં રાખવા જેવી થશે. એ જ પ્રમાણે ઇટન કે હૅરોનું સમજવું. જેઓ પરદેશની કેળવણીની સંસ્થાઓથી પરિચિત છે તેઓ તો જાણે છે કે ઇટન, હૅરો જેવી સંસ્થાઓ પણ એ દેશોમાં આજે પ્રવાહપતિત ગણાય છે; છતાંયે આ બધી સંસ્થાઓની ભાવનાઓ આપણને જરૂર કામ લાગે. પ્રાચીન કાળના આપણા ગુરુઓનો વિદ્યાવ્યાસંગ, તેમના જીવનની સાદાઇ, ગુરુશિષ્યનો આધ્યાત્મિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધ, શિષ્યોની વિદ્યાપરાયણતા, તેમનો શુશ્રૂષાભાવ, આ બધું કોઈ પણ ઘર જેવી સંસ્થામાં આવવું જોઈએ. એ જ પ્રમાણે ઈટન કે હૅરોનું સ્વતંત્ર વાતાવરણ, વિદ્યાર્થી વિદ્યાર્થીની મૈત્રીઓ, એનું કઠણ જીવન, ત્યાં કેળવાતો સ્વાશ્રય, ત્યાંના વિદ્યાર્થીઓની છૂટથી રમાતી રમતો અને એથીયે વધારે ઈટન કે હૅરોનું નામ ત્યાંના વિદ્યાર્થીને જીવનમાં જે જાદુ આપે છે તે જાદુ ; આ બધાં પણ આપણને જરૂર ખેંચે.

પણ આ સ્થળે જરૂર કોઈ શંકા કરે તેવું છે. ખરી કેળવણીનું સ્થાન તો ઘર કે છાત્રાલય ? મારા જેવા ઓગણીશ વર્ષના અનુભવ-વાળા ગૃહપતિ પાસેથી તમે કયા જવાબની આશા રાખો છો ? દક્ષિણા-મૂર્તિની સ્થાપના કર્યા પહેલાં જે વિચારો હું ધરાવતો હતો તે જ વિચારો આજે પણ ધરાવું છું, અને તેથી જ કહી શકું છું કે સારામાં સારૂં છાત્રાલય પણ ઘરની ટોચે કદી આવવાનું નથી. હું કબૂલ કરૂં છું કે આપણે ત્યાં આજે ગૃહજીવન છિન્નભિન્ન થઈ ગયું છે; બટકું રોટલા માટે રાતદિવસ મહેનત કરનાર અને પરદેશ રખડનાર પિતાને પુત્રપુત્રી તરફ ધ્યાન આપવાનો વખત કે અનુકૂળતા નથી; આવાં બાળકો માટે છાત્રાલય એ એક જ માર્ગ છે. જ્યાં આજની ઢબે અંગ્રેજી શાળાઓ નથી અને જ્યાં માબાપ એ શિક્ષણ પોતાનાં છોકરાંઓને આપવા માગે છે ત્યાં પણ છાત્રાલય એ જ એક માર્ગ છે. ખાસ કરીને આ વર્ગના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો આવશ્યક જ છે એમ હું કબૂલ કરૂં છું. પણ જે માબાપો 'પોતાનું ગૃહજીવન બહુ જ ખરાબ' એવો દીનતાભર્યો વિચાર નાહકનાં કર્યા કરે છે અને જેઓ પોતે સુધરવાનો પ્રયત્ન કર-વાને બદલે છોકરા છોકરીઓને ધકેલી મૂકે છે તેઓ તો ભૂલ જ કરે છે એમ મારે કહેવું જોઈએ.

છાત્રાલયની કેટલી ઉપયોગિતા કયા વર્ગને માટે છે એ તો આપણે આંક્યું. પણ આજના સંયોગોમાં એક સંસ્થા તરીકે છાત્રાલયો એથીયે વધારે ઉપયોગી છે. આજે આપણું ગૃહજીવન ખૂબ જ પ્રાકૃત થઈ ગયું છે અને થતું જાય છે. શુદ્ધ સંસ્કારી ગૃહજીવન તો કદાચ શોધ્યુંયે ન જડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો હું આશ્ચર્ય પામું નહિ. આવે વખતે સમાજમાં ફરીથી શુદ્ધ સંસ્કારી ગૃહજીવન ઊભું કરવું હોય તો તે વિશિષ્ટ ઉદ્દેશોવાળાં છાત્રાલયો કરી શકે, અને બીજાં છાત્રાલયો તેમનો લાભ લઇ શકે. વિશિષ્ટ ઉદ્દેશવાળાં છાત્રાલયોનું અસ્તિત્વ જ એટલા માટે છે. આવાં છાત્રાલયો સમાજના ચાલુ ગૃહજીવનને નિત્ય નિરંતર ઊંચે લઇ જવામાં મદદ કરે છે અને ગૃહજીવનના અનેક મુશ્કેલીભર્યા કોયડાઓને જીવનની દૃષ્ટિથી ઉકેલે છે. બીજા શબ્દોમાં બોલું તો આવાં છાત્રાલયો માત્ર અમુક વિદ્યાર્થીઓને ખવરાવે, પીવરાવે અને તાલીમ આપે એટલાથી જ એમનું કામ પતી જતું નથી. એમની પાછળ થતો ધનવ્યય અને શક્તિવ્યય ત્યારે જ સાર્થક છે કે જ્યારે બીજાં ઘરો માટે અને છાત્રાલયો માટે તેઓ માર્ગ ઊભો કરે અને એ રીતે ઘરો અને છાત્રાલયોના આખા સમૂહને મોખરે જ નિરંતર ઊભાં રહે.

આ પ્રકારનું સમાજના આખાયે ગૃહજીવનને ઘડવાનું કામ છાત્રાલયો કરે જ છે. એ ઘડતર વધારે શુદ્ધ અને સંસ્કારી થાય તેવા ચોક્કસ પ્રયત્નો આપણે કરવા જોઇએ. આજ સુધી છાત્રાલયને આ દૃષ્ટિથી આપણે કેળવણીની સંસ્થા માની જ નથી. શરૂઆતના દિવસોમાં આપણે સૌએ કોઠારી જેવા ગૃહપતિઓ નીમ્યા એટલે બોર્ડિંગો વીશીઓ બની ગઇ. પાછળથી આપણી આંખો ઉઘડી ત્યારે શાળાના શિક્ષકોને આપણે ગૃહપતિઓ નીમ્યા અને બોર્ડીંગો લેસન તૈયાર કરાવનારી સંસ્થાઓ થઇ. એ જ પ્રમાણે જ્યારે આપણે જોઇ લેશું કે માત્ર પુસ્તકિયા શિક્ષણમાં અને જીવનની તાલીમ આપતી કેળવણીમાં જમીન આસ્માનનો તફાવત છે ત્યારે આપણે શિક્ષકોને નહિ પણ કેળવણીમાં યા તો જીવનમાં સમજનારા ભાઇઓને ગૃહપતિઓ તરીકે રાખશું અને તે દિવસે આપણાં છાત્રાલયો શાળાનાં લેસનો તૈયાર કરાવનારી સંસ્થાઓ માત્ર નહિ રહે પણ ખરી કેળવણીની સંસ્થાઓ બનશે. કોઠારી ગૃહપતિ ગયા તેથી આજે છાત્રાલયોની રસોઈ બગડી નથી; ઊલટું કોઠારી તો રહ્યો જ પણ તેને તેનું સ્થાન મળ્યું અને શિક્ષક ગૃહપતિ આવ્યો. એ જ પ્રમાણે શિક્ષક

૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહપતિના જવાથી પણ છાત્રાલયોને કશી અડચણ આવવાની નથી. શિક્ષક તો ત્યાં રહેશે જ પણ તેને તેનું યોગ્ય સ્થાન મળશે અને પરિણામે આજે છાત્રાલયનો આખો કાર્યક્રમ ખાવાપીવામાં અને પાઠ કરવામાં સમાઈ જાય છે તેમાં ફેરફાર થશે.

આપણે આપણા આદર્શને વફાદાર રહેવું હોય અને છાત્રાલયને શુદ્ધ સંસ્કારી ગૃહજીવન આપનારી સંસ્થા બનાવવી હોય તો છાત્રાલયના તંત્રમાં મેં ઉપર જણાવ્યો તેવો ફેરફાર કરવો જ પડશે.

આપણા છાત્રાલયોના આદર્શ પૂરતો આપણે વિચાર કરી લીધો. આપણા છાત્રોને શુદ્ધ સંસ્કારી ગૃહજીવન પૂરૂં પાડવું એ આપણો આદર્શ. સાથે સાથે સમાજમાં શુદ્ધ સંસ્કારી ગૃહજીવનના વિચારોનો પ્રચાર કરવો અને આપણા છાત્રો છે તેના જેવા જ વિદ્યાર્થીઓ ઘેર ઘેર છે એટલે એ તમામ વિદ્યાર્થીઓના જીવનના પ્રશ્નોનો ઉકેલ લાવવા પ્રયત્ન કરવો એ છાત્રાલયો કરી શકે તેમ છે. આ કાર્ય એક રીતે શાળાઓનું ગણાય પણ આજે શાળાઓ આ આખા પ્રશ્ન તરફ મોટે ભાગે બેદરકાર છે તેવે વખતે આપણે છાત્રાલયો પાસેથી એવી આશા શા માટે ન રાખીએ?

પરંતુ આ બધી તો આદર્શની વાત થઇ. આજે આપણે ત્યાં શું ચાલી રહ્યું છે તેનો વિચાર આમાં કર્યો નથી અને કર્યો હોય તો બહુ જ ગર્ભિત રીતે. આજે તો આપણાં કેટલાંક છાત્રાલયો કોઇ પણ ગૃહપતિ વિના ચાલે છે; બીજાં થોડાંએક કોઠારી ગૃહપતિથી ચાલે છે; ઘણાં શિક્ષક ગૃહપતિથી ચાલે છે અને અત્યંત જુજ સંખ્યામાં કેળવણીની દૃષ્ટિથી ચાલતાં હશે. પણ આ વસ્તુસ્થિતિથી મને જરાયે મૂંઝવણ થતી નથી. ગૃહપતિ વિનાનાં છાત્રાલયો ચાલતાં હોય તેમને હું ચાલવા દઇશ. આપણા દેશમાં આર્થિક પ્રશ્ન એ બહુ મોટો પ્રશ્ન છે. કેટલાંયે ગરીબ છાત્રાલયો ગૃહપતિ માટે સગવડ કરી શકે તેમ નથી. આ છાત્રાલયો આજે તો જુજ એવી મકાન આદિની સગવડ આપે છે અને એવી સગવડ પણ ઘણાને લાભ કરે છે એમ હું માનું છું. આપણે ઉપર કહ્યા તેવા કશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભો આ છાત્રાલયમાં નથી મળતા એ હું માનું છું. પણ આવી ગરીબ દશામાંયે વિદ્યાર્થીઓ પાકે છે તે ઘણી વાર સમૃદ્ધ છાત્રાલયોના વિદ્યાર્થીઓ કરતાંયે તેજસ્વી હોય છે તે આપણે ભૂલવું ન જોઇએ. આવા ગૃહપતિ વિનાના છાત્રાલયના સંચાલકો પોતાની અનુકૂળતાએ ગૃહપતિ રાખી લે એવી આપણી એ ભાઈઓને વિનતિ.

બીજો વર્ગ આવ્યો કોઠારી ગૃહપતિનો. આવાં છાત્રાલયો પણ આપણે ત્યાં ઘણાં છે. આવાં છાત્રાલયો બધી વખત ગરીબ જ હોય છે એમ નથી; પણ સારા ગૃહપતિ વિના છાત્રાલય કહેવાય જ નહિ એવો ખ્યાલ તેના સંચાલકોને હોતો નથી એ મુખ્ય વાત છે. ઘણી વાર વધારે વિદ્યાર્થીઓને લાભ આપવાના લોભમાં પણ સંચાલકો ગૃહપતિને રાખતા નથી અને જેમ તેમ ચલાવી લે છે. આ સંચાલકોને આપણે વિનતિ કરીએ કે આપ સારા એવા ગૃહપતિને રોકો તો એ ખર્ચ એળે નહિ જાય. આ વાત મને બહુ અઘરી નથી લાગતી.

ત્રીજો વર્ગ આપણે ત્યાં શિક્ષક ગૃહપતિઓનો છે અને આ વર્ગ ઠીકઠીક મોટો ગણાય. શિક્ષક ગૃહપતિવાળાં છાત્રાલયોના વિદ્યાર્થીઓને શાળાની કેટલીક અનુકૂળતા હોય છે. ઉપરાંત શાળામાં શિક્ષકોનું અમુક જાતનું સ્થાન હોય છે એટલે આવા શિક્ષક ગૃહપતિઓ પાસે વિદ્યાર્થીઓ અમુક જ રીતે વર્તે છે અને શિક્ષક આવા વિદ્યાર્થીઓ સાથે અમુક ચોક્કસ રીતે જ રહે છે એટલે આવાં છાત્રાલયો આજની શાળાઓ માફક અમુક ચોક્કસ ઢબે જ ચાલે છે.

પરંતુ આવાં છાત્રાલયો પાસેથી આપણે આશા રાખીએ તેવું કશું ત્યાં આપણને મળતું નથી. ગૃહપતિ વિનાના છાત્રાલય પાસેથી આપણે કશી આશા નથી રાખતા. કોઠારી ગૃહપતિ પાસેથી વધારેમાં વધારે આશા રાખીએ તો છાત્રાલયના બાહ્ય વ્યવહારની ચોકખાઇ, ચીવટ, કરકસર, નિયમિતતા, પ્રામાણિકતા વગેરેની. પણ શિક્ષક ગૃહપતિ પાસેથી તો આ ઉપરાંત વિદ્યાર્થીઓના ઠેઠ અંતર સુધી પહોંચવાની અને ત્યાં જઇ જે જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામગ્રી તેને આગળ વધતાં રોકતી હોય તેને દૂર કરવાની તથા તેને આગળ વધારનારી જે જે સામગ્રી હોય તે વાતાવરણમાં જમાવવાની આશા રાખીએ છીએ.

પણ શિક્ષકભાઈઓ છાત્રાલયમાં આજે આ પ્રમાણે કરે છે ખરા? જે શાળાઓમાં આજે આપણે શિક્ષક તરીકે કામ કરીએ છીએ તે શાળાઓ આપણા મનમાં જીવનના અને કેળવણીના એવા ઊંધા વિચારો ભરી દે છે કે પાછળથી એ વિચારોને આપણે છોડી પણ શકતા નથી. આપણી શાળાઓમાં થતી શિક્ષાઓ, આપણા માર્ક, આપણી પરીક્ષાઓ, આપણા ફાઈનો, આપણાં ઈમ્પોઝીશનો, આપણા ઇનામોના મેળાવડા, આપણી ક્રિકેટમેચો, આપણી નંબર ચડાવવા ઉતારવાની રીત—આપણી આજની શાળાઓમાં ચાલતી આ તમામ વસ્તુઓ આપણને એટલી સહજ થઈ પડી છે કે એ બાબતો વિષે કાંઈ વિચાર કરવા જેવું છે કે કેમ એમ જ આપણે માનતા નથી. અને શાળામાં સહજ થઈ ગએલી આ વસ્તુઓને આપણે શિક્ષકો છાત્રાલયજીવનમાં દાખલ કરીએ છીએ. છાત્રાલયમાં ચાલતી આજની ડિસીપ્લીન, છાત્રાલયમાં ગણાતા ગુન્હાઓ, છાત્રાલયમાં થતા શાક અને દૂધના ફાઈનો, છાત્રાલયમાં થતી શરીર-શિક્ષાઓ, છાત્રાલયમાં મળતાં ચારિત્ર્યનાં ઇનામો, છાત્રાલયમાં થતી મેચો—આ બધાં આપણી આજની શાળાઓને આભારી છે અને એ બધાની ફિલસુરી આજે શાળાઓ પૂરી પાડે છે. પરંતુ જેઓએ કેળવણીનો એટલે કે જીવનશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે તેઓ આ બધા વિચારો તથા તેમાંથી નીપજતા આચારો કેટલા ભૂલભરેલા છે એ બરાબર સમજે છે. આપણાં છાત્રાલયો ઉચ્ચ ગૃહજીવનનો આદર્શ રાખી ચલાવવાં હોય તો આપણે શિક્ષક ગૃહપતિઓએ આ જીવનશાસ્ત્રનો—કેળવણીશાસ્ત્રનો વિચાર કરવો પડશે અને શાળાનું આજનું શિક્ષણશાસ્ત્ર કેટલું આડે માર્ગે જાય છે તે જોઈ લેવું પડશે. શિક્ષક ગૃહપતિઓ પાસેથી આપણે આટલી આશા ન રાખીએ તો કોની પાસેથી રાખીએ? હું તો આગળ ચાલીને એમ પણ કહેવાનું મન કરું કે શાળામાં આજે જે જે અયોગ્ય આચાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારો પ્રવર્તતા હોય તેની સામે આવા શિક્ષકોએ છાત્રાલયના ગૃહપતિઓ તરીકે–મોટી સંખ્યાના વિદ્યાર્થીઓના વાલી તરીકે વાંધો લેવો જોઇએ અને એ રીતે આજની શાળાઓમાં પરિવર્તન કરાવી સમાજનો આશીર્વાદ લેવો જોઇએ.

છાત્રાલયના ગૃહપતિની લાયકાત કેટલી અને કેવી હોવી જોઇએ એ અગત્યનો પ્રશ્ન છે. આજે આપણે મોટે ભાગે માધ્યમિક કેળવણી લેતા વિદ્યાર્થીઓનાં છાત્રાલયોનો વિચાર કરીએ છીએ; અને આવાં છાત્રાલયોમાં ઘણોખરો આધાર ગૃહપતિ ઉપર જ હોય છે. ગૃહપતિની લાયકાતનો પ્રશ્ન આપણે ત્યાં અનેક સ્વરૂપો લઇને આવે છે. કોઇક વાર લોકો પૂછે છે કે ગૃહપતિ ઘરડો જોઇએ કે જુવાન ? તો કોઈક વાર પૂછે છે કે ગૃહપતિ પરણેલ જોઇએ કે કુંવારો ? કોઇ પૂછે છે કે ગૃહપતિ નાતીલો હોય કે પર નાતીલો ? તો કોઇ પૂછે છે કે ગૃહપતિને છાત્રાલય સાથે રાખવો કે ગામમાં ? આ બધા ય પ્રશ્નોની પાછળ તો પૂછનાર કોઇ પ્રસંગે કયાંઈક દાઝયો છે એવો ધ્વનિ છે. ખરી રીતે કાંઇ ઘરડો ગૃહપતિ નાલાયક જ હોય અને જુવાન ગૃહપતિ લાયક જ હોય એમ માનવાનું કશું કારણ નથી. આપણે તો ગૃહપતિ પરિણીત હોય કે કુંવારો તેની સાથે સીધી નિસબત નથી, પણ ગૃહપતિ તરીકે તે લાયક હોવો જોઇએ, અને આ પ્રમાણે ગૃહપતિની લાયકાત નક્કી કરતી વખતે આપણે સમજવું જ જોઇએ. ગૃહપતિ એ કાંઇ કેવળ ભાવવાચક વસ્તુ નથી પણ છૈયાંછોકરા-વાળો અને બાયડીવાળો માણસ છે અને એ બધાથી વીંટળાએલો એ આખો માણસ ગૃહપતિ છે; ગમે તો રાખો, નહિતર રજા આપો.

આ રીતે ગૃહપતિની લાયકાતનો વિચાર કરીએ ત્યારે બે મુખ્ય વસ્તુઓ આપણી નજરે ચડે છે. એક ગૃહપતિની વૃત્તિ અને બીજી તેની શક્તિ.

છાત્રાલયમાં આપણે સૌ જાણીએ છીએ તેમ ગૃહપતિ એ loco-parentis છે. ઘરમાં માબાપની જે હૂંફ છોકરાંઓને હોય છે તે હૂંફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાત્રાલયમાં ગૃહપતિની મળે એવો આપણો મનોરથ છે. મારા પોતાના ક્ષુદ્ર અનુભવ પરથી બોલું તો સાધારણ રીતે માણસોને પોતાનાં બાળકો માટે જે લાગણી થાય છે તે બીજાનાં છોકરાં માટે થતી નથી. મને પોતાને મારો દીકરો માંદો પડે ત્યારે જે અરેરાટી થાય તેટલી જ અરેરાટી દક્ષિણામૂર્તિનો વિદ્યાર્થી માંદો પડે ત્યારે નથી થતી–થાય છે પણ તેટલી જ ઉગ્ર નથી થતી. આનું કારણ તો એ જ છે કે મને મારા દીકરા ઉપર જે આસક્તિ છે તેટલી ભવનના વિદ્યાર્થીઓ ઉપર નથી. આ ઊણપ તો છે જ, પણ એટલી ઊણપ આપણે ચલાવી લેવી પડે છે. એટલે ગૃહપતિને પોતાનાં છોકરાંઓને માટે થાય તેવી જ લાગણી અને તેનાથી સહેજ ઉતરતી લાગણી બીજાંનાં બાળકો તરફ થાય તે જ માણસ ગૃહપતિ થઇ શકે. ખરી રીતે તો જેનાં દિલમાં મનુષ્ય માત્રના જીવન તરફ આદર ઊભો થયો હોય છે અને તેથી જ ઉઘડતા ગુલાબની તરફ કવિ જે આદરથી જુએ તે આદરથી જે સમસ્ત વિદ્યાર્થી આલમ તરફ જોઇ શકે છે, તે જ માણસ ગૃહપતિને માટે લાયક ગણાય. જેને વિદ્યાર્થીઓ ગમે તેવી ભૂલો અને અપરાધો કરે છતાંય છેવટે એ વિદ્યાર્થી છે અને એટલા જ માટે સદ્‌ભાવનો અધિકારી છે એવો નિરંતર જાગતો ભાવ નથી એ માણસ ગૃહપતિ તરીકે સફળ નહિ થાય એવો મને ભય છે. ગૃહપતિની આ વૃત્તિને કેટલાક લોકો વિદ્યાર્થીઓનો પ્રેમ કહે છે. આ વસ્તુ પ્રેમ હોય કે સદ્‌ભાવ હોય, જે હોય તે, પણ તેના વિના કોઇએ ગૃહપતિ થવાય જ નહિ અને થઈ પડ્યા હોઇએ તો મહેનત કરીને આ વૃત્તિ કેળવાય તેટલી કેળવી લેવી એ આપણો ધર્મ.

ગૃહપતિની વૃત્તિનો બીજો પણ એક વિચાર આપણે કરવો ઘટે છે. છાત્રાલય જીવનમાં ગૃહપતિના પોતાના અંગત જીવનનો ફાળો નાનો સૂનો નથી. જીવન એ એવી સળંગસૂત્ર વસ્તુ છે કે તેના જાહેર જીવન અને ખાનગી જીવન એવા સાવ અલાયદા ટુકડા પાડી શકાય નહિ. આવા અલાયદા ટુકડાનો વિચાર આજે આપણી શાળાઓ ઊભો કરે છે. શાળાનો શિક્ષક આજની દૃષ્ટિએ પોતાનું શિક્ષણ આપીને ચાલતો થાય એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ એને પૂછતું નથી. શાળામાં એ રીતસરનો શિક્ષકનો લેબાસ ધારણ કરીને આવે એટલે તેના જીવનનાં બીજાં પાસાંઓ વિષે આપણે સાવ બેદરકાર રહીએ છીએ. આ વસ્તુસ્થિતિ ભયંકર તો છે જ પણ આજે તેનો ઉપાય અઘરો છે. છાત્રાલયમાં તો આ વસ્તુ એક મિનિટ પણ ચલાવી લેવાય તેવી નથી. શાળામાં તો જીવનની બીજી બાજુએ વિદ્યાર્થીઓથી અજ્ઞાત પણ રહે ત્યારે છાત્રાલયમાં તો ગૃહપતિ ચોવીશ કલાક વિદ્યાર્થી પાસે તેના નગ્ન સ્વરૂપમાં ખડો જ છે. અને આપ સૌ જાણો છો કે ગૃહપતિના આંતર જીવનની પરીક્ષા જેટલી સફાઈથી અને જેટલી ચોકસાઈથી વિદ્યાર્થીઓ કરે છે તેટલી સફાઈથી અને આબાદ રીતે કોઈ ભાગ્યે જ કરતું હશે.

આવી સ્થિતિમાં ગૃહપતિના આંતર જીવનમાં અને બાહ્ય જીવનમાં જેટલો વધારે મેળ હોય તેટલી તેની યોગ્યતા વધારે. ગૃહપતિના જીવનમાં ઊણપો હોય છે તે વિદ્યાર્થીઓને સાલતી નથી; ગૃહપતિના જીવનમાં દોષો હોય તે વિદ્યાર્થીઓને સાલતા નથી; પણ એ દોષોને ઢાંકવાનો ગૃહપતિનો પ્રયત્ન વિદ્યાર્થીઓ કદિ સાંખતા નથી. ગૃહપતિ બોલે કાંઈ અને કરે કાંઈ એ નહિ ચાલે. તેણે વિદ્યાર્થીને જે ઉપદેશ આપવો તે પોથીમાંનાં રીંગણાં જેવો નહિ ચાલે. પોતે બોલે તે જ પોતે આચરે અને કોઈ પણ કારણથી આચરી શકાય તેવું ન હોય તો તેને પણ જણાવી દે.

આ બે બાબતોનો સમાવેશ આપણે ગૃહપતિની વૃત્તિમાં કરીએ છીએ.

હવે રહ્યો શક્તિનો સવાલ. ઘણી વાર એવું બને છે કે ઘણા સારી વૃત્તિવાળા માણસો હોય છતાં ગૃહપતિ તરીકે ન ચાલે. માત્ર શુભ વૃત્તિથી છાત્રાલયો ચલાવી શકાય તેમ નથી. એની સાથે શક્તિની પણ એટલીજ જરૂર છે.

આ શક્તિમાં આપણે થોડીક વાતોનો વિચાર કરી લઈએ. આપણે છાત્રાલયને કેળવણીની સંસ્થા ગણી છે. જે જુવાન વિદ્યાર્થીઓ છાત્રાલયમાં આવે છે તે બધાને જીવનની તાલીમ બને તેટલી આપવાનો પ્રયત્ન છાત્રાલયમાં થવો જોઈએ. આવા પ્રયત્નોને ગોઠવનાર ગૃહપતિને કેળવણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રનું જ્ઞાન હોવું જોઈએ એમ હું માનું છું. કેળવણીનું શાસ્ત્ર એટલે સમગ્ર જીવનનું શાસ્ત્ર. ભૂગોળ કેમ શીખવવી કે ડૅાલ્ટન પ્લૅન કેમ ચલાવવી એમાં જ કેળવણીશાસ્ત્રની સમાપ્તિ નથી થતી, કેળવણીશાસ્ત્ર તો સમગ્ર જીવનનો વિચાર કરે છે. એ વિદ્યાર્થીનો પોતાનો વિચાર કરે છે, વિદ્યાર્થીમાનસના નિયમોનો વિચાર કરે છે અને આ બધા વિચારોને પરિણામે વિદ્યાર્થીને કયે માર્ગે કેવી રીતે કયાં દોરી જઇ શકાય તેનો આંક મૂકે છે. ગૃહપતિને પોતાને કેળવણીશાસ્ત્રનું આવું મૌલિક જ્ઞાન ન હોય તો તે કદાચ રસોડું બરાબર ચલાવી દેશે, કદાચ વિદ્યાર્થીને પાઠો તૈયાર કરાવી શકશે, કદાચ વિદ્યાર્થીઓને કઠણ જીવનમાં પલોટી શકશે પણ તેનાં અંતરમાં પરિવર્તન ઊભું કરવામાં સફળ નહિ થાય. અને વિદ્યાર્થી પોતે અંદરથી પલટાય નહિ ત્યાં સુધી આ બધી મહેનત શા કામની છે? આપણે તો વિદ્યાર્થી પોતે અંદરથી આગળ વધે એની જરૂર છે; અંદરનો ફેરફાર સાધ્યો હશે તો બાહ્ય પરિવર્તન એની મેળે આવવાનું જ છે. એટલા માટે ગૃહપતિએ કેળવણીનું શાસ્ત્ર બરાબર જાણી લેવાની જરૂર છે. અને કેળવણીનું શાસ્ત્ર એટલે એકલું શિક્ષણશાસ્ત્ર માત્ર નહિ. શરીરસ્વાસ્થ્ય, માનસસ્વાસ્થ્ય અને આત્માનું સ્વાસ્થ્ય આ ત્રણે શી રીતે સચવાય તેનાં શાસ્ત્રો આ ગૃહપતિએ ઉપયોગ પૂરતાં જાણી લેવાં ઘટે છે.

આવા જ્ઞાન વિનાનો ગૃહપતિ ધોકાપંથની રીતે છાત્રાલયને ચલાવે અને પરિણામે લાભ કરતાં નુકસાન વધારે કરે.

આ એક વાત થઈ. ગૃહપતિને કેળવણીશાસ્ત્રનો યા તો જીવનશાસ્ત્રનો પરિચય જોઇએ એ ઉપરથી કોઈ એમ ન માની લે કે આજના શિક્ષકોને તો આવો પરિચય હોય જ છે. ના. આજના આપણે શિક્ષકો રૂઢિથી શિક્ષકો છીએ, શાસ્ત્રીય શિક્ષકો નથી. આપણને કેળવણીનાં શાસ્ત્રોનો પરિચય ખરેખરો થયો હોય તે આપણી શાળાઓ એક મિનિટ પણ ચાલી ન શકે અને આજે ચાલે છે તેવાં છાત્રાલયો પણ એક મિનિટ ન ચાલે.

પણ કેળવણીના શાસ્ત્રનું જ્ઞાન એકલું બસ નથી. માણસનું શાળાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ એક રીતે સહેલું છે. વિદ્યાર્થી શીખવા આવે ત્યારે પોતાનું વિષય-જ્ઞાન બરાબર હોય એટલે તેને સંતોષ આપીને શીખવી શકાય અને વિદ્યાર્થી રાજી થઇને જાય. ગૃહપતિનો માર્ગ એટલો બધો સહેલો નથી. ગૃહપતિને તો ત્રીશ મિનિટમાં એકત્રીશ નવા નવા સવાલો માથું પકવી નાખે તેવા આવે, અને એ બધાયનો તેણે કેળવણીની દૃષ્ટિ જાગતી રાખીને ઉકેલ આપવાનો. પ્રશ્નો ગમે તેવા ગોટાળિયા હોય, પ્રશ્નો ગમે તેટલું લોહીને ઉકાળી નાખે તેવા હોય, અરે ક્ષણભર તો ગૃહપતિને પોતાને પણ તેના બીજાનમાંથી ખસેડી નાખે તેવા હોય છતાં ગૃહપતિને પોતાનો દોર ભૂલવો પાલવે નહિ અને એક વાર ભૂલે એટલે પત્તો ખાવાનો જ નહિ. આ પ્રમાણે માત્ર કેળવણીનાં શાસ્ત્રોનું પોપટિયા જ્ઞાન તેને કશું કામમાં આવતું નથી: એ જ્ઞાનને દરરોજના જીવનમાં કેમ ઉપયોગમાં લેવું અને તે પ્રમાણે જ છાત્રાલય જીવનને કેમ ગતિ આપવી એ બાબતમાં ગૃહ-પતિની કુશળતા પણ એટલી જ જોઇએ. આપણે જોઇએ છીએ કે ઘણી વાર છાત્રાલયોમાં આવી કુશળતાના અભાવે જ વિદ્યાર્થીઓ અને ગૃહપતિ વચ્ચે ગજગ્રાહ બંધાય છે અને છાત્રાલયના આખા વાતાવરણમાં અસ્વસ્થતા ઊભી થાય છે; માટે જ ઉપર કહ્યું તેવું કેળવણીશાસ્ત્રનું જ્ઞાન અને એ જ્ઞાનને રીતસરના જીવનવ્યવહારમાં ઉતારવાની કુશળતા એ બંને ગૃહ-પતિમાં હોવાં જોઇએ. આવી કુશળતા એ પણ એક પ્રકારની શક્તિ છે એમ કહેવાની જરૂર નથી.

હજી એક ત્રીજી વસ્તુ ગૃહપતિની શક્તિના વિચારમાં હું ઉમેરવા માગું છું: અને તે વ્યવસ્થાશક્તિ. છાત્રાલય સાધારણ રીતે ૨૫–૩૦ વિદ્યાર્થીઓનું તંત્ર છે. એ તંત્રમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિના વિદ્યાર્થીઓ, રસોયો, નોકર વગેરેના એક બીજાની સાથેના સંબંધોનો વિચાર આવશ્યક છે. આ સંબંધો સુવ્યવસ્થિત રીતે ગોઠવાય અને જે એક ઉદ્દેશથી આખું છાત્રાલય ચલાવવાનું છે તે ઉદ્દેશને આધીન રહીને આ બધાય લોકો તંત્રમાં પોતપોતાનું સ્થાન સંભાળી લે એને માટે ગૃહપતિમાં વ્યવસ્થાશક્તિની પૂરતી જરૂર છે. આવી વ્યવસ્થાશક્તિને અભાવે ઘણી વાર વિદ્વાન્ ગૃહ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિ પણ મોટો ગોટાળો કરી બેસે છે અને જે કામ થોડી અક્કલવાળો વ્યવહારનો માણસ સુંદર રીતે પાર ઉતારી શકે ત્યાં કોઇક વાર આવો વિદ્વાન્ ગોથાં ખાય છે. ખાનગી ઘરોમાં ઘરના મુખ્ય માણસનામાં વ્યવસ્થાશક્તિ ઓછી હોય તો ચાલ્યું જાય. એનો કાર્યપ્રદેશ એટલો ટૂંકો છે કે ત્યાં વ્યવસ્થાનો અભાવ બહુ મોટું નુકશાન ન કરે. વળી ઘરમાં બધા માણસો એક બીજા સાથે એવાં ગોઠવાયાં હોય છે કે એ ખામી દેખાય પણ નહિ. પણ છાત્રાલયમાં તો વ્યવસ્થાશક્તિ વિના ભારે નુકસાન થાય અને કોઇક વાર તો છાત્રાલયનું તંત્ર જ સમૂળગું અટકી પડે. એટલે ગૃહપતિમાં આ વ્યવસ્થાશક્તિની પણ પૂરી જરૂર છે. આ વ્યવસ્થાશક્તિનો અર્થ એવો તો નથી જ કે ગૃહપતિ એ લશ્કરી માણસ હોય અને આખા છાત્રાલયને સિપાહીઓની બરાક બનાવી દે. જે વ્યવસ્થા વિદ્યાર્થીઓના સ્વાતંત્ર્યનો અને વ્યક્તિવિકાસનો હ્રાસ કરે તે વ્યવસ્થા નથી પણ બરાકશાહી છે. આપણે તો સ્વાતંત્ર્ય અને વ્યક્તિવિકાસની અવિરોધી અને સમાજહિતમાં આવશ્યક એવી વ્યવસ્થા માગીએ છીએ અને એવી વ્યવસ્થા વિના કોઇપણ મોટું તંત્ર લગભગ અશક્ય જ બને છે યા તો જંગલી રીતે ચાલે છે. આપણા દેશ આખામાં આવી વ્યવસ્થાશક્તિની ખામી દેખાય છે અને તેને લીધે જ આપણા ઘણા પ્રયત્નો આજે નિષ્ફળ થાય છે. આવે વખતે તો આપણાં છાત્રાલયોમાં આ વસ્તુ પર જેટલો ભાર મૂકીએ તેટલો ઓછો છે એમ હું માનું છું.

આ પ્રમાણે જેનામાં વૃત્તિ અને શક્તિ એ બંને વસ્તુઓ મોજુદ હોય તે ગૃહપતિ થવાને લાયક છે. આપણે સૌ આપણી પોતાની જાત પર આ આંક મૂકી જોઇએ અને હૈયે હાથ રાખીને આપણા અંતરને પૂછી લઇએ: " હું પોતે ગૃહપતિ થવાને લાયક છું ? "

એ લાયકાતવાળો ગૃહપતિ પોતાની ફરજ અદા કરશે એટલે તે ફરજમાંથી ઉત્પન્ન થતા બધા અધિકારો તેને આવી મળશે એમ હું માનું છું. જેમ આપણે ગૃહપતિની લાયકાતનો અને તેના ધર્મનો વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી લીધો તેમ જ વિદ્યાર્થીઓની લાયકાતનો અને તેમના ધર્મનો વિચાર કરી લેવો જોઈએ. પણ આપ સૌ જાણો છો કે આપણા સંમેલનની સાથે જ અહીં આપણા છાત્રોએ પોતાનું સંમેલન ભર્યું છે એટલે છાત્રોની લાયકાત અને તેમના ધર્મનો વિચાર હું તેમને માટે રાખું છું. મને એક વાત કહેવાનું મન તો થઈ જ જાય છે. જ્યારે આપણે છાત્રાલયોમાં સૌના હક્કોની વાત કરતા થયા છીએ તેવે વખતે હક્કોની પહેલાં આપની ફરજોનો વિચાર કરીએ અને એ ફરજો બજાવવામાં અડચણ આવે એટલે તેને દૂર કરવાની ફરજ—હક્ક ઊભો થાય છે એ વિચાર કરીએ તો વધારે સારું નથી? સૌને પોતપોતાનો ધર્મ યા ફરજ છે અને જ્યારે કોઈ એ ફરજની આડે આવે ત્યારે તેને દૂર કરવાનો સૌને હક્ક છે એમ નથી?

છાત્રાલયોમાં એક બનાવ ઘણી વાર આપણું ધ્યાન ખેંચે છે અને તે ગૃહપતિ અને વિદ્યાર્થીઓ વચ્ચેનો tug of war. આવા ગજ-ગ્રાહમાં કયો પક્ષ સાચો હોય છે તે કહેવું મુશ્કેલ છે. ઘણી વાર તો માત્ર કુશળતાના અભાવથી જ આવા ગજગ્રહો જામે છે અને લંબાય છે. ઘણી વાર આપણને ગૃહપતિઓને પણ પ્રતિષ્ઠાનું ભૂત વળગે છે એટલે આપણી ભૂલ હોય તો પણ આપણે કબૂલ કરવા માગતા નથી. ઘણી વાર વિદ્યાર્થીઓ હઠે ચડે છે. એટલે પોતાની ભૂલ હોય તો પણ એમની ઉંમરને યોગ્ય એવા આગ્રહથી પોતાની વાતને વળગી રહે છે. આવા પ્રસંગે મારા ગૃહપતિ ભાઈને મારી એક વિનતિ. ગજગ્રાહ બંધાવા માંડ્યા પછી તરત જ ગૃહપતિ ફરીથી એક વાર વિચાર કરે અને ગાંઠ બંધાયા પહેલાં છૂટી જતી હોય તો છોડાવી નાખે. મારા એક વૃદ્ધ મુરબ્બીનું વચન મને આજે યાદ આવે છે. તે કહે છે: "કેટલાક પરાજયો વિજયના કરતાં પણ વધારે તેજસ્વી હોય છે." અને જ્યાં બન્ને પક્ષો માત્ર હઠ પર જ ચડ્યા હોય ત્યાં વિદ્યાર્થીઓને હઠ છોડવાનું કહેવું તેના કરતાં ગૃહપતિએ પોતે જ હઠ છોડવો એ વધારે સારું છે એમ સૌ કોઈ કબૂલ કરશે. બાકી તો ગૃહપતિ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓનાં હિતો સામસામાં અથડાય છે એ વાત જ મને કબૂલ નથી. જે ગૃહપતિ વિદ્યાર્થીઓના હિતનો વિરોધી હોય તેણે છાત્રાલય છોડી ચાલ્યા જવું; એમ ન હોય તો પણ જ્યાં ઘણા વિદ્યાર્થીઓ પોતાને દુશ્મન માનતા હોય ત્યાં વધારે વખત રહેવું એ કોઇ પણ ગૃહપતિને શોભે તેવું નથી. અને આ વાતની સાથે જ મારે વિદ્યાર્થી બંધુઓને પણ જણાવી દેવું જોઇએ કે પહેલાં આપણી પોતાની લાયકાત પૂરી તપાસો અને પછી ગૃહપતિની લાયકાત વિષે પ્રશ્ન કરો તો વધારે ઠીક છે. અને છતાંયે ગૃહપતિ નાલાયક હોય તો તેની ફજેતી કરવાને બદલે તેનો ઉપાય કરવો ઘટે. કારણ કે તમારી ઉંમરે તમારો વખત તમારે સાધી લેવો જોઇએ અને આવી નકામી ભાંજગડમાં પડ્યા વિના બીજું સારું છાત્રાલય શોધી લેવું જોઇએ. પણ આ વિષે વધારે ઊહાપોહ તો આપણા છાત્રસંમેલનમાં વિદ્યાર્થીઓ પોતે જ કરશે એવી આશાથી હું અહીં પડતું મૂકું છું.

હવે હું છાત્રાલય જીવનના કેટલાક બહુ જ અગત્યના પ્રશ્નો પર બે શબ્દો કહી મારું આ લાંબું ભાષણ ખતમ કરવા માગું છું.

આપણો સૌથી મોટો પ્રશ્ન છાત્રાલયમાં ડિસીપ્લીનનો છે. ઉપર આપણે ગૃહપતિ અને વિદ્યાર્થીઓના ગજગ્રાહનો જે ઉલ્લેખ કર્યો તે પણ ડિસીપ્લીનના આપણા યોગ્યાયોગ્ય વિચારોને આભારી છે. મેં ઉપર જણાવ્યું તેમ આપણે જૂના વિચારો પ્રમાણે ડિસીપ્લીનના જે ખ્યાલો બાંધ્યા છે તેને નવીન કેળવણીના વિચારોથી ફરી વખત તોળી લેવા ઘટે છે. આજે આખાયે પ્રશ્ન પર નવીન કેળવણીશાસ્ત્રે જે પ્રકાશ નાખ્યો છે તેને આપણે અવગણી નહિ શકીએ. આજે જગતભરમાં સ્વાતંત્ર્યના ઘોષ ગાજી રહ્યા છે અને આ સ્વાતંત્ર્યનો પવન આપણા વિદ્યાર્થીઓને ન વાય એમ માનવામાં આપણી મોટી ભૂલ છે. જે લોકો માનવ જીવનના ઊંડા અભ્યાસીઓ છે તે લોકો તો સ્વાતંત્ર્ય વિના કોઈ પણ વ્યક્તિ કે સમાજનો વિકાસ નથી એમ જ પોકારી પોકારીને કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધરેલા દેશોમાં આજે ડિસીપ્લીનના જૂના ખ્યાલો બદલાતા જાય છે ને સ્વાતંત્ર્યનો નવો વિચાર પ્રચાર પામતો જાય છે. આપણે પણ આજે નહિ તો કાલે આ સ્વાતંત્ર્યને આપણી શાળાઓમાં સ્થાન આપવું પડશે જ એમાં મને શક નથી. આપણે છાત્રાલયોમાં આ સ્વાતંત્ર્ય પર છાત્રાલયની ડિસીપ્લીન ઉભી કરી શકીએ તો કેળવણીમાં આપણે ભારે મોટો ફાળો આપ્યો ગણાય.

હું સમજું છું કે કેટલાક ગૃહપતિ ભાઇઓ આ વિચારથી ભડકશે. તેમને મન સ્વાતંત્ર્ય એટલે અતંત્રતા અને વિદ્યાર્થીઓની અંધાધૂની. વિદ્યાર્થીઓ પણ કદાચ આ સ્વાતંત્ર્યના વિચારથી ફૂલાઈ જઇ આવતી કાલથી જ છાત્રાલયમાં અરાજકતા ઊભી કરવા લલચાઇ જશે; પણ આથી હું જરાયે ડરતો નથી. સ્વાતંત્ર્ય એ અરાજકતા નથી એમ હું મારા ગૃહપતિ ભાઇઓને કહેવા માગું છું. સ્વાતંત્ર્ય એ તો સમતોલન છે. એ જ સાચો સંયમ છે. વિદ્યાર્થીઓ ગમે તેમ વર્તે તે આપણે ચલાવી લેવું તેને હું સ્વાતંત્ર્ય કહેતો નથી. જેમ વિદ્યાર્થીને પોતાને સ્વાતંત્ર્ય હોવું જોઇએ તેમ જ ગૃહપતિને પણ સ્વાતંત્ર્ય હોવું જોઇએ. ગૃહપતિ વિદ્યાર્થીએ પર જોહૂકમીથી રાજ્ય ચલાવે એ જો ખોટું છે તો વિદ્યાર્થીઓ પણ ગૃહપતિ પર જોહૂકમી ચલાવે એ વધારે ખોટું છે. જોહૂકમી કોઇની ન જોઇએ. વિદ્યાર્થીઓ જીવન શીખવા આવ્યા છે. તેમને સ્વાતંત્ર્યની તાલીમ આપવી અને જતે દિવસે એક સારો માણસ સ્વતંત્ર માણસ જેમ રહે તેમ રહેતાં શીખવવું એ ગૃહપતિનું કામ છે. વિદ્યાર્થીનું આ સ્વાતંત્ર્ય માત્ર શારીરિક સ્વાતંત્ર્ય નથી. આ સ્વાતંત્ર્ય તો આધ્યાત્મિક વસ્તુ છે અને આ સ્વાતંત્ર્યને રસ્તે વિદ્યાર્થીઓને દોરવા તેને હું ઊંચામાં ઊંચી ધાર્મિક કેળવણી માનું છું.

છતાં એક વિનંતિ. ગૃહપતિ પોતે આ સ્વાતંત્ર્યના વિચારને બરાબર પકડે નહિ ત્યાં સુધી તેનો અખતરો પોતાના છાત્રાલયમાં તે ન કરે. અધૂરી સમજણથી કરેલો અખતરો વચ્ચેથી પડતો મુકવો પડે છે અને બીજા અખતરા માટેની શ્રદ્ધા ચાલી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો જ એક બીજો પ્રશ્ન જાતીય શિક્ષણનો છે. છાત્રાલય માસિકમાં મારા મિત્ર હરભાઈના લેખો તમે વાંચ્યા છે. એ પ્રશ્નની ચર્ચા વિષે જે મતભેદ છે તે હું બરાબર જાણું છું. ગૃહપતિ પોતે આ પ્રશ્નને યથાર્થ ઓળખે એટલું તો જરૂરનું છે જ, પણ ગમે તે ગૃહપતિ પોતાના છાત્રાલયમાં આવા પ્રશ્નની ચર્ચા કરે અથવા તો વ્યક્તિગત વાતો કરે એ માર્ગ પસંદ કરવા જેવો નથી. આ પ્રશ્નની મીમાંસાને આજે હવે જાહેર મીમાંસા તરીકે મૂકવી જ ન જોઈએ. મને પોતાને તો એમ લાગે છે કે આ પ્રશ્ન આખા માનવજીવનનો પ્રશ્ન છે અને તેટલો ગંભીર તથા વિશાળ છે, છતાં વિદ્યાર્થીઓની ઉપેક્ષા આપણાથી શી રીતે થાય? એટલે જેઓ આ પ્રશ્નના રસિયા અભ્યાસી હોય તેમણે વિદ્યાર્થીઓ પોતાની મેળે વાંચી શકે અને યોગ્ય માર્ગે વળી શકે એવાં પુસ્તકો બહાર પાડવાં જોઈએ અને ચતુર ગૃહપતિએ આવાં પુસ્તકો લાગ જોઈને વિદ્યાર્થી પાસે મૂકવાં જોઈએ.

આ રસ્તો અજમાવી જોયા પછી આપણને કદાચ આગળનો માર્ગ સૂઝી રહેશે.

ત્રીજો આવો જ મોટો પ્રશ્ન શરીરશ્રમનો છે. આજનો શાળાનો અભ્યાસ એટલો બધો ભારે છે કે વિદ્યાર્થીને માથું ઊંચું કરવાનો વખત જ નથી મળતો. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓ શરીરશ્રમ કરીને શું કરી શકે તે જોવા જેવું છે. આપણી બેઠાડુ કેળવણીમાં મોટું પરિવર્તન ન થાય ત્યાં સુધી મને આનો માર્ગ દેખાતો નથી. આ રીતે શરીરશ્રમને અભાવે આપણે છાત્રાલયમાં કસરતો તથા રમતોને જરૂર દાખલ કરવી જોઈએ. શરીરશ્રમ શક્ય હોય તો પણ વિદ્યાર્થી જીવનમાં રમતોને મોટું સ્થાન છે; પણ જ્યારે થોડો પણ વખત શ્રમનો નથી ત્યારે તો કસરત અને રમતોના જેટલા પ્રસંગો મળે તેટલા જતા ન કરવા જોઈએ. જુવાનના શરીરને તેમ જ મનને આ ઉંમરે વ્યાયામ અને રમતોની મોટી જરૂર છે અને એ વિના શરીર તેમ જ મન બંને આજે માંદાં રહે છે તેમ જ માંદાં રહેવાના. આ વિષય પર જેટલું લખાણ થાય તેટલું ઓછું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ છે; કારણુ કે આપણા આજના વિદ્યાર્થીઓનાં શિક્ષણે શરીરોને પાયમાલ કરી નાખ્યાં છે. મને તો એમ જ કહેવાનું મન થઇ જાય છે કે ભણવું કારવવું ઘડીભર છોડી દો, ને શરીરશ્રમથી કે વ્યાયામથી અને રમતોથી શરીરને સુદૃઢ બનાવો; ભણુતર પોતાની મેળે આવવાનું હશે તે દિવસે આવી મળશે. પણ આ વિષય હું બીજા ભાઇઓ પર છોડું એમ મને લાગે છે.

જુવાન ઉંમરનો એવો જ મોટો પ્રશ્ન તો લગ્નનો છે. આ ઉંમરના થનમનાટ આપણે સૌ જાણીએ છીએ. એ થનમનાટ વ્યવસ્થિત થવા માગે છે, ફિલ્સુફી માગે છે, અવકાશ માગે છે અને યોગ્ય સૂચના માગે છે. જાતીય શિક્ષણુનો પ્રશ્ન આને લગતો જ છે. આ બન્ને જુવાનીના મોટા પ્રશ્નો છે અને જે ગૃહપતિ આ પ્રશ્નમાં વિદ્યાર્થીઓના વિચારોને વ્યવસ્થિતપણે યોગ્ય માર્ગે ન વાળે તે કેળવણીની એક મોટી તક ગુમાવે છે. પણ સબુર. તમારા પોતાના વિચારો દૃઢ અને શુદ્ધ કરીને આ માર્ગે કેળવણી આપવા નીકળજો; છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ પરણેલા હોય તો તો આ પ્રશ્ન વધારે વિકટ રૂપ પકડે છે અને કોમી છાત્રાલયોને આ પ્રશ્ન મૂંઝવે છે પણ ખરો. હવે તો થોડા વખતમાં આપણા વિદ્યાર્થીઓ અઢાર વર્ષ પછી જ પરણશે એટલે માધ્યમિક શિક્ષણ લેતા પરણેલા વિદ્યાર્થીઓનો સવાલ ઉડી પણ જશે. છતાંયે એ જુવાનો લગ્નના વિચારો કરતા શી રીતે બંધ થશે? આ ઉંમર જ વિદ્યાર્થીને એ વિચારે ધકેલવાની છે.

ઉપર જણાવ્યા તેવા જ છાત્રાલય જીવનના કેટલાક પ્રશ્નો હજી બાકી છે. વિદ્યાર્થી સ્વરાજ્ય, છાત્રાલયમાં સમૂહપ્રાર્થના, છાત્રાલયમાં સ્વચ્છતા વગેરે પ્રશ્નો આપણા પ્રશ્નો છે પણ મેં તો માત્ર અંગુલિનિર્દેશ જ કરવો ધાર્યો છે. આપણે આ અને આવા બીજા પ્રશ્નો પર છૂટથી ચર્ચા કરવાના છીએ એમ હું સમજ્યો છું એટલે મારૂં બોલવાનું આટલેથી બંધ કરૂં છું.-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે દશ માસ પછી કલમ હાથમાં લીધી છે એટલે હું સમજું છું કે મારા કહેવામાં ઘણા દોષો રહી ગયા છે; મારા વિચારો આપે આશા રાખી હશે તેવા વ્યવસ્થિત રીતે ગોઠવાયા નથી; એ વિચારોમાં આપે ધારેલી નવીનતા પણ નથી. છતાં હું જે કાંઇ કહી શકું તે કહેવાનો મેં પ્રયત્ન કર્યો છે. આપ સૌ મારા આ નમ્ર પ્રયત્ન સામું જોઇને મને નિભાવી લેશો એવી હું આશા રાખું છું.

(૧૯૩૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યાગ્રહ

લડત કે કેળવણીનો અખતરો ?

છેલ્લી સત્યાગ્રહની લડતે આપણા દેશના જીવનમાં જ નહિ પરંતુ સમગ્ર માનવ જાતિના જીવનમાં કોઇ અજબ પરિવર્તન કરી નાખ્યું છે. એક રીતે જોઇએ તો એ આખીએ હીલચાલને માટે લડત શબ્દ વાપરવો એ જ યોગ્ય નથી. દુનિયાના આજ સુધીના ઇતિહાસમાં જ્યારે જ્યારે કોઇ પ્રજાએ પોતાની મુક્તિને માટે હિલચાલ કરી છે ત્યારે સ્થાપિત સત્તાને ઉખેડી નાખવા માટે જરૂર લડત કરી છે. તે તે પ્રસંગે બંને પક્ષોએ પોતાના જમાનાનાં વધારેમાં વધારે સંહારક શસ્ત્રાસ્ત્રોનો ઉપયોગ કર્યો છે; બંને પક્ષોએ એક બીજાના હજારો કે લાખો માણસોના જાન લીધા છે; અને પરિણામે એક પક્ષનો ઉત્કર્ષ થયો છે ત્યારે બીજા પક્ષનો અપકર્ષ થયો છે. સત્યાગ્રહની હીલચાલને આ રીતે આપણે લડત કહી જ શકીએ નહિ. કારણ કે આખીયે હિલચાલનો ઉદ્દેશ સામા પક્ષના જાન લેવાનો ન હતો પણ તેના હૃદયમાં પરિવર્તન કરવાનો હતો. અને એવું પરિવર્તન મારીને નહિ પણ સહન કરીને કરવાનું હતું. ઉપરાંત, આખી હિલચાલનું પરિણામ હિન્દી પ્રજાનો વિજય અને અંગ્રેજોનો પરાજય એવું કલ્પવામાં આવ્યું ન હતું; પણ હિન્દી પ્રજાનું, અંગ્રેજોનું અને વધારે આગળ જઇને બોલીએ તો સમગ્ર માનવ જાતનું કલ્યાણ એવું કલ્પવામાં આવ્યું હતું.

આ દૃષ્ટિથી જોઇએ ત્યારે સત્યાગ્રહની હિલચાલને એક લડત કહેવાને બદલે આપણે નવીન કેળવણીનો મોટો અખતરો કહેવો જોઇએ. મોટો અખતરો એટલા માટે કે તેનો કાર્યપ્રદેશ એકાદ શાળા ન હતી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમગ્ર દેશ હતો, અને તેનો અમલ માત્ર વિદ્યાર્થીની આલમ પર ન હતો પણ સમગ્ર હિન્દી આલમ પર હતો. આજના જમાનામાં જે જે રાજ્યોમાં સત્તાની ક્રાંતિ થઇ છે ત્યાં ત્યાં એ ક્રાંતિને પરિણામે મોટા પાયા પર લોક કેળવણીની યોજનાઓ ઊભી થઇ છે; પણ નવીન લોક કેળવણીના જ પાયા પર પ્રજામુક્તિ થવાનો પહેલો અખતરો તો સત્યાગ્રહની હીલચાલે જ કર્યો છે એમ કહેવાય.

આજે સુધરેલી દુનિયામાં નવીન કેળવણીના જે વિચારો પ્રચાર પામ્યા છે તેમાંનો એક મુખ્ય વિચાર 'દરેક વિદ્યાર્થીને આત્મા છે માટે તે દરેક આત્માને આદર આપવો.' એ છે. દરેક આત્માના આ આદરભાવને લીધે તો આ નવીન કેળવણીકારોએ પોતાની શાળાઓમાંથી સજા, દેંકડા, ઇનામો, વગેરેને હાંકી કાઢ્યાં અને આખાએ અભ્યાસક્રમને—લોઢાના ચોકઠા જેવો સજ્જડ હતો તેને બદલે—અનેક જાતના વિકલ્પોવાળો બનાવી મૂકયો. વિદ્યાર્થી એક વ્યક્તિ છે, એ વિચારને આ કેળવણીકારોએ રીતસરનું સ્થાન આપ્યું અને શાળાઓમાં જબ્બર ફેરફાર થઇ ગયો. ગઇ કાલનો આજ્ઞાધીન વિદ્યાર્થી આજનો સ્વતંત્ર વિદ્યાર્થી થયો; ગઇ કાલનો ભણાવ્યું ભણનાર વિદ્યાર્થી આજનો સ્વાશ્રયથી ભણનાર વિદ્યાર્થી થયો; ગઇ કાલનો માત્ર નિયમોનો પાળનાર વિદ્યાર્થી આજનો નિયમોનો ઘડનાર અને પાળનાર થયો, અને ગઈ કાલની જેલ જેવી શાળા આજના વિદ્યાર્થીની વિકાસભૂમિ થઇ પડી.

પણ હજી આજે વિદ્યાર્થીના આવા આદર પર ચાલતી કેટલી શાળાઓ હશે? આપણા દેશમાં આવી કેટલી શાળાઓ હશે? એવી કેટલી શાળાઓમાં આવો વિશુદ્ધ આદર શિક્ષકોના હાડમાં ખરેખરો ભર્યો હશે?

સત્યાગ્રહના આચાર્યે મનુજ આત્માની આ આદરની ભાવનાને શાળાઓની ચાર દીવાલોમાં જ પૂરી રાખવાને બદલે દેશવ્યાપી બલ્કે જગદ્વ્યાપી કરી મૂકી. નાનાં બાળકોને જ આત્મા છે માટે તેમનો આદર થવો જોઇએ એમ શા માટે? જુવાન વિદ્યાર્થીઓને જ આત્મા છે માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનો આદર થવો જોઇએ એમ શા માટે? મનુષ્ય માત્રને આત્મા છે માટે મનુષ્ય માત્ર એ રીતે આદરપાત્ર છે; મનુષ્ય માત્રને આત્મા છે માટે તે વંદનપાત્ર છે; મનુષ્ય માત્રને આત્મા છે માટે તેનું જીવન મહામૂલ્યવાન છે. સજા, ખાસ કરીને શારીરિક સજા અને તેનાં કચ્ચાંબચ્ચાં જો બાળકને સુધારવાને બદલે તેને હેવાન કરી મૂકે છે, જો સજા જુવાન વિદ્યાર્થીને સન્માર્ગે વાળવાને બદલે તેને અચૂક કુમાર્ગે લઈ જાય છે, તો એ જ સજા મનુષ્ય માત્રને હેવાન કેમ કરી ન મૂકે? જો સોટી મારવાથી બાળક જરૂર બગડે છે, જો સોટી વાગવાથી કે દંડ થવાથી જુવાન વિદ્યાર્થી રીઢો થઇ જાય છે, તો સોટી વાગવાથી કે તરવારના ઘાથી મનુષ્ય માત્ર કેમ બગડતો ન હોય?

એટલે મનુષ્ય આત્માના આદરને લઇને સત્યાગ્રહના મહાન આચાર્યે મનુષ્યના વ્યવહાર માત્રમાંથી શારીરિક સજાને હાંકી કાઢી, એને સ્થાને પ્રેમની સમજાવટ સ્થાપી. માતૃભૂમિના પ્રેમને નામે એક પ્રજા બીજી પ્રજાનાં ગળાં ઉરાડી મૂકે એ આ સજાનું જ ભયંકર સ્વરૂપ નથી તો બીજું શું છે? સ્વતંત્રતાને નામે ભાઈ ભાઇનાં ગળાં કાપે એ આજ સુધીનો આપણો ઇતિહાસ. ગમે તેવો વિકટ પ્રસંગમાં પણ માણસ માણસને ન મારે પણ પ્રેમથી સમજાવીને જ કામ લે અને જરૂર પડે તો પોતે મરીને પણ સમજાવે એ નવીન કેળવણીનો જ નહિ પણ નવીન જીવનનો સિદ્ધાંત. આ સિદ્ધાંતને જ સત્યાગ્રહના આચાર્યે અહિંસાના પરમ સિદ્ધાંત તરીકે પુકાર્યો છે. નવીન જીવનના આ મહા-સિદ્ધાંતની પાછળ તો મનુજ આત્મામાં અખૂટ શ્રદ્ધા છે, આત્માના બળમાં શ્રદ્ધા છે, પ્રેમના વિજયમાં શ્રદ્ધા છે. જેઓએ મહાત્મા ગાંધીજીનાં અહિંસાનાં લખાણો ધ્યાનપૂર્વક વાંચ્યાં છે અને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે તેઓને આ વસ્તુ દીવા જેવી સ્પષ્ટ દેખાશે.

મનુજ આત્મા તરફના આ આદરથી પ્રેરાઈ, મનુજ આત્મામાં આવી અખૂટ શ્રદ્ધાને લઈને મહાત્મા ગાંધીજીએ આ હિલચાલમાં જોડા-નારાં તમામ ભાઇબહેનો પાસે શસ્ત્રો તો છોડાવ્યાં, પણ મનથી તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ વાણીથી પણ બીજાઓની હિંસા ન કરવી એવી આણ દીધી. આખી હિલચાલ દરમ્યાન આપણા સત્યાગ્રહીઓએ આ અહિંસા પાળવાનો પ્રયત્ન કર્યો છે અને જ્યાં જ્યાં અમલમાં ભૂલ થઇ છે ત્યાં ત્યાં અંદર તેમ જ બહાર વિરોધનો સૂર ઊભો થયો છે, તેની કોણ ના પાડી શકશે?

નવીન કેળવણીકારો શાળામાંથી હરકોઇ પ્રકારની સજાને દૂર કરીને જગતમાંથી વેરઝેર નાબૂદ કરવાના મનોરથો સેવે છે. આપણા દેશના આ નવીન જીવનદ્રષ્ટાએ સમગ્ર માનવ જીવનમાંથી હિંસાને દૂર રાખીને જગતની તરવારોને અને વિજ્ઞાનની હિંસક શોધોને નકામી કરી નાખી છે, એટલું જ નહિ પણ જગતનાં વેરઝેરને નાબૂદ કરવાનો જે એક જ રામબાણ ઉપાય છે તેને જગત પાસે ધર્યો છે.

આજની નવીન કેળવણી એક વસ્તુ તરફ ખાસ ભાર દેવા માગે છે, તે એ કે માણસના જીવનનું મધ્યબિંદુ આજે બહાર છે, ત્યાંથી બદલીને તેને મનુષ્યના અંતરમાં સ્થાપવું જોઇએ. આજે માણસ આખા જીવનમાં મોટે ભાગે બહિર્મુખ બની ગયો છે અને સુખને માટે પણ બહારજ આમતેમ ફાંફાં મારે છે. આ સ્થિતિ ખરેખર દુઃખજનક છે. નવીન કેળવણીકારો જણાવે છે કે માનવ જીવનનું આખું મુખ ફરવું જોઇએ, નહિતર માણસ આજે છે તેવો ને તેવો કંગાલ રહેવાનો. સત્યાગ્રહના આચાર્યે પણ આ જ વસ્તુનો ઘોષ કર્યો અને માણસ બહારનાં કોઇ પ્રમાણને ન સ્વીકારતાં અંતરના નાદને અનુસરે તેમાં જ તેનું અને સમાજનું કલ્યાણ છે એમ જાહેર કર્યું. આખીયે હિલચાલ દરમ્યાન આ જ વાત અનેક રૂપે પ્રજાના ધ્યાન પર લાવવામાં આવી છે અને જ્યાં જ્યાં એ ભૂલવામાં આવી હશે ત્યાં ત્યાં પણ તેને સ્પષ્ટ ભૂલ તરીકે સ્વીકારવામાં આવી છે. આ વસ્તુને આપણે લોકકેળવણી ન કહીએ તો શું કહીએ ?

પણ અહિંસા એ તો નિષેધાત્મક વસ્તુ છે. પ્રેમ વિના શુદ્ધ અહિંસા સંભવે નહિ, અને શુદ્ધ અહિંસા વિના માનવ સમાજ વેર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝેરમાંથી ઊંચે આવે નહિ. એટલે આમાંથી ફલિત થતી વસ્તુ આખી હિલચાલ દરમ્યાન દેખા દીધા કરતી હતી. આખી હિલચાલ દરમ્યાન દુશ્મનો જેવા જણાતા અંગ્રેજ પક્ષ તરફ દ્વેષ ન કરવો અને પ્રેમથી તેમના હૃદયનો પલટો કરવો એ પ્રધાન સૂર સંભળાયા જ કરતો હતો. પરદેશી વસ્ત્રનો બહિષ્કાર સિદ્ધ કરવામાં પિકેટીંગનો આશ્રય લીધો ત્યારે પણ વાત તો એ જ હતી કે પરદેશી કાપડનો વેપાર કરનારા કાપડિયા ભાઈઓને આપણે પ્રેમથી જીતી લેવા; દારૂ વેચનારા અને પીનારા પતિત ભાઈઓને પણ પ્રેમથી એ પતનમાંથી ઉગારી લેવા; આપણા દેશની પ્રજાને રીબીરીબીને મારનાર મદમસ્ત અંગ્રેજ સરકારને પણ પ્રેમ દ્વારા એ રીબનારાના અભિમાનમાંથી ઉગારી લેવી, અને આ રીતે આખાયે માનવવ્યવહારમાં પ્રેમને એક જબરજસ્ત સાધન બનાવી મૂકવું. નવીન કેળવણી શાળામાં વિદ્યાર્થીઓ ને શિક્ષકોના સંબંધો પ્રેમ પર રચવા માગે છે તેને આ સમગ્ર સમાજવ્યાપી હિલચાલનો અભ્યાસ ઘણો આવશ્યક છે.

જગત આખું આજે બુદ્ધિજીવી અને શ્રમજીવીના ભેદથી પીડાય છે; જગત આખાની પ્રજાને આ ભેદ વધારે વધારે અસહ્ય લાગતો જાય છે; જગત આખાની પીડિત પ્રજાની હાય ઉજળા વર્ગને કયારે બાળીને ભસ્મ કરી નાખશે તે કહી શકાતું નથી. નવીન કેળવણીકારો ધીમે પગલે કેળવણીમાં મજુરીના પરસેવાને સ્થાન આપવાનું વિચારી રહ્યા છે. હિંદુસ્તાનમાં તો મજુરી કરનાર ખેડુતને ચોવીશ કલાકની મજુરીને પરિણામે એક ટંક રોટલો અને ફાટલાંતૂટલાં કપડાં પણ મળતાં નથી. આવે વખતે દેશનાં કેળવાએલા યુવાનોનું લક્ષ ગામડાના અભણ ખેડુતો તરફ ખેંચવાનું માન આ સત્યાગ્રહના આચાર્યને જ ઘટે છે. એણે પોતે તો પોતાના જીવનમાં ખેડુતની સાદાઇ અને ગરીબાઈ આણ્યાં, પણ આખા દેશને તેમ કરવાનો પડકાર કર્યો અને ઠેઠ હિમાલયની ટોચ પરથી જાહેર કર્યું કે **नान्यः पन्था विद्यतेऽयनाय** । આ કરોડો ગરીબોનાં દુઃખોનો નિવેડો ન આવે ત્યાં સુધી દેશમાં સ્વરાજ્ય આવે નહિ, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ નિવેડો આજે ખાદીથી જ આવે. સમગ્ર જગતનાં ગરીબોની ગરીબાઇનો નિકાલ અને અજ્ઞાનીઓના અજ્ઞાનનો નિકાલ એ જ જગતની શાંતિનો સાચો માર્ગ છે એમ એણે જાહેર કર્યું; અને એ ગરીબાઇની દાઝને કારણે લંગોટી ધારણ કરી; મહાત્મા ગાંધીજીની હાકલ સાંભળીને હજારો નવજુવાનો ગામડામાં દોડી ગયા અને મોઢામાં રૂપેરી ચમચો લઇને જેમણે જન્મ લીધો છે એવા નબીરાઓ ગામડે ગામડે ફટકો રોટલો ઉઘરાવતા ગામડાના લોકોની સેવા કરતા થઈ ગયા. આ રીતે દેશના જુવાનોને જુવાનીમાં સાહસ ખેડવાના માર્ગો મળતા ન હતા તેમને માટે ગ્રામસેવાનાં સાહસોના નવા માર્ગો ઉઘાડા થયા. દેશની રઝળતી જુવાની દેશોદ્ધારના માર્ગ તરફ વળી અને જે સાદાઇ વિના સમગ્ર જગતની શાંતિના મનોરથો કદિ ફળવાના નથી તે સાદાઇના મહામંત્રો ઉછરતી પ્રજાના જીવનમાં અનાયાસે આવવા લાગ્યા.

આટલાં તો સત્યાગ્રહની હિલચાલનાં નરી નજરે જોઇ શકાય તેવાં થોડાંએક પરિણામો. આખીયે હિલચાલે ભારતવર્ષની સ્ત્રીશક્તિને જગાડી અને સ્ત્રીકેળવણીના પ્રયાસો વર્ષોમાં કરી શકે તેટલું જબ્બર કામ એક વર્ષમાં થઈ ગયું. લોકો નાતજાતના ભેદ ભૂલીને એકબીજાની સાથે ખભેખભો અડકાડી કામ કરવા લાગ્યા, અને અસ્પૃશ્યતા જેવી વસ્તુ કોણ જાણે ક્યાંએ છૂપાઈ ગઈ. ગુજરાતભરમાં જ્યાં જ્યાં સત્યાગ્રહની છાવણીઓ પડી હતી ત્યાં ન હતો કોઇ બ્રાહ્મણ કે ન હતો કોઈ વાણિયો; ન હતો કોઇ કોળી કે ન હતો કોઇ ગરાશિયો; પણ બધા હતા માત્ર હિંદીઓ. જે લોકો આવી આવી હિલચાલોના પડમાં ઊંડા ઊતરીને જોઇ શકે છે તેઓએ તો આ આખી હિલચાલના ગર્ભમાં નવી હિંદી સંસ્કૃતિનો જન્મ પારખી લીધો છે, અને જે નવીન ભારતનાં બીજો સત્યાગ્રહના આચાર્યે નાખ્યાં છે તેના ફણગા આવા જોનારાઓને તો સ્પષ્ટ દેખાઇ ચૂકયા છે.

આ અને આવાં બીજાં અનેક નાનાં મોટાં પરિવર્તનો આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજમાં શરૂ થઈ ચૂકયાં છે અને તે બધાં સત્યાગ્રહની હિલચાલનાં જ પરિણામો છે.

એટલા માટે જ સત્યાગ્રહની હિલચાલને આપણે હિંદીસમાજમાં નવીન કેળવણીનો અથવા નવીન જીવનનો એક મોટામાં મોટો અખતરો કહીએ. માનવ સમાજ આ માર્ગે ચાલી પોતાના સમગ્ર જીવનમાં ફેરફાર કરી નાખે તો જગતમાં શાંતિ અને પ્રેમને સ્થાપવાનું સ્વપ્ન જરૂર સાચું પડે.

પણ માનવ સમાજ આ માર્ગે કયારે વળશે? જગતના નવીન કેળવણીકારો આ પ્રશ્નનો ઉત્તર આપે.

(૧૯૩૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહપતિની લાયકાત

મારા એક મિત્ર લખે છે:—

"છાત્રાલયનો બધો આધાર ગૃહપતિ ઉપર જ છે. સારા ગૃહપતિઓ આપો અને સારાં છાત્રાલયો માગી લ્યો, એવી જાતના અવાજો આજે ચારે દિશાએથી આવતા જાય છે. આજના સમાજના જુદા જુદા ધંધા માટે તો લાયકાત જેવું કાંઇક ચોક્કસ થયેલું હોય છે પરંતુ છાત્રાલયનું કામ ધંધાની એવી કોઇ પણ જાતની સપાટી પર હજી સુધી ચડ્યું નથી તેથી છાત્રપતિ પસંદ કરવામાં ઘણી મુશ્કેલી નડે છે. આપ આવું કોઇ ધોરણ બતાવી શકો ?"

આપણાં મોક્ષશાસ્ત્રોમાં જ્યાં જ્યાં સદ્ગુરુનો વિચાર કરવામાં આવ્યો છે ત્યાં ત્યાં બે આવશ્યક વસ્તુઓને તારવી કાઢવામાં આવી છે. સદ્ગુરુ શ્રોત્રિય હોવો જોઇએ તેમજ બ્રહ્મનિષ્ઠ હોવો જોઇએ.

छंदांसि अधीते इति श्रोत्रियः । જે છંદસ્નો–વેદનો અભ્યાસી હોય, જેણે ભૂતકાળના ઋષિઓના અનુભવો જાણ્યા હોય અને વર્તમાન કાળના ઋષિઓના અનુભવથી પરિચિત રહેતો હોય, જેણે જીવ, જગત, ઇશ્વર અને તેનાં સ્વરૂપો વગેરેનો શાસ્ત્રીય અભ્યાસ કર્યો હોય અને જે જુદા જુદા અધિકારવાળા શિષ્યોને પહોંચી વળવાની યુક્તિ–પ્રયુક્તિઓ જાણતો હોય—આ શ્રોત્રિય.

પણ એકલું શ્રોત્રિયપણું શા કામનું ? જેણે માત્ર બીજાના અનુભવો જાણ્યા છે પણ પોતે અનુભવને માર્ગે ગયો નથી તે ગુરુ શિષ્યોનું શું લીલું કરે ? જેણે માત્ર પુસ્તકિયા જ્ઞાન મેળવ્યું છે પણ એ જ્ઞાનને જીવતું કરી જોયું નથી તે ગુરુ બીજાને શી રીતે દોરવાનો હતો ? જે માત્ર બુદ્ધિના વિલાસ તરીકે શાસ્ત્રોનાં ખંડનમંડન કરી શકે છે પણ ખંડન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંડનથી પર રહેલી વસ્તુનો જેણે સ્વાદ ચાખ્યો નથી તેનું લૂખું જ્ઞાન બીજાને શો લાભ કરવાનું હતું; માટે જ સદ્‌ગુરુ પોતે બ્રહ્મનિષ્ઠ હોવો જોઇએ, પરમ તત્ત્વ તેના જીવનમાં ઉતર્યું હોવું જોઇએ, ને જે ધ્યેયે બીજાને લઈ જવાનો તેનો દાવો છે તે ધ્યેય તેને તો પ્રાપ્ત હોવું જોઇએ.

આ આદર્શ સદ્‌ગુરુની વાત.

પરંતુ મોક્ષમાર્ગના ગુરુને માટે કહેલી આ વાત નાની મોટી દરેક દિશાના ગુરુને લાગુ પડે છે. મોક્ષમાર્ગનો ગુરુ મોક્ષશાસ્ત્રનો અભ્યાસી હોવો જોઇએ અને એ માર્ગનો પ્રત્યક્ષ અનુભવી જોઇએ. મીકેનીકલ એન્જીનિયરીંગ ખાતાનો ગુરુ મીકેનીકલ લાઇનનો શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ જોઇએ. દાક્તરી લાઇનનો ગુરુ દાક્તરી લાઇનમાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ જોઇએ, વેપારી લાઈનનો ગુરુ વેપારી લાઇનમાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ જોઇએ, વકીલની લાઇનનો ગુરુ વકીલાતમાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ જોઇએ અને છાત્રોનો ગુરુ પોતાની છાત્રાલયની લાઇનમાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ જોઈએ.

છાત્રાલય એ કેળવણીની સંસ્થા છે. વિદ્યાર્થીના સર્વતોમુખી વિકાસને માટે તો છાત્રાલયનું અસ્તિત્વ છે; માટે આ કેળવણીનો, આ સર્વતોમુખી વિકાસનો શાસ્ત્રીય અભ્યાસ કરવો એ ગૃહપતિની સૌથી પહેલી ફરજ છે. આજે આપણે બધા ગૃહપતિઓ આવા કોઈ પણ જાતના અભ્યાસ વિના ગૃહપતિઓ થઇ બેઠા છીએ અને હજી પણ એવા અભ્યાસ તરફ આપણું ધ્યાન જતું નથી. 'વિદ્યાર્થી એ શી ચીજ છે?' 'વિદ્યાર્થી માત્ર હાડમાંસનું પૂતળું છે કે બીજું કાંઈ છે?' 'વિદ્યાર્થીના મનના ધર્મો કયા કયા છે?' વગેરે કાંઇ પણ જોયા જાણ્યા વિના આપણે વિદ્યાર્થીનો વિકાસ સાધવાની, તેનું ચારિત્ર્ય ઘડવાની, તેને સારો શહેરી બનાવવાની મોટી મોટી ડંફાશો હાંકીએ છીએ, આજ સુધીના મહાન ગૃહપતિઓના જીવનનો અભ્યાસ, જગતના મહાન વિચારકોએ કેળવણી સંબંધે પ્રવર્તાવેલા વિચારોનો અભ્યાસ, શરીરશાસ્ત્ર, માનસશાસ્ત્ર, પ્રજાજનશાસ્ત્ર, ગુન્હાશાસ્ત્ર વગેરે વિદ્યાર્થી અવસ્થા સાથે નિકટ સંબંધ ધરાવતાં શાસ્ત્રોનો અભ્યાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આ બધાંને કેળવણીની દૃષ્ટિથી છાત્રાલયમાં કેમ સાધી શકાય તેનો અભ્યાસ: આ બધું ગૃહપતિનું શ્રોત્રિયપણું છે અને આવા શ્રોત્રિયપણા વિના ચાલતાં આપણાં આજનાં છાત્રાલયોને કોઈ ભાઈ 'વીશી'નું નામ આપે તો તેમાં આપણે જરાયે ખોટું લગાડવાનું નથી. છાત્રાલયનો આવો શાસ્ત્રીય અભ્યાસ એ તમે કહો છો તેવું ગૃહપતિની લાયકાતનું એક અંગ ગણાવું જોઇએ અને એવા અભ્યાસવાળા માણસને જ ગૃહપતિ તરીકે પહેલો લાભ અપાવો જોઇએ.

પણ એકલો અભ્યાસ, એકલું પુસ્તકિયા જ્ઞાન બસ નથી. આવું જ્ઞાન એકલું હોય તો માણસ કદાચ સુંદર ભાષણ આપી શકે, કદાચ સારા નરસાનો બૌદ્ધિક ખુલાસો પણ કરી શકે; પણ છાત્રાલયનો કોઇ પણ પ્રશ્ન સન્મુખ ખડો થયો હોય ત્યારે તેનું જ્ઞાન તેને છોડીને ચાલતું થાય અને પ્રશ્ન અણઉકેલ્યો રહી જાય. માટે આવા જ્ઞાનની વ્યવહારમાં ઉતારવાની દક્ષતા ગૃહપતિમાં જોઇએ. આ વસ્તુને આપણે સામાન્ય રીતે વ્યવહારદક્ષતા કહીએ છીએ. પણ આપણે યાદ રાખવું ઘટે છે કે એકલું જ્ઞાન માણસને વેદીઓ બનાવે છે ત્યારે એકલી આ વ્યવહારદક્ષતા માણસને વહેવારીયો બનાવી દે છે. છાત્રાલયોમાં એકલા જ્ઞાનવાળા ગૃહપતિઓ જેમ નિષ્ફળ નીવડે છે તેમ એકલા વ્યવહારકુશળ ગૃહપતિઓ પણ નિષ્ફળ જ—વધારે નિષ્ફળ નીવડ્યા છે; માત્ર તેમની નિષ્ફળતાનાં ત્રાજવાં આપણે હાથ ધર્યાં નથી એટલે તેનું માપ આપણે કાઢી શકયા નથી.

હવે આપણે ગૃહપતિની બ્રહ્મનિષ્ઠા પર આવીએ. કેળવણી એ તો જીવનનું શાસ્ત્ર છે: કેળવણીકાર કે શિક્ષક વિદ્યાર્થીઓના વિકાસનો અભ્યાસ જ કર્યા કરે પણ એ અભ્યાસ તેના પોતાના જીવનને સ્પર્શ જ ન કરે તો તેનું શ્રોત્રિયપણું એળે જાય છે. જે ગૃહપતિનું પોતાનું જીવન ઉચ્ચ ન હોય, યા તો જે ગૃહપતિ પોતે નિરંતર વધારે ને વધારે ઉચ્ચ થવા પ્રયત્ન કરતો ન હોય તે ગૃહપતિ ગમે તેટલો શ્રોત્રિય હોય તો પણ છાત્રાલય માટે નકામો છે. જેના જ્ઞાનમાં અને જીવનમાં વિસંવાદ છે તે ગૃહપતિનું જ્ઞાન વિદ્યાર્થીને ઉપદેશ કરશે, તે પહેલાં તો તેનું જીવન મોટો ઉપદેશ કરશે. માટે જ ઉચ્ચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન એ ગૃહપતિનું બીજું પણ પહેલા કરતાંયે વધારે મહત્ત્વનું લાયકાતનું અંગ છે. હજીયે ગૃહપતિનો અભ્યાસ ઓછો હશે તો ચાલશે પણ તેનું જીવન ક્ષુદ્ર હશે તો તો હરગીજ નહિ ચાલે.

આ રીતે ઉચ્ચ જીવન અને કેળવણીશાસ્ત્રનો–જીવનશાસ્ત્રનો અભ્યાસ એ બે ગૃહપતિની લાયકાતનાં તત્ત્વો છે.

પણ હજી એક વાત રહી જાય છે. સદ્‌ગુરુ શ્રોત્રિય હોય, બ્રહ્મનિષ્ઠ હોય છતાં તેનામાં દયાલુતા ન હોય તો ન ચાલે. ગુરુમાં શ્રોત્રિયપણું અને નિષ્ઠા બન્ને હોય પણ ગુરુને અને શિષ્યોને સાંધનાર કોઈ ત્રીજી વસ્તુની જરૂર છે; અને આવી સાંધનારી વસ્તુ તે દયાલુતા છે. 'જે જ્ઞાન મેળવીને હું સુખી થયો છું તે જ્ઞાન આ બિચારાં, રાગદ્વેષથી પીડાતાં માણસોને મળે તો કેવું સારું !' એવી વૃત્તિથી સદ્‌ગુરુ પ્રેરાય ત્યારે જ શિષ્યો તરફ તેનું મન જાય છે અને તેમનો સંબંધ જામ થાય છે. છાત્રપતિમાં પણ વિદ્યાર્થીઓ સાથે સંધાણ કરનાર અલૌકિક તત્ત્વની જરૂર છે. એ તત્ત્વને અભાવે એક જ મકાનમાં રહેવા અને એક જ સાથે સૂવા છતાં ગૃહપતિ અને વિદ્યાર્થીઓ હજારો માઇલને છેટે વસતા હોય એવું બને છે. આ તત્ત્વને આપણે વિદ્યાર્થીઓ તરફનો આદર કહીએ. વિદ્યાર્થીઓ તરફનો આદર એટલે વિદ્યાર્થી આવે ત્યારે તેને માન આપવું કે તે આવે ત્યારે તેને ખુરશી આપવી એમ કોઇ ન સમજે. આવો આદર તો વિદ્યાર્થીના આત્મા પર વિશ્વાસ રાખે છે, તેની શક્તિમાં શ્રદ્ધા રાખે છે, તેના વિકાસ માટે નિરંતર તત્પર રહે છે, તેના સ્વાતંત્ર્યની આડે આવતો નથી અને ખીલતા ફૂલને છેટે રહ્યો રહ્યો જોવામાં આનંદ માને છે. વિદ્યાર્થીનો વિકાસ જ્યાં જ્યાં અટકે ત્યાં ત્યાં આ ગૃહપતિને દુઃખ થાય છે. દુઃખના વેગમાં ને વેગમાં વિકાસ અટકાવનારનો તે જાણ્યે અજાણ્યે દુશ્મન થઇ જાય છે. આ બધાના મૂળમાં જે વસ્તુ છે તેને આપણે આદર કહીએ. કેટલાએક લોકો આ વસ્તુને વિદ્યાર્થીઓ તરફનો પ્રેમ પણ કહે છે.

આવા આદર વિના–પ્રેમ વિના પણ ગૃહપતિને ચાલી ન જ શકે.

(૧૯૨૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠંડુ મગજ

સ્ટીમરે ભરદરિયે ઝુકાવ્યું હોય; પ્રચંડ વાયુ વાઈ રહ્યો હોય; પર્વત જેવડા મોટા લોઢ આખા જહાજને આમતેમ ડોલાવી રહ્યા હોય; ઉતારૂઓમાં ગભરાટ અને બૂમાબૂમ વર્તી રહ્યાં હોય; ખલાસીઓની બુદ્ધિ કામ કરતી ન હોય—આવે વખતે કપ્તાન, આખા જહાજનો કપ્તાન ઠંડું મગજ રાખી સુકાનને ઝાલીને બેસી રહે છે. કપ્તાન દરિયાને ઓળખે છે, પવનને ઓળખે છે, પોતાના જહાજની તાકાત તેના ખ્યાલમાં છે; પોતાની શક્તિમાં તેને પૂરો વિશ્વાસ છે.

બે લશ્કર ભેટભેટિયાં થઇ ગયાં હોય; તરવાર અને ભાલાનાં તેજ ઝળહળી રહ્યાં હોય; હાથીઘોડા હણહણી રહ્યાં હોય; 'મારો મારો' અને 'કાપો કાપો' ગાજી રહ્યાં હોય; ધડથી માથાં જૂદાં પડતાં હોય; મામા, કાકા, સાળા, ટપોટપ લોહીમાં આળોટતા હોય; સનનન કરતાં બાણો ખુદ પોતાના કાન પાસે થઇને વહ્યાં જતાં હોય; પણ કુશળ સેનાપતિ ઠંડું મગજ રાખી લશ્કરને હુકમો આપ્યે જાય છે ને વ્યૂહો રચ્યે જાય છે. સેનાપતિ લડાઇને ઓળખે છે, શસ્ત્રાસ્ત્રને ઓળખે છે, દુશ્મનના બળાબળને ઓળખે છે, પોતાના યોદ્ધાઓની તાકાત જાણે છે; ખુદ પોતાના સામર્થ્યને તે બરાબર પિછાને છે.

ઘરમાં પતિ બિછાને પડયો છે; નાનાં નાનાં છોકરાં અનેક પ્રકારની મસ્તી જમાવી રહ્યાં છે; જમાઇ દીકરીને તેડી જવા આવીને બેઠા છે; બહેનનો ભાણો હોનારતમાં મરી ગયાનો તાર આવ્યો છે; પાડોશીએ પાણી ભરવાની ના પાડી છે અને કામવાળી બાઈને અંતરાય હોવાથી આવી નથી. છતાં કુશળ ગૃહિણી ઠંડું મગજ રાખી ઘર ચલાવ્યે જાય છે. તે પતિની સેવા કરી જાણે છે, છોકરાંની મસ્તીને વાળી—વધાવી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, જમાઈરાજના મિજાજને ઓળખે છે, પાડોશીને પહોંચી વળે તેમ છે; પોતાની તાકાતની તેને બરાબર પારખ છે.

વરસાદના દિવસો હોય, એકીસાથે દસ પંદર બિછાનાં પડી ગયાં હોય—કોઇને ટાઇફોઇડ તો કોઇને મેલેરિયા, કોઇનો પગ તો કોઈનો સાથળ, કોઇનું ગળું તો કોઈનું પડખું દુખતું હોય; એકે બીજાને બટકું ભરીને લોહી કાઢ્યું હોય તો ત્રીજાએ ચોથાને મા સામી ગાળ દીધી હોય; કોઈ મોટા વિદ્યાર્થીએ નાનાને થપાટ ધરી દીધી હોય તો કોઈ નાનાએ મોટાનાં દાંતિયાં કર્યાં હોય; પટ્ટાવાળો ચોરી કરીને નાસી ગયો હોય અને રસોયાએ ઘી સંતાડીને શીરો કરી ખાધો હોય; છાત્રાલયની રસોઇમાં ઇયળ ધનેડાં આવે છે એ બાબત છાપામાં રિપોર્ટ આવ્યો હોય; હિસાબના ગોટાળા માટે ઠપકો આપતાં વિદ્યાર્થી ગુમ થયો હોય; વિદ્યાર્થીઓ પાસે ઘરનું કામ કરાવવા માટે માબાપોના ઠપકાના કાગળો આવ્યા હોય; વિદ્યાર્થીઓ માત્ર ડંડિકા લઈને રખડી જાણે છે પણ એક અક્ષર આવડતો નથી એવો શાળા તરફથી ઠપકો આવ્યો હોય; વિદ્યાર્થીઓમાં ધર્મનો છાંટો નથી એવી સેક્રેટરી સાહેબની ફરિયાદ હોય; છતાં કુશળ ગૃહપતિ ઠંડું મગજ રાખી છાત્રાલય ચલાવ્યે જાય છે. માંદાની તે સારવાર કરે છે, વિદ્યાર્થીઓના ટંટા પતાવે છે, નોકરોને હાથ રાખી જાણે છે, માબાપોને પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવે છે અને સેક્રેટરી સાહેબને ધર્મના આવિર્ભાવ માટે ધીરજ રાખવા વિનવે છે. આવા ગૃહપતિ તરુણ વિદ્યાર્થીઓને ઓળખે છે, પોતાના પેગામને ઓળખે છે, પોતાના શાસ્ત્રને ઓળખે છે; ખુદ પોતાની તાકાતને તે બરાબર ઓળખે છે.

આ ઠંડું મગજ કપ્તાનને તોફાનમાંથી પાર ઉતારે છે, સેનાપતિને વિજય અપાવે છે, ગૃહિણીનું ઘર શાંત રાખે છે અને ગૃહપતિના માથાને અનેક નાનાં મોટાં મોજાંના ઉપર ટટ્ટાર રાખે છે.

છતાં દરિયામાં કાંઇ હંમેશ તોફાન નથી હોતું; સેનાપતિને કાંઇ આખું જીવન ઠંડું મગજ નથી જોઈતું: ગૃહિણીને પણ આડે દિવસે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનાયાસે શાંતિ રહે છે. પણ છાત્રાલયમાં તો રોજ તોફાન; દરરોજ નાની મોટી ટપાટપી; દરરોજ નાના મોટા ગોટાળા; દરરોજ વિદ્યાર્થીઓ તરફથી નાનો મોટો નિયમભંગ; દરરોજ એ અવસ્થાનાં નાનાં મોટાં છમકલાં; દરરોજ ન્યાય અન્યાયની કડાકૂટ; દરરોજ કોઈ કોઇને કડવા થવાનો પ્રસંગ; દરરોજ ફરિયાદોનો અસ્ખલિત ધોધ; દરરોજ કોઇ ને કોઈ ભૂલ દેખાડે. આ બધા પ્રસંગોમાં હાડચામવાળા માણસનું મગજ સહેજે તપી જાય છે અને એ તપેલું મગજ આસપાસના તોફાનમાં નવું તોફાન ઊભું કરે છે. ગૃહપતિનું મગજ એક વાર તપી ગયું એટલે તે ડાચિયાં વડચકાં કરવા લાગશે; નિર્દોષ ગમ્મતને તોફાન ગણશે; કીડીને કોશનો ડામ દેવા દોડશે; વિદ્યાર્થી ફરિયાદ કરવા આવશે તો થયેલી તકરારમાં પોતે થપાટ લગાવી નવી ફરિયાદ ઊભી કરશે; કોઇ છેટે ઊભા વાતો કરતા હશે તો વહેમાશે અને આખા છાત્રાલયના વ્યવહારમાં કેમ જાણે દુનિયા આખી બગડી ગઈ છે અને વિદ્યાર્થીઓ બધા સડેલા છે એ ધોરણ પર ચાલીને જીવવાનો પ્રયત્ન કરશે.

આવું તંગ મગજ છાત્રાલયમાં ન જોઇએ. એ તંગ મગજની પાછળ વિદ્યાર્થીઓમાં અશ્રદ્ધા છે, તરુણ આત્મામાં અશ્રદ્ધા છે, ખુદ પોતામાં અશ્રદ્ધા છે. આવા તંગ મગજને ઢીલું કરવું હોય તો આપણે વિદ્યાર્થીઓમાં શ્રદ્ધા કેળવીએ, તરુણ આત્મામાં શ્રદ્ધા કેળવીએ, આપણા કેળવણીના પેગામમાં શ્રદ્ધા કેળવીએ, ઇશ્વરમાં શ્રદ્ધા કેળવીએ, ખુદ આપણી જાતમાં શ્રદ્ધા કેળવીએ.

(૧૯૨૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્થા : પુરુષપ્રધાન અને યોજનાપ્રધાન

આપણા દેશમાં મંદિરો બે રીતે ઊભાં થાય છે. એકાદ પ્રભાવશાળી પુરુષ લંગોટી મારીને કોઇ ઝાડ નીચે બેસી જાય. ઝાડની છાયામાં ધૂણી ધખાવે; ધૂણી પાસે બે ચાર આજારી લોકો ફૂંક શોધતા આવે; ઝાડ ફરતો ઓતરો ઊભો થાય; ઓતરા ફરતું મંદિર બંધાય; મંદિર પાસે ધર્મશાળા ઊભી થાય; લક્ષ્મી આ ફક્કડના પગમાં આળોટવા લાગે; તેની સુવાસ ચારે બાજુ પ્રસરતી જાય અને એક દિવસ એ મંદિર પર સોનાનું ઈંડું ચડે. આ એક રીત.

કેટલીકવાર એકાદ ધનાઢ્ય માણસને કે રાજાને મંદિર ચણાવવાનો રંગ આવે એટલે રંગમાં ને રંગમાં આરસપહાણનું સુંદર મંદિર ઊભું થાય; સોના રુપાના કિંમતી દેવ ત્યાં પધારે; મંદિરના નિભાવ માટે રાજ્યની તિજોરીમાંથી પૈસા ચાલ્યા આવે, દેવને અપૂજ્ય ન રાખે એવા પૂજારીને રીતસર રોકવ.માં આવે અને રાજ્યના દફતર પર આલેખ થયા પ્રમાણે મંદિરનો વહીવટ રીતસર ચાલ્વા કરે. આ બીજી રીત.

પહેલી રીત વ્યક્તિપ્રધાન છે ત્યારે બીજી રીત યોજનાપ્રધાન છે. અને આ કાંઈ એકલાં મંદિરોને જ લાગુ પડે છે તેમ નથી. જીવનની કોઈ પણ પ્રવૃત્તિમાં આપણે આ બે રીતની સંસ્થાઓ જોઇ શકીએ છીએ. વેપારમાં પુરુષપ્રધાન પેઢી અને યોજનાપ્રધાન પેઢી; સેવામંડળમાં ફક્કડપ્રધાન મંડળ અને યોજનાપ્રધાન મંડળ; શાળાઓમાં ફક્કડપ્રધાન શાળા અને યોજનાપ્રધાન શાળા; દવાખાનાંઓમાં વ્યક્તિપ્રધાન દવાખાનાં અને યોજનાપ્રધાન દવાખાનાં.

ફક્કડપ્રધાન સંસ્થા ફક્કડના ઊંડા આત્મામાંથી જન્મે છે અને ત્યાંથી જ પોષણ મેળવે છે. એ સંસ્થાનું અસ્તિત્વ અને સલામતી ફક્કડની નિષ્ઠામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. જે દિવસે ફક્કડ પોતે ફક્કડ મટી જાય અથવા તેની પાછળ બીજો ફક્કડ મૂકતો ન જાય તે દિવસે તેની લંગોટીમાંથી થયેલો વૈભવ ખેદાન-મેદાન થાય છે. પણ પેલો ફક્કડ એવો ચીકણો હોય છે કે એમ એ મરતો જ નથી.

યોજનાપ્રધાન સંસ્થા કોઇ દિવસ અંતરનું આકર્ષણ ઊભું કરતી જ નથી એટલે તેને મરવાપણું શું હોય? એ તો યોજના પ્રમાણે ધીમી ગતિથી ચાલે છે અને સદ્‌ભાગ્યે કોઇ દિવસ સારો આદમી મળી જાય તો ઘડીભર પ્રકાશ નાખી લે છે. છતાં યોજના કરનારા દૂરંદેશીવાળા લોકોના ડહાપણથી ઊભી થયેલી આખી સંસ્થા ઘણું લાંબું આયુષ્ય ભોગવે છે અને ધીમી ગતિથી પણ સ્થિર પગલે સમાજને લાભ કરે છે.

આપણાં છાત્રાલયોમાં પણ ફક્કડપ્રધાન છાત્રાલયો અને યોજનાપ્રધાન છાત્રાલયો એવા બે વિભાગ આપણે કરી શકીએ. જે માણસે છાત્રાલયના પ્રશ્નને પોતાના જીવનનો પ્રશ્ન માન્યો અને એને એ પ્રશ્નની પાછળ જે થોડુંઘણું પણ ગુમાવવા તૈયાર છે તે માણસ પોતે જે છાત્રાલય ઊભું કરે તે ફક્કડપ્રધાન છાત્રાલય કહેવાય. આવાં ફક્કડપ્રધાન છાત્રાલયો આપણે ત્યાં છે?

આપણાં છાત્રાલયો મોટે ભાગે યોજનાપ્રધાન છાત્રાલયો છે. આપણે ગૃહપતિઓ મોટે ભાગે કોઈએ કરેલી યોજનાનો અમલ કરવા માટે નીમાયેલા લોકો છીએ. આપણને પોતાને છાત્રાલયના પ્રશ્નનો સ્વતઃ શોખ હોય તો જુદી વાત છે; પરંતુ છાત્રાલય એ આપણું પોતાનું ફરજંદ ન હોય એટલે પોતાના ફરજંદ તરફ પિતાને જે લાગણી હોય તે આપણને ન હોય એ સ્વાભાવિક છે. વસ્તુસ્થિતિ આવી છે એટલે છાત્રાલયની સંસ્થાના ચાલકો આપણી પાસેથી ફક્કડના જેવી આશા રાખે અને આપણે તે સંતોષી ન શકીએ તેથી ભારે મનદુઃખ થાય છે, યોજના-પ્રધાન છાત્રાલયોમાં કોઇએ આવા ફક્કડોને માટે આશા રાખવી નકામી છે અને અયોગ્ય છે. ઘણી વાર એવી આશા રાખવાથી સારા ગૃહપતિ-ઓને અન્યાય પણ થઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોજનાપ્રધાન છાત્રાલયો ગૃહપતિ પાસેથી શી શી આશા રાખે ?

આટલી જ. યોજનામાં ગૃહપતિની જે ફરજ આંકી હોય તે ફરજમાં ગૃહપતિ કદિ ગાફલ ન રહે. આ ગૃહપતિ જેટલો પગાર ખાતો હોય તેની ભારોભાર કામ આપે. યોજનામાં પોતાની જે યોગ્યતા આંકી હોય તે મેળવવા નિરંતર પ્રયાસ કરે. યોજનામાં પોતાનું સ્થાન ન દેખાય તે દિવસે વિવેકથી ચાલતો થાય અને પોતાનાથી ચડિયાતા આદમીને માટે જગા કરે. યોજનામાં જેવું પોતાનું સ્થાન છે તેવું જ બીજાં તત્ત્વોનું પણ સ્થાન છે એમ અંતરથી સ્વીકારે પણ નાહક બીજાંઓને શીંગડે ન ચડાવે; પોતે યોજના માટે ત્યાં છે, યોજના પોતાને રાખવા માટે નથી એટલું ચોકખું સમજી લે.

આથી વધારે આશા કોઈથી કેમ રખાય ?

(૧૯૨૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવીન કેળવણી એટલે ?

આપણે હમણાં હમણાં નવીન કેળવણી અને કેળવણીની નવીન દૃષ્ટિની વાતો કરીએ છીએ અને છાત્રાલયના ગૃહપતિમાં આ નવીન દૃષ્ટિ આવે એવી અપેક્ષા પણ રાખીએ છીએ.

પણ કેટલાક ગૃહપતિઓને તો એમ જ લાગે છે કે "આ બધી શબ્દોની રમત છે. કેળવણી વળી નવીન શી ? દૃષ્ટિમાં નવીનતા શી હોય ? દુનિયામાં નવું કશું હોતું જ નથી." આ શબ્દબાજીમાંથી નીકળી આપણે આ નવીન કેળવણીના એક જ મુખ્ય લક્ષણને તપાસીએ અને પછી તેને નવીન કેળવણી કહેવી કે પ્રાચીન કેળવણી કહેવી તે સૌ સૌની મુખત્યારી પર છોડી દઇએ.

નવીન કેળવણીનું એક લક્ષણ એ કે તે વિદ્યાર્થીપ્રધાન છે. આપણી ઘણી શાળાઓ હજી આજે પણ વિષયપ્રધાન છે; આપણી શાળાઓમાં પરંપરાથી ચાલ્યા આવતા વિષયો વિદ્યાર્થીને રુચે ન રુચે તો પણ ભણવા જ પડે છે અને તે તે વિષયોના સારા અભ્યાસી ગ્રેજ્યુએટોને આપણે શિક્ષકો તરીકે પસંદ કરીએ છીએ. શાળાના વિષયો વિદ્યાર્થી માટે છે પણ વિદ્યાર્થી વિષયો માટે નથી એ વસ્તુ આપણા લક્ષમાં હોત તો તો આજે આપણે વિષયના જાણકારને શોધીએ તે પ્રમાણે વિદ્યાર્થીના જાણકારને શોધતા હોત. કુલીનચંદ્રને સંસ્કૃત શીખવવું હોય તો શિક્ષકને જેમ સંસ્કૃતનું જ્ઞાન જોઇએ તેમજ કુલનીચંદ્રનું પણ જ્ઞાન હોવું જોઇએ. પણ આજે આપણી નજર આ વાત પર નથી.

આપણી શાળાઓની માફક જ આપણાં છાત્રાલયો પણ વિષય-પ્રધાન છે, વિદ્યાર્થીપ્રધાન નથી. આપણા ગૃહપતિઓની લાયકાતમાં વિદ્યાર્થીને ઓળખવાની શક્તિનો સમાસ ક્યાં છે ? છાત્રાલયનો કોઠાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલાવી દઈએ, વિદ્યાર્થીઓને ઘરના પાઠો ફક્કડ કરાવી દઈએ ને સેક્રેટરીને રાજી રાખી શકીએ તો પછી વિદ્યાર્થીને ઓળખીએ છીએ કે નથી ઓળખતા એ કોણ જુએ છે? આપણાં છાત્રાલયોમાં કેન્દ્રસ્થાને આપણે ગૃહપતિઓ, કેન્દ્રસ્થાને સેક્રેટરી, કેન્દ્રસ્થાને રસોયો, કેન્દ્રસ્થાને ધર્મશિક્ષણ, કેન્દ્રસ્થાને સમયપત્રક, કેન્દ્રસ્થાને વાર્ષિક મેળાવડો, કેન્દ્રસ્થાને ડિસિપ્લીન; નહિ કેન્દ્રસ્થાને વિદ્યાર્થી. છાત્રાલયનું ખુદ અસ્તિત્વ વિદ્યાર્થીઓની કેળવણી માટે છે તો જેને માટે તે ઊભું થાય છે તેને જ કાં આપણે હડસેલી પાડીએ? છાત્રાલયના આખાયે વિચારમાં અને વ્યવહારમાં વિદ્યાર્થીને કેન્દ્રસ્થાન પર મૂકવો જોઈએ અને આપણે બધાએ એની આસપાસ ગોઠવાઈ જવું જોઈએ. છાત્રાલયમાં દરેક વસ્તુનો આંક આ વિદ્યાર્થીને લક્ષમાં રાખીને કઢાવો જોઈએ.

આથી કોઇ એમ માની ન લે કે છાત્રાલયમાં વિદ્યાર્થી કરે તે જ થાય અને વિદ્યાર્થીઓ જ છાત્રાલયમાં માતેલા થઈને ફરે. વિદ્યાર્થી કેન્દ્રસ્થાને એટલે આપણે તેનો અને તેના માનસનો વિચાર પહેલો કરવો. આપણે ગૃહપતિઓ છાત્રાલયમાં જે જે કરીએ કે વિચારીએ તે ખુદ વિદ્યાર્થી ઉપર શું પરિણામ લાવશે, વિદ્યાર્થીના અંતરને સારી વસ્તુ તરફ કેટલું અભિમુખ કરશે, તેની શક્તિમાં કેટલો વધારો કરશે, તેના જીવનમાં કેટલું જડાઇ જશે વગેરેનો વિચાર કરીને કરીએ તો બસ છે. આજે તો આપણને સારું લાગ્યું માટે વિદ્યાર્થીને સારું લાગવું જ જોઇએ એમ માનીને આપણે ચાલીએ છીએ અને વિદ્યાર્થીનો વિચાર સરખો કરતા નથી. આથી ખરી રીતે તો એમ બને છે કે આજે વિદ્યાર્થી શાળામાં કે છાત્રાલયમાં કેળવણી મેળવે છે તેના કરતાં બહારથી વધારે મેળવે છે અને શાળા છાત્રાલયોમાંથી છૂટીને હાશ કરે છે.

આ લક્ષણને મળતું જ અને તેની સાથે ગાઢ સંબંધ ધરાવતું નવીન કેળવણીનું બીજું લક્ષણ એ છે કે તેમાં વિદ્યાર્થીના વ્યક્તિત્વનો આદર હોય છે. વિદ્યાર્થી એક મીણનું પૂતળું કે કોરો કાગળ નથી અથવા તો જેમ વાળવું ધારીએ તેમ વાળી શકાય એવો પાતળો છોડ નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એક સ્વતંત્ર આત્મા છે, વ્યક્તિ છે, જીવતું પ્રાણી છે અને તેને પોતાના વિકાસના ખાસ નિયમો છે. દરેક વિદ્યાર્થી સ્વતંત્ર વ્યક્તિ છે, તે અનંત શક્તિઓને લઈને અવતરે છે અને પોતાની અમુક ચોક્કસ રીતે આગળ વધે છે. વિદ્યાર્થીના આ વ્યક્તિત્વનો વિચાર આપણી શાળાઓમાં તેમજ છાત્રાલયોમાં કયાં છે? આપણાં છાત્રાલયો તો સિપાહીઓનાં બરાકો છે. એક જ સમયપત્રક, એક જ ડ્રેસ, એક જ ડિસિપ્લીન, એક જ તાલીમ, બધાને માટે એક જ લશ્કરી ગોઠવણ. આપણી શાળાઓ જુદાં જુદાં વ્યક્તિત્વવાળા વિદ્યાર્થીઓને એક જ બીબામાં ઉતારે છે તેમ છાત્રાલયો પણ ઉતારવા મથે છે. આથી છાત્રાલયોમાં વ્યક્તિત્વનો હ્રાસ થાય છે અને માણસમાં જે કાંઈ માણસાઇ કે જોમ છે એ તો આ વ્યક્તિત્વનું છે. છાત્રાલયો ચલાવીને વિદ્યાર્થીઓના વ્યક્તિત્વને કચરી નાખી ફિક્કા પોચા નામર્દોને ઉત્પન્ન કરવા, તેના કરતાં શાળા છાત્રાલયો બંધ કરી ગમે તેવા જંગલી પણ વ્યક્તિત્વની છાપવાળા મર્દોને ઊભા થવા દેવા એ યોગ્ય નથી? આપણે છાત્રાલયોમાં દરેક વિદ્યાર્થીના વ્યક્તિત્વને સ્વીકારીએ, તેને આદર આપીએ, એ વ્યક્તિત્વને લક્ષમાં લઈ છાત્રાલયની વિવિધતામાં એકતા ઊભી કરીએ અને એ રીતે છાત્રાલયને જીવનના સંકોચનું સ્થાન બનાવવાને બદલે જીવનના વિકાસનું સ્થાન બનાવીએ,

નવીન કેળવણીનાં આ બે લક્ષણો આજે આપણે જોયાં. વળી કોઇ વાર બીજાં લક્ષણો જોશું.

(૧૯૨૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારિત્ર્ય

માબાપો જ્યારે પોતાના પુત્રને કેળવણીની કોઈ પણ સંસ્થામાં મૂકવા જાય છે ત્યારે પોતાના પુત્રનું ચારિત્ર્ય સારું થાય એવો મનોરથ સેવે છે. પણ એ જ પુત્રનું ચારિત્ર્ય જ્યારે તેમની પાસે મૂર્ત રૂપમાં ખડું થાય છે ત્યારે તેઓ ભડકે છે અને 'અમે માગતાં હતાં તે આ નહિ.' એમ મનને કહેવા લાગી જાય છે.

છાત્રાલયોના સંસ્થાપકો જ્યારે સંસ્થાની શરૂઆત કરે છે ત્યારે સંસ્થાના વિદ્યાર્થીઓ ધાર્મિકતા પરાયણ થાય એવો ભાવ રાખતા હોય છે, પણ એ વિદ્યાર્થીઓ જ્યારે સમાજના કોઈ પ્રચંડ અધર્મની સામે યુદ્ધ કરવા તૈયાર થાય છે ત્યારે આ સંચાલકો ગભરાઇ જાય છે અને વિદ્યાર્થીઓ ચારિત્ર્યહીન થતા જાય છે એવા બખાળા કાઢે છે.

વેપારીઓ પોતાના દીકરાઓને બોર્ડિંગોમાં મૂકે છે ત્યારે સંસ્થા પાસે તેમને માટે ચારિત્ર્ય માગે છે પણ એ જ દીકરાઓ જરા મોટા થઇને દુકાને બેસે ત્યારે ભાવતાલમાં ગોટાળા ન કરે તો 'ભણ્યા પણ ગણ્યા નહિ.' એમ કહી હાથ પછાડે છે.

'સરકારના નોકરો પોતાના પુત્રોને હાઇસ્કૂલો કે કૉલેજોમાં મૂકે ત્યારે તેમનામાં હિંમત, સત્ય, પ્રમાણિકતા વગેરે આવે એમ ઇચ્છે છે; પણ પુત્રો આ સદ્‌ગુણોનાં હથિયાર સરકાર સામે વાપરે ત્યારે બિચારા મૂંઝાઇ જાય છે.

બ્રાહ્મણ પોતાના પુત્રને નિશાળે મૂકે ત્યારે તેનામાં ધાર્મિકતા આવે એમ જરૂર ઇચ્છે છે પણ એ જ પુત્ર દુનિયામાં જ્યાં અધર્મ થતો હોય ત્યાં ઝંપલાવવા તૈયાર થાય ત્યારે બાપડો હબકી જાય છે અને તેના આડા હાથ ધરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા પોતાનો દીકરો તેજસ્વી થાય એમ સદૈવ માગે છે પણ એ જ દીકરો ખભા પરનું લીલું માથું ઉતારવા તૈયાર થાય ત્યારે આંસુ પાડે છે.

આ બધા ઉપરથી આપણે જોઈ શકીએ કે આજે આપણે જેને ચારિત્ર્ય ચારિત્ર્ય કહીએ છીએ તેના વિષેનો આપણો ખ્યાલ નિષ્ક્રિય ચારિત્ર્યનો અથવા તો નિર્વીર્ય ચારિત્ર્યનો છે. ચારિત્ર્ય પરિશ્રમ વિના આવનારી વસ્તુ નથી અને તેવો પરિશ્રમ ઉઠાવનાર માણસ નિર્વીર્ય રહી શકતો નથી એ આપણી સમજમાં ઉતરવું જોઇશે.

પ્રસંગે ધડ પરનું માથું સુદ્ધાંત ઉતારી દેવાની તૈયારી એ ચારિત્ર્યનો કળશ છે. આપણો આજનો ખ્યાલ તો બેઠાડુ લોકોના ચારિત્ર્યનો છે એટલે જાનમાલને ફના કરી નાખે એવું ચારિત્ર્ય આપણે જીરવી શકતા નથી. પણ આ ચારિત્ર્ય જ નથી. પ્રસંગ પડયે ડોકું ડૂલ કરી ન શકે તે ચારિત્ર્યવાન કહેવાય જ શી રીતે? ચારિત્ર્ય એ તો બળ છે અને તે બળ અંતરનું છે. આવા બળવાળો આદમી પોતાના જીવનની કિંમત સમજે છે અને જીવનના ત્યાગની કિંમત પણ સમજે છે. આ બન્નેની યથાર્થ તુલના અને બેમાંથી જેને પસંદ કરવાનો વખત આવે તેની નિર્ભયતાપૂર્વક પસંદગી એ ચારિત્ર્યની સાચી કસોટી છે.

(૧૯૩૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાત્રાલયો શું કરે ?

આપણાં આજનાં છાત્રાલયોમાં હજી માબાપો જોઇએ તેટલો રસ લેતાં નથી. કેટલાંક છાત્રાલયો તો વિદ્યાર્થીઓને ખાવાપીવાની સગવડ પૂરતાં જ ઊભાં થયાં છે, એટલે ત્યાં ખાવાપીવાનું કેવું મળે છે તે તપાસવા ઉપરાંત માબાપોને વધારે રસ ન હોય તે સમજી શકાય છે.

પણ કેટલાંક છાત્રાલયો તો કેળવણીની સંસ્થાઓ તરીકે ઊભાં થયાં છે. આવાં છાત્રાલયો વિદ્યાર્થીઓને નવીન ગૃહજીવન આપવાનો દાવો કરી શકે છે; સમાજમાં ગૃહજીવનના અનેક કોયડાઓનો કેળવણીની દૃષ્ટિથી ઉકેલ લાવવો તે આવાં છાત્રાલયોનું કામ હોય છે, અને એ જ એમના અસ્તિત્વનું પ્રેરક હોય છે. આવો દાવો, આજે ગુજરાતમાં કોઇ છાત્રાલય માટે કરી શકાય કે કેમ તે હું જાણતો નથી; આપણાં છાત્રાલયોનો મોટો ભાગ તો હજી રસોડાના પ્રશ્નોને વટાવીને બહાર નીકળ્યો છે કે કેમ તે પણ હું કહી શકતો નથી; ઊલટું આજ સુધીમાં હજી એક રસોડાનો પ્રશ્ન પણ બરાબર ઉકેલાયો નથી એમ કહેવાની હું હિંમત કરી શકું છું.

છતાંયે આવતી કાલનું શાસ્ત્રીય ઘર કેવું હોવું જોઇએ તેની ઝાંખી કરાવવાનો સારા છાત્રાલયો લોભ રાખે એમ હું જરૂર ઇચ્છું છું. છાત્રાલયનો મુખી આખાયે છાત્રાલયને કેળવણીની દૃષ્ટિથી ચલાવે અને ગૃહજીવનની અનેક ગૂંચોથી અકળાએલાં માબાપો એ ગૂંચો કેમ ઉકલે એટલું છાત્રાલય પાસેથી શીખી લે, ત્યારે જ છાત્રાલય સાચી કેળવણીની સંસ્થા કહેવાય.

આજ સુધી આપણાં છાત્રાલયો ધોકાપંથે ચાલ્યાં છે. છાત્રાલયમાં ચાલતી અનેક ક્રિયાઓ આપણે ચાલુ રિવાજ પ્રમાણે ચલાવે રાખીએ છીએ અને એ રીતે છાત્રાલય સમાજનું પ્રતિબિંબ બની રહે છે. આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાં જે બેદરકારીથી સાવરણી ફરે છે, તે જ બેદરકારીથી તે છાત્રાલયમાં ફરે છે; આપણાં ઘરોમાં આપણે જેમ ચોપડસ્નાન કરીએ છીએ તેમ જ છાત્રાલયમાં કરીએ છીએ; આપણી નાતોમાં જેમ રાડારાડ કરીએ છીએ તેમ છાત્રાલયમાં કરીએ છીએ. આપણે છાત્રાલયજીવનના આખા પ્રશ્નને કેળવણીની દૃષ્ટિથી વિચાર્યો જ નથી. વિચાર્યો હોત તો આપણો વિદ્યાર્થી સાવરણી વધારે સારી રીતે વાપરતો હોત અને વધારે સમજણપૂર્વક વાપરતો હોત; વિચાર્યો હોત તો આપણા વિદ્યાર્થીને વધારે સારી રીતે ન્હાતા આવડતું હોત; વિચાર્યો હોત તો આપણા છાત્રાલયમાં આપણે વધારે શાંતિથી જમતા થયા હોત.

અને આ પ્રમાણે આખાયે છાત્રાલયજીવનની નાની મોટી બાબતોમાં આપણે વિચાર કર્યો હોત તો સમાજનાં માબાપોને આપણે અમુક રીતે માર્ગદર્શક પણ થયા હોત.

સમાજના ઘરોમાં માબાપનું વિદ્યાર્થીઓના મનમાં જે સ્થાન છે તે આપણું નથી. માબાપ અને બાળકનો સ્વાભાવિક સ્નેહ જે કેટલાયે પ્રશ્નોનો ઉકેલ અનાયાસે આણી આપે છે તેનો લાભ આપણને નથી મળતો.

પણ બીજી બાજુ, આપણે આપણા જ્ઞાનથી વિદ્યાર્થીમાનસના અભ્યાસથી, આપણી શક્તિથી, માબાપોને ગૃહજીવનની technique(શાસ્ત્રીય રચના)માં આપણે ઘણું આપી શકીએ. આજે માબાપો પોતાનાં બાળકોના માનસને બિલકુલ જાણતાં નથી તેમ જાણવાનો પ્રયત્ન કરતાં નથી, તેને બદલે આપણે માબાપોને એ દિશામાં ઘણું શીખવી શકીએ, અને આવી ઓળખને અભાવે આજે માનવસમાજમાં જે અનેક જાતના પૂર્વગ્રહો બંધાયા જ કરે છે તેને ઓછા કરી શકીએ. માબાપ તેમ જ આપણે આજ સુધી એક ભૂલ કરતા આવ્યા છીએ; આજ સુધી આપણે કોઈએ બાળકનો કે જુવાનનો વિચાર કર્યો નથી, પણ આપણો જ વિચાર કર્યો છે; બાળકની કે જુવાનની દૃષ્ટિને સમજવાનો પ્રયત્ન કરવાને બદલે આપણે આપણી દૃષ્ટિ એ જ તેને માટે સારી છે એમ ઠસાવવાનો પ્રયત્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યાં છે; અને પરિણામે આપણા અંદરઅંદરના સંબંધો, આપણા આદર્શો, આપણા વિચારો એ બધામાં આપણે હિજરાઇ ગયા જેવા બન્યા છીએ.

આખું ગૃહજીવન આ પ્રમાણે કેળવણીની દૃષ્ટિથી ચલાવવું અને આજે જે જે ક્રિયાઓ માત્ર સ્થૂળ દૃષ્ટિથી કર્યા કરતા હોઇએ તે તે ક્રિયાઓને પણ આ નવી દૃષ્ટિથી સંસ્કારીને વધારે તેજસ્વી બનાવવી અને આ બધાને પરિણામે આખાયે જીવનને–જીવનની નાનામાં નાની નજીવી જણાતી ક્રિયાને સુદ્ધાંત ઉચ્ચ દૃષ્ટિથી જોતાં શીખી જવું, આટલું જો છાત્રાલય કરી શકે અને માબાપોની સાથે સંબંધમાં આવીને પોતે જે કરી શકે તેની સુવાસ માબાપો સુધી ફેલાવી શકે, ત્યારે છાત્રાલયો કેળવણીની સંસ્થા ગણી શકાય. છાત્રાલયના ગૃહપતિઓ આટલું નજરમાં રાખીને પોતે છાત્રાલય ચલાવે અને માબાપોને ઘર ચલાવવામાં દીવો ધરે તો ! છાત્રાલયો આટલું કરશે ?

(૧૯૩૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્તા અને જવાબદારી

નવીન કેળવણીને પ્રતાપે આજે આપણાં છાત્રાલયોમાં જુદી જુદી રીતે વિદ્યાર્થિમંડળો સ્થપાયાં છે અને સ્થપાતાં જાય છે એ આનંદની વાત છે. આખાયે છાત્રાલયના કારભારના વિદ્યાર્થીઓ ફક્ત ગૃહપતિનો હુકમ ઉઠાવવાર વ્યક્તિઓ નથી પરંતુ 'મારું છાત્રાલય' એ ભાવનાથી સક્રિય ભાગ લેનાર વ્યક્તિઓ છે અને હોવી જોઈએ એ આજે તો લગભગ બધા જ સ્વીકારે છે.

પરંતુ આ સ્વીકાર હજી જોઈએ તેટલો અંદરની ઊંડી માન્યતામાંથી આવ્યો નથી. કેળવણીના નવા વિચારોના પ્રવાહને વશ તો થવું જ પડે પણ વિચારોમાં પરિવર્તન થાય અને વશ થવાય એ એક વાત છે અને ઇચ્છા ન હોય છતાં નવા યુગમાં ટકવા માટે વશ થવું પડે એ બીજી વાત છે. આજે આપણાં છાત્રાલયમાં વિદ્યાર્થિમંડળો ચાલે છે તે આ પ્રમાણે આપણી અધૂરી ઇચ્છાથી કે અધૂરી સમજણથી તો નથી ચાલતાં?

સ્વાતંત્ર્યનો વિચાર કરીએ ત્યારે બે વસ્તુ એકી સાથે નજર આગળ ખડી થાય છે. જવાબદારી અને સત્તા. આજનાં વિદ્યાર્થીમંડળો ઊભાં થાય છે તેની પાછળ આપણે ગૃહપતિઓ એક હેતુથી ચાલીએ છીએ અને વિદ્યાર્થીઓ બીજા હેતુથી ચાલે છે. આપણે ગૃહપતિઓ વિદ્યાર્થી-મંડળ ચલાવીએ છીએ તેની પાછળ એવી વૃત્તિ છુપાઈ રહે છે કે ગૃહનો ભાર વિદ્યાર્થીઓ ઉપાડે તો આપણે ઓછી પંચાત. આ રીતે આપણે વિદ્યાર્થીઓને જવાબદાર બનાવવા માગીએ છીએ પણ સત્તા આપવા માગતા નથી. આથી ઊલટું વિદ્યાર્થીઓ આવું મંડળ રચે છે ત્યારે પોતાની સત્તાનો વિચાર કરે છે અને જવાબદારીનો ભાર ઘણો ઓછો કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરી રીતે, જવાબદારી અને જવાબદારીને પહોંચી વળવા માટે સત્તા એ બન્નેના સ્પષ્ટ ખ્યાલ સાથે વિદ્યાર્થિમંડળો ઊભાં થવાં જોઇએ. આપણે ગૃહપતિઓએ વિદ્યાર્થીઓને તેમની જવાબદારીનો ખ્યાલ આપીને એટલા પૂરતી સત્તા તેમને સોંપવી જોઇએ અને જ્યાં વિદ્યાર્થીઓ જવાબદારીને સમજી શકે તેમ ન હોય ત્યાં એ કાર્ય પોતાની જવાબદારીથી જ કરવું જોઇએ.

પણ જવાબદારી સોંપવી અને સત્તા ન સોંપવી એ કેમ ચાલે? જો વિદ્યાર્થીમંડળો ખરેખરી રીતે તાલીમ માટે જ છે તો જવાબદારી એ જેમ તાલીમ આપે છે તેમ જ સત્તા પણ તાલીમ આપે છે અને સત્તા વિનાની જવાબદારી તો માત્ર નકામી બંધનરૂપ છે.

આપણે ગૃહપતિઓ વિદ્યાર્થીઓની શક્તિનો વિચાર કરીને તેમને જવાબદારી તથા જવાબદારી પૂરતી સત્તા બન્ને આપીએ, અને આ બન્નેના યથાયોગ્ય વહનથી વિદ્યાર્થીઓને કેળવવાનો જે ફાળો આપણે આપવો હોય તે જરૂર આપીએ. આપણે એટલું તો સમજવું જ જોઇએ કે આપણી આપેલી જવાબદારી એ રમકડા જેવી ન થઇ જાય તેમ જ આપેલી સત્તા પણ રમકડાં જેવી થઈ ન જાય. બન્ને આપીએ ત્યારે મોકળે મને આપીએ અને તેનાં જે પરિણામો આવે તેથી ન આપણે ગભરાઇએ, ન વિદ્યાર્થીઓને ગભરાવા દઇએ. અલબત્ત. આપણને લાગે કે અમુક અમુક જવાબદારીઓ વિદ્યાર્થીઓની શક્તિ ઉપરાંતની છે તો તે આપીએ અને તેનાં પરિણામો માટે તૈયાર રહીએ.

વિદ્યાર્થીઓએ પોતે પણ આ વાતને સમજી લેવી જોઇએ. તેમણે પોતાની જવાબદારીનો પૂરો વિચાર કરવો જોઇએ અને સત્તા, જવાબદારીનો અમલ કરવા માટે છે, અમસ્તી નથી એ સમજી લેવું જોઇએ. ઉપરાંત પોતાનાથી બને તેટલી જ જવાબદારી લેવી અને જેમ જેમ શક્તિ જાય તેમ તેમ જવાબદારી વધારતા જવી એ વધારે યોગ્ય છે. પહેલેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ જવાબદારીનો મોટો ટોપલો માથે લેવો અને પછી પહોંચાય નહિ ત્યારે હાયવોય કરવી અને કામને ટલ્લે ચડાવવું એમ ન થવું જોઇએ.

આપણે આટલા પરથી જોઇ શકીએ કે છાત્રાલયમાં વિદ્યાર્થીમંડળ શરૂ કર્યું તેટલાથી જ છાત્રાલયનું કામ પૂરું થતું નથી. અને એ વિદ્યાર્થીમંડળ કેટલું સાચું છે, તેમાં વિદ્યાર્થીઓ માથે લીધેલાં કામો કેવી રીતે કરે છે, તેમની જવાબદારીની ભાવના કેટલી જીવતી છે, ગૃહપતિ અંદરથી વિદ્યાર્થીઓને કેટલી સાચી સત્તા આપે છે વગેરે અનેક કસોટીમાંથી વિદ્યાર્થીમંડળ પસાર થાય તો જ તે સાચું વિદ્યાર્થીમંડળ છે, નહિતર છાત્રાલયના કામકાજને માટે ગોઠવેલું વિદ્યાર્થીઓનું કંઇક છે.

(૧૯૩૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં જવું છે?

કેટલીક વાર સામાન્ય વ્યવહારમાં આપણે ઘેરથી બહાર જવા નીકળીએ છીએ ત્યારે ચોક્કસ ક્યાં જવું છે તે નક્કી ન હોવાથી કપડાંલત્તાં પહેરીને રસ્તા પર આવ્યા એટલે ઘડીભર રસ્તા પર થોભીએ છીએ, પછી વિચારમાં ને વિચારમાં એક બાજુ પગ માંડીએ છીએ, વળી બીજો વિચાર આવતાં દિશા બદલીએ છીએ, વળી પાછા નવી દિશા લઇએ છીએ, અને છેવટે પાનવાળાની દુકાને બેસી, પાનપટ્ટી ચડાવીને પાછા ઘેર આવીએ છીએ. આપણે ઘરની બહાર તો નીકળવું છે, ઘરની ચાર દીવાલોને છોડીને ખુલ્લી હવા લેવી છે તેમ જ પગને પણ મોકળો કરવો છે, પણ ક્યાં જવું છે તેનો ચોક્કસ ખ્યાલ બાંધ્યો નથી હોતો એટલે આમતેમ આંટા મારીને જ ઘેર આવીએ છીએ.

અને આ બધાને પરિણામે મનને સંતોષ આપતા હોઇએ તેમ બોલીએ છીએઃ "કાંઈ નહિ તો ભલા, એટલું ચાલ્યા એટલે કસરત તો થઇ."

આ તો સ્થૂળ દાખલો થયો. પણ આપણા જીવનવ્યવહારોમાં ઘણીયે નાની મોટી બાબતોમાં આપણે ક્યાં જવું છે અથવા તો શું કરવું છે તે અગાઉથી ચોક્કસ ન હોવાથી આપણે આ પ્રમાણે જ રખડીએ છીએ, અને છેવટે પગને થોડીક કસરત આપ્યાનો સંતોષ લઇએ છીએ.

આ વાત આપણાં ઘરોને અને છાત્રાલયોને લાગુ પડે છે. ઘરમાં સંખ્યા નાની હોય અને બધાં જ માણસો એક બીજાં સાથે જીવનમાં ગોઠવાઈ ગયાં હોય એટલે ક્યાં જવું છે એ નક્કી ન થયાનાં પરિણામો ખરા સ્વરૂપમાં દેખાતાં નથી, અથવા દેખાય છે તો ઘરતાં બીજાં તત્ત્વો તેને ગળી જાય છે, એમ પણ બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કેળવણીની કોઈ પણ સંસ્થામાં તો ક્યાં જવું છે એ ચોક્કસ ન હોય એટલે પારાવાર નુકસાન થાય છે. આપણે સાદામાં સાદી વાત લઈએ. કોઈ પણ શાળામાં કે છાત્રાલયમાં વિદ્યાર્થીઓને વાર્તા કહેવાની હોય. વાર્તા કહેવા જેવી સાધારણ વાતમાં પણ વાર્તામાં કહેનારે શું કહેવું, તે કેવી રીતે કહેવું છે, અને ક્યાં જવું છે એ નક્કી ન કર્યું હોય તો વાર્તામાં ગલિયાંતલિયાં કરવા પડે છે, બનાવોને ગમે તેમ ગોઠવી દેવા પડે છે અને આખી વાર્તા જે રીતે સાંભળનારના દિલમાં ઉઠાવવી જોઈએ તે રીતે ઉઠાવી શકાતી નથી; એટલે વાર્તા કહેવાની ક્રિયા કેળવણીની દૃષ્ટિથી સાવ નિરર્થક બને છે. જેવું વાર્તાનું તેવું જ બીજાં કાર્યોનું. આપણી આવી અચોકસાઈને લીધે જ આજે કેળવણીની શાળા મહાશાળાઓમાંથી વિદ્યાર્થીઓને રસ ઊડી ગયો છે અને સૌ કોઈને કેમ જાણે બધું જડ જેવું લાગ્યા કરે છે.

છાત્રાલયમાં આ 'ક્યાં જવું છે?' એ પ્રશ્ન વધારે મૂંઝવણ ઉત્પન્ન કરે છે; કારણ કે આપણે પોતે જ હજી 'ક્યાં જવું છે?' એ પ્રશ્નનો નિકાલ બાંધ્યો નથી હોતો. અને તેથી જ આજે ગૃહપતિઓ આખો દિવસ હેરાન હેરાન થાય છે છતાં કામને અંતે હતાશ થાય છે અને પગને કસરત આપ્યાનો સંતોષ મેળવે છે.

માટે 'ક્યાં જવું છે?' અને 'કેવી રીતે જવું છે?' એ પહેલેથી જ ચોક્કસ કરવાની જરૂર છે. કેળવણીના શબ્દોમાં બોલીએ તો આપણું ધ્યેય અને ધ્યેયને સિદ્ધ કરવાનાં સાધનો એ બન્ને બહુ જ કાળજી-પૂર્વક નક્કી થવાં જોઈએ. એ બે નક્કી થયા પછી તો તે સાધનોના ઉપયોગથી આપણે ચોક્કસ દિશામાં ચાલીએ એટલે ધ્યેયને પહોંચવાના જ છીએ એમાં શક નથી.

આપણે ગૃહપતિઓએ નાનામાં નાના કામથી માંડીને મોટા કાર્યમાં આ 'ક્યાં જવું છે' તેને નક્કી કરી નાખવું જોઈએ. 'ક્યાં જવું છે' એ નક્કી થયા વિના અને જ્યાં જવું છે ત્યાં ચોક્કસ કઈ રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવું છે તે નક્કી થયા વિના આજે આપણે ગોથાં ખાઈએ છીએ અને આ ગોથાંની મૂંઝવણને લીધે જ છાત્રાલયમાં તેમજ બહાર વિદ્યાર્થીઓ પર કે આપણી જાત પર રીસાયા કરીએ છીએ.

કોઈ કોઈ વાર આપણે જાણતા ન હોઈએ એવી રીતે ક્યાં જવું છે એ નક્કી થઈ ગયું હોય અને જવાનો માર્ગ પણ અનાયાસે નક્કી સૂઝી ગયો હોય, તો આપણને સંતોષ થઈ જાય છે. પણ અનાયાસે હાથ આવી પડેલો આ માર્ગ ફરી વાર એવા પ્રસંગમાં આપણને કામ આવતો નથી; કારણ કે તે અનાયાસે આવી પડ્યો છે; - આપણે જાતે તેને બુદ્ધિપૂર્વક નક્કી કર્યો નથી;

આપણો પ્રશ્ન તો એ છે કે આખાય છાત્રાલયજીવનને આપણે આ દૃષ્ટિથી તપાસી જવું અને 'ક્યાં જવું છે?' તથા 'કેવી રીતે જવું છે?' તે ચોકસાઈથી નક્કી કરી લેવું. કોઈ પણ કેળવણીની સંસ્થામાં આ આવશ્યક છે; જીવનમાં આ વિના માણસો હેરાન હેરાન થઈ જીવનને ખુવાર કરી નાખે છે.

બોલો,

"આપણે ક્યાં જવું છે?"

"આપણે કેવી રીતે જવું છે?"

અને આ પ્રશ્ન એકલા ગૃહપતિનો જ ક્યાં છે? આ પ્રશ્ન તો શિક્ષકનો પણ છે, ધર્મગુરુનો પણ છે, પિતાનો પણ છે, માતાનો પણ છે, વેપારીનો પણ છે, અમલદારનો પણ છે, રાજાનો પણ છે, ધંધાદારીનો પણ છે, વિદ્યાર્થીનો પણ છે; દરેક દરેક મનુષ્યનો છે.

(૧૯૩૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુરુપયોગ

કોઈપણ સારી વસ્તુનો દુરુપયોગ થયો એટલે એ સારી મટી જાય છે અને લાભને બદલે હાનિ કરે છે. આપણી કેટલીએક ધર્માદા પ્રવૃત્તિઓને માટે ઘણે અંશે આ સાચું છે. આપણા દેશમાં મુંબઇ જેવાં શહેરોમાં કેટલાંયે ધર્માદા દવાખાનાં છે, કેટલીયે ધર્માદા ઈસ્પીતાલો છે; કેટલાયે ધર્માદા ફંડો છે. આ દવાખાનાંઓ, ઇસ્પીતાલો અને ફંડો સ્થપાતી વખતે તેના સ્થાપકોના મનમાં એક જ પ્રધાન ઉદ્દેશ અને તે એ કે આ દવાખાનાંઓ, ઈસ્પીતાલો અને ફંડોનો લાભ લોકોને મળે.

પણ આજે શું બને છે? ધર્માદા દવાખાનાંના વૈદો ગરીબોની દવા કરવામાં જ રોકાય છે? ધર્માદા ઇસ્પીતાલો આજે કાકા મામાની બની ગઇ નથી? ધર્માદા ફંડોનો લાભ ગરીબોને જ મળે છે? ખરી રીતે બોલીએ તો ધર્માદા દવાખાનાંઓમાં ગરીબોને માટે ઓછું સ્થાન છે, ધર્માદા ઇસ્પીતાલોના ખાટલાઓમાં ગરીબો ભાગ્યે જ સૂએ છે અને ધર્માદા ફંડનો પૈસો ક્યાં વપરાય છે તેનો પત્તો મેળવવો મુશ્કેલ હોય છે.

આમાં દોષ ઘણા લોકોનો છે. પણ આપણે તો જે ભાઇઓ પોતે ગરીબ નથી, છતાં ગરીબોનાં આવાં ખાતાંઓનો લાભ લે છે તેમને ઉદ્દેશીને બોલીએ. ગરીબ ન હોય તેવા લોકો એ ગરીબોનાં દવાખાનાંનો લાભ લેતા બંધ થાય તોજ ગરીબોને માટે સ્થાન રહે. એ જ પ્રમાણે આપણી બોર્ડીંગોમાં, આપણી શાળાઓમાં અને આપણી કોલેજમાં પણ બને છે. બોર્ડીંગોમાં માફી વિદ્યાર્થીઓને માટે અમુક સ્થાન હોય છે. પણ આપણા આજના સંયોગોમાં એ સ્થાન પર કાકા મામાનો દીકરો આવી જાય છે અને ગરીબ માર્યો જાય છે. શાળા કોલેજોમાં ગરીબોને પુસ્તકો આપવાની યોજનાઓ હોય છે તેનો લાભ પણ ઘણીવાર ગરીબોને નથી મળતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આજે શિષ્યવૃત્તિઓ અને બીજી દ્રવ્યની મદદ લેનારા વિદ્યાર્થીઓ તમે જુઓ તો તેમના જીવનમાં કયાંય તમને ગરીબીની છાયા સરખી નહિ દેખાય. ઊલટું બીજા વિદ્યાર્થીઓના કરતાં તેમના દેહ પર આપણે પૈસાનો ચમકારો વધારે દેખશું.

આપણા દેશમાં એક દિવસ એવો હતો કે બીજાની એક પાઈ પણ વાપરતાં માણસ સંકોચ પામતો અને બીજાના આશ્રયથી જીવન ચલાવવામાં માણસ આંચકો ખાતો. આપણા દેશમાં બોર્ડીંગો જ્યારે પહેલી શરૂ થઈ ત્યારે લોકો પોતાના છોકરાઓને ત્યાં મોકલતાં શરમાતા. આવી શરમની પાછળ અમુક ભાવ હતો. આજે આવી શરમ આપણે ગુમાવી છે, અને બીજાનું મળે ત્યાં સુધી ઘરનું ન કાઢવું એવી અધમ ભાવના કેમ જાણે આપણને સદી ગઈ છે.

આથી કરીને આજે આપણી કેળવણીની સંસ્થાઓમાં માફી વિદ્યાર્થીઓને ભારે મોટું નુકશાન થઈ રહ્યું છે. જે વિદ્યાર્થીઓ પોતાના ખાનગી ખર્ચમાં જરાય વિચાર કરતા નથી તે પોતે બીજાના પૈસાથી ભણવામાં કેટલો આડંબર ધરાવે છે તેનો વિચાર તેમણે પોતે કરવો ઘટે છે, અને તેમના માબાપોએ પણ કરવો ઘટે છે. આજે તો આવા માફી વિદ્યાર્થીઓને ફી લવાજમ વગેરેનો બચાવ થાય છે એટલે અંગત ખર્ચમાં તેઓ વધારે શોખથી રહે છે અને માફી વિદ્યાર્થી તરીકેનો પોતાને જે એક પ્રકારનો કાંટો હોવો જોઈએ તે ગુમાવી બેસે છે.

અલબત્ત કેળવણી એટલે માત્ર ચોપડીઓનું ભણતર જ હોય તો જુદી વાત. નહિતર તો આવા વિદ્યાર્થીઓની કેળવણીમાં એક મોટામાં મોટું નુકસાન થાય છે, અને તે આવી મનોવૃત્તિનું.

જ્યાં જ્યાં કેળવણીની સંસ્થાઓમાં આવા લાભો અપાતા હોય અને લેવાતા હોય ત્યાં ત્યાં વિદ્યાર્થીઓની અને વધારે તો માબાપોની ફરજ છે કે પોતાની આર્થિક સ્થિતિ સારી હોય તો નબળી સ્થિતિવાળાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભ પોતે હરગીજ ન લેવો, અને પોતાનો પુત્ર બોર્ડીંગના જે લાભ લેતો હોય તેના બદલ પૂરતું દ્રવ્ય તો આપી જ છૂટવું.

પોતાના ખાનગી જીવનમાં લખલૂટ દ્રવ્ય ખર્ચનાર શેઠ કોઈ દેવ-મંદિરે જઈને પાઈ પૈસો પણ ન ધરે તો તે જેમ વિત્તશાઠ્ય છે, તેમ કેળવણીની સંસ્થાઓમાંથી પોતે જે લાભ ઉઠાવતા હોય તેનો પોતાથી બનતો બદલો દ્રવ્યથી ન વાળવો એ પણ એક સૂક્ષ્મ પ્રકારનું વિત્તશાઠ્ય છે.

આપણને-વિદ્યાર્થીઓને અને માબાપોને પ્રભુ આ વિત્તશાઠ્યમાંથી બચાવો.

(૧૯૩૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાશ્રય

એક દિવસ આપણાં ઘરોમાં એવી માન્યતા હતી કે જે ભણે તે કામ ન કરે. આ વસ્તુને સૌ સ્વીકારી લેતાં એટલું જ નહિ પણ ભણે તે કામ ન કરે તો જ વધારે યોગ્ય છે એમ પણ મનાતું. તે દિવસે ભણતર એ મોટાનું કામ અને ઘરકામ એ નકામાનું કામ એમ પણ મનાતું. આ માન્યતા હજી કેવળ નાબૂદ થઇ હોય એમ જણાતું નથી.

ઘરની આ પ્રથા કેળવણીમાં દાખલ થઇ અથવા તો અંગ્રેજી કેળવણી મારફત જ આ પ્રથા આપણા ઘરોમાં દાખલ થઈ. એટલે ભણતર અને જીવન એ બે કેમ જાણે જુદાં જુદાં હોય એમ હજી આજે પણ મનાય છે. આ માન્યતાને પરિણામે જ આપણાં ઘરોમાં પુરુષોએ ભણવાનું રાખ્યું છે અને સ્ત્રીઓએ ઘરકામ રાખ્યું છે એમ દેખાય છે. આ માન્યતાને લીધે જ હજી આજે પણ કોઈ કોઈ વાર બી. એ.માં અભ્યાસ કરતો મોટોભાઈ પોતાના નાના ભાંડુને માંદગીમાં પણ નથી સંભાળતો.

આ માન્યતાના ચેપમાંથી આપણાં છાત્રાલયો હજી મુક્ત નથી થયાં. આપણાં છાત્રાલયો આ ભણતરના સકંજામાં એવાં સપડાયાં છે કે છાત્રાલયનું કામ કરવું એ વિદ્યાર્થીઓને અને ગૃહપતિઓને પોતાને હલકું લાગે છે.

અલબત્ત, કેટલાંએક છાત્રાલયો પોતાની ગરીબીને કારણે સ્વાશ્રયના બહાના હેઠળ થોડુંએક કામ વિદ્યાર્થીઓ પાસે કરાવે છે, પરંતુ એ કામ ન હોય તો વધારે સારું એવી માન્યતા તો ત્યાં પણ હોય છે.

આ માન્યતાનો પડદો પૂરેપૂરો ચીરવાની જરૂર છે. વિદ્યાર્થીઓ છાત્રાલયનું ઘણું કામ પોતે જાતે જ કરે એ યોગ્ય છે એમ જ નહિ પણ તદ્દન આવશ્યક છે. વિદ્યાર્થીઓની મર્યાદાની બહારનાં કામો તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન કરે તે સમજી શકાય તેવું છે. જ્યાં મોટા સમૂહનો પ્રશ્ન હોય ત્યાં કેટલાંએક કામો બીજા પાસે કરાવવાં પડે એ પણ સમજી શકાય તેવું છે, પણ બાકી તો પોતાનાં કામ પોતે જાતે કરવાં એ મનુષ્યનો એક પ્રકારનો જન્મસિદ્ધ હક્ક છે; અને તે હક્કને જો ગૃહપતિ છીનવી લે તો વિદ્યાર્થીઓએ તે હક્કને પાછો મેળવવા મહેનત કરવી જોઇએ.

છાત્રાલયનાં કેટલાંય નાનાં મોટાં કામો જેવાં કે શાક સમારવું, પાણી ભરવું, ધૂપ કરવો, કપડાં ધોવાં, ચોક સાફ કરવો, વાસીદું વાળવું, છાશ કરવી, શાક ઉગાડવું, માંદાની ચાકરી કરવી, પીરસવું વગેરે વિદ્યાર્થીઓએ જાતે જ કરવાં જોઇએ; અને એ રીતે મળતી મહામૂલી કેળવણીને કદી જતી ન કરવી જોઇએ.

જે વિદ્યાર્થીઓ આવી કેળવણીથી વિમુખ રહે છે તેઓ જીવનભર અપંગ રહેવાના છે. નાની ઉંમરે જાણી જોઈને વહોરી લીધેલી આ અપંગતા જીવનભર કેવી સાલે છે એ તો અનુભવીઓ જ જાણે છે!

(૧૯૩૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વમાન

આજે આપણામાં સ્વમાનનું એક ધોરણ તો ચાલુ છે. આપણને બીજો કોઇ સતાવે, મારે, ન કહેવા યોગ્ય શબ્દો કહે, મહેણું મારે કે એવું કાંઈ કહે ત્યારે આપણને એમાં માનભંગ લાગે છે અને આ માનભંગને આપણે મનમાં દાબી ન રાખતાં તેને શબ્દોથી વ્યક્ત કરીએ છીએ. "અમે માનભંગ સહન કરવા તૈયાર નથી." એમ તેને ચોખ્ખું જણાવીએ છીએ અને ફરીથી એવો માનભંગ કરી ન શકે એવાં પગલાં લઇએ છીએ. આ એક રીતે આપણી નિર્ભયતા દેખાડે છે. માનવજીવનમાં એ ઘણી જરૂરી વસ્તુ છે. માણસ જ્યારે આવા નાના મોટા માનભંગને પાછા હઠાવતો જાય છે ત્યારે તેના જીવનમાં સ્વાતંત્ર્યની ખુમારી દેખાય છે અને પોતાના ધડ પર ટટાર માથું લઇને તે ફરે છે.

પણ આ તો માનભંગનું બાહ્યધોરણ થયું. સમાજમાં બીજા માણસો આપણને યોગ્ય રીતે બોલાવે ચલાવે એ માનનું બહારનું ધોરણ કહેવાય. બીજાઓ આપણી સામેનો પોતાનો તમામ વ્યવહાર સભ્યતાનો રાખે એમ માનવાનો આપણને સંપૂર્ણ હક્ક છે, અને એ રીતે સ્વમાન જાળવવાની આ રીતને આપણે આવકાર આપીએ જ.

પણ સ્વમાનની એક બીજી બાજુ પણ છે. અને એ બાજુ આનાં કરતાં યે ઉપયોગી છે. માણસ જેમ બીજા સાથેના વ્યવહારમાં સ્વમાન માગે છે તેમ તેણે પોતે પોતાના અંતર પાસેથી સ્વમાન માગવું ઘટે છે. સ્વમાનનું બાહ્યધોરણ તો છે જ પણ આંતરધોરણ પણ ઊભું થવું જ જોઇએ, અને આવા આંતરધોરણ વિના જે એકલા બાહ્યધોરણ પર મુસ્તાક રહેવા મથે છે તે ખત્તા ખાવાનો છે.

આ આંતરધોરણ એટલે 'અમુક શબ્દ મારાથી ન જ બોલાય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમુક ખરાબ વિચાર તો મારાથી ન જ થાય, અમુક ખરાબ કામ તો હું ન જ કરું' એવી ઊંડી અંતરની માન્યતા. આવી ચોક્કસ માન્યતાઓ અંતઃકરણને એક પ્રકારનું બળ આપે છે. અને જેનામાં આવું સાધારણ બળ પણ ન હોય તેને આખી દુનિયા માન આપે તો પણ તેનો કશો અર્થ નથી. જે માણસે પોતાના આંતરજીવનનું અમુક ચોક્કસ ધોરણ નક્કી નથી કર્યું અને જેણે જીવનની અમુક જાતની ઉચ્ચતાને માટે આગ્રહ નથી રાખ્યો તેનું અંતઃકરણ જ એવું નિર્બળ બની જાય છે કે બાહ્ય સ્વમાન માટેનો તેને આગ્રહ ઓછો જાગે છે અને જાગે છે ત્યારે સમાજ એ આગ્રહને નમતો નથી.

એટલે વાત તો સાચી એમ છે કે જેનું આંતર સ્વમાનનું ધોરણ વધારે કડક છે, જે બીજાની પાસેથી માન માગતા પહેલાં પોતાની નાની શી જાત પાસેથી તો વધારેમાં વધારે સ્વમાન અને પાવિત્ર્ય માગે છે, તેનો માનભંગ કરવાની દુનિયામાં કોઇની તાકાત નથી.

(૧૯૩૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાર્મિક કેળવણીની વિચારણા

આપણાં ઘરોમાં તેમજ કેળવણીની સંસ્થાઓમાં જ્યારે આપણે ધાર્મિક કેળવણીની વિચારણા કરીએ છીએ ત્યારે આપણને લાગે છે કે બાળકોને તેમજ મોટી ઉંમરના વિદ્યાર્થીઓને સાચી કેળવણી આપવી હોય તો તેમને ધાર્મિક વાતાવરણમાં મૂકવા જોઇએ. એક દિવસ એવો હતો કે જ્યારે ધાર્મિક કેળવણી આપવા માટે આપણે બાળકોને તેમજ વિદ્યાર્થીઓને ધર્મની ક્રિયાઓ કરવામાં રોકતા, અને એ ક્રિયાઓમાં ભાગ ન લે તેને નાસ્તિક કહી ફેંકી દેતા. આજે એટલું તો સૌને સમજાયું છે કે માત્ર ધાર્મિક ક્રિયાઓ કરવાથી ધાર્મિકતા આવતી નથી. ધાર્મિકતા એ તો અનેરી વસ્તુ છે. અને ધાર્મિક ક્રિયાઓ કરતા છતાં માણસ કેવળ અધર્મી કોઇ શકે છે. એક રીતે કહીએ તો ધર્મ વિષેનો આપણો ખ્યાલ એટલો બદલાયો છે. જે ધર્મક્રિયા, ક્રિયા કરનારના અંતરને સ્પર્શ કરતી નથી અને તેથી જે ક્રિયા શરીરના કોઇપણ નાના મોટાં ભાગની એક પ્રકારની કસરત જ છે, તે ધાર્મિકતા શી રીતે ઉપજાવે? આજ સુધી આપણે આવી આવી ક્રિયાઓ કરવામાં જ ધર્મ સમાએલો છે એમ સમજ્યા અને આપણા છાત્રાલયોમાં તેમજ ઘરોમાં એ પ્રમાણે ચાલ્યા.

આજે આપણે જોઈએ છીએ કે ધાર્મિકતા એ અંતરની વસ્તુ છે. એ ઉત્પન્ન કરવા માટે તો આપણે ધાર્મિકતાનું વાતાવરણ ઊભું કરવું જોઇએ.

આ વાતાવરણ એટલે શું?

વાતાવરણ એવી વસ્તુ છે કે વિદ્યાર્થી એ વાતાવરણની હવા લે એટલાથી જ તેનામાં ધાર્મિકતા સ્ફુરવા લાગે. આપણે એને જ ધાર્મિક વાતાવરણ કહીએ કે જ્યાં રહીને વિદ્યાર્થી આપોઆપ ધાર્મિકતા આચ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતો થઈ જાય. તેને હવામાંથી જ ધાર્મિકતાનું પોષણ મળ્યા કરે. આવું વાતાવરણ હમેશાં ચેપી હોય છે. એટલે ચેપ લાગ્યા વિના રહેતો જ નથી.

આ વાતાવરણ ઊભું કરવામાં મુખ્ય બાબત આસપાસના માણસોની છે. સાચું અથવા તો ખરાબ વાતાવરણ ઊભું કરવામાં આસપાસના મનુષ્યોનો જ મોટો હિસ્સો હોય છે. ઘરનાં માણસો ધાર્મિકતાભર્યાં હોય તો બાળકોને આ વાતાવરણમાં સહેજે ધાર્મિકતા મળી રહેવાની. છાત્રાલયના મુખ્ય કાર્યકર્તાઓમાં ધર્મભાવના જાગ્રત હશે તો આખાંયે છાત્રાલયમાં અનાયાસે ધર્મભાવના જાગવાની અને વિદ્યાર્થીઓ એ ભાવનાને જાણ્યે અજાણ્યે પણ પકડવાના. આવું વાતાવરણ જમાવવામાં આસપાસનાં કુદરતી દૃશ્યો, ધૂપ, દીપ, સંગીત વગેરે પણ ઉપયોગી છે. ઉપર જણાવ્યું તેવું માનવતત્ત્વ એ વાતાવરણમાં જેટલું ઉપયોગી છે તેટલા આ બાહ્ય સાધનો ઉપયોગી નથી. માબાપ ધાર્મિકતાભર્યાં હોય તો ઘરમાં બીજી સામગ્રી નહિ હોય તો ધાર્મિક વાતાવરણ જાગશે. ગૃહપતિ ધર્મભાવનાશૂન્ય હોય તો ગમે તેટલા ધૂપદીપ લાવશો તોપણ વાતાવરણ ઊભું થવાનું નથી, અને ધાર્મિકતા જાગવાની નથી.

એટલે જે ભાઈઓ નવીન કેળવણીના સિદ્ધાન્તો પ્રમાણે વાતાવરણમાં માનતા હોય તેમનો ધર્મ છે કે વાતાવરણ ઊભું કરે તેવા માણસોને તેમણે એકઠા કરવા. છાત્રાલયમાં ધાર્મિકતા ઊભી કરવી હોય તો ધાર્મિક મનોવૃત્તિવાળા સાધુસંતોને ત્યાં લાવવા અને વિદ્યાર્થીઓને તેમનો પાસ આપવો.

અને જેવું ધાર્મિકતાનું તેવું જ બીજી ઘણી બાબતોનું. તમારે કસરતનું વાતાવરણ ઊભું કરવું હોય, તો કસરતના બાહ્ય સાધનો તો ગોઠવવાંજ પણ કસરતમાં ખરો રસ લેનારા થોડા આદમીઓને લાવો અને વાતાવરણ જામ્યું જ છે. તમારે કાંતવાનું વાતાવરણ ઊભું કરવું હોય તો કાંતવામાં શ્રદ્ધા રાખવાવાળા થોડાએક ભાઈબહેનોને વસાવો અને વાતાવારણ આવ્યું જ છે. તમારે જે પ્રકારનું વાતાવરણ ઊભું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવું હોય તે પ્રકારની શ્રદ્ધાવાળા માણસો લાવો એટલે વાતાવરણ ઊભું થયું સમજો.

એટલું છે કે આ લોકોને વાતાવરણ જમાવવા માટે બાહ્ય સાધનોની જરૂર રહે છે. પછી તો બાહ્ય સાધનો આ લોકો પોતેજ ઊભાં કરે છે. અને એ બાહ્ય સાધનો તેમની હાજરીથી કોઈ જુદું જ રૂપ પકડે છે. આવાં બાહ્ય સાધનો જાતે માત્ર સ્થૂલ હોવાં છતાં આ લોકોનાં જીવનથી તેમાં પ્રાણ આવે છે. અને અમસ્તાં નિર્જીવ જેવાં આ સાધનો પણ વાતાવરણમાં સારૂં એવું સ્થાન લઇ લે છે.

વાતાવરણ ઊભું કરવું એટલું આપણું કામ છે. વાતાવરણ માનવીના અંતઃકરણ પર ક્યારે અને કેવી અસર કરે છે તે આજે આપણે નથી જોતા.

(૧૯૩૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાત્રાલયનું ઋણ

આપણાં છાત્રાલયોના સંચાલકોની એક મોટી ફરિયાદ એવી છે કે વિદ્યાર્થીઓ છાત્રાલય છોડ્યા પછી તેની સામે પણ જોતા નથી, તો પછી મદદ કરવાની તો વાત જ શી કરવી?

આ ફરિયાદમાં ઘણું વજુદ છે. અને આ ફરિયાદનો તો વિચાર વિદ્યાર્થી વર્ગે કરવો ઘટે છે, તેટલો જ છાત્રાલયના સંચાલકવર્ગે પણ કરવો ઘટે છે.

એક દિવસ એવો હતો કે જ્યારે આપણા નાતના છાત્રાલયોમાં નાતના લોકો પોતાનાં બાળકો મોકલતા નહિ. ત્યારે નાતના લોકોને સમજાવવા પડતા. એક દિવસ એવો હતો કે જ્યારે પોતાના દિકરાને બોર્ડિંગમાં મૂકવો એ એક જાતનું લાંછન જેવું મનાતું. એક દિવસ એવો હતો કે જ્યારે છોકરાને બોર્ડિંગમાં મૂકવા માટે લોકો પર સમાજનું દબાણ કરવું પડતું. આ બધાંની પાછળ બીજાં અનેક કારણો હશે, પણ એક માન્યતા તો ચોકસ એ હતી કે પારકો પૈસો આપણે કે આપણો છોકરો શી રીતે ખાય? પારકા પૈસાથી વધારે ભણવું તેના કરતાં પોતાના પરસેવાના પૈસાથી ભણાય તેટલું ભણવું, એવી નાની શી ભાવના એની પાછળ હતી. એ દિવસોમાં બીજાના પર બને તેટલા વધારે ઉપકાર કરવા અને પોતે બીજાના નકામા આભારમાં ન આવવું એવી સામાન્યવૃત્તિ સમાજમાં હતી. તેથી જ કોઈનો આપણા પર ઉપકાર હોય તો સામો ઉપકાર હું ક્યારે કરવા ભાગ્યશાળી થાઉં એવી દરેક મનુષ્યની ભાવના રહેતી. આ બધું આજે આપણામાંથી ઓસરી ગયું છે. જે સમાજમાં પ્રબળ માન્યતા એવી હતી કે બાપદાદાએ ઉછીના લીધેલા પૈસા ચોથી પેઢીએ પણ દીકરો આપે ત્યારે જ આખા કુટુંબને જંપ વળે. જે સમાજમાં માણસ દીવાળું કાઢે તો જીવનભર સમાજને પોતાનું મોં ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવે તે સમાજમાં આપણે ખરી ભીડમાં લીધેલા પૈસા પણ પાછા આપતા નથી. અને હસતે ચહેરે દિલગીરી જાહેર કરીને તરત મોટરમાં બેસી સીનેમામાં ચાલ્યા જઈએ છીએ. પારકે પૈસે તાગડધીન્ના કરવા એ આપણા સમાજને આજે રોગ લાગુ પડયો છે. અને આપણા હાડ હરામના થયાં છે. સમાજના આ રોગનું અચ્છું પ્રતિબિમ્બ આપણને છાત્રાલયના વિદ્યાર્થીઓમાં દેખાય છે. છાત્રાલયમાંથી જેટલું બને તેટલું વધારે ખેંચી લેવું. છાત્રાલયનો વગર પૈસે બને તેટલો વધારે લાભ લઇ લેવો. છાત્રાલયની ફી ભરવાની હોય તો ઓછામાં ઓછી ફી કઇ રીતે ભરાય અને વધારેમાં વધારે શી રીતે ખાટી જવાય આ પ્રકારની હરામ વૃત્તિ આપણે કેટલાય છાત્રાલયોના છાત્રોમાં, માબાપોમાં આજે જોઇએ છીએ.

વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહે છે એટલા તેઓ છાત્રાલયના ઋણી છે, અને એ ઋણ અદા ન કરે ત્યાં સુધી તેઓ જીવનમાં દેવાદાર જ રહ્યા છે; આવું દેવું અદા કરવાની, અને દેવું અદા ન થાય ત્યાં સુધી ઊંઘ ન આવે એવી વૃત્તિ વિદ્યાર્થીઓએ કેળવવી જોઇએ. એવી વૃત્તિને કેળવવામાં જ સાચી વિદ્યા છે, અને એમાં જ જીવનની સફળતા છે. જે છાત્રાલયનો લાભ ઉઠાવીને આપણે જીવનમાં સંસ્કારો ભર્યા, તે છાત્રાલયમાં આપણા બીજા ભાઇઓને પણ એવો જ લાભ મળે એવું કરવું એ આપણી ફરજ છે. આવી ફરજમાં વિદ્યાર્થીઓ બેદરકાર હોય તો તે ક્ષંતવ્ય નથી. સમાજના પૈસાથી આવા બેદરકાર વિદ્યાર્થીઓને જ પકવવાના હોય તો તો બહેતર છે કે સમાજ એ પૈસા મોટા કૂવામાં નાખી દે, એટલે વિદ્યાર્થીઓનાં જીવન તો પાયમાલ થતાં અટકે ! વિદ્યાર્થીઓએ પોતાના પક્ષે આ બાબત ગંભીરતાથી વિચારવાની રહે છે. અને પોતાના પર થયેલ ઉપકારોનો બદલો વાળ્યા વિના આપણને ચેન ન વળે એટલી ઉગ્રતા મનમાં લાવવી ઘટે છે. આપણે પૂર્વના લોકોએ તો કૃતજ્ઞતાના ગુણને મોટું સ્થાન આપ્યું છે. આજે આપણે બીજાનું મળે ત્યાં સુધી પોતાનું ન વાપરવું એવી હરામિયત કોણ જાણે ક્યાંથી મેળવી છે ? અને આવી હરામિયત જ આપણને આજે અધોગતિએ પહોંચાડી રહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આપણે વિદ્યાર્થીઓ એમાંથી જેટલા વહેલા બચીએ તેટલો આપણને પોતાને લાભ છે.

આટલું તો વિદ્યાર્થીઓ માટે.

પણ સાથેસાથે છાત્રાલયના સંચાલકોએ પણ ઘણું ઘણું વિચારવાનું રહે છે. આ વિષે આપણે હવે પછી વિચાર કરીશું.

(૧૯૩૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનની નવી દૃષ્ટિ

જેને આપણે આપણી શાળાઓમાં તેમ જ છાત્રાલયોમાં નવીન કેળવણી કહીએ છીએ તે ખરી રીતે તો જીવનની એક નવીન દૃષ્ટિ છે. જે લોકો એમ સમજે છે કે નવીન કેળવણી એટલે વિદ્યાર્થીઓને મારવા નહિ અને તેમને માનભર્યા શબ્દોથી બોલાવવા, તે લોકોએ નવીન કેળવણીને ઓળખી નથી. વિદ્યાર્થીઓને મારવા નહિ, તેમને માનભર્યા શબ્દોથી બોલાવવા, એ આ નવીન કેળવણીમાંથી નીપજતી વસ્તુઓ છે ખરી; પણ નવીન કેળવણી એટલાથી પૂરી થતી નથી. નવીન કેળવણી એ તો સમગ્ર માનવજીવન પરની નવીન દૃષ્ટિ છે. અને તેથી જ ફક્ત એક બે બાહ્ય ક્રિયાઓ આપણે કરી લીધી તેથી નવીન કેળવણી આવતી નથી. આપણા આજનાં રાષ્ટ્રિય જીવનમાં પણ કોઇ પણ માત્ર ખાદી પહેરે એટલાથી તેનામાં રાષ્ટ્રની નવી દૃષ્ટિ આવી છે એમ આપણે નહિ કહીએ. આપણા સાધારણ અભણ લોકો પણ સમજે છે કે માણસ ખાદી પહેરે અને ખોટું બોલે તો તે ખાદીને લજવે છે. આજે રાષ્ટ્ર જીવનમાં ખાદીનો પોષાક નવીન રાષ્ટ્રદૃષ્ટિનું પ્રતીક છે; અને એ નવીન દૃષ્ટિ જીવનમાં દરેક અંગઉપાંગોમાં સોંસરી ઉતરી જાય ત્યારે જ તે યથાર્થ છે. એ જ પ્રમાણે એક શિક્ષક કે એક ગૃહપતિ માત્ર વિદ્યાર્થીને સજા ન કરે એટલાથી જ તે નવીન કેળવણીનો આદમી છે એમ કહી ન શકાય. હા, એ એક વાત પૂરતો તેણે નવીન કેળવણીનો સાથ આપ્યો એટલું આપણે કહી શકીએ ખરા.

આ નવીન કેળવણી, જીવનની આ નવીન દૃષ્ટિ, એ આધ્યાત્મિક વસ્તુ છે. માનવ આત્મા જગતની મોંઘામાં મોંઘી ચીજ છે અને જ્યાં જ્યાં આ આત્મા પડયો હોય ત્યાં ત્યાં તે અર્ચનપાત્ર છે એ વિચાર નવીન જીવનદૃષ્ટિનો પાયો છે. આપણે શાળામાં કે છાત્રાલયમાં કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીને સુધારી દેવા માટે એકઠા થયા નથી, અને એ રીતે કોઈ એક માણસ બીજાને સુધારી શકતો નથી. આપણે તો જે વિદ્યાર્થીઓ આપણી પાસે આવે છે તે પોતે પોતાની મેળે સારા થઈ શકે એ માર્ગે મૂકનારા છીએ; સારા થવું, નરસા થવું, એ એમનું પોતાનું કામ છે, આપણે તો માત્ર તેના માર્ગમાં જે રોધો આવે તેને દૂર કરીએ અને સારા જીવનની હવા ઊભી કરીએ એટલું જ. આપણે વિદ્યાર્થીને સુધારી દેનારા નથી; એ પ્રમાણે સુધારી દેવાનો દાવો કરવો એની પાછળ આપણું ખોટું અભિમાન પડેલું છે. જેને સુધરવું છે કે બગડવું છે તે પોતે જ જાતે સુધરી શકે છે કે બગડી શકે છે; આપણું કામ તો માત્ર યોગ્ય હવા ઊભી કરવાનું છે, તેને પોતાને યોગ્ય માર્ગે જવાનું જ મન થાય એવું વાતાવરણ ઊભું કરવા માટે આપણે પોતે વિશુદ્ધ જીવન જીવતાં શીખવું એ પહેલું જરૂરનું છે.

આ જીવનની નવીન દૃષ્ટિ. આ દૃષ્ટિ એક વાર આપણને આવી એટલે આપણે સમજી જવાના કે વિદ્યાર્થી તો શું, પણ કોઇ પણ માણસ સામે ક્રોધ કરવાનો કે પરાણે સુધારી દેવાનો આપણને અધિકાર જ નથી. શરીરના વૈદ્ય દાક્તરો આજે સમજે છે કે કોઈ પણ વ્યાધિને દૂર કરવા માટે કુદરત અંદરથીજ પ્રયત્ન કરે છે; આપણે માત્ર કુદરતને પ્રયત્ન કરવામાં મદદ કરો. મનના વૈદ દાક્તરોએ પણ બરાબર સમજી લેવું જોઇએ કે મન અંદરથી જ આવો પ્રયત્ન કરે એટલી શકિત મનમાં કેમ આવે તે આપણે જોવું.

અને આ પ્રમાણે કરવા માટે જેઓએ મનના અને આત્માના ધર્મોનો અભ્યાસ કર્યો છે, એઓ ભાર દઇને જણાવે છે કે તમે તમારા વિદ્યાર્થીઓ પર. અંદરનો પ્રેમ કેળવો એટલે વિદ્યાર્થીનું અંતર તેનો જવાબ વાળવાનું જ છે; પછી ભલે આજે તમને તે ન દેખાય. વિદ્યાર્થીઓ તરફ આવો પ્રેમ એ બાહ્ય વસ્તુ નથી. વિદ્યાર્થીઓને જોઇએ ત્યારે હસવું, તેમનાં તરફ પ્રેમ છે એમ બતાવવા ખોટાં લાડ કરવાં, એ પ્રેમ નથી. ઉપર જણાવ્યો તેવો પ્રેમ તો અંદરથી ઊભી થતી વસ્તુ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેને વિદ્યાર્થીઓ પોતે જ ઓળખી લેશે. વિદ્યાર્થીઓ પણ આપણાં જેવા જ ઉચ્ચ જીવનનો માર્ગ શોધતા આત્માઓ છે એવી આદરબુદ્ધિ, અને તેમના માર્ગમાં હું કોઇ રીતે ઉપયોગી થઇ શકું એવી તીવ્રતા, એ બે વસ્તુ નવીન દૃષ્ટિનાં લક્ષણો છે, અને એવી નવીન દૃષ્ટિ આવી એટલે આજના કેટલાય પ્રશ્નોનો નિકાલ આવી જવાનો છે.

સજા, શિસ્ત, માર્ક, પરીક્ષા, નંબર, દંડ, ગાળો દેવી, આ બધાંય આપોઆપ સંતાઈ જવાના છે અને વિદ્યાર્થીઓ અને ગૃહપતિઓ કેમ જાણે ઉચ્ચ જીવનની તાલીમ લેવા એકઠા મળ્યા હોય અને પરસ્પર નાનાભાઈ મોટાભાઇની જેમ આખુંય તંત્ર ચલાવતા હોય એવું બની રહેવાનું છે. જે છાત્રાલય આવા ધોરણે ચાલે તે નવીન છાત્રાલય કહેવાય.

(૧૯૩૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતાવરણ

જૂની કેળવણીમાં અને નવી કેળવણીમાં સૌથી મોટો તફાવત તે દૃષ્ટિનો છે. જૂની કેળવણી વિદ્યાર્થીને શિક્ષકે ગોઠવેલ બીબામાં ઢાળી શકાય એવું પ્રાણી માને છે, જ્યારે નવીન કેળવણી એકલા વિદ્યાર્થીઓને જ નહિ પણ માનવમાત્રને સ્વતંત્ર આત્માવાળું, સ્વતંત્ર બુદ્ધિવાળું અને પોતાનું હિતાહિત ઘડનારું જવાબદાર પ્રાણી માને છે.

આ એક અતિ મહત્ત્વનો દૃષ્ટિભેદ.

આવો જ એક બીજો દૃષ્ટિભેદ કેળવણીના ધ્યેયનો છે. જૂની કેળવણી વિદ્યાર્થીના જીવનમાં થોડાંએક ચોક્કસ બાહ્ય પરિણામો આવે એટલાથી સંતોષ માને છે, અને એ પરિણામોથી પોતાની સાર્થકતા માને છે, ત્યારે નવીન કેળવણી વિદ્યાર્થીના ઊંડા માનસને સ્પર્શ કરવાનો આગ્રહ રાખે છે અને એ રીતે વિદ્યાર્થી ઠેઠ અંદરથી ન હલે ત્યાં સુધી નવીન કેળવણી જંપતી નથી.

આ બે મહત્ત્વના ભેદોને લીધે જૂની કેળવણીનાં સાધનોમાં ને નવી કેળવણીનાં સાધનોમાં બહુ મોટો તફાવત ઊભો થયો છે. જૂની કેળવણી બીક અને બીકનાં જ રૂપાંતરો જેવાં કે ઈનામ, સજા વગેરેથી જે પરિણામ લાવવા મથે છે તે પરિણામ નવીન કેળવણીને તો પોતાની દૃષ્ટિને અનુકૂળ એવાં સાધનોથી લાવવું રહ્યું.

નવીન કેળવણીનું પોતાના સ્વરૂપને અનુકૂળ એવું સૌથી મોટું સાધન તે વાતાવરણ. આજે દુનિયાભરની સારી સારી શિક્ષણસંસ્થાઓ માટે આપણે સાંભળીએ છીએ કે ત્યાંનું વાતાવરણ એ જ ત્યાંની કેળવણીમાં મુખ્ય વસ્તુ છે, શાંતિનિકેતનમાં જનાર વિદ્યાર્થી શાંતિનિકેતનના શાંત કલામય વાતાવરણમાં પેઠો એટલે એ શાંતિ અને કલા તેના ઊંડાણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પર્શ કરે છે, અને તે ન સમજે એવી રીતે તેનામાં સંસ્કારો પાડે છે. ગાંધીજીના આશ્રમમાં પગ મૂકો કે તરત જ ત્યાંની હવા જ આપણને મુગ્ધ કરશે અને સેવા તથા સ્વાશ્રય ત્યાંની અદષ્ટ હવામાંથી આપણાં ફેફસાંમાં કેમ જાણે દાખલ થશે.

નવીન કેળવણીનો સૌથી મોટો દાવો એ છે કે તમારે વિદ્યાર્થીને ઊંડા અંતરથી હલાવી મૂકવો હોય તો તમારે સજા કરવાની જરૂર નથી, ઉપદેશ આપવાની જરૂર નથી, ધમકાવવાની જરૂર નથી, મોટા મોટા નિયમો ચોડવાની જરૂર નથી; માત્ર વાતાવરણ ઊભું કરો અને બાકીનું બધું એની મેળે આવી રહેશે.

વાતાવરણનો આ પ્રશ્ન આપણી શાળાઓમાં જરૂરનો છે તેથી ઘણો વધારે જરૂરનો આપણાં ઘરોમાં છે. આજે આપણે ઘરોમાંથી તેમજ છાત્રાલયોમાંથી સજાને તો હાંકી કાઢી; બાળકોને તેમજ મોટા વિદ્યાર્થીઓને ભય બતાવીને તેમજ લાલચ બતાવીને આપણે જે કંઇ કરી શકતા હતા એ તો નવીન કેળવણીએ આપણી પાસેથી ઝુંટવી લીધું.

ત્યારે હવે આપણે કરવું શું ? નવીન કેળવણી કહે છે કે વાતાવરણ ઊભું કરો. આ વાતાવરણ કેવી રીતે ઊભું થાય એ જ મોટો પ્રશ્ન છે. આજે તો આપણાં છાત્રાલયોમાં તેમજ ઘરોમાં એવી સ્થિતિ આવી છે કે જૂની પદ્ધતિની સજા, બીક વગેરે આપણે લોકલાજે છોડયાં અને બીજી બાજુ વાતાવરણ જમાવવાની કળા આપણે હાથ બેઠી નહિ એટલે આપણે ‘ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ ’ જેવા થયા છીએ, અને સંસ્થાઓમાં એક યા બીજી રીતે અરાજકતા પ્રવર્તવા લાગી છે. માટે આપણે આ વાતાવરણને કેમ ઊભું કરી શકાય તે સમજી લેવું ઘટે છે.

વાતાવરણના બે પ્રકાર આપણે કલ્પી શકીએ; એક આંતર વાતાવરણ અને બીજું બાહ્ય વાતાવરણ. એક વાત આજે આપણા કાન પર અવાર-નવાર અથડાયા કરે છે, અને તે એ કે નવીન કેળવણીમાં વિદ્યાર્થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેન્દ્રસ્થાને છે અને શિક્ષક દૂર ઊભો ઊભો વિદ્યાર્થીને માત્ર મદદ જ કરે છે. આ વાત તદ્દન બરાબર છે. પણ એનો અર્થ હરગીજ એવો નથી. શિક્ષક પોતાના વ્યક્તિત્વની છાપ વિદ્યાર્થીઓ ઉપર નથી પાડતો. નવીન કેળવણી તો આપણને એમ જણાવે છે કે શિક્ષકે સીધી રીતે નિયમો ઘડીને કે સજા કરીને કે કુવચનો કહીને વિદ્યાર્થીઓના જીવન પર અસર કરવાનો ફાંકો રાખવો તે ભૂલ છે; શિક્ષકે પોતાનાં મંતવ્યોની કાંઈ પણ અસર કરવી હોય તો તે વાતાવરણમાં પોતે છૂપાઈને વધારે સારી રીતે કરી શકે ને કરવી. આ વાતાવરણને ઘડવામાં શિક્ષકનો પોતાનો જીવંત ફાળો છે એમ સૌ કોઈ કબૂલ કરશે. એટલા માટે શિક્ષકનું પોતાનું અંગત જીવન, એની માન્યતાઓ અને વ્યવહાર એ સંસ્થાનું આંતર વાતાવરણ છે. આ આંતર વાતાવરણને બને તેટલું અણીશુદ્ધ રાખે જવું અને એ વાતાવરણમાં કયાંયે વિસંવાદ ઊભો થવા ન દેવો એ આજના શિક્ષકનું તેમજ ગૃહપતિનું મુખ્ય કર્ત્તવ્ય છે.

આ વાતને ઉદાહરણથી આપણે વધારે સ્પષ્ટ કરીશું. ધારો કે કોઈ-પણ છાત્રાલયમાં પ્રાર્થના એ કાર્યક્રમનું એક આવશ્યક અંગ છે. છાત્રાલયો ચલાવવાની જૂની પદ્ધતિ પ્રમાણે તો પ્રાર્થના માટે અમુક એક ચોક્કસ વખત રાખ્યો હોય, અને એ વખતે તમામ વિદ્યાર્થીઓએ હાજર થવું જોઈએ; ગૃહપતિ પોતે પણ આવે. પછી રાગડા કાઢીને પ્રાર્થના ગવાય અને અંતે જે વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હોય તેમનો અનેક રીતે દંડ થાય. નવીન કેળવણી આ પદ્ધતિનો સ્વીકાર કરતી નથી. નવીન કેળવણી તો જાણવા માગે છે કે પ્રાર્થનાને કાર્યક્રમમાં શા માટે સ્થાન છે? નવીન કેળવણી તો જાણવા માગે છે કે પ્રાર્થનાને ગૃહપતિના ખુદ પોતાના જીવનમાં સ્થાન છે? નવીન કેળવણી તો એવી અપેક્ષા રાખે છે કે પ્રાર્થના એ માત્ર કાયદેસર વસ્તુ ન રહેતાં જીવંત વસ્તુ થવાની હોય તો ગૃહપતિના પોતાના જીવનમાં તેનું ઊંચું સ્થાન હોવું જોઈએ, ગૃહપતિ પોતે પ્રાર્થનામાં શ્રદ્ધાવાળો હશે, એ પ્રાર્થના વિદ્યાર્થીના જીવનમાં વ્યાપે તો કેવું સારું એવી તેની મહેચ્છા હશે, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ નિરંતર પ્રાર્થના કરશે, ઊંડા અંતરથી પ્રાર્થના કરશે, અને પોતાની શ્રદ્ધાથી અંજાઇને વિદ્યાર્થીઓને ભૂખ ઉઘડશે ત્યારે જરૂર આવવાના છે એવા વિશ્વાસથી નિરંતર પ્રાર્થના કર્યે જશે. ગૃહપતિની આ શ્રદ્ધા અને વિદ્યાર્થીઓ પર એનો અખૂટ વિશ્વાસ જતે દિવસે પણ વિદ્યાર્થીઓને જગાડશે, અને તેમના દિલમાં આજે નહિ તો કાલે પ્રાર્થનાના ભાત-ભાતના રંગો પૂરશે. જેવું પ્રાર્થનાનું તેવું જ સ્વાશ્રયનું; જેવું સ્વાશ્રયનું તેવું જ શાંતિનું; જેવું શાંતિનું તેવું જ સ્વચ્છતાનું. ગૃહપતિને ઊંડા અંતરથી જે બાબતમાં શ્રદ્ધા હશે તે બાબત જાણ્યેઅજાણ્યે વાતાવરણમાં આવવાની છે એમાં શંકા નથી. એટલે જેને હું આંતર વાતાવરણ કહું છું, તે તો ગૃહપતિના જીવનથી ઘડાય છે. આપણાં છાત્રાલયોમાં જે કાર્યક્રમો આપણે ગોઠવીએ છીએ તે આપણા ગૃહપતિઓના જીવનથી અલિપ્ત રહે એ કદી બનવાનું નથી. એટલે કાં તો કાર્યક્રમનો એવો ભાગ રદ કરવો, અથવા તો ગૃહપતિએ પોતે આદરપૂર્વક એ કાર્યક્રમને પોતાના જીવનનો એક ભાગ કરી લેવા પ્રયત્ન કરવો. આવી બાબતમાં ગૃહપતિનો પોતાનો એ તરફ કેવો આદર છે એ જ મુખ્ય વસ્તુ છે, અને એ આદર જ વાતાવરણની સૌથી કિંમતી ચીજ છે.

આટલી વાત આંતરવાતાવરણની.

બાહ્ય વાતાવરણનો આંતર વાતાવરણને પોષણ આપે એટલો તેનો જરૂર ઉપયોગ છે. પણ આંતર વાતાવરણ મુદ્દલ હોય જ નહિ તો બાહ્ય વાતાવરણ ગમે તેવું આકર્ષક બનાવો તો પણ કશું વળવાનું નથી. હા, કેટલાક માણસો એવા મળી આવે છે કે જેઓને પોતાને જે અમુક પ્રકારની ભૂખ હોય અને આંતર વાતાવરણ ગેરહાજર દેખાય તો પણ વસ્તુ ઊભી કરવી જ હોય અને તે માટે જૂની કેળવણીનાં સાધનો વાપરવાં ન હોય તો આપણે માટે એક જ ઉપાય છે. અને તે વાતાવરણનો આ વાતાવરણ એટલે એ કે તે વસ્તુ પહેલી આપણા પોતાના જીવનમાં ઉતારવી, આપણે પોતે તેનો આદર કેળવવો અને ત્યાર પછી તેને અંગે જરૂરી એવાં બાહ્ય સાધનો ગોઠવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવાં. પશ્ચિમના સમાજમાંથી કહો કે પશ્ચિમની સંસ્થામાંથી કહો, પણ આપણે ત્રણ વસ્તુઓ વહેલી તકે આપણી સંસ્થાઓમાં લાવી દેવી જોઇએ. આ ત્રણ વસ્તુઓ તે નિયમિતતા, શાંતિ અને સ્વચ્છતા. પશ્ચિમની સંસ્થાઓમાં આ ત્રણ વસ્તુઓ એટલી બધી ઓતપ્રોત થઈ ગઈ છે કે એ ન હોય ત્યાં તરત જ કેમ જાણે આપણને ખૂંચે. આપણે ત્યાં આજે લગભગ એથી ઊલટું છે. આજે આપણે ત્યાં કોઇ માણસ નિયમિતતાનો, શાંતિનો કે સ્વચ્છતાનો આગ્રહ રાખે તો આપણે બુદ્ધિથી તો તેને સ્વીકારવી જ પડે એટલે સ્વીકારીએ છીએ; પણ અંદરથી આપણે કેમ જાણે એ ત્રણેયને હસી કાઢીએ છીએ. આપણી આવી મનોદશાને લીધે જ આટલાં વર્ષો થયાં હજી આપણી સંસ્થાઓમાં આ વસ્તુઓ આવી નથી. હજી આજે પણ આપણી કેળવણીની સંસ્થાઓ નિયમિતતાનો આગ્રહ ધરાવતી થઇ નથી; હજી આજે પણ આપણી શાળાંઓનાં કામો બરાબર મિનિટેમિનિટ ચોક્કસ થતાં નથી; હજી આજે પણ આપણી સભાઓ મિનિટે મિનિટ વખતસર શરૂ થતી નથી, તેમ પૂરી થતી નથી. હજી આજે પણ આપણા વિદ્યાર્થી જીવનમાં આપણે નિયમિતતા પરોવી શક્યા નથી; હજી આજે પણ છાત્રાલયોની વ્યવસ્થાપક સમિતિઓ પાંચ વાગે મળવાની હોય તો છ વાગે પણ ભાગ્યેજ બધા એકઠા મળે. અને વધારે હસવા જેવું તો એ હોય છે કે જેઓ નિયમિતતા માટે ઘણીવાર ઉપદેશ આપતા હોય એ લોકોજ ખાસ મોડા થાય. આ સર્વની પાછળ એકજ વસ્તુ મુખ્ય છે, અને તે એકે આપણને બીજાના વખતની તેમજ આપણા પોતાના વખતની કિંમત નથી. જેને વખતની કિંમત છે તે નક્કી કરેલ વખતેજ પોતાનું કામ કરે છે, બીજાનો વખત બગાડયા વિના પોતાનો વખત સાચવે છે અને નિયમિત થવું એને જીવનની એક પ્રકારની કરકસર સમજે છે. આપણાં છાત્રાલયોમાં આપણે નિયમિતતા ઊભી કરવાની ખાસ જરૂર છે. એને ઊભી કરવાની પાછળ મહેનત લેવી પડશે. શાંતિ અને સ્વચ્છતા એ આજના સમાજમાં અનિવાર્ય છે. એ ઊભાં કરવા માટે મહેનત જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવી જોઇએ, કારણ કે આપણે શિક્ષક તેમજ ગૃહપતિઓએ નિયમિત થતાં શીખવું પડશે અને ત્યાર પછી એ વસ્તુઓનો આપણાં તમામ કાર્યોમાં આગ્રહ રાખવો પડશે.

જેવું નિયમિતતાનું તેવું જ શાંતિનું. જૂના કાળમાં આપણા ઋષિ-મુનિઓને તપોવનની સ્વાભાવિક શાંતિનો જે લાભ હતો તે આજે આપણને નથી. આજે આપણે તો આગગાડી અને મોટરોની કાન ફોડી નાખે તેવી ધમાલ વચ્ચે જીવન ગાળવું છે. એવે વખતે તો શાંતિની આપણને તેમજ ઉછરતી પ્રજાને વધારે જરૂર છે. જ્યારે ખરી રીતે કહીએ તો આપણને શાંતિ શી ચીજ છે તેનું ભાન પણ નથી. આપણે બે માણસો શાંતિથી બેસી શકતા નથી; આપણાં ઘરો ઘોંઘાટથી ભરેલા રહે છે; શાળામાં શિક્ષક અને ગૃહમાં ગૃહપતિ બોલતા જાણે શીખ્યાજ નથી; જમવા બેસતી વખતે આપણે શાકમારકીટ ખડી કરી દઇએ છીએ; સભામાંથી છૂટ્યાં એટલે શોરબકોર ને ધમાધમી. યુરોપની પ્રજાએ ઘણી મહેનતે પોતાના સમાજમાં શાંતિ સ્થાપી છે. ત્યાં છેક નાનપણથીજ માબાપ બાળકોને શાંતિથી બોલતાં, શાંતિથી ચાલતાં, શાંતિથી બીજો વ્યવહાર કરતાં શીખવે છે. આપણે પણ આ દિશામાં ભગીરથ પ્રયત્ન કરવો પડશે અને એવો પ્રયત્ન લાંબા કાળ સુધી કરવો પડશે. શરૂઆતમાં આવો પ્રયત્ન આપણામાંના ઘણાને ગમશે પણ નહિ અને વિદ્યાર્થીઓ પણ આ પ્રયત્નને આદરપૂર્વક વધાવશે નહિ પરંતુ આ પ્રયત્નને મીઠો બનાવી આપણે તે કર્યે જ છૂટકો છે.

જેવું નિયમિતતાનું, જેવું શાંતિનું તેવુંજ સ્વચ્છતાનું. આપણે ન સમજીએ તેવી રીતે અમુક અસ્વચ્છતાઓ આપણામાં ઘૂસી ગઈ છે. ગમે ત્યાં થૂકતાં આપણને સંકોચ થતો જ નથી; ગમે ત્યાં શેડાં કાઢતાં આપણે શરમાતા જ નથી; ગમે ત્યાં કચરો ફેંકીએ એ આપણા માટે સહજ થઇ પડ્યું છે. આ બધી વસ્તુઓ કેટલી બધી ખરાબ છે એ તો શુદ્ધ વાતાવરણમાં જઇએ ત્યારેજ આપણને ખબર પડે. આ ટેવને પણ આપણે સુધાર્યે જ છૂટકો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા સમાજને આજના યુગમાં જીવવું હોય અને આપણી કેળવણીની સંસ્થાઓને આજના યુગની કેળવણી આપવી હોય તો આ ત્રણેય બાબતોમાં આપણે આળસ ખંખેરીને આગળ પડવું પડશે. આ ભાર કોઇને માથે વધારે હોય તો તે આપણા શિક્ષકોને અને ગૃહપતિઓને માથે છે. નવીન યુગના અગ્રણી તરીકે આપણે પોતે જ આ બાબતમાં પહેલ કરવી ઘટે છે, અને આપણા પોતાના જીવનમાં તેમજ આપણા વિદ્યાર્થીઓના જીવનમાં આ કેમ આવે તેની વિગતવાર વિચારણા કરવી ઘટે છે.

(૧૯૩૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિસ્ત એટલે શું ?

કોઇપણ સમૂહને વ્યવસ્થિત થઇને કામ કરવું હોય અને એના વ્યવસ્થિતપણાનું પરિણામ ઉપજાવવું હોય તો શિસ્ત વિના ચાલે જ નહિ. આપણે રમતના મેદાન પર જ્યારે ગજગ્રાહની રમત રમતા હોઇએ છીએ ત્યારે જે પક્ષ પોતાના તરફનું દોરડું એક જ દિશામાં ખેંચે છે તે જીતે છે, અને જે પક્ષના માણસો એક જ દિશામાં દોરડાને ન ખેંચતાં આડાઅવળા ખેંચવા લાગે છે તે પક્ષ હારે છે. પક્ષના તમામ લોકોનો એક જ દિશામાં પ્રયત્ન એ આખા પ્રયત્નને અદ્દભૂત બળ આપે છે, અને પરિણામે જીત અપાવે છે.

શિસ્ત એટલે આ એક જ દિશાનો પ્રયત્ન. કોઈ પણ કાર્ય માટે એકઠા મળેલા મનુષ્યો એક જ દિશામાં પ્રયત્ન કરવા ઇચ્છતા હોય તો તેમણે પોતાની અંદરથી કોઇ પણ એકને મુખી બનાવવો જોઈએ, અને તે મુખીના હુકમને અચૂક માથે ચડાવવો જોઈએ.

આપણા જીવનમાં સામાન્ય રીતે એવું બને છે કે આપણે આપણું પોતાપણું જલદી છોડી શક્તા નથી. જ્યારે જ્યારે આપણે સૌએ એકઠા મળીને કંઇ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે આપણું આ પોતાપણું એકદમ બહાર આવે છે, અને આપણે એ પોતાપણાને નથી છોડી શક્તા કે નથી તેને વધારે ઉચ્ચ બનાવી શક્તા. એટલું તો સમજી શકાય તેવું છે કે ચાર અક્કલવાળા માણસો એકઠા થાય ત્યારે દરેક પોતપોતાની રીતે વિચાર કરે, અને એકબીજાથી જુદા પણ પડે. એટલું પણ આપણે સમજી શકીએ કે આ પ્રમાણે દરેક પોતપોતાની રીતે વિચાર કરે તેથી આખા સમૂહના વિચારને ઘણું બળ મળે છે, વિચારની એકે બાજુ રહી જતી નથી અને તેથી જ સમૂહનો વિચાર વધારે તેજસ્વી પણ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સમૂહનો વિચાર બંધાય જ નહિ તો ? આખા સમૂહને માટે કોઈ પણ એક દિશા નક્કી જ ન થાય તો ? આવું ઘણીવાર બને છે. ઘણીવાર નવા નવા માણસો પોતાના તુચ્છ પોતાપણા પર એવાં દુરાગ્રહો રાખે છે કે સમૂહ એક વિચાર કરી શક્તો જ નથી.

આવા પ્રસંગોએ પોતાના નાના એવા પોતાપણાને બીજાઓના પોતાપણા સાથે ગોઠવી દેવું, આખા ય સમૂહના હિત ખાતર પોતાના પોતાપણાને જતું કરવું અને સમૂહ માટે કોઈ એક વિચાર કે દિશા નક્કી થાય ત્યારબાદ એ દિશાએ પહોંચી જવા માટે તો વફાદાર સિપાહીની માફક કૂચકદમ જ કરવાં–આનું નામ શિસ્ત.

આપણા લોકોમાં આ પ્રકારની શિસ્તની મોટી ખામી છે, અને એ ખામી આપણે દૂર કર્યે જ છૂટકો છે. આજે તો આપણાં જાહેર કાર્યોમાં, આપણી પ્રજાકીય સંસ્થાઓમાં, આપણી શાળાઓમાં, આપણાં છાત્રાલયોમાં, જ્યાં જુઓ ત્યાં આ શિસ્ત આપણને દેખાતી જ નથી. આપણે ત્યાં તો દરેક સમૂહમાં મતભેદ, આચારભેદ, વિચારભેદ, પોતપોતાના તુચ્છ એવા પોતાપણાને બગલમાં સાચવીને ફરતો હોય છે, અને કેમ જાણે જીવને જોખમે પણ તેને છોડવા માગતો નથી.

આવો શિસ્તનો અભાવ એ વ્યક્તિત્વ છે એમ માનવાની કોઈ ભૂલ ન કરે, પ્રભાવશાળી વ્યક્તિ આવા શિસ્તની વિરોધી નથી હોતી. એવી વ્યક્તિને તો આંતરશિસ્તના પોતાના સ્વતંત્ર નિયમો હોય છે, અને એ નિયમોનું પાલન આવી વ્યક્તિના જીવનમાં અનાયાસે થતું જ આવે છે.

આવી શિસ્ત આજે આપણી સૌથી મોટી એક જરૂરીઆત છે. સમૂહના ધ્યેયને સ્વીકારીને તેમાં દાખલ થયા પછી આવી શિસ્તને ન પાળવી એ હરગીજ ન ચાલે એવું છે. સમૂહના બધા લોકો કદાચ પોતપોતાના ભેદોને ભૂલી ન શકે એ બનવાજોગ છે; બધા લોકો પોતપોતાના સ્વભાવના ખૂણાઓ બીજાઓ સાથે ગોઠવતા જાણતા નથી. પણ આજે પણ આવે વખતે જો સમૂહને કામ કરવું જ હોય તો તો કાં તો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો પોતાની જાતને ગમે તેમ ગોઠવી દે, અથવા તો સમૂહમાંથી છૂટા થાય. સમૂહને પ્રગતિ કરવી હોય તો આ સિવાય બીજો માર્ગ જ નથી. સમૂહે નક્કી કરેલી દિશા ખોટી હશે તો સમૂહ પછડાઇને પોતાની મેળે પોતાની દિશા ફેરવશે, અને વ્યક્તિ પોતે ભૂલ્યો હશે તો પાછો ફરીને સમૂહમાં જોડાશે.

પરંતુ સમૂહમાં રહેવું અને પોતાને ફાવે તે દિશામાં ખેંચ્યા કરવું એ પોતાને તેમજ આખા સમૂહને માટે વિનાશકારક છે.

આવી શિસ્ત આપણે કેળવણીની સંસ્થાઓમાંથી જન્માવવી જોઇએ. ખરી કેળવણી આવી શિસ્ત અનાયાસે આપે એવો આપણો નવીન કેળવણીનો દાવો છે. કેળવાએલ માણસ પોતાના વ્યક્તિત્વનો સમાજ સાથે સુંદર મેળ બાંધી શકે એવો આપણો આશાવાદ છે. આપણી રમતોમાં, આપણી શિક્ષણ પદ્ધતિઓમાં, આપણા શિક્ષણના વ્યવહારોમાં, આપણો દાવો હકકારનો છે–શિસ્તનો છે.

આપણાં છાત્રાલયોમાં આપણે આ શિસ્ત કેવી રીતે ઊભી કરવાના છીએ તે પ્રશ્ન દરેક ગૃહપતિ પોતાની જાતને જ પૂછી જુએ.

(૧૯૩૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી શિક્ષણ સંસ્થાઓ

આપણી શિક્ષણ સંસ્થાઓએ શિક્ષણની દિશામાં શું કરવું અને શું ન કરવું એ વિષે હું કશું લખવાનો નથી. આજે તો આપણી શિક્ષણ સંસ્થાઓએ સંસ્થાઓ તરીકે ટકી રહેવું હોય, અને માત્ર ટકી રહેવું નહિ પરંતુ સાચું કામ કરીને ટકી રહેવું હોય તો તેમણે કઇકઇ બાબતો પર ખાસ લક્ષ આપવાની જરૂર છે તે હું વિસ્તારથી જણાવવા માગું છું,

આપણા દેશમાં આજે બે પ્રકારની શિક્ષણ સંસ્થાઓ ચાલે છે; એક સરકારી શિક્ષણ સંસ્થાઓ, અને બીજી ખાનગી સ્વતંત્ર સંસ્થાઓ. સરકારી શિક્ષણ સંસ્થાઓ સીધી રીતે આપણા વિષયમાં નથી આવતી. બાકી તો જેમ કોઇ પણ સંસ્થાને સંસ્થા તરીકે જે નિયમો લાગુ પડે એ તો સંરકારી સંસ્થાઓને પણ લાગુ પડવાના છે. પણ સીધી રીતે આ સંસ્થાઓ આ લેખની મર્યાદાની બહાર છે.

આપણી ખાનગી સ્વતંત્ર શિક્ષણ સંસ્થાઓ જોઇએ તેવી સદ્ધર ચાલતી નથી. ઘણીવાર તો ઊભી થયા પછી થોડા વખતમાં જ મરી જાય છે, અને મરતી નથી હોતી તો મર્યા જેવી જ જીવે છે એવો આપણને ઘણાને અનુભવ છે.

કોઇપણ સંસ્થા શરૂ થાય ત્યારે પહેલાં એ સંસ્થાનું ધ્યેય નક્કી થવું જોઇએ. સંસ્થા શા માટે શરૂ થાય છે, સંસ્થા શું કરવા માગે છે, સંસ્થાનું અસ્તિત્વ શા માટે છે, એ નક્કી થયા વિના માણસ ગમે તે વખતે મકાન ભાડે રાખીને સંસ્થા આદરી બેસે છે અને પછી સંસ્થા ચાલતી નથી ત્યારે પોતાના સિવાય બીજા સૌને ગાળો દે છે. વર્ષો થયાં આપણે સમાજની જવાબદારી પર સંસ્થાઓ ચલાવવી ભૂલી ગયા છીએ, અને જે ચલાવીએ છીએ તે ધ્યેયને સમજ્યા વિના માત્ર ખોખાને વળગીને ચલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીએ છીએ એટલે આપણા મનમાં તો આવા ધ્યેયની કશી કિંમત જ નથી. આપણે ત્યાં તો આજે જેમ ગમે તેમ બાવો એક ઓટો ચણીને બેસે એટલે ગુરુ થઇ જાય છે, તેમ ગમે તે માણસ સંસ્થાનું પાટિયું મારે અને વધારામાં ગરીબાઇનો દેખાવ કરે એટલે શિક્ષણ સંસ્થા થઇ જાય છે. આવી શિક્ષણ સંસ્થાઓ ઘણીવાર જનમ્યા પહેલાં જ મરેલી હોય છે એમ કહેવાની જરૂર નથી.

પણ કોઇપણ શિક્ષણ સંસ્થાએ અમુક ચોક્કસ ધ્યેય નક્કી કરીને જ આગળ ચાલવું જોઇએ. આપણા દેશમાં ઘણાં વર્ષોના છાંયા-તડકા વેઠ્યા હોય એવી સંસ્થા નજરે પડતી નથી. ધ્યેયને માટે તેમજ વહીવટના બીજા પ્રશ્નો માટે જેનો અનુભવ કામ લાગે એવી સંસ્થા આપણી પાસે મોજૂદ નથી. એટલે આજે તો ધ્યેય નક્કી કરવાની જે કુનેહ, તે પણ આપણે તો શોધવી પડે તેમ છે; છતાં ધ્યેયની જરૂર એથી તલભાર ઓછી થતી નથી. જેમ માણસે પોતાના જીવનનું કોઇ ધ્યેય ચોક્કસ ન કર્યું હોય તો જીવનના અનેક પ્રશ્નો તેની પાસે ખડા થાય ત્યારે તેને મુંઝાવું પડે છે અને ગમે ત્યારે આંધળો ઉકેલ લાવવો પડે છે, તેમજ સંસ્થા પાસે ધ્યેય ચોક્કસ ન હોય તો જ્યારે જ્યારે પ્રશ્નો ઊભા થાય ત્યારે ત્યારે સંસ્થા ભારે મુંઝવણમાં આવી પડે છે.

હા, એવું બને છે ખરૂં કે આપણી આજની દશામાં ધ્યેય બહુ અસ્પષ્ટ હોય. સંસ્થાની ઉંમર થતી જાય તેમ તેમ એ ધ્યેય વધારે વધારે સ્પષ્ટતા પકડે.

પણ ધ્યેયની આ વાત લખું છું ત્યારે જ મારા મનમાં સંસ્થાના મુખ્ય કામ કરનારનો વિચાર ઊભો થાય છે. ધ્યેય સ્પષ્ટ હોવું જોઈએ એ વાત તો થઈ, પણ એ માત્ર કાગળ પર સ્પષ્ટ હોય તેનાથી કામ ચાલતું નથી. સંસ્થાનું ધ્યેય કાગળ પર તો સ્પષ્ટ હોવું જોઇએ, પણ કોઈ એકાદ આદમીના અંતઃકરણમાં પણ એ સ્પષ્ટ હોવું જોઇએ. કાગળ પરનું ધ્યેય રૂડું લાગે છે ખરૂં પણ એનામાં પરિણામ ઉપજાવવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ નથી. જો આવી શિક્ષણ સંસ્થા સાચેસાચ પરિણામ જ લાવવાની હોય તો સંસ્થાનું ધ્યેય કોઈપણ એક આદમીએ પોતાનું ધ્યેય કર્યું હોય તો જ ચાલે. જ્યાં કોઇપણ એક માણસ આ ધ્યેયને માટે મારાપણું ઊભું ન કરે ત્યાં સુધી બધું વ્યર્થ છે. સંસ્થાનું આવું ધ્યેય ગમે તેવું સુંદર હોય તો પણ તેની સુંદરતા ત્યારે જ પ્રગટ થાય છે; જ્યારે કોઈએક ભાઈ કે બહેન એ ધ્યેયને પોતાના ધ્યેય તરીકે સ્વીકારે છે.

એટલે સંસ્થાનું ધ્યેય અને એ ધ્યેય સાથે મમતાથી જોડાયેલો આદમી, એ બંને એક બીજા સાથે સંબંધ ધરાવે છે.

ઘણી વાર આવા આદમીને પોતાને ધ્યેય સ્પષ્ટ નથી હોતું, અને જેમ જેમ કામ કરતો જાય છે તેમ તેમ કાગળ પરનું ધ્યેય એમ ને એમ રહેતું હોય છતાં એ ધ્યેયના નવીન અર્થો અને એની નવી મર્યાદાઓ આ માણસ પાસે ખડાં થાય છે. પણ આ પ્રસંગો એ જ સંસ્થાની પ્રગતિના પ્રસંગો છે. આવા પ્રસંગોએ ધ્યેયને ફરીથી તપાસવાનો, ધ્યેયની સમજણમાં ફરીથી વિચાર કરવાનો, સંજોગોને અનુકૂળ એવાં ઉપધ્યેયો અજમાવવાનો તથા ધ્યેયના વિધિનિષેધો અને તેની મર્યાદાઓ આંકવાનો લાગ મળે છે; અને એવા પ્રસંગોમાંથી જ સંસ્થાને પોતાનાં મૂળ વધારે ઊંડાં નાખવાની તક મળે છે.

આટલું તો ધ્યેયની સ્પષ્ટતા માટે.

આપણે ત્યાં ઘણીવાર એવું પણ બને છે કે આપણે આપણા ધ્યેયને બહુ વિશાળ બનાવી મૂકીએ છીએ, અને આપણી સંસ્થાનું કાર્ય પ્રમાણમાં કાંઈ જ હોતું નથી. અલબત્ત માણસે ધ્યેય તો હમેશાં ઘણું ઉચ્ચ રાખવું; પરંતુ આને પણ મર્યાદા છે. આપણે ધ્યેયને એવું સંકુચિત ન બનાવી દઈએ કે ભવિષ્યમાં આપણા વિકાસનો માર્ગ જ રૂંધાઈ જાય. પણ સાથે સાથે ધ્યેયને એટલું બધું વિશાળ પણ ન બનવા દઈએ કે તે કેવળ શેખચલ્લીના મનોરથ જેવું થઇ પડે. આપણાં ધ્યેયની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ આપણી કલ્પના, આપણી મર્યાદા, આપણી પરિસ્થિતિનું ચોક્કસ ભાન અને આપણા મનોરથો આ બધાનું સુંદર સંમિશ્રણ જોઇએ.

આટલી તો ધ્યેયની વાત થઈ. આ ધ્યેયને પહોંચવા માટે કયા કયા માર્ગો લેવા એ સંસ્થાની ત્યાર પછીની ફરજ.

ધ્યેયને આપણે વધારે ઉદાર મૂક્યું હશે તો ઊલટું એ આપણને આગળ ધપવા લલચાવશે; પણ ધ્યેયને પહોંચવાનાં પગલાં તો આપણે આપણી શક્તિ માપીને જ ભરવાં પડશે. દરેક સંસ્થાનાં આવાં પગલાં એકબીજાથી જુદાં પડે એ સમજી શકાય એવું છે. પરંતુ આ પગલું એક હોય કે વધારે હોય, પણ એક વાત દરેક સંસ્થાએ ધ્યાનમાં રાખવાની જરૂર છે. આપણે પગલું ભરીએ ધ્યેયને પહોંચવા માટે અને બને એવું કે એ પગલું ધ્યેય તરફ લઇ જવાને બદલે આપણને બીજે માર્ગે લઇ જતું હોય, તો ? ગ્રીક લોકોની દેવકથામાં એક વાર્તા છે. તેમાં જણાવ્યા પ્રમાણે માણસ ધ્યેયને માર્ગે જાય છે ત્યારે ઘણીવાર એની કસોટીરૂપે ધ્યેયની આસપાસના માર્ગો વધારે રમણીય લાગે છે, અને માણસ દુર્બળતાને વશ થઇ મનોહરતા માણવા માટે રસ્તાઓ પરથી ઘણી વાર સરી પડે છે. આપણી શિક્ષણ સંસ્થાઓમાં પણ ઘણીવાર આવું બનવાનો સંભવ છે. વધારે સંભવ તો એટલા માટે કે જીવનપ્રદેશની માફક જ શિક્ષણના પ્રદેશમાં અનેક વિચારો ઘૂમે છે, અને આવા વિચારના વાવાઝોડામાં પોતાની માન્યતાને ચુસ્તપણે વળગી રહેવું એ ભલભલા લોકો માટે પણ આકરું છે.

માટે ધ્યેયનું પગલું ચોક્કસ કરતી વખતે અને એ માર્ગે જવા માંડ્યા પછી સંસ્થાએ એ ધ્યેયને લક્ષમાં રાખીને આ માર્ગોને ફરી ફરીને તપાસવા જોઇએ. જ્યાં જ્યાં મૂળ માર્ગથી આપણે ખસતા હોઇએ ત્યાં બહુ દૂર નીકળી ગયા પહેલાં માર્ગ પર ચડી જવું જોઇએ. માર્ગ પરથી ખસી ગયા પછી જે પ્રદેશમાં આપણે ગયા હોઇએ તે ગમે તેવો મનોહર હોય તો પણ આપણે તો ધ્યેય પાસે પહોંચવું છે, અને એ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચતાં રસ્તામાં જેટલી મનોહરતા માણાય તેટલી માણવી છે, તે વાતને લક્ષ બહાર જવા દેવી નહિ. જ્યારે જ્યારે પગલાં નક્કી કરવામાં આવે, તેમજ જ્યારે જ્યારે પગલાં ભરવાનું રીતસર શરૂ થાય ત્યારે ત્યારે અવારનવાર આ પગલાં ધ્યેય તરફ જ જાય છે કે કેમ, તે તરફ જે સંસ્થા જાગતી રહેલી નથી તે સંસ્થા વિનાશમાર્ગે છે એમ સમજવું. આસપાસના માર્ગો શરૂઆતમાં ગમે તેટલા મનોહર લાગે તો પણ તે શિક્ષણની સંસ્થા આવા આભાસ તરફ દોડે ત્યારે મૃગજળ પાછળ દોડતાં મૃગની જેવી તેની દશા થાય એમાં નવાઈ નથી. આજે આપણી શિક્ષણ સંસ્થાઓ શિક્ષણને નામે જે કેટલાંએક મનોહર ધતીંગો ચલાવી રહી છે તેથી જરૂર ચેતવા જેવું છે, પણ આ તો વિષયાંતર થઈ જાય.

ધ્યેયનો વિચાર કર્યા પછી ધ્યેયને અમલમાં મૂકનાર વ્યક્તિનો થોડો વિચાર તો આપણે કરી લીધો છે.

જગતમાં સિદ્ધાન્તોનો તો તોટો નથી; પણ કોઈ એકાદ સિદ્ધાન્તને અનુસરીને જીવન ઘડનાર માણસ પર સિદ્ધાંતની કિંમત છે, તેમ જ આ ધ્યેયનું છે.

દુનિયા પાસે સિદ્ધાંતોનો અને ધ્યેયનો તો મોટો ભંડાર પડ્યો છે; એ ધ્યેયને પોતાનું બનાવનાર, એ ધ્યેયની પાછળ પડનાર, અને એ ધ્યેયને સિદ્ધ કરવા ખાતર જહેમત ઉઠાવનાર માણસ જ એ ધ્યેયની કિંમત ઊભી કરે છે, બાકી તો માત્ર હવામાં ઊડતા ધ્યેયની કે સિદ્ધાંતોની સ્વતઃ એક કોડીની પણ કિંમત નથી. જે માણસ મારફત એ ધ્યેય પ્રતિબિંબિત થાય છે એ માણસ ધ્યેયનું મૂલ્ય આંકે છે ને અંકાવે છે.

આ રીતે જોતાં દરેક સંસ્થાને એક તો આવો માણસ જોઈએ જ કે જેણે સંસ્થાના ધ્યેયની સાથે તાદાત્મ્યભાવ બાંધ્યો હોય. આપણે આવા માણસને સંસ્થાનો પ્રાણ કહીએ છીએ. આવો માણસ હંમેશાં ત્યાગી જ હોવો જોઈએ, એવો નિયમ નથી; પરંતુ સંસ્થાના હિતની ખાતર ગમે તેનો ત્યાગ કરવાની તેની શક્તિ અને વૃત્તિ હોવી જોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું તો નિર્વિવાદ છે. સંસ્થાને ખાતર ગમે તે હોમી દેવા તે તૈયાર હોવો જોઇએ. આ એનો ત્યાગ. આવી ત્યાગવૃત્તિ જેટલી ઓછી તેટલો એનો સંસ્થા સાથેનો તાદાત્મ્ય ભાવ ઓછો, અને સંસ્થા એટલી લૂલી.

આવો તાદાત્મ્ય ભાવવાળો માણસ પછી સંસ્થાનો સેક્રેટરી હોય, પ્રમુખ હોય કે આજીવન સભ્ય હોય, પણ સંસ્થાની તમામ જવાબદારી તેમજ સંસ્થાની સર્વ સત્તા આ માણસના હાથમાં જ હોવી ઘટે છે. બંધારણમાં સત્તા કોઈ બીજા પાસે હશે તો કાં તો આવા માણસ રહી શકશે નહિ, અથવા તો સત્તા બંધારણની મર્યાદા ઘટાવીને આ માણસના હાથમાં આવી પડશે. આવા પ્રસંગે સંસ્થા માટે બહેતર એ છે કે આ માણસને રીતસર સત્તા અને જવાબદારીઓ સુપરત કરવાં અને સંસ્થાને આગળ વધવા દેવી.

આટલું હોવા છતાં આપણી શિક્ષણ સંસ્થાઓ કાંઇ એક જ આદમીથી ચાલવાની નથી. આવો સંસ્થા સાથે એક થયેલો માણસ બીજા મિત્રોને એકઠા કરવાનો જ છે, અને એ રીતે સંસ્થા વધારે મોટી થવાની જ છે. આ વખતે સંસ્થાએ બહુ જ સાવધાનીથી ચાલવાનું રહે છે.

આપણા લોકવ્યવહારમાં કહેવાય છે કે જેનું શાક બગડયું તેનો દિવસ બગડ્યો; જેનું અથાણું બગડયું તેનું વરસ બગડ્યું; અને જેની બૈરી બગડી તેનો ભવ બગડયો. સંસ્થાઓ મુખ્ય માણસ પોતાના ધ્યેયને સિદ્ધ કરવા માટે જ્યારે સહધર્મચારીઓ શોધે છે ત્યારે સંસ્થા માટે તે એક ગંભીર પગલું ભરે છે. શિક્ષણ જેવા ક્ષેત્રમાં સાથીઓ શોધવામાં માણસને પારખવાની શક્તિની બહુ જરૂર છે. કહે છે કે મોટા મોટા રાજદ્વારી પુરુષોમાં માણસોને પારખવાની શક્તિ કુદરતી હોય છે. માણસની પારખ ન હોય એવો મુખી સંસ્થાને બહુ આગળ લઈ શકતો નથી.

આવી સંસ્થાઓએ કેવા માણસો લેવા એ એક પ્રશ્ન છે. નવા માણસો પ્રાણવાન હોય તો વધારે પ્રાણવાન લોકો એકઠા થઇ સામસામા અથડાશે; નવા માણસો પ્રાણહીન હશે તો ધ્યેયને સિદ્ધ કરવામાં નિરાશા આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ત્યાં જ્યાં જ્યાં આવા વધારે પ્રાણવાન માણસો એકઠા થયા છે ત્યાં અથડામણ થયા વિના રહી જ નથી, એ ખેદની વાત છે.

સંસ્થાઓ ચલાવવાની તાલીમ હજુ આપણા દેશને મળી જ નથી. સરકારને રાજ્ય ચલાવતાં આવડે છે પણ આપણુને સ્વતંત્ર સંસ્થા ચલાવતાં આવડતું નથી. સંસ્થાઓ ચલાવવામાં એક જાતની શિસ્તની જરૂર છે, અને એવી શિસ્ત હજી આપણા પ્રજાકીય જીવનમાં ઊભી થઇ નથી. આપણા ભણેલા લોકો આપણા વ્યક્તિત્વને બીજાના વ્યક્તિત્વ સાથે કેમ ગોઠવી દેવું એ શીખ્યા જ નથી, એટલે મોટે ભાગે આવી સંસ્થાઓમાં અથડામણ થયા જ કરે છે, અને સંસ્થા તૂટતી નથી તો ખેંચ્યે રાખે છે.

કેટલીકવાર પ્રાણવાન લોકોની આવી અથડામણથી કંટાળી માણસ હીનપ્રાણ લોકોને સંઘરવા લલચાઈ જાય છે, અને એમ કરવાથી અથડામણ ઓછી થાય છે એ પણ સાચું છે, પણ એમ કરવાથી ધ્યેયની સિદ્ધિ થતી નથી અથવા તો અધૂરી રહે છે, એ વીસરવા જેવું નથી.

ઇષ્ટ વસ્તુ તો એ છે કે આવા પ્રાણવાન લોકો એકબીજાના ખૂણા મેળવીને રહેતાં શીખી લે. આપણે આપણા દેશમાં પ્રસંગ પડયે હુકમ કરતાં અને પ્રસંગ પડયે હુકમ ઝીલતાં શીખ્યા જ નથી. એટલે આપણા જીવનમાં આ વસ્તુ આવી ન જાય ત્યાં સુધી આપણી શિક્ષણ સંસ્થાઓ સરખી રીતે ચાલે એવું માનવાની આપણે ભૂલ ન કરવી.

અને આપણે ત્યાં બને છે પણ એવું કે સંસ્થાનો મુખ્ય માણસ પોતાની ભીડમાં મળે તેને રાખી લે છે, અને રાખી લીધા પછી લાંબે કાળે મેળ મળતો નથી ત્યારે પ્રશ્ન ઉઠે છે.

અને જે સંસ્થાઓ ત્યાગની ભાવના પર રચાઈ છે તેમના જીવનમાં પણ આવું બન્યું છે એમ આપણે જોઈ શકીએ છીએ.

પણ એમાં દોષ આપણો છે, જે મંડળના હાથમાં રીતસર કામ અને સત્તા હોય છે, તે મંડળમાં ઐક્ય જોઈએ. સત્તા ભલે એમના જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથમાં હોય; બીજાઓ તેમનું માને તો રહે, ન માને તો ન રહે, એ દેખીતું જ છે. પણ આપણે ત્યાં તો એવી દશા છે કે બીજાઓ બહારથી માને ને અંદરથી વિરોધ કરે. શિક્ષણસંસ્થાઓ એ માત્ર પોસ્ટઓફિસ જેવી સંસ્થાઓ હોય તો મુદ્દલ વાંધો નહિ. રોજના આવેલ ટપાલના કાગળો ખાલી થવા જોઇએ–પછી કારકુન તથા પોસ્ટમાસ્તરને બને કે ન બને !

પણ આ તો સંસ્થા ત્યારે કેળવણીની, પ્રશ્નો ત્યારે જીવનના, અને ધ્યેયને પાર પાડનાર ભાઈઓ ત્યારે આપસઆપસમાં લડે ! ઉઘાડી રીતે ન લડે તો અંદર અંદર એકબીજાનું કાપે, અને એ રીતે આખી સંસ્થાના વાતાવરણને દૂષિત કરે. કેળવણીની કોઈપણ સંસ્થામાં એક રાગ ન હોય તો એ સંસ્થા અમુક વિષયનું જ્ઞાન આપનારી સંસ્થા તરીકે ભલે સારી હોય, પણ માનવસંસ્થા તરીકે એ સંસ્થા નકામી છે. અને માનવતાનું કેળવણીમાં સ્થાન હોય તો એ કેળવણીની સંસ્થા નથી, એમ આપણે બેધડક કહી શકીએ.

આ તો આપણો આદર્શ.

છતાં આપણે નિરાશ થવાની જરૂર નથી. પ્રાણવાન પુરુષો સંસ્થાના આદર્શથી રંગાય અને ખરી કેળવણીનો મર્મ સમજે તો વળી સુધરી પણ જાય. ઉપરાંત હીનપ્રાણ લોકોને પણ મુખ્ય માણસ પ્રાણ પૂર્યા કરે અને સંસ્થાનું ધ્યેય અવારનવાર તેમની સન્મુખ મૂકયા કરે તો જતે દિવસે કંઈક ફેર પડે.

પણ સહધર્મીઓ પ્રાણવાન હોય કે હીનપ્રાણ હોય, સંસ્થાના હિતની દૃષ્ટિથી કારભાર તો એકધારો જ ચાલવો જોઇએ. પ્રાણવાન લોકો સંસ્થાના કામમાં પોતાના પ્રાણને વાપરવાને બદલે પોતાની અહંતા પોષવા તરફ ચઢી જાય ત્યારે એ બધાને રોકવા ઘટે છે, અને પાછા યોગ્ય માર્ગે વાળવા ઘટે છે.

કાર્યવાહકોમાં પરસ્પર વિશ્વાસ, એકબીજા તરફ નિખાલસતા

૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વહીવટને અનુસરીને પોતાના ખૂણાઓને જોડવાની તૈયારી; આટલી સહધર્મીઓની લાયકાત. આ લાયકાત ન હોય તો સહધર્મી થવું નહિ, અને ભૂલથી થવાઈ ગયું હોય તો વહેલી તકે પોતાની ભૂલ સુધારી લેવી. આમ થાય તો છેવટ શિક્ષણની નાનીશી સેવા તો થશે એટલો પણ સંતોષ.

કાર્યકર્તાઓના પ્રશ્નની સાથે જ વ્યવસ્થાપક મંડળનો પ્રશ્ન જોડાયેલો છે. સંસ્થા નાની હોય અને સંસ્થાની જવાબદારી સીધી કાર્યકર્તાઓ ઉપર જ હોય તો તો વ્યવસ્થાપક મંડળ એ ઘણીવાર નકામું થઇ પડે છે. માત્ર સંસ્થાને પ્રતિષ્ઠા આપવા પૂરતો આજે આપણે ત્યાં એનો ઉપયોગ છે, પરંતુ જ્યાં સંસ્થાનું તાદાત્મ્ય ધરાવનાર માણસ સંસ્થાનો રીતસરનો કારભારી નથી ત્યાં એવા મુખીની સાથે કાર્યકર્તાઓને ઘણી વાર તકરારો થાય છે. આવી તકરારો વિષે આપણે ઘણુંયે સાંભળીએ છીએ. વધારે દુઃખની વાત એ છે કે આપણે કેળવાયેલા લોકો જે શિસ્તનો દાવો કરીએ છીએ તેમને પણ શિસ્ત પાળવી કઠણ પડે છે, અને સ્વમાનના બહાના હેઠળ આપણે તોફાન કરીએ છીએ. આપણને કોઈ સંસ્થા સારી લાગે તો તેમાં રહીએ, સારી ન લાગે તો ન રહીએ; પણ રહીએ ત્યાં સુધી તો સંસ્થાની શિસ્તને પાળીએ, અને છોડીએ ત્યારે પણ સંસ્થા ખાસ અનીતિની પોષક ન હોય ત્યાં સુધી નકામા જ્યાં ત્યાં એને ભાંડીએ નહિ. આવી સામાન્ય શિસ્ત આપણામાં આવવી જોઇએ. આજે તો આપણે લોકો સંસ્થામાં રહીએ છીએ, સંસ્થાના પૈસા ખાઇએ છીએ અને સંસ્થાના દુશ્મન થઈને આપણે કાંઈક છીએ એવું માનીએ છીએ ? આવી પરિસ્થિતિ હોય ત્યાં આપણી શિક્ષણ સંસ્થાઓ કેમ ઉછરે ?

વ્યવસ્થાપક મંડપની મર્યાદા રીતસરની આંકવામાં આવી નથી હોતી એટલે ઘણીવાર અથડામણો ઊભી થાય છે, અને ઘણીવાર આવા વ્યવસ્થાપકો કેળવણીના પ્રદેશમાં તદ્દન નવા હોય છે એટલે ગમે તેવું આડું કરી બેસે છે. વ્યવસ્થાપકો કેટલીયે વાર પોતાના અંગત જીવનના રાગદ્વેષો સંસ્થામાં ઘુસાડી દે છે ને સંસ્થાને ભાંગી નાખે છે. સંસ્થા કેળવણી માટે છે, કોઇની અંગત માન્યતાઓ કે સ્વાર્થ માટે નથી એ વાતનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યવસ્થાપકોને કાયમ ભાન રહેવું જોઇએ. વ્યવસ્થાપક મંડળો આવી વિશાળ દૃષ્ટિથી યોજાયાં નથી એટલે મોટે ભાગે સંસ્થાને આગળ ધપાવવાને બદલે સંસ્થાને જકડી રાખે છે, અને ઘણીવાર તો તોડી નાખે છે. કાર્યકર્તાઓ અને વ્યવસ્થાપક મંડળને મેળ ન હોય ત્યાં સુધી સંસ્થા સારૂં કામ આપી શકે જ નહિ.

આ અને આવા બીજા સંયોગોને લીધે આપણી શિક્ષણ સંસ્થાઓમાં એક પ્રકારની પ્રણાલિકા (Tradition) બંધાતાં બહુ વાર લાગે છે. યુરોપની કેટલીયે નામાંકિત શિક્ષણ સંસ્થાઓમાં સૌથી આકર્ષક વસ્તુ એ તે સંસ્થાઓની પ્રણાલિકા છે. આવી પ્રણાલિકા સંસ્થામાં એક જાતની હવા ઊભી કરે છે, અને આવી હવા એટલી બધી મજબૂત હોય છે કે વિદ્યાર્થી સંસ્થામાં દાખલ થયા કે તેને હવાનો ચેપ લાગ્યો જ છે! આવી પ્રણાલિકા કાંઇ એક દિવસમાં બંધાતી નથી, એ તો કોઇ ભવ્ય ઇમારતની ઇંટ પર ઇંટ મુકાય એવી ગંભીર અને વખત માગે તેવી વસ્તુ છે. પણ આપણે પોતેજ એવી પ્રણાલિકા બાંધનાર તરીકે લાયક નથી એ દુઃખ છે. આપણા પોતાના જીવનમાં આપણે અમુક અમુક ચોક્કસ વસ્તુઓને મહેનતથી ઊભી નથી કરતા એટલે સંસ્થામાં તો તે શી રીતે થાય! એટલે પછી તો કોઇપણ ચોક્કસ વસ્તુનો અભાવ એજ આપણી પ્રણાલિકા? આપણી શિક્ષણ સંસ્થાઓ આને લીધે ઘણી નિસ્તેજ રહે છે, એટલું જ કહીને આ ઉપયોગી બાબતને પૂરી કરી નાખું છું.

છેલ્લો પ્રશ્ન તે દ્રવ્યનો. દ્રવ્યનો પ્રશ્ન એટલે દ્રવ્યને મેળવવાનો તેમજ તેને ખરચવાનો.

દ્રવ્યને ખરચવાનો પ્રશ્ન પ્રમાણમાં સહેલો છે. આવી સંસ્થાઓ બજેટ પ્રમાણે પોતાનો ખર્ચ કરે એટલે પતી ગયું. પણ આપણા તમામ જાહેર ખર્ચો માટે આપણે પ્રજાને જવાબદાર છીએ અને આવી જવાબદારીનું ભાન રાખીને આપણે ખર્ચ કરવો એ આપણે ઘણીવાર ભૂલી જઇએ છીએ. ગમે તે કારણથી પણ આપણી સંસ્થાઓની આ બાબતની પ્રતિષ્ઠા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે સમાજમાં ઓછી થઈ ગઈ છે, એટલે આપણે વધારે સાવધાન થવાની જરૂર છે. બને છે એવું કે શિક્ષણ સંસ્થાના મહેતાજી લોકો હિસાબ–કિતાબમાં ઓછું સમજે, એટલે ખર્ચ તો યથાર્થ થયો હોય છતાં ચોપડામાં તે યથાર્થ રીતે પડ્યો ન હોય; એટલે વ્યવહારના આદમીને તરતજ એમાં બીજી ગંધ આવે. માટે સંસ્થાના અને જાહેર વ્યવહારના હિતની બુદ્ધિથી મને એ તો જરૂર લાગે છે કે ખર્ચના સંબંધમાં આવી સંસ્થાઓએ બહુજ જાગતા રહેવું અને વ્યવહારના માણસોની સલાહ પ્રમાણે હિસાબ રાખવો. આ બાબતમાં આપણે મહેતાજીઓ જેટલી કાળજી રાખીએ તેટલી ઓછી છે.

દ્રવ્યની બીજી બાજુ દ્રવ્ય મેળવવાની છે. જે શિક્ષણ સંસ્થા દ્રવ્ય મેળવવા માટે જ ઊભી કરવામાં આવી હોય તેને તો આવો પ્રશ્ન જ નથી. આ લેખમાં એને મેં શિક્ષણ સંસ્થા તરીકે સમાવી જ નથી. જે સંસ્થાનો ખર્ચ કાર્યવાહકોને મહેનત કર્યા વિના મળી રહે છે, ત્યાં ઘણીવાર કાર્યવાહકો અલ્પપ્રાણ બની જવાનો સંભવ છે એટલું ધ્યાનમાં રાખવું. આવી અલ્પપ્રાણતાને નિરંતર દૂર રાખવી હોય તો આવા કાર્યવાહકોએ પોતાના અંગત જીવનમાં તેમજ સંસ્થાના જીવનમાં બને તેટલી સાદાઈ રાખવી. વિના પ્રયાસે દ્રવ્ય મળે તેનો કર ચડવા ન દેવો હોય તો અંગત તેમજ સંસ્થાગત સાદાઈ એ એકજ સન્માર્ગ છે.

જ્યાં કાર્યવાહકોને સંસ્થાના દ્રવ્ય માટે નિરંતર મહેનત કરવી પડે છે ત્યાં બે ભય સ્થાનો છે. એક તો આવી સંસ્થાના વિદ્યાર્થીઓનાં માનસ પાંજરાપોળિયા બની જાય છે. પોતે સંસ્થાનો જેટલો લાભ લે છે તેટલું જ વળતર મોટી ઉંમરે એક યા બીજી રીતે આપવુંજ જોઈએ એવો આગ્રહ આવી સંસ્થાઓના વિદ્યાર્થીઓને હોતો નથી. એટલે એ રીતે તેમનું માનસ હું પાંજરાપોળિયું કહું છું. શિક્ષણ સંસ્થામાં ગરીબ તવંગર તમામ વિદ્યાર્થીઓ ભેદભાવ વિના ભણે એ સમજી શકાય છે. આ સંસ્થાઓમાં લવાજમ ન હોય એ સમજી શકાય છે, પણ ભણતર પૂરું થયા પછી આવી સંસ્થાનો લાભ લીધો હોય તેવા વિદ્યાર્થીઓએ સંસ્થાઉ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્થિક ઋણ અદા કરવા માટે બંધાયેલા છે એ વસ્તુ આજે વિદ્યાર્થીઓના માનસમાંથી ખસી ગઈ છે એ સમજાતું નથી. જો સંસ્થાને શિક્ષણની હાટડી ન બનાવવી હોય, તેને નદીના પાણી જેવી સર્વભોગ્ય સંસ્થા રાખવી હોય અને સાથેસાથે આવી પાંજરાપોળિયા મનોવૃત્તિને સ્થાન ન આપવું હોય તો એકજ માર્ગ છે અને તે એ કે કાર્યવાહકોએ તવંગર લોકોની મદદ મેળવવી અને સંસ્થામાંથી નીકળેલા વિદ્યાર્થીઓએ સંસ્થાનું ઋણ અદા કરે એવી ભાવના ઊભી કરવી. આ સિવાય બીજો એકેય માર્ગ નથી.

આપણી શિક્ષણસંસ્થાઓએ દેશમાં ટકવું હોય અને સારૂં કામ કરી બતાવવું હોય તો આટલી બાબતો જરૂર ધ્યાનમાં રાખે:—

૧ સંસ્થાનું ચોક્કસ ધ્યેય નક્કી કરે.

૨ ધ્યેયને જીવનમાં સ્થાન આપનાર એકાદ વ્યક્તિને મેળવે.

૩ કાર્યકર્તાઓમાં ઘણામાં ઘણા વિચાર ભેદો છતાં આખરી નિર્ણયો અને આખરી ક્રિયાની એકતા રહે એવા જ કાર્યકર્તાઓ સાથે રાખે.

૪ સંસ્થામાં અમુક અમુક ચોક્કસ બાબતોમાં પ્રણાલિકા ઊભી કરવાના પ્રયત્નો કરે.

૫ દ્રવ્ય મેળવવામાં તેમજ દ્રવ્ય ખરચવામાં કાર્યવાહકો બેદરકાર ન બની જાય, તેમજ ચગદાઈ ન જાય એવો પ્રબંધ કરે.

(૧૯૨૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ શિક્ષણ

મને ધર્મશિક્ષણ પર ભાષણ આપવા માટે ઉભો કરવામાં આવ્યો છે. છાત્રાલયમાં વિદ્યાર્થીઓમાં ધાર્મિકતા કેવી રીતે ઉભી થાય એ બાબતનો હું જ્યારે જ્યારે વિચાર કરૂં છું ત્યારે થરથરી જાઉં છું. શાળામાં અથવા તો છાત્રાલયમાં વિદ્યાર્થીને ધર્મનું જ્ઞાન આપવાનું હોય તો એ પ્રશ્ન બહુ મુંઝવે તેવો ન ગણાય. એ તો હિંદુધર્મની કે કોઈ પણ ધર્મની એકાદ પાઠમાળા લઈને તેના આધારે ધર્મનું જ્ઞાન આપી શકાય. પણ ધર્મનું જ્ઞાન માત્ર આપવું તે એક વાત છે, અને વિદ્યાર્થીઓના અંતઃકરણમાં ધાર્મિકતા ઉભી કરવી એ બીજી વાત છે.

આજે આપણાં છાત્રાલયોમાં ભારે અંધાધૂંધી ચાલે છે. જેઓ છાત્રાલયમાં ધાર્મિકતાની વાતો કરે છે. તેઓનો ધાર્મિકતાનો ખ્યાલ ધર્મના જડ ક્રિયાકાંડમાં અને એથીયે વધારે જડ ઉપદેશમાં પૂરો થાય છે. જેઓ આવી સંસ્થાઓમાં ધર્મનો વિરોધ કરે છે તેઓ કાંતો ઉપર જણાવી તેવી ધર્મની સંકુચિત દૃષ્ટિનો વિરોધ કરે છે, અથવા તો પશ્ચિમમાં ખ્રિસ્તીધર્મના શિક્ષણ સામે આજે જે ઝુંબેશ ચાલી રહી છે, તેનો પડઘો માત્ર પાડે છે.

આજે આપણે જેને 'ધર્મ,' 'ધર્મ' સમજીએ છીએ તે વસ્તુતઃ ધર્મ નથી પણ ધર્માભાસ છે. ધર્મ એટલે અમુક ચોક્કસ ક્રિયાકાંડ અથવા તો જીભના ટેરવા પર ચડાવી શકાય એવી માન્યતાઓ, એ ખ્યાલ જ તદ્દન હલકો છે. ધર્મ એ તો સમગ્ર જીવતર પરની દૃષ્ટિ છે, અને એ દૃષ્ટિમાંથી ઉભો થતો જીવનવ્યવહાર છે. હિંદુધર્મ એટલે વેદકાળથી માંડીને આજસુધી થઈ ગયેલા હિંદુસંતોની જીવતર પરની દૃષ્ટિ. આ પ્રમાણે જોઈએ તો નાસ્તિકવાદ, ભક્તિવાદ, એકેશ્વરવાદ વગેરે તે તે વાદોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવર્તકોની જીવતર પરની દૃષ્ટિ બતાવે છે. જીવતર પરની આ દૃષ્ટિ જ્યારે માનવીના સ્થૂલ દેહને વટીને તેના અંતરાત્માનો સુદ્ધાંત વિચાર કરે છે, અને એવા અંતરાત્માવાળા માનવીનો સમગ્ર બ્રહ્માંડ સાથે શો સંબંધ હોઇ શકે તેની વિચારણા કરે છે, ત્યારે આપણે તેને વિશુદ્ધ ધર્મદૃષ્ટિ કહી શકીએ.

પણ આ તો આપણે વધારે ઊંડા પાણીમાં ચાલ્યા ગયા. મારી પોતાની તો દૃઢ માન્યતા છે કે માનવસમાજ કદી ધર્મ વિના રહી શકવાનો નથી. જે માણસો ધર્મનો મોઢેથી ઇનકાર કરે છે તે માણસો પણ એ ઇનિકારમાં જ તેનો સ્વીકાર કરે છે. માનવી હૃદયના ઉંડાણમાં ધર્મ પડ્યો જ છે. ભલે આજે એનો સ્વીકાર કરીએ કે ન કરીએ. હું સ્વીકાર કરૂં કે ન કરૂં તોપણ જેમ ગુરૂત્વાકર્ષણનો નિયમ મારા શરીરને લાગુ પડે જ છે, તેમ માણસ સ્વીકાર કરે કે ન કરે પણ ધર્મ તેના હૃદયમાં પડ્યો જ છે. આજે ધર્મના જૂના ખોખાંની સૂગને લીધે આપણે ધર્મને ફગાવી દેવા તૈયાર થયા હોઇએ તોપણ મનુષ્યનો અંતરાત્મા ધર્મ વિના શાંતિ પામવાનો નથી એ નિર્વિવાદ વાત છે.

પણ આ તો મારી અંગત માન્યતા ગણાય. છાત્રાલયમાં વિદ્યાર્થીઓમાં ધાર્મિકતા ઉભી કરવી હોય તો એવી ધાર્મિકતા જેના જીવનમાં રગેરગે આવી ગઇ હોય એવા ગૃહપતિને આપણે શોધવો પડશે. આજે આપણે છાત્રાલયોમાં જે ગૃહપતિઓને રોકીએ છીએ તેમની ધાર્મિકતા વિષે આપણે કશું જ જાણતા હોતા નથી. ગૃહપતિ ભણેલો છે કે કેમ તે આપણે તપાસતા હશું ખરા; ગૃહપતિ વ્યવહારદક્ષ છે કે કેમ તે આપણે તપાસતા હશું ખરા; પણ ગૃહપતિના પોતાના જીવનમાં ધર્મ એ જીવતી જાગતી વસ્તુ છે કે કેમ તે તપાસવાની કોને નવરાશ છે? અને આજે એવું તપાસવા બેસીએ તો કેટલાં બધાં છાત્રાલયોને આપણે આજની રાત પહેલાં તાળાં મારવાં પડે?

વાત એમ છે કે આપણે છાત્રાલયો ચલાવવાં છે, અને ચાલુ રીત પ્રમાણે જૂના જમાનાના ઘરડિયાઓ ધર્મનું ખોખું માગતા હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે તેને પણ રાખવું છે. નવા જમાનાના વિદ્યાર્થીઓ આવા નિર્જીવ ધર્મને માનવા તૈયાર નથી. આપણી પાસે એવો કોઈ ગૃહપતિ નથી કે જે ધર્મના ખોખાને વળગવાને બદલે પોતાના જીવનમાં ધર્મને મૂર્તિમંત કરવા માગતો હોય, અને આત્માની કેળવણી વિના તમામ કહેવાતી કેળવણી લૂખી છે એમ માનીને ધાર્મિકતા ઊભી કરતો હોય. આવો ગૃહપતિ આપણે ત્યાં પાકશે ત્યારે ધર્મશિક્ષણનો કોયડો ઉકેલાશે એમ મારૂં માનવું છે. આવો ગૃહપતિ પોતાના જીવનમાંથી ધર્મની ફોરમ ફેલાવશે. એટલે ધર્મની કેળવણીના કેટલાય પ્રશ્નો આપોઆપ ઉકલી જશે અને ધાર્મિક કેળવણી જે આજે આપણાં છાત્રાલયોમાં એક નિર્જીવ વસ્તુ તરીકે ટગુટગુ જીવે છે તે ઘણી વધારે તેજસ્વી થશે.

મારો પોતાનો અભિપ્રાય એવો છે કે છાત્રાલયોના સંચાલકોએ જીવતર પર વિશુદ્ધ ધર્મદૃષ્ટિ–ધર્મના ઉદાર અર્થમાં જેનામાં હોય એવા ગૃહપતિને નીમવા તરફ વધારે ધ્યાન આપવું. અને પછી વિદ્યાર્થીઓને આવા ગૃહપતિના પરિચયમાં છોડી દેવા. આવો ગૃહપતિ આખા છાત્રાલયના જીવનને અને એ જીવનના નાના મોટા તમામ પ્રસંગોને ધર્મદૃષ્ટિથી કેમ જોવાય એ વિદ્યાર્થીઓને અનાયાસે બતાવી દેશે. અને એનું જ નામ ધાર્મિકતાની કળવણી.

આવો ગૃહપતિ છાત્રાલયને ન મળે ત્યાં સુધી છાત્રાલયમાં ધર્મની કેળવણીની વાત કરવી એ ઘણી ભયંકર વસ્તુ છે. મારો પોતાનો નમ્ર મત તો એવો છે કે આજે આપણે સૌ વિદ્યાર્થીઓને ધાર્મિક બનાવવા માટે જેટલી ધગશ રાખીયે છીએ તેટલી ધગશ આપણે ગૃહપતિઓ ધાર્મિક કેમ બનીએ, ધર્મ એ શું છે, ધર્મની દૃષ્ટિ એટલે શું, હિંદુધર્મ એટલે શું, વગેરે સમજવાનાં પ્રયત્નમાં બતાવીએ અને આપણાં પ્રયત્નને વ્યવસ્થિત કરી જીવનમાં વધારે ધાર્મિક થઇએ તો આપણને પોતાને અને આપણી મારફત આપણાં છાત્રાલયોને વધારે લાભ થાય. આજના સંક્રાંતિ કાળમાં આપણે જીવનનું નવું મૂલ્ય આંકવાનું છે અને તેમાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મદૃષ્ટિને આપણે સંઘરીએ, અને એ દૃષ્ટિ માત્ર વાતોમાં કે બહારના આચારમાં નહિ પણ ઝીણામાં ઝીણા વ્યવહારમાં ઉતારીએ તો આપણે ઘણું કર્યું ગણાય. બીજું બધું આપોઆપ ઉગી નીકળશે.*

(૧૯૩૬)

---

* કડીના પાંચમા છાત્રાલય સંમેલન પ્રસંગે કરેલ ભાષણની ભાંગીતૂટી નોંધ પરથી ફરી લખેલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યવહાર કે આદર્શ ?

કેટલાંક પ્રાણીઓ એવાં હોય છે કે જે નિરંતર આકાશમાં જ વિહાર કર્યા કરે અને પૃથ્વી ઉપર કદી પગ મૂકતાં નથી; કેટલાંક અળશિયા જેવાં પ્રાણીઓ એવાં હોય છે કે જે નિરંતર પૃથ્વી પર ફરે છે ને ઊંચે આકાશ જેવું કંઇક છે એમ જાણતાં પણ નથી. તત્ત્વજ્ઞાનમાં કેટલાંક ભેજાં નિરંતર આદર્શની જ વાર્તા કર્યા કરે છે અને ખરી વસ્તુસ્થિતિનો વિચાર પણ કરવાની દરકાર જ કરતાં નથી, જ્યારે કેટલાંક ભેજાં કેવળ વસ્તુસ્થિતિ પર જ પોતાનો આગ્રહ રાખે છે અને આદર્શ વિના વસ્તુસ્થિતિ પોતે જ અર્થહીન બને છે એટલું કબૂલ રાખતાં નથી. જીવનનાં લગભગ તમામ ક્ષેત્રોમાં આદર્શ અને વસ્તુસ્થિતિનો આ વિરોધ આપણે જોઇએ છીએ, અને એ વિરોધનો સમન્વય કરવામાં જ જીવનનો પણ સમન્વય રહેલો છે એ પણ એટલું જ સાચું છે.

આપણાં છાત્રાલયોમાં પણ આવો વિરોધ આપણને સ્પષ્ટ દેખાય છે. કોઇ વિદ્વાન ગૃહપતિ પંતૂજીવેડા કરીને નવીન કેળવણીની અને તેના આદર્શોની જ વાતો કરતા – હોય જ્યારે છાત્રાલયમાં વિદ્યાર્થીઓને પીવા માટે ચોખ્ખું પાણી મળે એ તરફ તેમનું કેવળ દુર્લક્ષ્ય હોય, ત્યારે કોઇ ગૃહપતિ મીઠું મરચું તોળવામાંથી પરવારે જ નહિ. કોઇ પ્રેમની અને વિશ્વાસની વાતો કરે તો પોતે અભડાઇ જશે એવી બીકથી કાન જ ન માંડે.

આ બન્ને સ્થિતિ યથાર્થ નથી. આપણે તો આકાશમાંય ઊડવું છે ને છતાં પૃથ્વી પર પણ આપણા પગને સ્થિર રાખવા છે; આપણે તો આદર્શને ય સેવવો છે અને છતાં વસ્તુસ્થિતિ તરફ આંખ મીંચવી નથી; આપણે તો નવીન કેળવણીના ધ્યેયોને પણ દૃષ્ટિ પાસે રાખવાં છે તે છતાં મીઠું મરચું તોળવાનાં કાટલાં ફગાવી દેવાં નથી.

આ રીતે આપણે આદર્શનો અને વ્યવહારનો સુમેળ સાધવો જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે ભાઈઓ કેવળ આદર્શમાં જ ઊડયા કરે છે પણ તેનો વ્યવહાર કરવા માટે પૃથ્વી પર ઊતરતા નથી, તેઓનો આદર્શનો ખ્યાલ એટલો અધૂરો છે; આદર્શોને વ્યવહારમાં ઉતારીએ છીએ ત્યારે જ આદર્શના ગર્ભમાં રહેલી તેની મર્યાદાઓ આપણા લક્ષમાં બરાબર આવે છે. એમ આદર્શ જ્યાં સુધી કેવળ મનની કલ્પનામાં અથવા તો પુસ્તકમાં રહે છે ત્યાં સુધી તે પોતાનું રહસ્ય આપણને સ્પષ્ટ દેખાડતો નથી. આ કારણથી જ કેવળ આદર્શની વાતો કરનારા, પણ વ્યવહારથી નાસી ભાગનારા લોકોને સમાજ વેદિયા કહે છે.

આ રીતે કેવળ વ્યવહારવાદીઓ પૃથ્વી પરથી એક ઈંચ જેટલું પણ ઊંચે ઊડવાની ના પાડે ત્યારે માનવ જીવન પશુ જીવન જેવું બની રહે છે; અને ઉચ્ચ જીવન જેવી વસ્તુ કશી રહેતી જ નથી. વ્યવહાર પર પગ માંડીને આપણે આદર્શને પહોંચવાનો પ્રયત્ન કરીએ તો એ વ્યવહારનો પણ અર્થ છે. જીવનના એક પણ ઉચ્ચ વિચાર તરફ ઊઠ્યા સિવાય માત્ર પૃથ્વી પર પેટ ઘસડીને ચાલ્યા કરવું એમાં મનુષ્યનું જીવન જ ક્યાં છે? વધારે અફસોસની વાત તો એ છે કે આજે આપણા છાત્રાલયોમાં નથી આદર્શ કે નથી વ્યવહાર. આજે તો આપણો અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ જેવી દશા છે. જૂની ઢબના રડ્યા ખડ્યા ગૃહપતિઓ હતા તે બિચારા મીઠું મરચું તોળતા અને વિદ્યાર્થીઓને આવડત પ્રમાણે સાચવતા; આપણે નવીન આદર્શોવડે તેમના પર હલ્લો કર્યો એટલે તે બાપડા પડ્યા! આપણી પાસે નવીન આદર્શો આવવા લાગ્યા છે, પણ એ આદર્શો જ્યાં લઈ જાય ત્યાં ઊડવાની આપણી તાકાત નથી. એટલે જીવનમાં ઘણાં ક્ષેત્રોમાં આજે જેમ એક પ્રકારની અરાજકતા પ્રવર્તે છે તેમ આપણા ગૃહપતિ–જીવનમાં પણ અરાજકતા પ્રવર્તે છે. આપણે આ અરાજકતા દૂર કરવી હોય તો આદર્શોને પચાવવા પડશે, અને એ પચાવેલા આદર્શોનો વ્યવહારમાં અમલ કરી આપવો પડશે.

આ કાર્ય આપણે જેટલું વહેલું કરીએ તેટલું સારું.

(૧૯૩૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૂતન ગ્રામવિદ્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે*

× × આજનો પ્રસંગ અને આજનો દિવસ આખા દેશના ઉત્સવનો દિવસ છે. જે સંસ્થાએ આખા દેશના જ નહિ પણ આખા જગતના ઉત્થાપનની દિશા બતાવી છે એવી મહાસભાનો આ મહોત્સવ છે. આજને દિવસે આ વિદ્યાલયનું ઉદ્‌ઘાટન કરીએ તે પણ આપણું મહાભાગ્ય મનાય. વધારે તો એટલા માટે કે મહાસભા જે માર્ગે દેશનું પુનરુત્થાન કરવા માગે છે તે માર્ગમાં આવીજ સંસ્થાઓ મદદગાર છે. મને કોઈ પૂછશે કે જે સંસ્થામાં ચાલીશ કે પચાસ વિદ્યાર્થીઓજ ભણે તેનાથી આખા દેશનું ઉત્થાન શું થાય?

પણ હું પોતે કેળવણી મારફતે આખા ઈલાકા કે દેશનું જ નહિ પણ આખી દુનિયાનું કલ્યાણ થવાનું છે, એમ માનનારો છું. આખા જગતના કલેશ–કંકાસનો અંત કોઈક દિવસ આવવાનો હશે તો તે સાચી કેળવણીથી આવશે; જો દેશની સાચી સ્વતંત્રતા આવવાની હશે તો તે પણ સાચી કેળવણીથી જ આવશે; અને જો કેળવણી વિના સ્વતંત્રતા આવશે તો તે સાચી સ્વતંત્રતા નહિ હોય. આટલા વર્ષના મારા અનુભવ પછી મને ખાતરી થઈ ચૂકી છે કે માણસને માણસ તરીકે જીવવા દેવો હોય તો તે જીવનની કેળવણીથી જ બની શકશે. આજે આપણે સાચા માણસો નથી, પણ આપણે પોતે આપણા દેશમાં ઢોર જેવા છીએ. મહાસભા આપણને ઢોરમાંથી માણસ બનાવવા માગે છે. આપણા અંગો ભલે માણસના હોય પણ જીવન ઢોરનું છે. મહાસભાનો પેગામ છે કે ચાલીશ કરોડ માણસો માણસ જીવન જીવે. આ નૂતન ગ્રામ વિદ્યાલયનો પેગામ પણ એ જ છે. આજે વર્ષો થયાં કોલેજો અને હાઈસ્કૂલો

---

* ગંભીરામાં તા. ૨૯–૧–૩૯ના રોજ આપેલું વ્યાખ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલે છે. તેમણે તેમને જે યોગ્ય લાગ્યું તે પ્રમાણે કેળવણી આપી તેનો હું ઇનકાર કરતો નથી, પણ આપણને એમાંનું કંઇક ખટકે છે. આપ-ણને આજે લાગે છે કે જો દેશનું ઉત્થાન કરવું હોય તો આ શાળા-ઓથી કાંઇ ચાલે? આ કેળવણીમાં ફેરફાર–કરવો જોઇએ. આપણી યુનિવર્સીટીના સંચાલકો પણ ઇચ્છે છે કે આમાં કંઇક ફેરફાર થવો જોઇએ. ચાલુ કેળવણીથી બધાનાં મન અસંતુષ્ટ છે. તેની કોઇ ના નહિ કહી શકે. મહાસભાએ એમાં ફેરફાર કરવાનો પ્રયત્ન કર્યો છે. થોડા વર્ષો ઉપર ઠેરઠેર મહાસભાના ઝંડા નીચે રાષ્ટ્રીયશાળાઓ સ્થપાઈ. ગાંધી-જીના હાથે વિદ્યાપીઠ સ્થપાઇ. જે કેળવણી આપણને સ્વાધીન ન બનાવે તે કેળવણી નથી એવો મહાઘોષ ગાંધીજીએ ગૂજરાતમાં કર્યો. આજે ભલે એ બધી સંસ્થાઓ બંધ પડી હોય કે વિદ્યાપીઠ મૂઠી જેવડી થઇ ગઇ હોય પણ તેણે જે આદર્શ મૂકયો છે તે જીવતો છે. આવડા મોટા શરીરમાં આત્મા કેવડો છે? પણ એ પ્રાણસંચાર કરી શકે છે.

આજે મહાસભાનો મહોત્સવ છે. એ દિવસે આ મકાન ખુલ્લું મૂકાય છે. આજે જ આપણે ધ્વજવંદન કરીએ અને ગીત ગાઇએ, એ બધામાં ઇશ્વરી સંકેત છે. જે મહાસભાનો ઝંડો આપણે ફરકાવ્યો, જેને આપણે અંતઃકરણપૂર્વક વંદન કર્યું, તેને ધ્યાનમાં રાખીને આપણે આખા જીવતરની અને કેળવણીની યોજના કરવી જોઇએ. એક દિવસ એવો હતો કે જ્યારે આવી ધ્વજાઓ ધર્મસ્થાનો પર ફરકતી અને આપણે સૌ એ ધ્વજાને વફાદાર રહી આપણાં જીવતર ચલાવતા. આજે સુધી આપણને કહેવામાં આવ્યું છે કે જીવતરમાં તું કોઈ પણ પ્રસંગે માની કૂખ ન લજવતો. આ મા તે કોણ? આપણને નવ મહિના સુધી પેટમાં સંઘરનારી મા કે એનાથી આગળ જઇને આપણા ચાલીશ કરોડ ભાંડુઓને જીવન અર્પનારી આપણી માતૃભૂમિ? માની કૂખનો અર્થ આજે વિશાળ બન્યો છે. એક દિવસ એવો હતો જ્યારે હું સમજતો કે મને રીતસર જણનાર મને નવ માસ પેટમાં સંઘરનાર જ મારી માતા. પણ જેણે આખી પ્રજાને વેદકાળથી આજસુધી પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૂખમાં સંઘરી છે તેની કૂખને શોભાવે તેવું જીવતર જીવવું એ જ મહાસભાનો પેગામ છે. મહાસભા એક જ વાત કહે છે કે મારી કૂખ ન લાજે એવું જીવન જીવજો. અને એવું જીવન એ છે કે હિંદીઓ હિંદી તરીકે જીવે. આપણા વેપારથી માની કૂખ લાજતી હોય તો તે ન કરીએ. જેટલી જેટલી ક્રિયાઓ આપણી માતૃભૂમિને લાંછન લાગે તે તે ક્રિયાઓ આપણને હરામ હોય.

કોઈ પણ મા એમ ન ઇચ્છે કે પોતાનો દીકરો નીચી મૂંડીએ જીવે. કોઇ પણ મા એમ નહિ ઇચ્છે કે પોતાનો દીકરો ઘરમાં જોડા પાસે બેઠો રહે અને પારકા લોકો ચૂલા સુધી પેસીને ઘરનું તંત્ર ચલાવે.

આ વિદ્યાલયને એક વિદ્યાર્થી મળો કે પાંચસો વિદ્યાર્થી મળો એ વાત મારે મન મોટી નથી. મોટાં મકાન કે વિદ્યાર્થીની સંખ્યા ઉપરથી સંસ્થાની કલ્પના નહિ કરી શકાય, પરંતુ આખી સંસ્થાના મૂળમાં કયો પ્રાણભૂત વિચાર સંસ્થાને હલાવી રહ્યો છે તેની ઉપરથી સંસ્થાનું મૂલ્ય અંકાશે. જે વિચાર સંસ્થાના સંચાલકોને હલાવી રહ્યો હશે તે વિચાર આજે નહિ તો આવતી કાલે આખા ગંભીરા ગામમાં ફરી વળશે અને આખી સંસ્થાની સાર્થકતા સિદ્ધ કરશે.

એકવાર હિમાલયની કોઇ જગ્યાએ એક દિવાસળી સળગાવી કે પ્રકાશ થવાનો જ; પછી ભલેને એ ગુફાનો અંધકાર એમ કહે કે મારો તો અહીં લાખ વર્ષનો ભોગવટો છે ને હું તને પ્રકાશ નહીં ફેંકવા દઉં. પણ દિવાસળીએ તેનો કશો જવાબ ન આપ્યો ને અંધકાર આપોઆપ હટી ગયો. પ્રકાશનું એક નાનુંશું કિરણ પણ લાખ વર્ષના ભોગવટાને નાબૂદ કરે છે. તેમજ એક પણ વિચાર લાખ વર્ષના જૂના વિચારને નાબૂદ કરવાને શક્તિમાન છે. સાચો વિચાર કે પ્રકાશનું કિરણ એકલું જાય છે. એ કોઇને પણ વીંધીને, આકાશને વીંધીને, મેદનીને વીંધીને પણ પોતાનો રસ્તો કરે છે એવું આજનો ઇતિહાસ કહે છે. એવું જ જો પ્રકાશનું કિરણ વિદ્યાલયના સંચાલકોમાં હશે તો ગંભીરા ગામ તો શું પણ આખા ગૂજરાતની મગદૂર નથી કે તેને ન સ્વીકારે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રીય કેળવણીનો પ્રકાશ જો ખૂબ હશે તો બીજી શાળાઓની મોટી દિવાલો ભેદીને પણ તે અંદર પ્રવેશ કરશે. જેમ આપણો સ્વતંત્રતાનો વિચાર યથાર્થ છે, અને તે જગતની દુર્ભેદ્ય દિવાલોને વીંધીને પણ એનો માર્ગ કરી લેશે, તેવીજ રીતે કેળવણીનું સમજવું. પણ બાહ્ય વિરોધની દિવાલો કરતાં આંતર વિરોધની દિવાલો ઘણી જાડી હોય છે એમ મને દેખાય છે. આપણને ખબર નથી કે સારી અને ખોટી કેળવણી કઇ. આપણામાં કેળવણી વિષે કેટલાક ખોટા વિચારો પેસી ગયા છે. બહારની છાપ કેળવણીને ન લાગે તો એ ભણ્યો જ નથી એમ આપણે માનીએ છીએ. રાષ્ટ્રીય કેળવણી કહે છે કે તમે હિંદી બનો. આજ વસ્તુ કોઇપણ રાષ્ટ્રીય વિદ્યાલય માગે છે, એમ હું જાણું છું તેથી જ અહીં આવ્યો છું.

આ વિદ્યાલયના સંચાલકોને માથે જવાબદારી તો હતી જ; પણ આજે તે વધે છે. આજસુધી સંસ્થા ગમે તેવી સ્થિતિમાં ચાલી; ત્યાં સુધી સંસ્થાનું કામકાજ અમુક રીતે ચલિત દશામાં હતું એમ કહેવાય. આજે સંસ્થાને સ્વતંત્ર મકાન થયું છે, સંચાલકોના આજે વિદ્યાલય સાથે લગ્ન થાય છે, લગ્ન ન કરવાં હોય તો હજી ભાગી જવાય. પણ લગ્ન થયા પછી તો હિંદુ લગ્નના આદર્શ પ્રમાણે સંચાલકોએ જીવનભર લગ્નને વફાદાર રહ્યે છૂટકો થવાનો છે. સંસ્થાના સંચાલકો રીતસર સંસ્થા સાથે કેમ જાણે આજે લગ્ન સંબંધથી જોડાતા હોય એમ બને છે. આ મકાન ખોલ્યા પછી જો તેઓ ભાગે તો બીજું કોઈ નહીં લાજે તોપણ આપણું ગૂજરાત—આપણી માતા તો લાજશે જ.

એમની સામે મુશ્કેલીઓ તો આવવાની જ છે એ હું પણ સમજું છું, પણ એકેએક મુશ્કેલી આપણને બળ આપનારી છે એમ મારું માનવું છે. સૌ કોઈનો અનુભવ છે કે જેનું જીવતર સુંવાળું થઇ ગયું હોય તે જીવતરમાં કંઇ મોથ મારી શકવાનો નથી. જે ખડતલ જીવતર જીવ્યો છે તેણેજ કંઇક નવીન કર્યું છે. જે સંસ્થાઓને ખડતલ જીવન નથી જીવવાં પડતાં, તેમનાં મૂળ ઊંડાં નથી જતાં. તેમજ આ સંચાલકોને કહું છું કે તમે મુશ્કેલીથી ડરતા નહિ. મુશ્કેલીઓ આપણા ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇશ્વિરે મોકલેલી કૃપા છે. ગંભીરામાં સૌ ભાઈ બહેનોને એક વાત કહેવા માગું છું. માબાપો, તમારાં બાળકો અહીં શું ભણે છે તે બીજે શું ભણે છે તે માપી લેજો. પણ આપણાં ત્રાજવાં આજે મોટાં થઇ ગયાં છે એટલે જ્યાં અર્ધો શેર હોય ત્યાં દસ શેર લાગે છે. જે કેળવણી બાળકોને જીવનમાં ઉપયોગી નથી તે કેળવણી મફત મળતી હોય તો પણ આપણે બાળકોને માટે આપીએ? છગનભાઇને આ બાળકોને ગંભીરાનાં સાચાં બાળકો બનાવવાં છે. તમે એમ નહીં માનતા કે તેમનો ઇરાદો આ લોકોને જીવતર માટે નાલાયક બનાવવાનો છે. ઘરના તથા જીવનના જીવતરો માટે આ વિદ્યાલયનાં બાળકો નકામાં નથી. વિદ્યાલયનાં નવાં બાળકો તમારાં ખેતરો સાચવશે, તે તમારાથી સારાં સાચવશે. તમારૂં કામ સવાયું કરી બતાવશે. સાથે જ જીંદગીમાં એને કોઇ એમ નહીં કહે કે એ જીવનને નથી ઓળખતાં. સંસ્કારિતા આવે અને જીવન ખેડવાની તાકાત આવે એ જ વિદ્યાલયનો ઉદ્દેશ છે.

કઇ એવી કેળવણી આપવી કે જે વ્યવહારમાં અને જીવનમાં ઉપયોગી નીવડે એવી શોધ હું, છગનભાઈ અને અન્ય કેળવણી વિચારકો કરી રહ્યા છીએ. બધા તે શોધે છે પણ કોઇને તે હજી પૂરેપૂરું જડયું નથી. જડશે તે દિવસે કેળવણીમાં ફેરફાર કરતાં અમને સંકોચ નહીં થાય. જેટલું આજે જડયું છે તેટલું આપીએ છીએ. પણ વધારેની શોધમાં તમે અમને સહાય આપો. એ શોધ માટે તમારાં બાળકો અને બાલિકાઓને અમને સોંપો. તમારી અમને હૂંફ આપો.

અહીં જે બાળકો ભણે છે તેમને હું ધન્યવાદ આપું છું. મને એમ થઈ જાય છે કે હુંય એક નાનો બાળક થઈ જાઉં અને આવી શાળામાં ભણું. મને તેમની ઇર્ષ્યા આવે છે. ઘણાને તમારી ઇર્ષ્યા આવતી હશે કે અમને આવું ભણવાનું મળ્યું હોત તો કેવું સારું? પણ તમારામાં જે મોટાં છે તેમને માથે વધારે ભાર છે. અને તે એ કે આવતી કાલનું ગંભીરા તમારે કેવું કરવું છે? ગંભીરાની લાજ તમારે શિર છે. તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌને પગે લાગીને કહું છું કે મારી, છગનભાઇની, આ વિદ્યાલયની અને સૌથી છેલ્લે આ ઝંડાની લાજ તમે રાખજો. મારી ઉમેદ છે કે આ સ્થાન આખા ગંભીરાને પ્રેરણા આપે. અહીંથીજ નવ પ્રકાશ ગામમાં અને તાલુકામાં ફેલાય એવું હું ઇશ્વર પાસે માગું છું.

મને છૂટ હોય તો હું કહું પણ ખરો કે અમારાં જીવન જેવાં સુલેહ અને શાંતિમાં ગયાં છે તેવાં તમારાં નહીં જાય. તમારાં જીવનમાં મોટા ધરતીકંપો અને ઉલ્કાપાતો આવવાના છે. બિહાર અને કવેટા કરતાં મોટા ધરતીકંપો નજીકના ભવિષ્યમાં આવવાનાં છે એમ જોઇ શકું છું. તે વખતે અમે તો ખૂણે બેઠાં હોઇશું, પણ તમારાથી ખૂણે નહીં બેસાય. તે વખતે અમે તો અદૃશ્ય હોઇશું. તમારાથી ખૂણો નહિ શોધાય. તમારે તો કહેવું પડશે કે આ માથું ઉતારી લ્યો, પણ ધડ લડશે. આજે ખૂબ ખેલી રમીને એ શક્તિ ભરી લ્યો. જે દિવસે દેશમાં ચોમેર અંધારું થાય અને દિશા પણ ન સૂઝે તેવે વખતે તમારે પ્રકાશ કરવો પડશે. ત્યારે એક જ જણ બટન દાબશે ને ઘેરઘેર દીવા પ્રગટવા જોઇશે. હું ઇચ્છું છું કે એવે કટોકટીને પ્રસંગે આપણે આપણી જાતને વફાદાર રહીએ, અને માની કૂખને ન લજવીએ.

નવ જીવનના આવતા પ્રવાહના ચિન્હ તરીકે હું આ સંસ્થાને ગણું છું. જેને નવપ્રવાહ આવે છે એમ દેખાતું હોય તેના અહોભાગ્ય છે. આ મકાન ખુલ્લું મૂકવામાં હું યત્કિંચિંત્ સહાયક થયો છું તે બદલ હું ઇશ્વરનો ઉપકાર માનું છું. મને પંચાવન વર્ષ થયાં તેમાં મેં ગામડાની સેવાના કેટલીયે વાર મનસૂબા કર્યાં છે, પણ હું તે પાર પાડી શક્યો નથી. પરંતુ બીજા તે પાર પાડતા હોય તેમાં હું સહાયભૂત થતો હોઉં તો તેથી મને ખૂબ આનંદ થાય છે. આપણા દેશમાં આવા ઘણા અખતરા થાય તો કેળવણીમાં ખોળીએ છીએ તે ખોળવામાં ખૂબ મદદરૂપ થાય.

૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ નવીન વિચારનું મોજું ગૂજરાતમાંથી સાબરમતીમાંથી શરૂ થયું છે. આજે ગાંધીજી વર્ધામાં બેઠા બેઠા પણ આપણામાં જે ચિનગારી સળગાવી રહ્યા છે તે જ્યોત બુઝાય એમ નથી. હું એમ પણ ઇચ્છું કે આ નવજીવન આપનારી જેટલી સંસ્થાઓ હોય તે ગાંધીજીની પ્રેરણાથી વિખૂટી ન પડે. આ વિદ્યાલય અને તેના સંચાલકો લાંબા વખત સુધી આમ પ્રજાની સેવા કરે.

હું માબાપોને પણ કહું છું કે તમે બાળકને જેમ ઘરેણાં પહેરાવો છો અને લપડાક પણ મારો છો તેમ વિદ્યાલયને કરજો. તેને પારકું નહીં ગણતા અને તમારૂં બાળક જ રાખજો. જ્યારે જ્યારે વિદ્યાલયના તમને દોષો દેખાય ત્યારે વિદ્યાલયના સંચાલકો પાસે બેધડક મૂકજો. પણ ગમે તેટલા દોષો છતાં જેમ આપણાં બાળકને આપણે આપણું માનીએ છીએ, તેમ આ વિદ્યાલયને તમે તમારું માનજો. અને તમારા બાળક તરીકે હંમેશાં એના તરફ મીઠી નજર રાખશો.

(૧૯૩૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદ્યતન ગૃહપતિ

ગૃહપતિ તરીકેની લાયકાતમાં જે કેટલીક વસ્તુઓ અનિવાર્ય છે તેમાંની એક તેની અદ્યતનતા છે. જે વિદ્યાર્થીઓ આવતી કાલના સમાજ-માં સંસ્કારી સજ્જનો તરીકે ભાગ લેવાના છે તેમના ગૃહપતિ તરીકે જેને રહેવું હોય તે અદ્યતન ન હોય તો તેનો અને વિદ્યાર્થીઓનો મેળ શી રીતે મળે? વિદ્યાર્થીઓના હૃદય ઉપર તેમની આસપાસના સમાજમાં ઊછળી રહેલાં મોજાં અથડાતાં હોય, વિદ્યાર્થીઓની બુદ્ધિને આજની દુનિયાની અનેક દિશાની શોધખોળો આકર્ષી રહી હોય, વિદ્યાર્થીઓની વિચારસરણી પર યુગવિચારકોના વિચારોની અનેકરંગી છાપો નિત્ય ઉઠ્યા કરતી હોય, તેવે વખતે જે માણસ આ તમામ વિચારપ્રવાહોથી અસ્પૃષ્ટ જ રહ્યો હોય, જેની બુદ્ધિ તેમજ અંતઃકરણ યુગના આવાતેવા પ્રવાહોનો દૂરથી પણ સ્પર્શ કરી ન શકતાં હોય, તે માણસના હાથમાં છાત્રાલયનું સુકાન હોય તો કાં તો ગૃહપતિ માત્ર શાકદાતણ લાવનારો કોઠારી બની જાય, અને તેમ ન બને તો ગૃહપતિ અને વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી થાય; ત્રીજો માર્ગ જ સંભવતો નથી.

એટલે ગૃહપતિએ યુગનાં જુદાં જુદાં બળોને પોતાની મર્યાદા પૂરતાં ઓળખવાં જ જોઇએ. એટલી અદ્યતનતા તેનામાં ન હોય તો યુગપ્રવાહો તેને ધસડીને ફેંકી દેવાના છે.

ગૃહપતિ વિજ્ઞાનનો નિષ્ણાત ન હોય પણ વિજ્ઞાનની quantum theory કે relativity theory વિષે તે વિદ્યાર્થીઓને અંગુલિ-નિર્દેશ કરી શકે એટલી તાકાત તેણે કેળવવી ઘટે છે; ગૃહપતિ ઇતિહાસ કે અર્થશાસ્ત્રનો અભ્યાસી ન હોય તો પણ હિન્દુસ્તાનની આજની દશા કે દેશની આર્થિક સ્થિતિ વિષે વિદ્યાર્થીઓને માર્ગદર્શન કરાવી શકે એટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપત્તિ તેનામાં હોવી જ જોઇએ; ગૃહપતિ ધર્મનો નિષ્ણાત ન હોય પણ આજનાં ધાર્મિક વહનો કઇ દિશામાં જાય છે અને ખરો ધર્મ ક્યાં રહેલો છે તેની ઝાંખી તો તેને હોવી જ જોઇએ. આ સર્વથી વંચિત એવો ગૃહપતિ આપણે કલ્પી તો શકીએ અને તે સારો પણ હોય; જેઓમાં બિલકુલ અદ્યતનતા નથી હોતી એવા કેટલાય સારા સારા શાસ્ત્રીઓને આપણે જાણીએ છીએ. વેદોના કે પુરાણોના શાસ્ત્રીઓ તરીકે આ લોકોની કિંમત ગમે તેટલી ઊંચી હોય પણ આવતી કાલના જુવાનોને ઘડનારા ગૃહપતિ તરીકે તેની કિંમત ઘણી ઓછી છે. જેની દૃષ્ટિ અદ્યતન નથી, જેના જીવતરમાં જુદી જુદી રીતે અદ્યતનતા તરી આવતી નથી, તે આવતી કાલનું ઘડતર કરી નહિ શકે.

પણ એક વાત યાદ રાખવી ઘટે છે. આ અદ્યતનતાનો અર્થ કોઇ 'જમાનાની ચાલુ ફૅશન' એવો ન કરે. હા આજના યુગમાં જે સમયસર બીજાઓની સાથેનાં પોતાનાં કામકાજો કરી ન શકે તે અદ્યતન નથી; આજના યુગમાં જે ગમે તેવો મોટો હોવા છતાં બીજા અદના આદમી સાથે પણ વિવેકથી વાત કરતો નથી તે અદ્યતન નથી; આજના યુગમાં નવી શોધખોળને પરિણામે માનવકુળના આચાર–વિચારોમાં જે ફેરફારો આવશ્યક છે તેને ઝીલી શકતો નથી તે અદ્યતન નથી. પરંતુ, હાથના કાંડા પર કાંડાઘડિયાળ ન લટકાવે એ અદ્યતન નહિ, કે માથા પર ઓળી શકાય તેવા વાળ ન રાખે તે અદ્યતન નહિ, કે પગમાં જોડા ન રાખે તે અદ્યતન નહિ, એમ આપણે હરગિજ નહિ કહીએ. આપણો કહેવાનો ભાવ તો એ છે કે અદ્યતનતા દૃષ્ટિની જોઇએ, બહારના દેખાવની નહિ, માત્ર ફૅશનની નહિ.

આપણે આજે જોઈ રહ્યા છીએ કે જે દેશ અદ્યતન બની ન શકે તેને પૃથ્વીની પીઠ પર ટકવું ભારે થઈ પડે તેમ છે. આપણે પણ આવતી કાલના દેશવાસીઓના ગૃહપતિ થવું હશે તો આપણી દૃષ્ટિમાં અદ્યતનતા લાવવી જોઇશે. જગતના સમર્થ વિચારકોના વિચારોનો પરિચય, દુનિયાની નવી નવી શોધખોળ સાથેનો પરિચય, દુનિયાના જુદા જુદા પ્રવાહોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય પિછાન, અને આ બધાંયને આપણી પોતાની છાપ મારીને જોવાની આવડત—આટલું કરીએ એટલે આપણામાં અદ્યતનતા આવે જ આવે.

શિક્ષકોના તેમજ ગૃહપતિઓના જીવનમાં સામાન્ય રીતે એવા ઢાળા પડી જાય છે કે એ ઢાળામાંથી બહાર આવવાનું જ ઓછું બને છે; ખરી રીતે તો આવા ઢાળાનો પણ જરૂર છે, અને સાથે સાથે એ ઢાળાની બહાર સતત દૃષ્ટિ રાખવાની પણ જરૂર છે. આવા ઢાળા વગરની અદ્યતનતામાં કશુંય અદ્યતન હશે જ નહિ; એવી અદ્યતનતા તો માત્ર વખતના રંગ જેવી હોય, એમાં કશુંય ઊંડાણુ ન હોય, એમાં કશું સ્થાયીપણું ન હોય, એમાં આદર્શનીયે સેવા ન હોય, આપણે તો જીવનનો ઢાળો પણ માગીએ છીએ અને તેના પર અદ્યતનતાના પાસા પણ માગીએ છીએ.

(૧૯૩૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મચર્ય.

આજે આપણી શાળાઓમાં તેમ જ આપણાં છાત્રાલયોમાં નવીન કેળવણીના સિદ્ધાંતોનો પ્રવેશ થતો જોઈને આપણને આનંદ થયા વિના રહે નહિ. સોટી માર્યા વિના વિદ્યા આવે જ નહિ એવી દૃઢ માન્યતા જે સંસ્થાઓમાં ચાલતી હતી, તે સંસ્થાઓ વિચારપૂર્વક કે દબાણથી પણ સોટીનો ત્યાગ કરી રહી છે એ આનંદની વાત નથી ? જ્યાં હજી ગઈ કાલ સુધી વિદ્યાર્થીને ગાળ દઈને જ બોલાવવો એ સાધારણ વાત હતી, ત્યાં એ ગાળ શિક્ષકના ગળા સુધી આવીને અટકવા લાગી છે એ આનંદની વાત નથી ? જ્યાં એક દિવસ શિક્ષક કે ગૃહપતિ કેમ જાણે એકચક્રે રાજ્ય ચલાવતો હોય એમ વર્તતો ત્યાં એ જ શિક્ષક કે ગૃહપતિ આજે વિદ્યાર્થીની દૃષ્ટિથી વિચાર કરવાનું થોડેક અંશે પણ સ્વીકારે છે એ આનંદની વાત નથી ? આ બધું ય અને બીજું ઘણું ય નવીન કેળવણીના વિચારોને આભારી છે, એની કોઈથી ના પાડી શકાય તેમ નથી.

પણ જે સંસ્થામાંથી નવીન કેળવણીના વિચારો આ બધું લાવ્યા છે તે સ્થાનમાંથી જ કેમ જાણે એક જુદી જ વસ્તુ આપણે ત્યાં ઘર કરતી જાય છે, અને તે જીવનનાં કેટલાંક સનાતન મૂલ્યોનો ત્યાગ. આજે આપણાં છાત્રાલયોમાં કે શાળાઓમાં કોઈ આદમી ધર્મ શબ્દનો ઉચ્ચાર કરે તો તેની અપદશા સમજવી ! આજે આપણા જુવાનોની વચ્ચે જઈને કોઈ આદમી બ્રહ્મચર્ય એટલો શબ્દ પણ બોલે કે તેનું આવી બન્યું સમજવું ! સત્ય, માનવપ્રેમ. શ્રદ્ધા વગેરે વગેરે માનવ જીવનની મહામૂલી વસ્તુઓ તરફ આજનો જુવાન સમાજ કેમ જાણે હાંસીની દૃષ્ટિથી જોતો હોય એમ આપણને સ્પષ્ટ દેખાય છે. આજે કોઈ ગૃહપતિ છાત્રાલયમાં બ્રહ્મચર્યની વાત કરે તો વિદ્યાર્થીઓ તેને જુનવાણી કહેશે, અને કેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે આવો વેદિયો ગૃહપતિ ફગાવી દેવા માટે જ લાયક હોય એમ તેની સાથે વર્તશે.

આ સ્થિતિ બરાબર નથી. વાસ્તવિક રીતે બોલીએ તો નવીન કેળવણીના મૂળ માનવીની આધ્યાત્મિકતામાં જ રહેલાં છે. અને માનવીની આધ્યાત્મિકતાને ખિલવવી એ જીવન માત્રનો ઉદ્દેશ હોય તો, આજે અનેક સંયોગોને લઈને તિરસ્કારપાત્ર બનેલાં આ સનાતન મૂલ્યોનો યથાર્થ આંક મૂકવો જોઈએ.

હા. આજથી ત્રીશ વર્ષ પહેલાંનો ગૃહપતિ ધર્મના રૂપો ગોખાવતો હશે તો આજનો નવીન ગૃહપતિ તેને પોતાના જીવનમાં ઉતારીને વિદ્યાર્થીને તેનાં આધુનિક સ્વરૂપો સમજાવશે. આજથી ત્રીશ વર્ષ પહેલાંનો ગૃહપતિ વિષયોને છડેચોક ભોગવતો છતો બ્રહ્મચર્ય ઉપર અગડં-બગડં ભાષણો આપતો હશે તો આ નવીન ગૃહપતિ બ્રહ્મચર્યને પોતાના જીવનમાં ઉતારવા મથતો હશે, અને સાથે સાથે વિદ્યાર્થી જીવનની અમોલ શક્તિ કેમ જળવાઇ રહે તેના પ્રયત્નો કરશે.

આ પ્રમાણે જો માનવ જીવનનાં સનાતન મૂલ્યોને યથાર્થ આંકીને આપણે ચાલશું તો આપણે નવીન કેળવણીના આત્માને સમજ્યા છીએ એમ કહેવાય, પરંતુ જો નવીન કેળવણીની વાતો કરતા કરતા આપણે માનવ જીવનની આ અમોલ વસ્તુઓની હાંસી કરવાના હશું તો આપણી જીભ ઉપર નવીન કેળવણીના શબ્દો રહેશે અને આપણા જીવનમાં નર્યું રાક્ષસીપણું આવશે. જે કેળવણીના વિચારના મૂળમાં માનવીની આ આધ્યાત્મિકતાનો વિચાર નથી, તે કેળવણી ઉપર ઉપરથી ગમે તેવી ટાપટીપવાળી હોય છતાં આખરે રાક્ષસી છે એમાં શક નથી.

આપણે આપણાં છાત્રાલયોમાં નવીન કેળવણીના હાર્દને સમજ્યા વિના ગતાનુગતિક થશું તો આપણે પણ આવા ભયને નોતરશું એમ સમજવું. આપણે ગૃહપતિઓ આ દૃષ્ટિથી બ્રહ્મચર્યના વિચારને તપાસીએ અને આપણા વિદ્યાર્થીઓ પાસે જીવનના એક અમોલ સિદ્ધાંત તરીકે રજૂ કરીએ.

(૧૯૩૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાજિક જીવન.

સમાજમાં બીજાઓની સાથે કેમ સહકાર સાધીને રહેવું એ જીવનની એક જાતની મોટામાં મોટી કેળવણી છે, અને આપણા છાત્રાલયો ધારે તો આ દિશામાં કામ કરી પોતાનું અસ્તિત્વ સાર્થક કરી શકે છે.

ઈંટ, રેતી, ચૂનો, પાણી એ બધાંય જુદાં જુદાં પડ્યાં રહે ત્યાં સુધી તે નકામાં છે; એ બધાંય એક બીજા સાથે મળી જઈ જબ્બર ભીંત થાય ત્યારે તેમનું બળ બરાબર ખીલે છે અને માનવીના રક્ષણમાં કામ આવે છે. કોઈ પણ સ્થાનમાં માણસો ખડકાયેલા પથરાની માફક પાસે પાસે રહેતા હોય તેથી એ સ્થાનનો સમાજ બનતો નથી; માણસો એક બીજા સાથે સહકારથી સંકળાયેલા હોય ત્યારે જ એ સમાજ બને છે.

માણસો એક બીજાની સાથે સહકારથી સંકળાય તેની પાછળ ઘણાં બળાબળો કામ કરતાં હોય છે. અહીં આપણે તેનો વિચાર નહિ કરીએ. પણ એટલું તો આપણે જરૂર કહી શકીએ કે જ્યારે દરેક માણસ પોતાને સમાજનું એક અંગ માને, અને સમાજના સુખદુઃખ એ પોતાનાં સુખ-દુઃખ છે એવું સમજે, ત્યારે તે સમાજને આપણે આદર્શ સમાજ માનીએ.

આપણું કુટુંબ એ એક સમાજ છે; આપણું ગામ એ એક સમાજ છે; આપણો દેશ એ પણ એક સમાજ છે; અને આખુંય ચરાચર જગત પણ એક સમાજ છે ના ? આપણે આ બધાંય સમાજના જુદી જુદી રીતે અંગો છીએ એમ સાચે જ અનુભવીએ, અને અનુભવીએ એટલે જે તે સમાજના એક અંગ તરીકે જે જે કરવું ઘટે તે તે કરીએ, તો આપણે સાચું સામાજિક જીવન જીવી શક્યા એમ કહેવાય.

આવા સામાજિક જીવનની તાલીમ આપવાનો ઘણો મોટો અવકાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણાં છાત્રાલયોમાં છે. તેના બે મુખ્ય માર્ગો કહેવાય. એક તો જે જે ભાઇ–બહેનો આવા છાત્રાલયોનાં કામ કરતાં હોય તેઓ પોતાની અંદર આવું આદર્શ સમાજજીવન ઊભું કરે તે, અને બીજો આવા છાત્રાલયોમાં જે વિદ્યાર્થીઓ આવતા હોય તેમના માટે આવા આદર્શ જીવન માટે તંત્ર ઊભું કરવું તે.

કાગળ પર આટલા શબ્દો પાડવા એ જેટલું સહેલું છે તેટલું સહેલું આ કામ જરૂર નથી. પણ કેળવણીનું કાર્ય સહેલું છે ? અને છતાંય જ્યારે પરિણામનો વિચાર કરીએ ત્યારે તો આ સિવાયના બીજા પ્રયત્નો માત્ર મોંઘા જ નથી પણ કેવળ નકામા છે.

(૧૯૩૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહપતિની આધ્યાત્મિકતા

એક ઘરમાં બે બાળકો, બાળકોનો પિતા અને તેનો એક જૂનો નોકર એમ ચાર માણસો રહે. બાળકોની મા વર્ષો પહેલાં મરી ગયેલી. એક વાર પોષ મહિનાની કડકડતી ઠંડીમાં રાતના બાર વાગે બાપ એકાએક ગુજરી ગયો, પેલો નોકર બાપના શબને કપડું ઓઢાડી પાસેના ઓરડામાં સગડી પાસે બાળકોને બેસારીને તપાડતો હતો. સગડીને બરાબર સળગાવી રહ્યા પછી નોકર મનમાં ગણગણ્યો: " આવો શેઠ ફરીથી જીવનમાં કયાં મળશે? " બાળકો બિચારાં ટાઢે ધ્રૂજતાં હતાં. તેમણે પોતાનું દુઃખ કયા શબ્દોમાં ઠલવવું? તેમના મોઢામાં શબ્દો શી રીતે આવે કે આવો બાપ ફરીથી નહિ થાય? એ બંને તો મૂંગા જ રહ્યા!

આપણે ગૃહપતિઓ માટે આપણા શબ પર કપડું ઢંકાયું હશે ત્યારે વિદ્યાર્થીઓના શબ્દો એમના ગળાની બહાર નીકળે જ નહિ એવું થશે? કોઈ ગૃહપતિ સારી વાર્તા કહેતો હોય, કોઇ ગૃહપતિ માંદગી વખતે દવા કરી જાણતો હોય, કોઇ ગૃહપતિ સારી ડ્રીલ કરાવી જાણતો હોય, કોઈ ગૃહપતિ પક્ષપાત ન કરતો હોય, કોઈ ગૃહપતિ સારાં પ્રવચનો કરી જાણતો હોય, કોઇ ગૃહપતિ સારો નટ હોય, આ બધી હોંશિયારીની વાતો છે. પણ જીવન એ આ હોંશિયારીના પ્રદેશની બહાર પણ હોય છે. જે ગૃહપતિ સારી વાતો કરી જાણતો હોય પણ જેની વાતોમાંથી વિદ્યાર્થીને જીવનનો રંગ ન લાગે તે વાતો શા કામની? આપણે તો વાતો, નાટક, વ્યવસ્થા એ બધાયની પાછળ જીવન હોય તો જ એ બધાંનો ખરો ઉપયોગ છે. કસરત, રમતો, નાટકો, દાંડિયારાસ આ બધી વસ્તુઓ, તેમના બહારના દેખાવની પાછળ જીવન ન હોય તો કેવળ નકામી છે એટલું જ નહિ પણ ઘણીવાર નુકશાન કરનારી છે. એટલે જ આપણે એવો ગૃહપતિ માગીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ કે જેની હાજરી જ વિદ્યાર્થીઓને શબ્દોમાં ઉતારી ન શકાય એવી હૂંફ આપે.

આવી લાયકાત મેળવવા માટે ગૃહપતિઓએ છાત્રાલયની અનેક હોંશિયારીઓ ઉપરાંત ઊંડી આધ્યાત્મિકતા કેળવવી જોઇએ. જે ગૃહપતિ પુસ્તકિયો ગૃહપતિ માત્ર થવાને બદલે અથવા તો હોંશિયાર ગૃહપતિ માત્ર થવાને બદલે આવો જીવતો ગૃહપતિ થાય છે તેનું જ્ઞાન અને હોંશિયારી પણ આવી અંતરની આધ્યાત્મિકતાને લીધે વધારે તેજસ્વી બને છે અને છાત્રાલય જીવનનું આખું શાસ્ત્ર તેને અનાયાસે સ્ફુરવા લાગે છે.

આપણા દેશમાં જૂનો ગુરુકુળોનો જે આદર્શ હતો તે આવા ગુરુઓની કલ્પના પર રચાયો હતો. આજે પણ આદર્શ તો એ જ હોવો ઘટે. આપણે બધાં ઠીંગુજી લોકો એ આદર્શને પહોંચી ન શકીએ એ આપણી નબળાઇ છે.

(૧૯૩૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્રતા—થોડીએક ગેરસમજ.

છાત્રાલયોમાં તેમજ શાળાઓમાં નવીન કેળવણીની કેટલીય બાબતો વિષે અનેક પ્રકારની ગેરસમજણો ચાલે છે. આવી એક ગેરસમજણ સ્વતંત્રતા વિષે આપણે મોટા પ્રમાણમાં જોઈએ છીએ.

સ્વતંત્રતા એટલે શું ? સ્વતંત્રતાનો જેમને યથાર્થ ખ્યાલ આવ્યો નથી એવો ગૃહપતિ કે શિક્ષક હજી આજે પણ એમ માને છે કે વિદ્યાર્થી ફાવે તેમ કરતો હોય તે તેને કરવા દેવું એનું નામ સ્વતંત્રતા. સ્વાતંત્ર્યના દર્શનકારોએ સ્વતંત્રતાની આવી કલ્પના પણ નહિ કરી હોય. વિદ્યાર્થી પોતાને ફાવે તેમ કરે, તેમાં કોઈએ આડે અવાય નહિ, દરેક વિદ્યાર્થી જે કાંઈ કરે છે તે યોગ્ય જ કરે છે અને એ જ એનો વિકાસ છે, વિદ્યાર્થી જે કાંઈ કરતો હોય તેમાંથી તેને રોકવો એ તેના વિકાસનો રોધ છે, વગેરે વગેરે વાતો કરનારા અને માનનારા નથી સ્વાતંત્ર્યને ઓળખતા કે નથી વિકાસને જાણતા. જે ગૃહપતિઓ કે શિક્ષકો આજે ભારે દબાણથી પોતાના વિદ્યાર્થીઓને પોતે માનેલે માર્ગે ચલાવી રહ્યા છે એ ગૃહપતિઓ અને શિક્ષકોને જ્યારે સ્વતંત્રતાની વાત સ્વીકારવી પડે છે ત્યારે ઊંડા રોષની સાથે તેઓ વિદ્યાર્થીઓ પરની તમામ લગામ પાછી ખેંચી લે છે અને વિદ્યાર્થીઓને કેવળ છૂટા મૂકી દે છે. અગાઉ તેઓ દબાણના એક છેડા પર કામ કરતા હતા તે આજે 'ફાવે તેમ થાઓ'ના બીજા છેડા પર ઊભા રહે છે. આવા શિક્ષકભાઈઓ તેમજ ગૃહપતિભાઈઓએ સમજી લેવું ઘટે કે સ્વાતંત્ર્યનો માર્ગ આ બન્ને છેડાઓના મધ્યમાં રહેલો છે. ગૃહપતિ ને શિક્ષકનું કામ વિદ્યાર્થી પોતે પોતાની સમજણથી યથાર્થ વર્તતો કેમ થાય તે પ્રમાણે તેને દોરવાનું છે; અને આવી શાસ્ત્રીય દોરવણી એ જ ગૃહપતિનું તેમ જ શિક્ષકનું અઘરામાં અઘરું છતાં સુંદરમાં સુંદર કાર્ય છે. પોતાના હુકમથી અથવા તો પોતાની ધાકથી વિદ્યાર્થીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે અમુક ક્રિયા કરાવી લેવી અથવા તો અમુક પ્રકારનું વર્તન લાવવું એ બહુ જ સહેલી વાત છે; પણ વિદ્યાર્થી પોતે પોતાની સાચી સમજણથી અમુક ક્રિયા કરે અથવા તો અમુક પ્રકારનું વર્તન જ ચલાવે એવી પરિસ્થિતિ ઊભી કરવી એ અઘરું કામ છે. પણ ગૃહપતિ અને શિક્ષકનું કામ એ જ છે. એમ ન હોત તો માનવ સમાજે પોતાની શાળાઓ ક્યારનીયે પોલીસખાતાને સોંપી દીધી હોત. જે શિક્ષક કે ગૃહપતિ પોતાના બાહ્ય જોર પર મુસ્તાક રહીને વિદ્યાર્થીઓને ડિસીપ્લીનમાં રાખે છે, તે વિદ્યાર્થીઓ પાસે કસરત કરાવે છે ખરો પણ તેમને કેળવણી આપતો નથી. એ જ પ્રમાણે જે શિક્ષક કે ગૃહપતિ વિદ્યાર્થીઓને ફાવે તેમ કરવા દે છે, એને દોરવણીની જરૂર હોય ત્યાં પણ બેદરકાર રહે છે તે પણ વિદ્યાર્થીઓને કેળવણી આપતો નથી. વિદ્યાર્થીને કેળવણી તો એ જ ગૃહપતિ અને એ જ શિક્ષક આપે છે જે પોતાના બાહ્ય બળ ઉપર આધાર રાખવાને બદલે પોતાની સમજાવવાની શક્તિ પર આધાર રાખે છે, અને વિદ્યાર્થી ઉપરના પોતાના નિઃસ્વાર્થ પ્રેમના બળથી તેને સમજાવીને તેના હૃદયનો સત્કાર મેળવી શકે છે.

સ્વતંત્રતા વિષે જેમ ગૃહપતિવર્ગમાં અને શિક્ષકવર્ગમાં ઉપર જણાવી તેવી ગેરસમજ ચાલે છે, તેવી જ ગેરસમજ વિદ્યાર્થીઓમાં પણ દેખાય છે. સ્વતંત્રતા એટલે કોઇપણ જાતના નિયંત્રણમાંથી છૂટા રહેવું તે, એવી સામાન્ય સમજ વિદ્યાર્થીઓમાં આજે છે. વિદ્યાર્થીઓને સમજાવું જોઇએ કે કેવળ નિરંકુશ દશા એ તો જંગલી દશા છે, માનવ સમાજે એ દશામાંથી ઘણાં વર્ષો અગાઉ પ્રગતિ કરી લીધી છે. એક રીતે બોલીએ તો આવી પ્રગતિનું દરેક પગલું જંગલી સ્વતંત્રતા પર એક એક પ્રકારનો અંકુશ છે. ખરી વાત તો એ છે કે માણસ પશુ પણ છે અને માણસ પણ છે, તેનામાં કેટલાક પશુપણાના અંશો પણ છે અને ઉચ્ચ માનવતાના અંશો પણ છે. વિદ્યાર્થીના સ્વાતંત્ર્યનો ખરો અર્થ તો એ છે કે તેને પશુ મટી વધારે ઊંચા માણસ થવાનો સંપૂર્ણ અધિકાર છે. પણ આજે વિદ્યાર્થીઓ પણ ભૂલથી એવું માનતા થઈ ગયા છે કે પશુ બનવાની સ્વતંત્રતા એ સાચી સ્વતંત્રતા છે. એક વિદ્યાર્થી બીજા વિદ્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થીને મારે, એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીની ચીજો ચોરી જાય, એક વિદ્યાર્થી નિરંતર જૂઠું જ બોલ્યા કરે, ત્યારે શું કરવું ? વિદ્યાર્થી જો એમ માને કે પોતે જે કરવા માગે તે કરવા તે સ્વતંત્ર છે તો આ માન્યતા યથાર્થ નથી. વિદ્યાર્થી ધારે તે કરી શકે છે ખરો, પણ એ કરતાં તેને રોકવો જોઇએ, તેને સમજણપૂર્વક રોકવો જોઇએ. અને આ પ્રમાણે રોકવો એમાં તેની સ્વતંત્રતાનો ઘાત નથી થતો. એમ એક વિદ્યાર્થી સ્વતંત્ર છે તેમ બીજા વિદ્યાર્થીઓ પણ સ્વતંત્ર છે. એટલે કોઈ એકની સ્વતંત્રતા બીજાની સ્વતંત્રતાને ભોગે હોઇ શકે જ નહિ; માટે જ વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીઓની સાથેના પોતાના સંબંધમાં બીજાની સ્વતંત્રતાને માન આપવું જોઇએ. અને સૌની સ્વતંત્રતા સચવાય એટલે ડિસીપ્લીન આપોઆપ ઊભી થાય છે. આવી રીતે સમજણપૂર્વક ડિસી- પ્લીન ઊભી થવા દેવી એતું નામ સ્વતંત્રતાનું વાતાવરણ. આવું વાતા- વરણ પોતાની મેળે ઊભું થશે જ એમ માનીને સૂઇ રહેનાર ગૃહપતિ કે શિક્ષક કેળવણીવાદી નથી પણ પ્રકૃતિવાદી છે એમ આપણે કહી શકીએ. પોતાને ફાવે તેવું કરવાની છૂટને સ્વતંત્રતા માનનાર વિદ્યાર્થી ખરી રીતે સ્વતંત્ર નથી, પણ પરતંત્ર છે, પોતાના તરંગોને અધીન છે, પોતાના હલકા પોતાપણાને અધીન છે, અને છતાં પોતે સ્વતંત્ર છે એવું ગુમાન રાખે છે ! જે માણસ બીજાની સ્વતંત્રતાને માન આપી શકતો નથી, તે પોતે ઉપરથી ભલે સ્વવંત્રતાના શબ્દો વાપરતો હોય પણ અંદરથી સાચે જ પરતંત્ર છે. વિદ્યાર્થીઓએ સાચું સ્વાતંત્ર્ય ભોગવવું હોય તો ધીમે ધીમે પોતાના જીવનમાં પશુપણું ઓછું કરે, અને માણસાઇ વધારે એવી પ્રવૃતિઓને હાથ ધરવી જોઇએ. પણ આનો અર્થ કોઇ એવો ન જ કરે કે વિદ્યાર્થી જીવનમાં ડાહ્યાડમરા થઇને બેસી જવું. દરેક માણસમાં જે કેટલાક નિર્દોષ પાશવી અંશો છે તેનો હ્રાસ કરવો એતું નામ માણસાઈ તો નથી જ. આવા પાશવી અંશોને વધારે ઉન્નત બના- વીને માણસ પોતાની માણસાઇને શોભાવી શકે છે. આ તો આપણે બીજાજ વિષય પર ઉતરી પડ્યા એટલે અહીં અટકીએ.

(૧૯૩૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતમહેનતનો જન્મસિદ્ધ હક્ક.

આપણા પુરાણોમાંથી આપણે જાણીએ છીએ કે હિરણ્યકશિપુ નામના દાનવે જ્યારે પોતાના પુત્ર પ્રહ્લાદને વિષ્ણુનું નામ લેવાની બંધી કરી ત્યારે પ્રહ્લાદે પિતાના હુકમનો અનાદર કર્યો, અને આવા અનાદર માટે અનેક જાતનાં કષ્ટો વેઠ્યાં. માનવી માત્રને પોતાનો આધ્યાત્મિક વિકાસ શોધવાનો સનાતન હક્ક છે, અને બાપ સુદ્ધાંત એ હક્કને ઝૂંટવાને આવે તો બાપની સામે સત્યાગ્રહ કરવાનો દીકરાને સંપૂર્ણ અધિકાર છે.

આવો જ અધિકાર છાત્રાલયના કોઇ વિદ્યાર્થીઓને કોઈ ગૃહપતિ કે નિયામક તેમના જાતે કામ કરવાના અધિકારને ઝૂંટવી લેવા આવે ત્યારે વિદ્યાર્થીઓને પણ પ્રાપ્ત થાય છે. આપણે કેટલાંયે છાત્રાલયોમાં જોઇએ છીએ કે વિદ્યાર્થીઓને પોતાનાં કામો પોતાને હાથે કરવાનો લાભ ત્યાં આપવામાં આવતો જ નથી. કોલેજોની કેટલીયે હોસ્ટેલોમાં વિદ્યાર્થીઓ આરામ ખુરશીમાં પડ્યા પડ્યા વાંચ્યા કરે અને તેમનું તમામ કામ હોસ્ટેલના નોકરચાકરો કર્યા કરે એવી ગોઠવણ હોય છે. જે જે વસતિ-ગૃહોમાં આવી ગોઠવણ હોય ત્યાં ત્યાં આવી ગોઠવણ સામે વિદ્યાર્થીઓએ સત્યાગ્રહ કરવો જોઇએ, અને પોતાનું કામ જાતે કરવાનો અધિકાર, કષ્ટ વેઠીને પણ મેળવવો જોઇએ. જે જે સંસ્થાઓ વિદ્યાર્થી અવસ્થામાં વિદ્યાર્થીઓને જાતમહેનત નથી કરવા દેતી તે તે સંસ્થાઓ ખરી રીતે વિદ્યાર્થીઓને પાંગળા બનાવે છે, અને જીવનની વાસ્તવિકતાથી દૂર રાખે છે. આવી સંસ્થાઓમાં ઉછરેલા વિદ્યાર્થીઓ જાણ્યે અજાણ્યે એમ જ માનતા થઇ જાય છે કે પોતે કામ ન કરવા માટે અને વાંચવા તેમજ રમવા માટે જન્મ્યા છે, અને બીજા (હલકા) લોકો પોતાનું કામ કરવા માટે જ જન્મ્યા છે. અને કાળે કરીને આ વિદ્યાર્થીઓ જ્યારે જીવનમાં પડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ત્યારે કાં તો બીજા લોકોની ખાંધ પર ચડીને ખાનારા બને છે, અને કાં તો લૂલા પાંગળા રખડે છે.

હા, ગુલામોને ગુલામીમાંથી મૂક્ત કરીએ ત્યારે લાંબા વખતની ટેવથી તેમને ઘડીભર એમ થાય છે કે આ નવી મુક્તિ કરતાં ગુલામી વધારે સારી હતી. ટેવને લીધે શરૂઆતમાં એ આપણો જન્મસિદ્ધ હક્ક હોવા છતાં આપણને ન ગમે એ સમજી શકાય એવું છે. પણ થોડો વખત જાતમહેનતનો સ્વાદ ચાખ્યા પછીની મજા ઓર છે. સમજણપૂર્વક જાત મહેનત કરનારા લોકોના દિલમાંથી ઊંચનીચનો ભાવ આપોઆપ ટળી જાય છે. અને જીવનના વાસ્તવિક મૂલ્યાંકનો તેના ખ્યાલમાં આવે છે. આ પરિણામ કેળવણીની દૃષ્ટિએ નાનું સૂનું નથી. આપણે જો તેનું યોગ્ય નામ જ આપવા બેસીએ તો તે આધ્યાત્મિક કેળવણી છે. પણ આપણે તો એને સાવ સાદા નામથી ઓળખશું, અને માનવ-જીવનનો એ અધિકાર ઝૂંટવી લેનાર સામે ખરા હિતથી ઝઝૂમશું. આજે જ્યારે આપણે આપણાં હક્કોને ઝૂંટવી લેનાર બળો સામે જાહેર પોકાર કરીએ છીએ ત્યારે આપણા આ અધિકાર લઇ લેનાર ગૃહપતિ સામે કે છાત્રાલય સામે કાં પોકાર ન કરીએ ?

(૧૯૩૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*સાહિત્ય અને કેળવણી

આપ સૌએ આ સંમેલનના કેળવણી વિભાગનું પ્રમુખપદ મને આપ્યું તે માટે હું આપનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આ પદને વધારે સારી રીતે શોભાવે એવાં ઘણાં ભાઇ બહેનો ગૂજરાતમાં પડ્યાં છે એ આપના ધ્યાન બહાર તો ન જ હોય, પરંતુ શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી-ભવને છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન સમગ્ર ગૂજરાતમાં કેળવણીના ક્ષેત્રમાં પોતાનો જે નમ્ર ફાળો આપ્યો છે તેની કદર કરવાની વૃત્તિથી પ્રેરાઇને આપે આ પગલું ભર્યું છે એમ હું સમજું છું. અને તેથી જ એ સંસ્થાના એક અદના સેવક તરીકે આપના આ સદ્‌ભાવ માટે આપનો આભાર માનું છું.

સાહિત્ય સંમેલનની સાથે કેળવણીનો વિભાગ જોડવાનો વિચાર બહુ જૂનો છે. સ્વ. રણજિતરામ વાવાભાઇ ઇ. સ. ૧૯૧૧–૧૨ના અરસામાં જ્યારે મારી સાથે શ્રીદક્ષિણામૂર્તિ ભવનમાં કામ કરતા હતા ત્યારે પણ એ વાત મને એમણે ઘણી વાર કહેલી. ત્યાર પછી તો આ સંમેલનની સાથે આપણે ઇતિહાસ વિભાગને સાંધ્યો, વિજ્ઞાન વિભાગને જોડ્યો, જૈન વિભાગને પણ સ્થાન આપ્યું, અને ગૂજરાત કેળવણી પરિષદની બે સ્વતંત્ર બેઠકો ભર્યા પછી આજે પાછા આપણે કેળવણી વિભાગને સાંધીએ છીએ. મને એમ માનવાનું મન થઇ આવે છે કે આપણું સંમેલન આ પ્રસંગે જ કેળવણીનો વિભાગ કાઢે છે તેની પાછળ કોઈ ઇશ્વરી સંકેત તો ન હોય? આ વર્ષે આપણે ત્યાં પશ્ચિમના નવીન કેળવણી મંડળના કેટલાક

---

* કરાંચી સાહિત્ય સંમેલનમાં કેળવણી વિભાગના પ્રમુખ તરીકે તા. ૧–૧–૩૮ ના રોજ અપાયેલું વ્યાખ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગેવાન કેળવણીકારો આપણી પરિસ્થિતિ જાણવા માટે અને આપણને પિછાનવા માટે આવ્યા છે; આ વર્ષે જ આપણી અનેક વિદ્યાપીઠોની વ્યાસપીઠ પરથી કેળવણીના નવનિર્માણનાં સૂત્રો આપણે સાંભળી રહ્યાં છીએ; આ વર્ષે જ આપણા મહાસભા–પ્રધાનો માનવજીવનની પ્રાથમિક જરૂરિયાત જેવી પ્રાથમિક કેળવણીથી ભારતનું એક પણ બાળક વંચિત ન રહે એવી વિચારણા સેવી રહ્યા છે. અને અર્વાચીન ગૂજરાતના જ નહિ, અર્વાચીન ભારતના જ નહિ, પણ અર્વાચીન જગતના પ્રજાપતિ સમા મહાત્મા ગાંધીજીએ આપણી આખી ય પ્રજાના ઘડતરમાં ધરમૂળથી ફેરફાર કરી નાખે એવી કેળવણીની યોજના પણ આ વખતે જ વહેતી મૂકી છે. આ પ્રમાણે એક યા બીજી રીતે કેળવણીના આંદોલનો આખાં દેશમાં થઇ રહ્યાં હોય ,ત્યારે આપ પણ આ વર્ષે જ આ વિભાગને ખોલવા પ્રેરાઓ એ મને તદ્દન સ્વાભાવિક અને સુયોગ્ય લાગે છે.

આપણો વિભાગ સાહિત્ય પરિષદનો એક વિભાગ છે, સ્વતંત્ર કેળવણી પરિષદ નથી, એટલે આપણા આ વિભાગની એક ચોક્કસ મર્યાદા છે. આપણે આપણી મર્યાદામાં રહીને ગૂજરાતી ભાષામાં આજ સુધીમાં કેળવણીનું જે સાહિત્ય પ્રકટ થયું છે તેનો વિચાર કરશું અને તેનો આંક મૂકશું; આ સાહિત્ય વધારે પ્રમાણમાં અને વધારે ઉચ્ચ કોટિનું કેમ બને તેના પણ વિચારો કરશું; આપણી કેળવણી સાહિત્યના વિકાસમાં કેવી અને કેટલી મદદ કરી શકે તે પણ જોઇશું; અને આખરે આ બધાય વિચારોને મૂર્તરૂપ આપવા માટે આપણે શું કરી શકીએ તેનો પણ વિચાર કરશું.

× × ×

એક વાત તો આપણે ચોક્કસ જાણીએ છીએ. આપણી કેળવણીમાં શિક્ષણનું વાહન અંગ્રેજી ભાષા છે અને ગૂજરાતી નથી, એથી માત્ર આપણા ભાષાસાહિત્યને જ નહિ પણ આપણા સમગ્ર જીવનને કેટલું ભારે નુકસાન થઇ રહ્યું છે તે શબ્દોમાં ચીતરી શકાય તેમ નથી. આજથી વીસ વર્ષ ઉપર બીજી ગૂજરાતી કેળવણી પરિષદ મળી ત્યારે તેના પ્રમુખ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાનેથી ગાંધીજીએ પોતાનું દર્દ આપણને સંભળાવ્યું હતું. અને છતાંય આજે વીશ વર્ષે પણ એ દિશામાં આપણે પગલાં માંડવા રહે છે એ અફસોસની વાત નથી ? માના ધાવણ વિના ઉછરેલું બાળક શરીરે તો કદાચ કૃત્રિમ રસાયનિક ખોરાકથી દરિદ્ર ન રહે તો પણ અંતરથી દરિદ્ર રહે છે એમ માનસશાસ્ત્રીઓ કહે છે. જે પ્રજાને પોતાની માતૃભાષાવિહોણા બનીને બીજી પ્રજાની ભાષાને એ સ્થાન આપવું પડે છે, તે પ્રજા તેના સમગ્ર જીવનમાં કંગાલ બને તો શી નવાઇ છે ? આપણી પોતાની આ દશા છે છતાં જે પોતે બુદ્ધિથી આ વાત સ્વીકારે છે તેઓ પણ તેનો અમલ કરવાનો વખત આવે છે ત્યારે ઢીલા થઇ જાય છે અને ચાલુ માર્ગે જ ચાલ્યા કરે છે. આપણામાંના ઘણાખરા આ વાત સમજીએ છીએ; આપણા બાળકોને માતૃભાષા દ્વારા શિક્ષણ મળે તો અનેક દૃષ્ટિથી લાભ થાય એમ માનીએ છીએ પણ ખરા; છત્તાં પણ ચાલુ ઘરેડની શાળાથી આવી જુદી જાતની શાળામાં આપણાં બાળકને ભણાવવાનો વખત આવે ત્યારે આપણું હૈયું ચાલતું નથી. આજથી લગભગ સત્તર વર્ષ પર દક્ષિણામૂર્તિના અભ્યાસક્રમમાં અંગ્રેજી ભાષાને વૈકલ્પિક ઇતર ભાષાનું સ્થાન આપ્યું ત્યારે ભારે ઊહાપોહ કરવો પડેલો, અને આજે પણ એનું સ્થાન તો વિકલ્પનું જ છે. છતાં આજ સુધીમાં મુદ્દલ અંગ્રેજી નહિ ભણેલા બે ચાર વિદ્યાર્થીઓ અમારે ત્યાં પાક્યા, અને તેમનાથી દક્ષિણામૂર્તિ આજે પણ ગૌરવ લે છે.

આનો ઉપાય આપણે સત્વર કરવો જોઇએ. મારે કબૂલ કરવું જોઇએ કે આ દિશામાં વિદ્યાપીઠોએ થોડાં થોડાં પગલાં માંડ્યા છે ખરાં. પણ આવા જરૂરી ફેરફારો આટલી મંદગતિએ થાય છે એ આપણી પોતાની સંકલ્પદરિદ્રતા બતાવે છે. ઠેઠ એકડિયાથી માંડીને વિદ્યાપીઠની ઊંચામાં ઊંચી પદવી સુધી શિક્ષણ તદ્દન ગૂજરાતીમાં હોવું જોઇએ. અને આખી પ્રજામાં ગૂજરાતી ભાષા માટેનો આવો આગ્રહ જગાડવા આપણે જબ્બર પ્રચાર કાર્ય કરવું જોઇએ. ગૂજરાતમાં એક આનંદશંકરભાઇ સંકલ્પ કરે તો આવો ફેરફાર કાલે શક્ય છે; ગૂજરાતમાં એક મુનશી ધારે તો આપણી કોલેજોને તેમજ હાઇસ્કૂલોને ગૂજરાતી ભાષાથી તરબોળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી નાખે; ગૂજરાતમાં એક રામનારાયણ પાઠક ધારે તો ગૂજરાતી ભાષાની ગંગા વહેવરાવી દે. આપણા અધ્યાપકો અને આપણા ગૂજરાતી ભાષાના પ્રેમીઓ નિશ્ચય કરી નાખે કે અમે ભણાવશું એ તો માતૃભાષામાં જ ભણાવશું, એટલે બસ છે. હું જાપાન ગયો ત્યારે ત્યાંની વિદ્યાપીઠના ધુરંધર અધ્યાપકો, જેઓએ અમેરિકામાં પંદર પંદર વર્ષો ગાળ્યાં છે તેઓ ખૂદ મારી સાથે પણ અંગ્રેજીમાં વાત કરવા રાજી ન હતા. આપણે ત્યાં શરમની વાત એ છે કે બીજી કેળવણી હો કે ન હો, પણ જેને અંગ્રેજી વધારે સારું આવડે તેને જ આપણે વધારે હોશિયાર માનીએ. આ બધાનું એક પરિણામ આજે એ આવ્યું છે કે આપણી વિદ્યાર્થી આલમમાં આપણે ભાષાની મોટી દરિદ્રતા દેખીએ છીએ. મારું પોતાનું માનવું છે કે આ બાબતમાં માતૃભાષા એ જ કેળવણીનું વાહન હોવું જોઈએ એ વિચારને આપણે અમલમાં મૂકીએ ત્યાં સુધી આપણે જંપવું ન જોઈએ. આજે સત્યાગ્રહમાં તારાજ થયેલા ખેડૂતોને તેમની જમીન પાછી મળી; આજે નવા કારભારમાં મિલ મજૂરોને યોગ્ય મહેનતાણું મળે એવાં પગલાં લેવાય છે, તો આખી પ્રજાના કેળવણી લેતાં બાળકોને માતૃભાષાના ધાવણથી વંચિત રાખવામાં આવે છે તેમાંથી તેમને ઉગારવા એ પણ દલિતોનો ઉદ્ધાર જ છે એમ મારું નમ્ર માનવું છે.

× × ×

આટલું આપણી કેળવણીના વાહન વિષે. ઉપર જણાવ્યું તેમ આપણે અંગ્રેજી ભાષા મારફતે શિક્ષણ મેળવ્યું છતાં પણ આપણે ગૂજરાતી ભાષા મારફત કેળવણી આપવાના મનોરથો તો સેવ્યા જ છે અને તેનું સાહિત્ય ઊભું કર્યું છે. આપણા ગૂજરાતમાં આ દિશામાં સૌથી પહેલું પગલું મૂકવાનું માન સ્વ. ગજ્જર સાહેબને ઘટે છે. ગૂજરાતમાં ઔદ્યોગિક કેળવણીનો પ્રથમ વિચાર તેમણે કરેલો; શિવાજી જ્ઞાનમંજૂષાનો વિચાર પણ એમને આભારી હતો; પારિભાષિક કોષનો વિચાર પણ તેમનો જ હતો. પણ ગજ્જર સાહેબ પોતાના કાળ પહેલાં અવતર્યા એટલે એમની કેટલીક યોજનાઓ પડી ભાંગી. શરૂઆતના વર્ષોમાં આપણી કેળવણી અંગ્રેજીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોરણે દાખલ થયેલી એટલે એ લોકોના ધોરણોના અનુસરીને આપણે આપણી વાચનમાળાઓ રચી, આપણી પાઠશાળાઓ બનાવરાવી, શિક્ષણ-શાસ્ત્રના પુસ્તકોના તરજૂમા કર્યાં, આપણી સંસ્કૃત મંદિરાન્તઃ પ્રવેશિકાઓ લખી. પણ આ બધું અનુકરણ માત્ર હતું. શિક્ષણનો જે છોડ ઇંગ્લાન્ડે પોતાની પ્રજાના જીવનની હવામાં ઉગાડ્યો હતો તે જ આપણે મૂળિયાં સાથે કે મૂળિયાં વિના અહીં રોપી દીધો, અને એક રીતે બોલીએ તો હજી આજ સુધી એ જ રીતે એ રોપાઓને જાળવી રહ્યા છીએ. અંગ્રેજ લોકોએ વર્ગમાં બાંકડા રાખ્યા તો આપણે પણ બાંકડા રાખ્યા; અંગ્રેજ લોકોએ વર્ગમાં શિક્ષક માટે ખુરશી રાખી તો આપણે પણ ખુરશી રાખી; અંગ્રેજ લોકોએ બપોરના ૧૧ થી ૫ સુધી શાળા રાખી તો આપણે પણ એ જ વખત રાખ્યો; અંગ્રેજ લોકોએ ઉનાળામાં મોટું લાંબું વેકેશન રાખ્યું તો આપણે પણ એમ જ કર્યું; અંગ્રેજ લોકોએ ગ્રીક અને લેટિન શીખવવા એક પદ્ધતિ રાખી તો આપણે સંસ્કૃત શીખવવા માટે પણ એ જ પદ્ધતિ રાખી. ખરી રીતે કહીએ તો ઇંગ્લાંડની શાળાના જે જે પ્રશ્નો હશે તે બધાય હો કે ન હો પણ આપણી શાળાઓના પ્રશ્નો બન્યા, અને એમના જે ઉકેલો ત્યાંના આચાર્યોએ વિચાર્યા તે આપણા ઉકેલો થયા. આપણે એક સ્વતંત્ર પ્રજા તરીકે આપણા સ્વત્વનો વિચાર જ ન કર્યો હોય ત્યાં આપણાં પોતાના પ્રશ્નો ક્યાંથી હોય, અને આપણી પોતાની દૃષ્ટિએ તેનો ઉકેલ લાવવાની વૃત્તિ પણ ક્યાંથી થાય? માના ધાવણ વિનાની દરિદ્રતા તે આનું નામ. આપણાં આજ સુધીના તમામ પુસ્તકોને માટે પણ આ લાગુ પડે છે. કેળવણીના ક્ષેત્રમાં આપણે કેવળ બહિર્મુખ બની ગયા છીએ. ત્યાં પણ અંતર્મુખ થયા નથી. આપણે ત્યાં સ્વામી શ્રદ્ધાનંદજી, લાલા લજપતરાય, અરવિંદબાબુ, ડૉ. એની બીસન્ટ, પંડિત માલવિયાજી, પૂજ્ય ગાંધીજી, એ બધાય મોટા કેળવણીકારો છે. એમણે સૌએ પોતપોતાની રીતે કેળવણીના વિચારો કર્યા છે, સંસ્થાઓ સ્થાપી છે અને અખતરાઓ કર્યાં છે; છતાં આપણી કઇ ટ્રેનિંગ કોલેજમાં આપણાં શિક્ષકોને આ લોકોના વિચારો જાણવા મળે છે? આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ મોટા આદર્શ શિક્ષકને શોધવો હોય તો આઉંડલના સેંડરસન સુધી જવું પડે એવું કયાં છે? આપણી ટ્રેઇનિંગ કોલેજના કયા વિદ્યાર્થીએ ગૂજરાતના કેશવલાલભાઈ કે મોતીભાઈ અમીનના જીવન શોધ્યાં?

એટલે આજ સુધીના આપણાં પુસ્તકો મોટે ભાગે કાં તો બીજા પુસ્તકના અનુવાદો અથવા તો એ વિચારોના અવતરણ જેવા બન્યાં છે. પણ મહાત્મા ગાંધીજી આપણા દેશમાં આવ્યા ત્યારથી જે નવો યુગ બેઠો તેમાં આ દિશામાં પણ ઠીક ઠીક ફેરફાર થયો છે. ગાંધીજીએ રાષ્ટ્ર ઉત્થાનમાં ઝુકાવ્યું ત્યારથી આપણને આપણી અસ્મિતાનું વધારે ને વધારે ભાન થવા લાગ્યું છે; આપણા દેશના પ્રશ્નોને આપણે આપણી સ્વતંત્ર દૃષ્ટિથી પણ જોતા થયા છીએ, અને આ અસર કેળવણીના ક્ષેત્રમાં સ્પષ્ટ દેખાય છે. ગાંધીજી આવ્યા તે અગાઉ ગુરુકુળો, શાંતિનિકેતન, થીઓસો-ફીસ્ટ શાળાઓ, તો સ્થપાઇ ચૂક્યાં હતાં. પણ એ તમામ સંસ્થાઓને ગાંધીજી આવ્યા પછી એક પ્રકારનો નવો રંગ લાગ્યો અને આપણાં ગૂજરાતમાં તો રાષ્ટ્રિય કેળવણીનો પાયો નંખાયો. મારું તો દૃઢ માનવું છે કે અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના એ ગૂજરાતમાં કેળ-વણીના ઇતિહાસમાં એક સોનાના અક્ષરે નોંધવા જેવો બનાવ છે. ગાંધીજી પોતે દેહે સાવ દુબળા છે છતાં આજે આખાય ભારતવર્ષને પ્રાણ પૂરે છે, તેમ ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠનો દેહ આજે ગમે તેવો દુબળો દેખાતો હોય તો પણ એ વિદ્યાપીઠની પાછળ રહેલી ભારતની કેળવણીની કલ્પના આજે વિરાટ સ્વરૂપ પકડતી જાય છે તે આપણે સૌ જોઈએ છીએ ને જોશું. આ વિદ્યાપીઠના અંગભૂત મારા મિત્ર કિશોર-લાલભાઇએ કેળવણીના ક્ષેત્રમાં પહેલું સ્વતંત્ર પુસ્તક ગૂજરાતને આપ્યું: તે પુસ્તક તે 'કેળવણીના પાયા.' આ અરસામાં જ વિદ્યાપીઠે આપણને ઘણાં સારાં સારાં પુસ્તકો આપ્યાં છે; આ અરસામાં આપણા છોટુભાઇ પુરાણીએ આપણને વાચનમાળા આપી; ગિજુભાઇ જુગતરામે આપણને ચાલણગાડીઓ આપી; મેઘાણીએ કાઠિયાવાડના 'ખજાના ખૂલ્લા કર્યાં; નાનાભાઈએ જુવાન ગૂજરાત પાસે ઉપનિષદોની અને રામાયણ મહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતની વાતો ધરી. મહાદેવભાઇએ ખુદાઇ ખિદમતગારોનો પરિચય આપ્યો, અને ગાંધીજીએ તો પોતાની આત્મકથા આપી દીધી. આ અરસામાં આપણે કેળવણીનો વધારે સ્વતંત્ર રીતે વિચાર કરતા થયા એટલે વિદ્યાપીઠે પોતાનું સ્વતંત્ર અધ્યાપન મંદિર કાઢ્યું; દક્ષિણામૂર્તિએ ત્રણસો જેટલા નવીન બાલશિક્ષકો પકવ્યા; કમળાશંકરભાઇએ આપણી ભાષાનો પ્રમાણભૂત વ્યાકરણગ્રંથ બહાર પાડ્યો; ગિજુભાઇએ 'મોન્ટીસોરી પદ્ધતિ' અને 'વાર્તાનું શાસ્ત્ર' રચ્યાં. હરભાઇએ 'વિદ્યાર્થીનું માનસ' બહાર પાડયું; રામનારાયણ પાઠકે 'પ્રમાણશાસ્ત્ર' લખ્યું અને કાકા સાહેબે 'હિમાલયનો પ્રવાસ' તથા 'આર્યાવર્તનો ઇતિહાસ' લખ્યા. આજ વર્ષોમાં આપણા ગૂજરાતે નવયુગ વાચનમાળા દીઠી. આ તમામ પુસ્તકોએ ગૂજરાતી કેળવણીની દિશામાં મોટો ફેરફાર કર્યો અને આપણી કેળવણી માત્ર પરદેશનું અનુકરણ ન હોઇ શકે એવો ધ્વનિ તે આ પુસ્તકોનો ધ્વનિ છે.

આ પુસ્તકોની સાથે સાથે આપણે ત્યાં કેળવણીના ક્ષેત્રમાં માસિકોએએ પણ દેખાવ દીધો છે. સરકારી કેળવણી ખાતાની બીજી બધી ધરેડોનો અત્યારે વિચાર ન કરીએ તો એક વાત તો આપણે ધ્યાનમાં લેવી જ જોઇએ અને તે સરકારનું 'ગૂજરાત શાળા પત્ર'. આ માસિકે એકલે હાથે ગૂજરાતી પ્રાથમિક કેળવણીની જેટલી સેવા કરી છે તેટલી બીજા કોઇ માસિકે ભાગ્યે જ કરી છે. આ માસિક મોટે ભાગે સરકારી કેળવણી નીતિનું જ મુખપત્ર છે, છતાં ભૂતકાળમાં તેના તંત્રીઓએ તેનું સારી રીતે સંચાલન કર્યું છે અને આજે પણ તે પોતાનું અનેરું સ્થાન સાચવી રહ્યું છે. જેમ 'ગૂજરાત શાળા પત્ર' એ સરકારી ગૂજરાતી કેળવણીનું મુખપત્ર છે તેમ 'સૌરાષ્ટ્ર શિક્ષક' કાઠિયાવાડમાં દેશી રાજ્યોની કેળવણીનું મુખપત્ર છે અથવા તે કાઠિયાવાડ એજન્સીની નીતિનું મુખપત્ર છે.

પણ આ સ્થળે મારે 'શ્રી દક્ષિણામૂર્તિ' ત્રૈમાસિકનો ઉલ્લેખ કરવો જ જોઇએ. શ્રી દક્ષિણામૂર્તિ ત્રૈમાસિક ઇ. સ. ૧૯૨૪માં શરૂ થયું અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૯૩૫માં બંધ થયું. આ વર્ષો દરમિયાન દક્ષિણામૂર્તિએ નવીન કેળવણીના વિચારો આખા ગૂજરાતને આપ્યા છે. અને એ સાથે સાથે ગૂજરાતી ભાષાના સામર્થ્યને આંક્યું છે. હું મારી પોતાની વાત કરું તો કહી શકું છું કે ગૂજરાતી ભાષામાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચારોને વહન કરવાની કેટલી બધી તાકાત છે તેનું ભાન અમે શ્રી દક્ષિણામૂર્તિ ત્રૈમાસિક કાઢ્યા પછી જ થયું. કેળવણીના પ્રદેશમાં આપણે કઈ કઈ દિશામાં નવા પ્રયત્નો કરવાના છે એનું કંઈક ભાન આપણને આ વખતે થયું હતું. પણ આ ત્રૈમાસિક ઉપરાંત દક્ષિણામૂર્તિની પાંખ તળે બીજાં પણ બે માસિકો ચાલે છે; 'છાત્રાલય' અને 'શિક્ષણ પત્રિકા' આ બન્ને માસિકોએ ગૂજરાતમાં પોતાનું સ્થાન મેળવી લીધું છે અને કેળવણીના પ્રદેશમાં નવી ભૂમિ ખેડી છે. સુરતમાંથી નીકળતું 'નૂતન શિક્ષણ' આજે સ્વતંત્ર કેળવણીનો અને સરકારી કેળવણીનો સુયોગ કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે, તેનો યશ મારા મિત્ર હરભાઈને તથા ચંદ્રવદન શાહને ઘટે છે.

આ સ્થળે આપણે ત્યાં બાળ કેળવણીનો વિકાસ થયો છે તેનો મારે ઉલ્લેખ કરવો જોઈએ. અને આ ઉલ્લેખમાં મારે મારા મિત્ર ગિજુભાઈનું નામ પણ મૂકવું જ જોઈએ. આપણા ગૂજરાતમાં બાળ કેળવણીના ગણેશ માંડનાર છોટુભાઈ પુરાણી. એમણે ગૂજરાતને મોન્ટીસોરીનો પરિચય કરાવ્યો, પણ ગિજુભાઈએ નવીન વિચારસરણી ગૂજરાત પાસે આગ્રહથી મૂકી બાળકોનું સાહિત્ય ઉપજાવ્યું અને ઘેર ઘેર માબાપોને માટે બાલમહિમા સમજાવતું સાહિત્ય પહોંચાડી દીધું. આટલા માટે જ આજે ગિજુભાઈ બાળકોના ગિજુભાઈ કહેવાય છે. ગિજુભાઈએ બાળ સાહિત્યનો ધોધ શરૂ કર્યા પછી તો ઘણુંયે બાળ સાહિત્ય આપણી પાસે આવ્યું છે. ચરોતર એજ્યુકેશન સોસાયટીનું બાલમિત્ર અને બાલસાહિત્ય તેમજ ગાંડીવ સાહિત્ય મંદિરનું બાલસાહિત્ય વગેરે આપણી સામે પડ્યાં છે. અને બધાની પાછળ એક યા બીજી રીતે ગિજુભાઈનું પ્રેરક બળ છે. ગિજુભાઈએ આપણે ત્યાં બાળકોનો યુગ ઉતાર્યો એમ કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં એક વસ્તુનો ઉલ્લેખ કરવો યોગ્ય નહિ ગણાય. ગૂજરાતી ભાષાની જોડણીનો સવાલ કેટલો બધો અટપટો છે તે આપ સૌ મારા કરતાં વધારે જાણો છો. એ જોડણીને વ્યવસ્થિત કરવાના ઘણા પ્રયાસો થયા છે, અને એ વ્યવસ્થા લાવવામાં ગૂજરાત વિદ્યાપીઠના કોષે ઓછી મદદ નથી કરી. આજે વિદ્યાપીઠના કોષ ઉપરાંત ગોંડળ રાજ્યના ઠાકોર સાહેબે એક ગૂજરાતી કોષ તૈયાર કરાવ્યો છે, એવી હકીકત આપણામાંના ઘણાખરા જાણે છે. અને સાંભળવા પ્રમાણે ગોંડળના ઠાકોર સાહેબવાળો કોષ અનેક દૃષ્ટિથી આવકારપાત્ર થશે. આ સ્થળે નોંધવું જોઈએ કે ગોંડળ રાજ્યે પાઠ્ય પુસ્તકોની દિશામાં ઠીક ઠીક પ્રયાસો કર્યા છે. પણ એ પ્રયાસોની સુરભ કયા કારણોથી ગોંડળ બહાર જઈ શકતી નથી.

પણ આ તો થયું શાળાના વર્ગ માટેનું સાહિત્ય. આ વર્ષો દરમિયાન ગૂજરાતમાં શારીરિક કેળવણીએ પણ ઠીક પ્રગતિ કરી છે. અને તેથી તેનું સાહિત્ય પણ થોડું ઊગ્યું છે. ભરૂચવાળા છોટુભાઈ પુરાણીએ અખાડાનું સાહિત્ય ઊભું કર્યું. કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળે દેશી રમતોનું સાહિત્ય ઉપજાવ્યું. ભાવનગર રાજ્યના ગજાનનભાઈએ સ્કાઉટીંગ અને બીજી વાતો લખી અને એ રીતે શારીરિક કેળવણીના સાહિત્યને પણ બળ મળ્યું. ઉપરાંત આપણાં કેટલાય અધ્યાપકો દેશ પરદેશ જઈને ત્યાંની શિક્ષણ સંસ્થાઓને મળ્યા. તેને પરિણામે આપણને જાપાનની કેળવણી પદ્ધતિ, જર્મનીની કેળવણી પ્રણાલિકા વગેરે પુસ્તકો મળ્યાં. અને આ જ અરસામાં કેળવણીને અંગે આપણે માનસશાસ્ત્ર તરફ વળ્યા એટલે માનસશાસ્ત્રના રીતસરના પુસ્તકો નહિ પણ મનનપૂર્વક લખાયેલા લેખો આપણને મળ્યા છે. માનસશાસ્ત્રના આવા મનનીય લેખકોમાં શ્રી પ્રાણજીવન પાઠકનું સ્થાન ઘણું ઊંચું છે.

આટલી તો કેળવણીના સાહિત્યની સમાલોચના થઈ. અને બીજા દેશોના સાહિત્યની સરખામણીમાં ઓછું દેખાય તો પણ આપણે ગર્વ લઈ શકીએ એવું અને એટલું આ સાહિત્ય છે, એમાં શક નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે પછી આપણા માનસમાં જેમ જેમ આપણા સ્વત્વનું ભાન વધારે ને વધારે જાગ્રત થશે, આપણે પોતે સ્વતંત્ર રીતે જીવવા સર્જાયેલી પ્રજા છીએ અને આપણને પોતાને પણ માનવવંશમાં આપણી સંસ્કૃતિનો ફાળો આપવાનો અધિકાર છે એવી વૃત્તિ આપણા અન્તરમાં જાગશે, આપણા પુત્ર-પુત્રીઓની કેળવણી માટે ઇંગ્લાંડ શું કહે છે અને અમેરિકા શું કહે છે, જર્મની શું કહે છે અને જાપાન શું કહે છે, તે જાણવાની સાથે સાથે આપણા દેશનો સાક્ષાત્કાર કર્યા પછી આપણા પોતાના જીવનને બંધબેસતી કેળવણીનું આપણે નિર્માણ કરશું, અને જીવનના દરેકેદરેક ક્ષેત્રમાં આપણી જીવન ભાવનાઓ અને જીવન મૂલ્યોને ધ્યાનમાં રાખીને આપણા જીવનનું નવેસરથી ઘડતર કરશું, તેમ તેમ જીવનના સ્વતંત્ર વિચારો પોતાના જ બળથી આપણા મોંમાં નવી અને વીર્યવાહી ભાષા મૂકશે. આજે આપણી કેળવણીમાં નવા સર્જનને ઓછું સ્થાન છે; આજે આપણી કેળવણી આપણને સ્વતંત્ર રીતે ઊડવા દેતી નથી પણ આપણી પાંખોને કાપી નાંખે છે; આજે આપણી કેળવણીમાં બીક છૂપાયેલી છે; આજે આપણી કેળવણી આપણને આપણી આમજનતાથી દૂર દૂર રાખે છે અને તેથી અવાસ્તવિક છે; આવા સંયોગોમાં આપણો આત્મા સાહિત્યનું સર્જન શી રીતે કરી શકે ? આજે આપણા દેશમાં જે નવીન વિચાર પ્રવાહ ઊભો થયો છે તેના બળથી, તેમ જ પુસ્તકિયા કેળવણીને બદલે સર્જનાત્મક કેળવણીનો યુગ મંડાશે તેના બળથી આપણે આપણી મેળે જ વધારે વાસ્તવિક અને વધારે આદર્શમય કેળવણી લેતા થઈશું; અને એ જ વખતે આ નવી કેળવણીની અસર આપણા સાહિત્ય પર પણ થયા વિના નહિ રહે. દરમિયાન એ શુભ અવસર આવી પહોંચે તેની પૂર્વ તૈયારી રૂપે આપણે સૌ કેળવણીના ક્ષેત્રમાં આપણી શક્તિ અનુસાર સારાં સારાં પુસ્તકોના અનુવાદો કરીએ, નવાં પ્રમાણભૂત પુસ્તકોની પાછળ જહેમત ઉઠાવીએ, અને જ્યાં શક્ય હોય ત્યાં બીજા લોકોના સાહિત્યમાંથી સારાં સારાં પુસ્તકો આપણી ભાષામાં ઉતારીએ. આ દિશામાં ગૂજરાતી પહેલી ચોપડીથી માંડીને ઠેઠ વિદ્યાપીઠની એમ. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધીના વર્ગ માટે આપણે પાઠ્ય પુસ્તકો કરી નાખવાં જોઈએ. અને આ દિશામાં આપણી કૉલેજોમાં કામ કરતા આપણા અધ્યાપક ભાઈઓ ગૂજરાતની અમૂલ્ય સેવા બજાવી શકે. આવા પુસ્તકો તૈયાર કરવાનો વિચાર આજે મંદ થયો નથી; પણ દુઃખની વાત એ છે કે આપણે વાતો કરીને ધરાઈ જઈએ છીએ અને કંઈ પણ સંગીન કાર્ય થતું નથી. સાહિત્ય સંમેલન તરફથી કે એવી જ બીજી કોઈ જબ્બર સંસ્થાએ આ કામ ઉપાડયું હોય તો તેનાં ફળ આપણે કલ્પી ન શકીએ એટલાં સરસ આવવાનાં છે.

હવે સાહિત્યના વિષયમાં કેળવણી કેવી રીતે મદદ કરી શકે તેની એક બે વ્યવહારુ સૂચનાઓ કરવા માગું છું. આજે કયાંય નહિ તો આપણી પ્રાથમિક શાળાઓમાં અને માધ્યમિક તેમજ ઉચ્ચ શાળાઓમાં જ્યાં જ્યાં અવકાશ છે ત્યાં ત્યાં ગૂજરાતી ભાષાનું અધ્યયન ચાલે છે. આ અધ્યયન આજે ચાલે છે તેથી વધારે રસમય અને શાસ્ત્રીય થઈ શકે એવું મારું માનવું છે. આપણી ભાષાભૂખ તો આપણાં ઘરોમાં અને આપણી પ્રાથમિક શાળાઓમાં ઘડાય છે. આપણી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો ભાષાનું શિક્ષણ બાળકોને રસ જળવાઈ રહે તેવી રીતે પણ આપી શકે, અને બાળકોનો રસ મરી જાય એવી રીતે પણ આપી શકે. આપણાં બાળકો સાહિત્યનો સ્વાદ લેતાં થાય એવી રીતે તેમને શિક્ષણ આપવું, બાળક અને સાહિત્યનો પરસ્પર સંબંધ થાય એટલું જ કરી શિક્ષકે ખસી જવું, અને સાહિત્યની બાળકના માનસ પર અસર જમાવવા દેવી, શબ્દોનાં, વાકયોનાં અને અર્થના નકામાં ચૂંથણાં ન ચૂંથતાં સાહિત્યકારના અવાજને વિદ્યાર્થીના હૃદયમાં પેસવા દેવો; અને આ બધુંય કરતાં કરતાં બાળકોને સાહિત્યની સૃષ્ટિમાં ભમતાં અને કલ્લોલ કરતાં શીખવવું—આટલું જો આપણે શિક્ષકો કરી શકીએ તો આજે આપણામાં સાહિત્ય તરફ જે અરુચિ દેખાય છે તે આપોઆપ ટળી જશે. પણ વાત તો એ છે કે આપણી શાળાઓમાં આવા શિક્ષકો નથી, અને જે છે તેમને આવા બનાવવાને આપણે મહેનત કરતા નથી. આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુના જ્ઞાન માત્ર તરફ આપણે એવા પૂરપાટ દોડીએ છીએ કે સાહિત્યનો રસાસ્વાદ આપવાનું કોઈને સૂઝતું નથી. તેમ એટલી ધીરજ પણ નથી. પદ અને અન્વય, અર્થ અને સાર, વાક્ય અને પદચ્છેદ: જે બધું જ્ઞાન રસાસ્વાદની વૃદ્ધિ માટે જાણવાનું છે તે આપણને ડગલે ને પગલે સામું આવે છે, અને શિક્ષક બિચારો આ દોડધામમાં કશુંય કરી શકતો નથી. સાહિત્ય શીખવવાની રીત કરતાં સાહિત્યના રસાસ્વાદ તરફ વધારે ભાર આપવાની જરૂર છે જ. અને આ રસાસ્વાદ પરીક્ષાના ત્રાજવામાં તોળી શકાય તેમ ન હોવાથી તેના પર ભારે દુર્લક્ષ્ય કરવામાં આવે છે. આપણી શાળાઓમાં ગૂજરાતી ભાષાના અધ્યયનને જો યોગ્ય રીતે ગોઠવવામાં આવે અને ગૂજરાતી ભાષાના સાહિત્ય તરફ અભિરુચિ કેળવાય એવું શિક્ષણ દાખલ કરવામાં આવે તો આપણે સાહિત્યની વિવિધ દિશામાં ઘણા આગળ વધી જઈએ.

આ તો હું શાળામાં ગૂજરાતી કેમ શીખવવું તેની વાતમાં આડો ઉતરી ગયો, પણ આ દિશામાં આપણે ઘણું કરી શકીએ એમ છીએ. તેથી જ મેં એનો ઉલ્લેખ કર્યો છે.

અને જે રીતે સાહિત્યના આસ્વાદમાં તે જ પ્રમાણે વિદ્યાર્થીઓ પાસેથી જે ગૂજરાતી ભાષાનું લખાણ માગીએ છીએ તેમાં પણ આપણે વિદ્યાર્થીઓને સારા અને સંસ્કારી ગૂજરાતીનો પાસ આપી શકીએ છીએ. જે બોલવું તે સ્પષ્ટ જ બોલવું; અધૂરું વાક્ય બોલવું જ નહિ તેમ સ્વીકારવું પણ નહિ; લખાણમાં જોડણી, વાક્યશુદ્ધિ, વગેરે પર ધ્યાન ખેંચવું અને શાળાના તમામ વ્યવહારમાં જે ભાષા વપરાય તે શુદ્ધ જ હોય તેવો આગ્રહ રાખવો. આ રીતે પણ આપણે આપણું શુદ્ધ ગૂજરાતી કેળવી શકીએ છીએ. પરિણામે વિદ્યાર્થીઓના કાન જ એવા ટેવાઈ જવાના કે પછી અશુદ્ધ અથવા અયોગ્ય ગૂજરાતી તેઓ બોલી શકે જ નહિ તેમજ સાંભળી પણ શકશે નહિ. આ બાબતમાં આપણે શિક્ષકો ગૂજરાતી સાહિત્યને મોટી મદદ કરી શકીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાતના સાહિત્યકારો આપણા ઋષિઓ છે. ગૂજરાતના જીવનનું એમણે જે દર્શન કર્યું હશે તે આપણે શિક્ષકો આપણાં બાળકો પાસે મૂકવાનાં છીએ. ગૂજરાતના જીવનના ખાડાટેકરા, ગૂજરાતના જીવનની ખારીમીઠી, ગૂજરાતના જીવનમાં સારાંમાઠાં વહેણ, ગૂજરાતની આશા અભિલાષાઓ, ગૂજરાતના સુખદુઃખો, ગૂજરાતનાં ગૌરવ અને મહત્વાકાંક્ષા; આ બધું સાહિત્યકારો ભાષામાં ઉતારે છે અને આપણે એ સાહિત્યને ઊછરતી પ્રજા પાસે ધરીએ છીએ. ગૂજરાતનાં સાહિત્યરસિક નરનારીઓ ! આપે સૌએ ગૂજરાતનું જે દર્શન કર્યું હોય તે યથાર્થ રીતે બાળકો પાસે ધરવાનું પ્રભુ આપને બળ આપો. આપનું દર્શન આ બાળકો પાસે ધરતાં વચ્ચે દલાલી ખાટીને એ દર્શનને અમે ઝાંખું કરતા હોઈએ તો અમને માર્ગમાંથી આઘા ખસેડશો. પરંતુ આ મંડપમાં બેઠેલા સાહિત્યપ્રેમીઓ ગૂજરાતનાં મોંઘામૂલાં બાળકો પાસે આપનું દર્શન જ મૂકશો; દર્શન ન હોય તો ફાંફાં મારીને ઉપજાવેલા સાહિત્યને દર્શનને નામે ન મૂકતા, એવી અમારી શિક્ષકોની આપને વિનંતિ છે.

મારું કહેવું હું પૂરું કરું છું. મને તો શ્રદ્ધા છે કે સાહિત્ય માત્રનો ઉગમ જીવનનાં મૂળમાંથી છે. એટલે આપણે સૌ જેમ જેમ પ્રજાજીવનના મૂળ આગળ જતા થશું અને જ્યાં ગૂજરાતની પ્રજાનો આત્મા ધબકી રહ્યો છે તેને વધારે ને વધારે પામતા જશું, તેમ તેમ આપણું સાહિત્ય વધારે તેજસ્વી થશે, આપણી કેળવણી વધારે વીર્યવતી થશે અને સાહિત્ય તથા કેળવણી એક-બીજાને મદદરૂપ બની આખા પ્રજાજીવનને વધારે સમૃદ્ધ કરશે.

(૧૯૩૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસશાસ્ત્ર

માનસશાસ્ત્રનું જ્ઞાન દરેક શિક્ષકને તેમજ ગૃહપતિને જરૂરનું છે એ વિષે આજે હવે બે મત નથી રહ્યા. એથીયે આગળ ચાલીને બોલીએ તો સમાજના હરકોઈ મનુષ્યને થોડે ઘણે અંશે માનસશાસ્ત્રનું જ્ઞાન જરૂરી છે, અને તેમાંયે જે લોકોને બીજા ઘણા માણસોની સાથે વ્યવહાર છે તેમને તો એ જ્ઞાન અનેક રીતે કામનું છે. જેમના હાથમાં કરોડોનું હિતાહિત સોંપાયું છે એવા રાજાઓ, સરમુખત્યારો, ધર્મગુરુઓ, લોકનેતાઓ, સંઘપતિઓ, સેનાપતિઓ વગેરે સૌ જાણ્યેઅજાણ્યે આ શાસ્ત્રનો ઉપયોગ કર્યા જ કરે છે; અને એવા ઉપયોગ ઉપર જ એમના કામની ફરજનો મોટો આધાર હોય છે.

પણ આપણે તો આ વિશાળ દુનિયાના પ્રદેશમાંથી આપણા છાત્રાલયમાં, ઘરમાં કે શાળામાં આવીએ. આજનાં માબાપો માનસશાસ્ત્રને થોડુંઘણું પણ જાણતાં હશે તો પોતાનાં છોકરાંઓને વધારે સારી રીતે ઉછેરી શકશે; એટલું જ નહિ પણ દુનિયાભરમાં આજે વૃદ્ધો અને જુવાનો વચ્ચે જે ખેંચતાણ ચાલી રહી છે તેમાંથી મુક્ત રહેશે. આજનો શિક્ષક જો માનસશાસ્ત્રને જાણતો હશે તો શાળામાં શિક્ષણ કેમ આપવું તેનો ભેદ તો પામશે જ, પણ વિદ્યાર્થી જીવનને કેવી રીતે ઉકેલવું તેનો મર્મ પામી જશે. આજનો ગૃહપતિ જો માનસશાસ્ત્ર જાણતો હશે તો આપણાં છાત્રાલયોમાં આજે જે અનેક પ્રકારની અરાજકતા પ્રવર્તે છે તેમાંથી વિદ્યાર્થીઓને બચાવી લેશે, અને છાત્રાલયના જીવનને વધારે વ્યવસ્થિત અને વધારે સ્વતંત્ર કેમ બનાવવું એ જોઈ શકશે.

પણ કોઈપણ શાસ્ત્રના જ્ઞાનની માફક આ શાસ્ત્રનું જ્ઞાન પણ જરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંડાણુ માગે છે. આજે આપણે સૌ 'સૂંઠને ગાંગડે ગાંધી' થવા બેઠા છીએ તે વસ્તુ આ જ્ઞાનમાં ભારે વિઘ્ન નાખનારી છે. હજી તો આ શાસ્ત્ર પોતે તાજેતરમાં અસ્તિત્વમાં આવ્યું છે; આપણે ત્યાં એનો પ્રચાર પણુ હજી નહિ જેવો જ છે. ત્યાં ગમે તે માણુસ માનસશાસ્ત્રનું એક થોથું પકડીને માનસશાસ્ત્રી થઇ ન જાય એ આપણે જોવાનું રહે છે. એટલે કોઇપણુ ગૃહપતિ ભૂલથી એવું ન માની બેસે કે માનસશાસ્ત્રનાં બે અધકચરાં વાકયો વાંચ્યાં એટલે આપણે માનસશાસ્ત્રી થઈ ગયા.

સાથે સાથે એ પણુ કહેવાની જરૂર છે કે માનસશાસ્ત્રમાં પ્રવેશ કર્યો હોય એવા કોઇ પણુ માણુસે સૌથી પહેલાં એ શાસ્ત્રનો પ્રયોગ પોતાના પર કરવાની જરૂર છે. જે આદમી બીજાના મનમાં ઊંડાણુ શોધવા નીકળે તેણે પહેલાં પોતાના મનનું તળિયું તપાસવું અને પોતે મનના ઘણા વ્હેમોથી છૂટા થવું. આપણે બીજાના માનસનું અવલોકન કરવા નીકળીએ છીએ ત્યારે આપણા પોતાના મનની સંપૂર્ણતાઓ એ અવલોકનમાં આવ્યા વિના રહેતી નથી જ. તેથી જે માણુસે સૌથી પહેલું પોતાના માનસનું યથાર્થ નિરીક્ષણ કરી લીધું હોય તે જ માણુસને બીજાના માનસનું નિરીક્ષણ કરવાનો અધિકાર છે. આજે આપણે લેભાગુ ગૃહપતિઓ અધકચરા જ્ઞાનની મદદથી વિદ્યાર્થીના ગમે તે કાર્યને અને તેની પાછળના હેતુને ફાવે તે એક ચોગઠામાં ગોઠવી દઇએ છીએ, અને એની શાસ્ત્રીય ભાષાથી અજ્ઞાની ભાઇઓને મૂંઝવી મારીએ છીએ.

એટલે કોઇ ગૃહપતિએ માનસશાસ્ત્રનો વારંવાર ઉપયોગ છાત્રાલયમાં કરવો હોય તો સૌથી પહેલાં તેણે એ શાસ્ત્રની દૃષ્ટિથી પોતાની જાતને તપાસી લેવી, અને એ રીતે અમુક અંશે નિર્ણય થયા પછી બીજાઓને તપાસવા નીકળવું. નહિતર આપણે ગૃહપતિઓ આપણા મનના રંગોથી રંગાઇને બીજાના સાચા માનસને નથી ઓળખવાના. એમ થતાં માનસ શાસ્ત્રના ઓઠા હેઠળ આપણી સાચી ખોટી માન્યતાઓને વિદ્યાર્થીના નિરીક્ષણુમાં ઘુસાડી દઈશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે આપણા ગૃહપતિ ભાઈઓને મારી ખાસ વિનતિ છે કે-(૧) તમે માનસશાસ્ત્રનો અભ્યાસ કરો તો તે ઉપરછલ્લો ન કરતાં જરા વધારે ઊંડો કરો.

(૨) અને એ જ્ઞાનનો પ્રયોગ બીજા પર કરવા નીકળો તે પહેલાં તમારા પોતાના માનસ પર કરો, તો તમે પોતે વધારે નિર્મળ થયા હશો અને બીજાને તપાસવાનો અધિકાર થયો હશે.

બાકી તો આપણા મનના કેવળ તરંગી વિચારોને માનસશાસ્ત્રના શબ્દોમાં ગોઠવી દેવા હોય તો તો કોઈને પૂછવાનું જ નથી.

(૧૯૩૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંગલિક પ્રવચન.

(તા. ૧૫–૮–૪૫ ના રોજ બોચાસણમાં સમગ્ર ગ્રામસેવા વિદ્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે આપેલ વ્યાખ્યાન)

આજે આ સમગ્ર ગ્રામસેવા વિદ્યાલયને ખુલ્લું મૂકવા તમારી સમક્ષ હું ઊભો થયો છું ત્યારે મારા મન પર હું એક જાતનો ભાર અનુભવું છું.

આ વિદ્યાલય સ્વર્ગસ્થ મહાદેવભાઇની પુણ્યતિથિને દિવસે શરૂ થાય છે, ત્યારે મને સહેજે મનમાં થઈ આવે છે કે જેમ મહાદેવભાઇ પૂજ્ય બાપુના અંતરને પારખી ગયા હતા તેમ હું શું પારખી શક્યો છું ? એ તો બાપુમય થયેલા હતા. હનુમાનજીને રામચંદ્રજીના રાજ્યારોહણ પ્રસંગે સીતાજીએ નવલખો હાર આપ્યો ત્યારે હનુમાનજીએ એ હારના એકેએક હીરાને ફોડી ફોડીને ફેંકી દેવા માંડ્યો. કોઇએ આમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે કહ્યું, " એ હીરાની અંદર રામનામ છે કે નહિ તે જોઉં છું. અંદર રામનામ નથી નીકળતું એટલે ફગાવી દઉં છું. "

મહાદેવભાઈએ જીવનમાં આવી અનન્ય ને એકનિષ્ઠ હનુમાનભક્તિ કરી હતી તે સૌ જાણે છે. આજે એમની પુણ્યતિથિએ આ વિદ્યાલય શરૂ કરવાની મંગલક્રિયા કરવા તમે મને આમંત્રણ આપ્યું તે તમારો મારા પરનો ભાવ સૂચવે છે. પણ એ ક્રિયા કરવાનો મારો અધિકાર કેટલો છે તે મારે જોવું જોઇએ. આજે આ વિદ્યાલયના વિચારને હું મારા શબ્દોથી એક જાતનો વેગ આપું છું. તે વખતે મારો આપેલો વેગ યોગ્ય દિશામાં વહે છે કે કેમ ? એ વિચાર મને સહેજે મુંઝવે છે. તેમ છતાં તમારા સૌના ભાવથી પ્રેરાઇને મેં અહીં આવવાની હામ ભીડી છે. આજે એ બાપુને ને બાપુને જ નિરંતર હૈયામાં સંઘરી બાપુમય થયેલા મહાદેવભાઈને મારી નજર સામે રાખીને હું તમારી પાસે ઊભો છું. હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે જે કાંઇ બોલું તે આજે કે ભવિષ્યમાં બાપુના કહેવા કરતાં કાંઇ જુદું જણાય તો હું બાપુને ન સમજ્યો એમ ગણીને મને માફ કરશો ને હું બોલું તે બાપુના આશયની સાથે તમને બરાબર બંધબેસતું જણાય તો એને બાપુની પ્રસાદી તરીકે સ્વીકારજો. તમારી ઉદારતા પર નિર્ભર થઇને હું અહીં આવ્યો છું.

વિજ્ઞાનના પ્રદેશમાં જુદાં જુદાં દ્રવ્યોને તેમજ પદાર્થોને જોવા માટે જુદાં જુદાં સાધનોની અને એ સાધનોદ્વારા જોવાને કેળવાયેલ દૃષ્ટિની જરૂર પડે છે. આ સાધનો તેમજ એના સોંસરવું જોવાની કેળવાયેલ દૃષ્ટિ ન હોય તો દ્રવ્યની પારખ ન થાય તેમજ બાપુની ઘણીખરી વાતો યથાર્થ રીતે સમજવા માટે કેટલીક આંતરસામગ્રી અને એ આંતરિક ગુણોથી નિર્મલ ને વીર્યવાન બનેલી દૃષ્ટિની જરૂર પડે છે. પણ આમ ઘણીખરી વખત નથી હોતું. તેથી આપણે બાપુને સાંગોપાંગ સમજતા નથી; ને પેલા આંધળાઓ હાથીને જોવા ગયા ને જેવું બન્યું તેવું બને છે.

આથી શરૂઆતમાં બાપુની વાત આપણામાંના મોટા ભાગને વિચિત્ર ને તરંગી લાગે છે, કારણ કે આપણી આંખો આપણા તેમજ સમાજના નાના મોટા ગ્રહોથી રંગાયલી છે. એટલે આપણા હાથમાં બાપુની સમગ્ર કલ્પના નથી આવતી પણ એ કલ્પનાનું માથું કે પૂછડું જ આવે છે, તે પછી આપણે એને સમગ્ર માની બેસીએ છીએ. મારી નમ્ર માન્યતા મુજબ આ સમગ્ર ગામસેવા વિદ્યાલય, આવું ન બને તે જાતની તાલીમ આપવા માટે ઊભું થયું છે. નહિતર ગ્રામસેવક વર્ગો તો આ પહેલાં આપણે જુદા જુદા સ્થળોએ ચલાવ્યા છે; પણ આ વિદ્યાલયની વિશિષ્ટતા એ છે કે તે સમગ્રભાવે ગાંધીદર્શનનો અભ્યાસ કરાવવા ઉભું થયું છે.

વસ્તુતઃ ગાંધીદર્શન એક સાંગોપાંગ કલાકૃતિ છે. એ કલાવિધાનના ભાગો એકબીજા સાથે એવી રીતે સંકળાયલા છે કે એમાંથી એક નાનામાં નાના ભાગને ખસેડી લઇએ તો બાકી રહ્યું તે બેહુદું થઇને ઊભું રહે. આપણે રચનાત્મક કામનાં જુદાં જુદાં અંગોને અલગ અલગ ને સ્વતંત્ર રૂપે આજસુધી જોયાં કર્યાં છે, એથી ઘણીવાર ગોટાળો થયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ થવાનું એક કારણ મેં આગળ કહ્યું તે છે. બાપુ તો જીવનના એક ઊંચા શિખર ઉપર ઊભા છે ને આપણે પડ્યા છીએ તળેટીમાં. એ શિખર પરની વિશાળ દૃષ્ટિમર્યાદામાં જે જગત દેખાય છે તે આપણને ખીણમાં ઉભેલાને દેખાતું નથી; એટલે આપણે એમની વાતને સમજવા મથતા છતાં સાંકડો અર્થ કરીએ છીએ; કાળ તો છેવટે એમની વાત સાચી ઠરાવે છે, પણ શરૂઆતમાં એમની વાત ભડકાવનારી હોય છે.

હું મહેતાજી હોવાથી મારા જ ક્ષેત્રની વાત કરું. બાપુએ વિદ્યાપીઠ સ્થાપતી વખતે કેળવણીનો આદર્શ આપ્યો : **सा विद्या या विमुक्तये**—જે મુક્તિ આપે તે વિદ્યા. અમે સૌએ અમારી ભૂમિકા પ્રમાણે અર્થો કર્યા. કોઇ કહે 'આ અંગ્રેજી રાજ્યમાંથી છોડાવે તેને ગાંધીજી વિદ્યા કહે છે,' કોઇ કહે, 'સામાજિક જુલમોમાંથી છોડાવે તે સાચી વિદ્યા,' પણ ગાંધીજીના મનમાં રમતો હતો તે અર્થ તો જુદો જ હતો. એમને મન તો કહેવાતી સ્વતંત્ર પ્રજાઓ પણ સ્વતંત્ર ન હતી, કારણ કે આપણા રાગ-દ્વેષોના જુલમો ક્યાં ઓછા ભયંકર છે ? વિદ્યાએ એમાંથી પણ મુક્તિ અપાવવી જોઇએ એમ એ કલ્પતા હતા. જ્યારે અમે સૌ અમારા અધિકાર પ્રમાણે અર્થ ઉપજાવતા હતા ને એમાંથી ગોટાળો પણ ઉપજતો હતો; આનું કારણ હતું અધૂરી સમજણ.

બાપુ પ્રાર્થના ને ઉદ્યોગ ઉપર વારે વારે ભાર મૂકતા, પણ અમે સૌ એમના જમણા હાથ જેવા એ વાત ત્યારે સમજતા હતા ખરા ? મારી વાત કરું તો હું ત્યારે વિદ્યાપીઠનો કુલનાયક હતો ને દક્ષિણામૂર્તિનો મુખી હતો, પણ આજે એ સત્ય જેટલું સમજ્યો છું તેવું તે દહાડે નહોતો સમજ્યો. આનો અર્થ અમારી કોઇની બદદાનત હતી તેમ ન સમજતા. અમે રેંટિયા વસાવ્યા, વણાટશાળા માટે મકાનો ઊભા કર્યાં, સુથારી વર્ગ શરૂ કર્યો, કાંતવું ફરજીયાત કે મરજીયાત તેની ચર્ચાઓ પણ કરી, અને મરજીયાત-ફરજીયાત ઠરાવીને કંતાવ્યું પણ ખરૂં; પણ તે બધું આજની દૃષ્ટિએ જોઇએ તો કેટલું અધૂરું હતું ? કારણ કે મારી નમ્ર સમજણ મુજબ બાપુ જ્યારે ઉદ્યોગની, કાંતવાની કે પ્રાર્થનાની વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા હતા ત્યારે અમે સમજતા હતા તેના કરતાં કાંઇક જુદું કહેતા હતા, ને એ વાત અમારા હાડમાં ઉતરી નહોતી.

ધર્મ અને જીવન એ બે એક બીજાથી સ્વતંત્ર ને અલાયદી વસ્તુઓ છે એવી આપણા સમાજની આજ સુધી સામાન્ય સમજણ હતી. ભલભલા ધાર્મિક પુરુષો પણ ધર્મને જીવન વ્યવહારથી જુદો પાડતા અને ધામિક જીવન ગાળવા માટે વ્યવહારથી મુક્ત થઇ ધામિક ગણાતી ક્રિયાઓમાં જ પોતાનો કાળ વીતાવતા. બાપુએ પોતાના જીવનથી તેમજ ઉપદેશથી ધર્મ અને વ્યવહાર વચ્ચેના આ પડદા પર કાપ મૂકયો.

ધર્મ એ જીવનની–રોજ-બ-રોજના વ્યવહારથી અલાયદી વસ્તુ તો નથી જ, પણ ઉલટી સમગ્ર જીવનવ્યાપી વસ્તુ છે, એ વાત ઉપર બાપુએ ભાર મૂકયો. આપણી ઉપર જણાવી તેવી ભૂલભરી માન્યતાને પરિણામે રોજના બે કલાક સુધી સંધ્યાપૂજા કરનાર બ્રાહ્મણ બાકીના બાવીશ કલાક સુધી વ્યવહારમાં ગમે તે જાતના ધંધા કરી શકે, છતાં તેને પોતાના જીવનમાં આ વિસંવાદ ખૂંચે નહિ–કશું અજુગતું દેખાય નહિ. જીવનના આવા ભાંગ્યાતૂટ્યા ખ્યાલને લીધે જ બંગાળના ભૂખમરાને અને ધર્મને કશું લાગેવળગે નહિ, તેમ આપણે માનતા થઈ ગયા છીએ ને તટસ્થતાપૂર્વક જીવી શકીએ છીએ.

ધર્મ ને જીવન વચ્ચેની અભિન્નતા આપણામાંના જેને સમજાઇ છે તેને આવી તટસ્થતા ભયાનક લાગે છે, તે આપણે જાણીએ છીએ; પણ આ વાત–પ્રાર્થના–કાંતણ–શિક્ષણનો સંબંધ તે દહાડે એટલો નહિ દેખાયલો. બાપુ જયારે કાંતણ ને ઉદ્યોગ પર ભાર દેતા ત્યારે અમારે સમજવું જોઇતું હતું, કે જીવન અને ધર્મ એ જેમ અભિન્ન વસ્તુ છે તેમજ કાંતવું, ઉદ્યોગ કે પ્રાર્થના એ અભિન્ન વસ્તુઓ છે. એ એક માત્ર વિષય નથી. એ બધાંની વચ્ચે અભિન્નતા છે જ પણ એ અભિન્નતા વિદ્યાર્થીને બતાવવી તે જ જીવનવિદ્યા છે, મુક્તિની વિદ્યા છે. પ્રાર્થના વિનાનું કાંતણ, ઉદ્યોગ વિનાની પ્રાર્થના ને સમજણ વિનાનું આ ત્રણેનું પરિપાલન કે પઠનપાઠન એ અધૂરાં ને પાંગળાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દૃષ્ટિથી જોઇએ તો જે શિક્ષકે કાંતણના ઉદ્યોગને પોતાનો જીવન-વ્યવસાય ન બનાવ્યો હોય તે શિક્ષક વર્ધા યોજનાની કાંતણશાળા શી રીતે ચલાવી શકે ? જેણે ખેતીને પોતાનો જીવનવ્યવસાય ન બનાવ્યો હોય એ ખેતીશાળા કઈ રીતે ચલાવી શકે ? આવા શિક્ષકો તે તે વિષયને બુદ્ધિગ્રાહ્ય બનાવીને વિદ્યાર્થીની પાસે છટાભરી રીતે રજુ કરી શકે પણ આવી રજુઆત કરીને અટકી જનારું શિક્ષણ ગાંધીજી ઝંખે છે તેવી સમાજ રચનામાં બહુ ફાળો આપી શકે નહિ. બાપુની નવરચનામાં તો આવો ઉદ્યોગ તે જીવનવ્યવસાય છે.

બાપુની આ વાતને મારે જો શાસ્ત્રીય શબ્દોમાં ગોઠવવી હોય તો હું ઉદ્યોગને કેળવણીનું માધ્યમ ન કહું, ઉદ્યોગપ્રધાન કેળવણી પણ ન કહું, ઔદ્યોગિક કેળવણી પણ ન કહું પરંતુ વ્યાપક દૃષ્ટિથી કરેલ બુદ્ધિ-પૂર્વકનો સમાજોપયોગી શ્રમ એ જ કેળવણી, એમ કહું.

આ વાત સહેજ વધારે સ્પષ્ટ કરવી ઘટે છે. સમાજોપયોગી ઉત્પાદક શ્રમ મારા મનથી માનવજીવનનો એક મોટો અને પવિત્ર અધિકાર છે; એટલે જીવનમાં આ પવિત્ર અધિકારને જેટલું ઊંચું સ્થાન છે અને હોવું જોઈએ, તેવું જ પ્રતિષ્ઠાભર્યું સ્થાન આવા ઉદ્યોગ ને કેળવણીમાં પણ હોવું જોઇએ. પણ આ ઉપરથી આપણે એમ ન સમજીએ કે ઉદ્યોગ સિવાય બીજા બધા વિષયો કેળવણીમાં નકામા છે અથવા તો ગૌણ છે. ઉપર જણાવ્યા તેવા ઉદ્યોગને જેમ આપણી કેળવણીમાં અને જીવનમાં સ્થાન છે, તેવું જ સ્થાન આપણી કેળવણીમાં શુદ્ધ માતૃભાષાનું છે, એ ભાષાના અનેક પ્રકારના આવિર્ભાવોનું છે, કલાનું છે, માનવ જીવનના આજ સુધી થયેલા જીવનના જુદા જુદા ક્ષેત્રોના વિકાસનું છે. એટલે ઉત્પાદક કામ કરવાના પવિત્ર અધિકારને આપણી કેળવણીમાં યોગ્ય સ્થાન અને તે પણ મહત્વનું સ્થાન આપવું જોઇએ. ટૂંકામાં સમગ્ર જીવનદૃષ્ટિને સુસંગત હોય એટલું જ નહિં, પરંતુ એને પોષક પણ હોય એવા તમામ વિષયોને આવા ઉદ્યોગની સાથે આપણી કેળવણીમાં સ્થાન હોવું જોઇએ; કારણ કે જેમ આવા ઉદ્યોગ વિના જીવન તેમજ કેળવણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાંગાં છે, તેમજ ઉપર જણાવેલી દૃષ્ટિ વિના પણ તે ખાંગાં, અથવા તો વધારે ખાંગાં રહેવાનાં છે, તેમાં શંકા નથી.

આજે મને ભાદરણની કન્યા વિદ્યાલયની બહેનો મળવા આવી હતી. એમને શું શું શીખવે છે એ હું પૂછતો હતો. 'તમારી નિશાળ જાતે સાફ કરો છો?' 'જાતે શાળા વાળો છો?' 'તમારું પાણી જાતે ભરો છો?' 'તમારું દળાણું ચક્કીએ તો નથી દળાવતા?' 'તમે હડતાળ પાડો છો?' હડતાળ ભલે પાડો. પણ જો તમારા બીજા અધિકાર જાય છે ત્યારે હડતાળ પાડતાં હો તો ઉત્પાદક શ્રમ કરવાનો, વાળવાનો, પાણી ભરવાનો વિ. બહેનોના પ્રાથમિક અધિકાર શાળાઓ ખૂંચવી લે તે માટે હડતાળ શા માટે ન પાડો? વિદ્યાર્થીઓને આ ગમશે નહિ, પણ હું એમને કહીશ કે શાળાના બીજા વિષયો કરતાં પણ આ જાતના ઉત્પાદક શ્રમની કેળવણી વિષયક કિંમત ઘણી મોટી છે, અને એને ભોગે અપાયેલી કેળવણી સાવ–વીટેમીન વગરના ખોરાક જેવી–નકામી છે.

શ્રમનો વળી અધિકાર! હા. પરસેવો ઉતારવાનો અધિકાર. જ્યારે આપણે સમગ્ર ગ્રામસેવક વિદ્યાલયની સ્થાપના કરવા એકઠા થયા છીએ ત્યારે હું આ વાત ઉપર ખાસ ભાર મૂકવા માગું છું. મારી તો દૃઢ માન્યતા છે કે આપણી કેળવણીની આ સંસ્થાના પાયામાં આ વસ્તુ પડેલી હોવી જોઇએ. આ વિચારને આપણે જેટલો વધારે મૂર્તિમંત કરી શકશું તેટલું આપણું કાર્ય વધારે વીર્યવાન થશે.

આ બોલતી વખતે એક વાત મારા ધ્યાન બહાર નથી. આજે આપણે શિક્ષકો સમાજના જે થરમાંથી આવ્યા છીએ તે થર મોટે ભાગે બુદ્ધિજીવી છે. મારા જેવા આપણા કેટલાય શિક્ષકો હજી તો આ અર્ધ-દગ્ધ દશામાં હશે. આપણે બાપુની આ નવી વિચારસરણીને બુદ્ધિથી સ્વીકારી છે. આપણે આપણી શક્તિ પ્રમાણે એ પ્રમાણે જીવવા મથીએ છીએ પણ ખરા; પણ આપણો આજ સુધીનો ઉછેર, આપણા માર્ગમાં નાનોસૂનો અંતરાય નથી. આપણા તેમજ જેમની સાથે આપણે સંકળા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલા છીએ તેમના સંસ્કારો જ એવા છે કે આપણે ધારીએ તો પણ આપણને શ્રમજીવી થવા દેતા નથી.

અને તેથી જ ઘણી વાર આપણી અક્કલને આગળ ધરીને આપણે આપણી ઉપયોગિતા સિદ્ધ કરવી પડે છે. આપણે સ્પષ્ટ સમજી લેવું જોઇએ કે આપણે તો માત્ર આ સંક્રાતિકાળ દરમ્યાન જ ઉપયોગી છીએ. આવું વિદ્યાલય ભવિષ્યમાં ઉઘાડવાનું હશે ત્યારે તે નાનાભાઇને હાથે નહિં ઉઘડે પણ તે યુગના કોઇ પાકી સમજવાળા ખેડુને હાથે કે કુંભારને હાથે ઉઘડશે. તેવા વિદ્યાલયના આચાર્ય તરીકે શિવાભાઇ નહિ હોય પણ એ વખતનો કોઇ જ્ઞાનનિષ્ઠ ખેડુ કે વણકર હશે. આજે જો આપણી કાંઇપણ ઉપયોગિતા હોય તો તે એટલી જ કે ગામડાની ધરતીનું ધાવણ ધાવીને મોટા થયેલા અને જન્મથી શ્રમજીવનમાં ઉછરેલા ભાઇ બહેનોને બાપુની આ સમજણ ઊગી જાય ત્યાં સુધી કામ કરવું. હું જો બાઇબલની ભાષામાં બોલું તો આપણે આજે માત્ર સ્થૂલ જળથી સંસ્કરણ કરનારા છીએ અને જીવન જળથી નવ સંસ્કરણ કરનારાં શ્રમજીવી ભાઇ બહેનો આપણી પાછળ ચાલ્યાં આવે છે. આવી શ્રદ્ધાથી આપણે કામ કર્યે જવું.

આપણી એક બીજી ઊણપ પણ આપણે સમજી લેવી જોઇએ. આપણે સમગ્ર ગ્રામ સેવાની તાલીમ આપવાના છીએ. આ વિદ્યાર્થીઓમાંથી કેટલાએક ખાદીને મધ્યસ્થાને રાખીને ગ્રામ સેવા કરશે, કેટલાએક નઈ તાલીમને મધ્યસ્થાને રાખશે, વળી કોઇ હરિજન સેવાને પ્રાધાન્ય આપશે તો કોઈ ગ્રામોદ્યોગ મારફત પોતાની ભાવનાને સિદ્ધ કરશે. પણ આ વિદ્યાર્થીઓને આ બધી જુદી જુદી દિશાઓ કેવી રીતે સિદ્ધ કરી શકાય તે બતાવવાનું પ્રયોગશાળાનું સાધન આપણી પાસે હયાત નથી. પ્રયોગશાળાથી હું મોટી દબદબાભરેલી સરકારી લેબોરેટરીનો વિચાર કરું છું તેમ ન સમજશો, પણ આપણી પાસે આવી પ્રયોગશાળા તરીકે ચાલે એવા ગામડાંઓ જરૂર હોવાં ઘટે કે જ્યાં એકાદ ગ્રામ સેવક ખાદીને કેન્દ્રમાં રાખીને સમગ્ર ગ્રામસેવા સાધતો હોય અથવા તો એકાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામસેવક નવી તાલીમને કેન્દ્રમાં રાખીને ગ્રામસેવા સાધતો હોય અથવા તો એકાદ ભાઈ ઘાણી ચલાવતો ચલાવતો આખાય ગામડાનું પુનર્જીવન રચતો હોય. આવી ગામડાની પ્રયોગશાળાને અભાવે આપણું વિદ્યાલય એટલું ખાંગું રહે તે સાવ સ્વાભાવિક છે. પણ મને તો ઉમેદ છે કે આ વિદ્યાલયમાં પાકેલા વિદ્યાર્થીઓ થોડા સમયમાં આ ખોટ પૂરી દેશે. મને શ્રદ્ધા છે કે ગામડામાંથી જ આપણા એવા માણસો પાકશે. આજે ભલે એ બધા ભોથા જેવા લાગતા હોય, પણ ખાણમાંથી જ્યારે હીરો નીકળે છે ત્યારે એમાં તેજ હોતું નથી. એ તો જ્યારે એના પર પાસા પડે છે ત્યારે એ ઝગમગી ઉઠે છે.

આ વિદ્યાલયમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓને હું મારા અંતરનો આવકાર આપું છું. એમના સદ્ભાગ્યની મને અદેખાઇ આવે છે. સાથે-સાથ એમને એક બે ચેતવણી પણ આપવાનું મન રોકી શકતો નથી. તમે સૌ ભાવનાના પ્રેર્યા અહીં આવ્યા હશો પણ તમારામાંનો એકાદ રખોખજ્ઞોય બીજા કોઇ ખ્યાલથી અહીં આવી ચઢ્યો હોય તો વેળાસર વિચારી લે. આ તો સતીનો ખેલ છે, આમાં કાચાપોચાનું કામ નથી. ગાંધીએ ઠીક આ ખાતું ખોલ્યું છે એમ ધારીને અહીં આવ્યા હશો તો પાછળથી પેટ ભરીને પસ્તાશો. આ તો જીવનવિદ્યા છે. આ વિદ્યાને ન લજવતા.

આનો અર્થ એ નથી કે તમારી આજીવિકાનો કોઈ વિચાર ન કરે-આપણા સેવકોને માટે તેમને જીવનમાં નચિંત કરે તેવી ગોઠવણ થવી જોઇએ તેમ હું માનું છું પણ આવી ગોઠવણોનો વિચાર કરવાનો અને તેને અમલમાં મૂકવાનો ધર્મ ન સમજે અને મારા તમારા જેવા બે ચાર જણ ભૂખ્યા ટળવળી મરે તો પણ તેમાં આપણે શરમાવાનું કારણ નથી. કોઇએ શરમાવાનું હશે તો અહીંના શ્રીમંતોએ હશે. તમે ધર્મ બજાવી છૂટજો. બીજાઓ પોતાનો ધર્મ બજાવતા નથી તે યાદ કરી નકામા દુઃખી થશો નહિ. આપણને ભગવાનનું અમર વચન છે **नहि कल्याणकृत कश्चित् दुर्गतिं तात गच्छति ।**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી એક વાત. આપણે દેશને ચરણે આપણી શક્તિને ધરવાની વાતો કરીએ છીએ. પણ દેશને ચરણે ધરવા જેટલી શક્તિ આપણી પાસે છે કે નહિ તેનો તમે વિચાર કરી લેજો. આપણાં માયકાંગલાં શરીર ને સંસારની જટિલ વાસનાઓથી ડહોળાયેલ આપણાં મન દેશને ચરણે ધરશું તો દેશની મોટી કુસેવા થઇ જશે. દેશને કે દેવને ચરણે તો આપણું શ્રેષ્ઠ ધન આપવું જ શોભે.

અહીં કામ કરનાર શિક્ષકોને બે વેણ કહું તો અનુચિત નહિ ગણાય.

તમે તમારે ભણાવવાના વિષયમાં પારંગત હશો, પણ એટલાથી જ તમે ભણાવી નહિ શકો. ધોધમાર વરસાદ પડતો હોય તો પણ જો વાડકો ઊંધો હોય તો એમાં ટીપુંય પાણી પેસી શકતું નથી. વિદ્યાર્થીઓના મનનો વાડકો તમારાથી ઊંધો ન થઇ જાય તેની સંભાળ રાખજો. આ વિદ્યાર્થીઓની અભિમુખતા ઓળખવામાં ને જાળવી રાખવામાં શિક્ષણની કળા છે. એ કંઇક અંશે કોઠાવિદ્યા છે તેવી જ રીતે પ્રયત્નપૂર્વક સાધ્ય થઇ શકે તેવી પણ છે. આપણા શરીરનું હાડકું જ્યારે ભાંગે છે ત્યારે જો જુવાન ઉંમરના હોઇએ તો બંને હાડકાં સામ સામે એક જાતનો રસ છોડે છે. આ રસ એ બંને ભાંગેલ–અલગ પડેલ–હાડકાંને પણ એક કરી દે છે. જે ઘરડા થયા હોય તેને આ રસ છૂટતો નથી ને હાડકાં કદી સંધાતાં જ નથી. આ શિક્ષણના ધંધામાં પણ વિદ્યાર્થી ને શિક્ષક બંનેનાં અંતરમાંથી આવો રસ છૂટવો જોઇએ. આ રસ જેને ન છૂટતો હોય તેણે દાળીયા મમરા વેચવાની હાટડી માંડવી પણ શિક્ષણના ધંધામાં ન પડવું.

છેલ્લે અહીં આવેલ ભાઇએનો પાસે એક માગણી કરૂં. કોઇને થશે કે પૈસા માગીશ. પણ હું એ માગવાનો નથી. હું તમારી પાસે માગવાનો છું એ તો અહીં સાંભળેલ વસ્તુમાંથી શકય હોય તે તમારા જીવનમાં ઉતારવાનું–ગાંધીજીની આટલી બધી વાતોમાંથી કાંઇક અમલમાં મૂકવાનું.

ઝાડને મોટું થવાનો આધાર એ કેવી જમીનમાં ઊગ્યું છે તે પર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વિદ્યાલયનું વૃક્ષ વિશાળ થાય, એના છાંયામાં **સૌને** આશરો મળે તેવી ભાવના તમારા **સૌની** હોય તો વિદ્યાલય જે જે વાતોને સિદ્ધ કરવા માટે ઊભું કર્યું છે તે વાતો તમારા જીવનમાં વણજો. એ જો નહિ કરો તો પ્રતિકૂળ જમીનમાં ઝાડ મોટું થઇ થઇને કેટલુંક થશે? આજુબાજુ ચારે તરફ જો નીચાણ ને નીચાણ હોય તો એમાં મોટો ડુંગરો ક્યાંથી થાય? ચારેબાજુ થોડો થોડો ચડીયાતો ઢાળ હોય તો ધીમે ધીમે પહાડ ઉપડે ખરો.

મેં ઘણું કહ્યું. રવિશંકર મહારાજ જેવી પૂજ્ય વ્યક્તિની સમક્ષ આવું લાંબુંચોડું બોલતાં હું શરમાયો નથી તેનું મને ભાન છે પણ રવિશંકરદાદાએ જો લાગલાગટ સાત દિવસ સુધી મારી પારાયણનું ટાયલું સાંભળી લીધું છે તો આજના ટાયલા માટે એ મને ક્ષમા આપશે એવી મને ખાતરી છે.

તમે મને આજે માન આપ્યું છે તે માટે તમારો આભાર માનું છું. સ્વર્ગસ્થ મહાદેવભાઇને તેમની સંવત્સરી વખતે મારી અંજલિ આપવાનો પ્રસંગ મળ્યો તેને હું મારું અહોભાગ્ય ગણું છું. ને ચાલો આપણે સૌ ગાઇએ.

ॐ सहनाववतु । सह नौ भुनक्तु । सहवीर्यं करवावहै । तेजस्विनावधीतमस्तु । मा विद्विषावहै । ॐ शांतिः । शांतिः । शांतिः ॥

(૧૯૪૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૨ જો

વ્યવહાર-ચર્ચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નોત્તર

પ્ર૦ પ્રાર્થનામાં વિદ્યાર્થીઓએ વખતસર આવવાનું હોય છતાં ન આવે તો શું કરવું?

ઉ૦ કેળવણીની કોઇપણ સંસ્થાએ ઓછામાં ઓછા નિયમો કરવા, અને પછી તે નિયમોના પાલનમાં યોગ્ય રીતે કડક થવું એ વધારે સલાહભર્યું છે. મને પોતાને તો એમ લાગે છે કે આજની સ્થિતિમાં આપણા જેવા ગૃહપતિઓએ પ્રાર્થનામાં વિદ્યાર્થીઓની હાજરી કેવળ મરજીયાત રાખવી–પ્રાર્થના કરવી હોય તે આવે, ન કરવી હોય તે ન આવે. એક વાર આ પ્રમાણે હાજરી મરજીયાત કર્યા પછી એ હાજરી વખતસર હોય એ માટે આપણે ખૂબ આગ્રહ રાખીએ અને નક્કી કરેલ વખત પછી કોઇને પણ આવવાની મનાઈ કરીએ; અથવા તો બીજાને અડચણ કર્યા વિના કોઈ એક બે સેકન્ડ મોડો થઈ જાય તો તેને નભાવી પણ શા માટે ન લઇએ? પ્રાર્થનાની આ બધી પંચાત આપણને નડે છે તેનું મૂળ તો એ છે કે છોકરાઓને પ્રાર્થના કરવી નથી અને આપણે કોઇ રીતે પ્રાર્થના કરાવવી છે. મને તો એમ લાગ્યું છે કે આજે આપણે ગૃહપતિઓ વિદ્યાર્થીઓને પ્રાર્થના કરાવવાની જેટલી ધગશ રાખીએ છીએ તેટલી ધગશ પ્રાર્થનાને આપણા પોતાના જીવનમાં ઉતારવાની રાખીએ તો આ ગૂંચવાડો વહેલો દૂર થશે.

પ્ર૦ વિદ્યાર્થીઓને સવારે પાંચ વાગે ઉઠવું ગમતું નથી પણ દંડ થવાની બીકે ઉઠે છે, અને પછી સત્યાગ્રહ તરીકે પ્રાર્થના કરતા નથી તો શું કરવું?

ઉ૦ વિદ્યાર્થીઓને સવારે દંડની બીકથી ઉઠાડવા તેના કરતાં નિરાંતે સૂવા દેવા એ હજાર દરજ્જે સારું છે. આજે આપણાં છાત્રાલયોમાં જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે આપણે વિદ્યાર્થીઓને સવારે ઉઠાડીએ છીએ અને પ્રાર્થના કરાવીએ છીએ તે રીતે વિદ્યાર્થીઓ વહેલા ઉઠવાના અને પ્રાર્થનાના દુશ્મન થાય તો મને આશ્ચર્ય ન થાય.

પ્ર૦ કોઈ પણ વિદ્યાર્થીને તેના ગુન્હા બદલ બોર્ડિંગમાંથી બહાર કાઢવો પડે પણ તે મકાન છોડી જવાની ના પાડે તો બિચારો ગૃહપતિ શું કરે?

ઉ૦ આપણી સંસ્થાઓમાં ઘણી વાર એવું બને છે કે વિદ્યાર્થીને છાત્રાલયમાંથી મુક્ત કરે પણ તે ખસે જ નહિ. આવો વિદ્યાર્થી નથી ખસતો તેની પાછળ તો એ છે કે સંસ્થાના બીજા વિદ્યાર્થીઓનું તેને પીઠબળ છે. આવા સંયોગોમાં અપવાદના કિસ્સાઓ બાદ કરતાં ગૃહપતિએ શિસ્તના વિચારને વળગી રહેવાને બદલે ફરીથી વિચાર કરવો અને પોતાનો નિર્ણય ફેરવવા જેવો જણાય તો જરૂર ફેરવવો.

પણ નિર્ણયને વળગી રહેવા જેવું જણાય તો સંસ્થાના બીજા કાર્યવાહકોની મદદથી પણ તે વિદ્યાર્થીને તેના માબાપોને સોંપી દેવો.

પ્ર૦ વિદ્યાર્થીઓ ઉપર દબાણ લાવવા માટે ગૃહપતિ જો ઉપવાસ આદરે તો તે વ્યાજબી ગણાય કે નહિ?

ઉ૦ ખરી રીતે આ પ્રશ્ન મારી મર્યાદા બહારનો છે. આપણા દેશમાં ઉપવાસની ફિલસુફીના એક દ્રષ્ટા મહાત્મા ગાંધીજી છે. મને પોતાને તો એમજ લાગે છે કે આપણા જેવા સાવ સાધારણ લોકોએ ઉપવાસના પવિત્ર શસ્ત્રને વાપરવું નહિ. જે લોકો જીવનના નાના મોટા પ્રસંગોમાં ઉપવાસને રીતસર સ્થાન આપે છે અને જેને મન ઉપવાસ માત્ર એક ત્રાગું નથી પણ આત્મશુદ્ધિનું એક અણમોલ સાધન છે તેઓ જ કેળવણીની સંસ્થામાં ઉપવાસનો વિચાર કરે તો વધારે ઠીક. શાસ્ત્રમાં આ બધા શસ્ત્રોનો ઉપયોગ કરનારા લોકોના અધિકારની જે વાતો લખી છે તે ખાસ ધ્યાનમાં લેવા જેવી છે.

છતાં તમે ઉપવાસ કરવાના અધિકારી હો તો સુખેથી કરો. હું પોતે તે મારી દૃષ્ટિથી કહું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્ર૦ આજના જુવાનિયાઓમાં નાસ્તિકતા વધતી જાય છે તેને રોકવાને માટે આપણે શું કરવું?

ઉ૦ આજના જુવાનિયાઓમાં નાસ્તિકતા છે અને આપણા વૃદ્ધોમાં વધારે આસ્તિકતા છે એમ માનવું એ જ ભૂલભરેલું નથી? હા, આપણી પાસે આસ્તિકતાનાં જે બાહ્યચિન્હો છે તે આજના જુવાનો પાસે નથી; એટલું જ નહિ પણ એ ચિન્હોથી એ પોતે કેમ જાણે અભડાતો હોય એમ તે નાસતો ફરે છે. પણ આસ્તિકતાનાં ચિન્હ માત્ર ધારણ કરવાથી આપણે આસ્તિક બની ગયા એમ આપણે શા માટે માની લેવું? એ આસ્તિકતાનાં બાહ્ય ચિન્હોની પાછળ આપણે પોતે કેટલા જબરા ઢોંગને છુપાવી બેઠા છીએ તે તપાસીએ ત્યારે તો આસ્તિકતાનો દાવો સમૂળગો રદ જાય એમ છે.

મને પોતાને તો એમ લાગે છે. આપણા જૂના જમાનાની આસ્તિકતાની પાછળ જે દંભ હતો તેનો પડદો ચીરીને આજનો જુવાન એ બહારની આસ્તિકતાની સામે પડકાર કરી રહ્યો છે, અને આંતરની આસ્તિકતાને ઢૂંઢતો સમાજમાં ફરે છે. જુવાનોના આટલાં વર્ષોના પરિચયથી મને તો એમ લાગે છે કે આજનો જુવાન હૃદયની આસ્તિકતાને વધારે નમતો થયો છે, અને ધર્મનું મધ્યબિંદુ બહાર શોધવાને બદલે માનવીના અંતરમાં શોધવા લાગ્યો છે. જુવાન મનોવૃત્તિનાં આ બધાં વલણો હજી પરિપાક પામ્યાં નથી, ત્યાંસુધી આપણને એ સ્પષ્ટ ન દેખાય એમ બને. માટે આજે નાસ્તિકતા વધતી જાય છે એ સાચું નથી. આજે કહેવાતી ખોટી આસ્તિકતાના પડદા ચીરાય છે; તેમાંથી સાચી આસ્તિકતા જરૂર આવવાની છે.

પ્ર૦ ગૃહપતિએ છાત્રાલયનો સરસામાન પોતાના ખાનગી ઉપયોગમાં લેવાય કે નહિ?

ઉ૦ આ પ્રશ્નના જવાબો એક કરતાં વધારે આપી શકાય એમ છે. હું એવા પણ આદર્શ છાત્રાલયો કલ્પી શકું છું કે જ્યાં ગૃહપતિને છાત્રાલયથી જુદો પોતાનો કશો ખાનગી ઉપયોગ જ નથી. જ્યાં ગૃહપતિનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુમ્બજીવન આખું છાત્રાલયમાંજ સમાઈ ગએલું છે. આવા છાત્રાલયોમાં છાત્રાલયનો સરસામાન વાપરવાનો જેટલો અધિકાર વિદ્યાર્થીઓનો છે તેટલો જ બલકે તેથીયે વધારે અધિકાર ગૃહપતિનો છે.

પરંતુ આપણાં આજનાં સામાન્ય છાત્રાલયોમાં ગૃહપતિએ છાત્રાલયનો સરસામાન પોતાના ખાનગી ઉપયોગમાં ન લેવો એ વાત નિયમ તરીકે પાળવામાં ગૃહપતિનું અને છાત્રાલયનું બન્નેનું કલ્યાણ છે. જો છાત્રાલયોની જાહેર સંસ્થાઓ તરીકે પ્રતિષ્ઠા ઊભી કરવી હોય તો ગૃહપતિઓએ આ બાબતમાં પોતાની જાત પર વધારે કડક થવું ઘટે છે.

અને છતાંય પણ પાડોશી ધર્મે કે સંયોગવશાત્ છાત્રાલયોનો સામાન વાપરવાની અનિવાર્ય જરૂર ઊભી થઈ હોય ત્યારે સંસ્થાના સંચાલકોની સાથેની બહુ જ સ્પષ્ટ સમજણથી એવો સામાન વાપરવો અને જરૂરીઆત પૂરી થયે સામાન પાછો સોંપી દેવો.

ખરી રીતે તો આ પ્રશ્ન જ એવો ચીકણો છે કે તેનો સાચો જવાબ ગૃહપતિનું અંતર જ આપી શકે.

પ્ર૦ આપણાં છાત્રાલયો કરકસરથી ચલાવવાં જોઈએ એમ તમને નથી લાગતું ? આજે કેટલાંક છાત્રાલયો ખૂબ ખરચાળ થઈ ગયાં છે તેનું શું ?

ઉ૦ છાત્રાલયો જ શું પણ તમામ સંસ્થાઓ કરકસરથી ચાલવી જોઈએ. પણ કરકસર કરકસરમાં તફાવત છે. નવસારીના અંત્યજ આશ્રમની કરકસર અને રાજકોટના રાજકુમાર કૉલેજના છાત્રાલયની કરકસર એ બન્નેને આપણે એક ત્રાજવે તોળી ન શકીએ એ સ્પષ્ટ છે. કરકસર તો બન્ને ઠેકાણે થવીજ જોઈએ, પણ બન્નેનું કરકસરનું ધોરણ જુદું હોય. બીજી રીતે બોલીએ તો એક સંસ્થામાં ગરીબ સંસ્થાની કરકસર હોવી ઘટે ત્યારે બીજી સંસ્થામાં સમૃદ્ધ સંસ્થાની કરકસર હોવી ઘટે.

પરંતુ જે સંસ્થાઓ જીવનમાં સાદાઈ લાવવા માટે જ સ્થાપવામાં આવી છે, તે સંસ્થાનાં કરકસરનાં અને ખર્ચાળપણાનાં માપ જુદાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્ર૦ ગૃહપતિ પોતે સારા માણસ હોય, પણ તેના ઘરનાં માણસો સારાં ન હોય તો એવા ગૃહપતિને છાત્રાલયમાં કામ કરવા માટે રોકવા કે ન રોકવા ?

ઉ૦ એ તો ગૃહપતિ અને ઘરનાં માણસો કેટલા પ્રમાણમાં સારાં નરસાં છે તેના પર આધાર રાખે છે. ઉપરાંત ઘરનાં માણસો નરસાં હોય તો પણ તેની ગૃહપતિના જીવન પર કેટલી અસર છે તેના પર આધાર રાખે છે. ગૃહપતિ પોતે અને કુટુંબના તમામ માણસોનાં જીવન આપણે ઇચ્છીએ તેવાં હોય એ કદી બનવાનું નથી. પણ ગૃહપતિ પોતે પોતાનાં સગાંઓને આ રીતે બરાબર ઓળખતો હોય એટલું જ નહિ પણ જ્યાં જ્યાં છાત્રાલયના સંબંધમાં તેમનું અયોગ્ય વર્તન જણાયને ત્યાં ત્યાં ઉઘાડી રીતે અને ઘરમાં કલેશ વહોરીને પણ તેમની સામે થતો હોય ત્યાં એવા ગૃહપતિને રાખવામાં જરાય હરકત નથી. પરંતુ સારો ગૃહપતિ પણ એટલો બધો સારો હોય કે ઘરનાં માણસોના દોષને ઓળખે જ નહિ અથવા તો ઓળખ્યા પછી પણ પોતાની નિર્બળતાને લઇને યા તો પ્રતિષ્ઠાના ખોટા ખ્યાલને લઇને એ લોકો સામે ઝુંબેશ ઉઠાવે નહિ તો એવા ગૃહપતિને આપણે ન રાખીએ. સામાન્ય રીતે બને છે એવું કે ગૃહપતિ સારો હોય છતાં તેની સ્ત્રી કે મા છાત્રાલયના કોઠારમાં ગોટાળો કરી જાય કે વિદ્યાર્થીઓને ધમકાવે અથવા તો વિદ્યાર્થીઓ પાસે કે છાત્રાલયના નોકરો પાસે હદ બહાર કામ કરાવે અને છતાંય આ બધાયની પાછળ પોતાનો પતિ કે દીકરો છાત્રાલયના કામની પાછળ મરી જાય છે એવો દાવો તો ઊભો જ રાખે. આવા પ્રસંગમાં ગૃહપતિ જાગતો હોય તો હજીયે ઠીક છે; નહિતર તો આખું છાત્રાલય માર્યું જવાનું

પ્ર૦ છાત્રાલયના ગૃહપતિએ રાતના અણધારી હાજરી (Surprise Visit) આપવી જોઇએ કે નહિ. ?

ઉ૦ આ ' સરપ્રાઇઝ વીઝીટ 'ની પાછળ અમુક અર્થ રહેલો છે તે

૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થમાં આવી હાજરી આપવામાં હું માનતો નથી. ઘણા લોકો માને છે કે આવી હાજરીથી વિદ્યાર્થીઓના છૂપા ગુન્હાઓ પકડાય તો તે પણ હું માનતો નથી. પણ ગૃહપતિએ અવારનવાર વિદ્યાર્થીઓ સૂઈ ગયા પછી, રાતના નિવાસગૃહમાં આંટો મારવો જોઈએ એમ હું માનું છું. જે છાત્રાલયમાં નાના વિદ્યાર્થીઓ હોય ત્યાં તો વિદ્યાર્થીઓને ઠીકઠીક સુવાડવા, તેઓ ઉઘાડા પડી ગયા હોય તો બરાબર ઓઢાડવું, કોઈ ગાદલામાં પેસાબ કરી જતો: હોય અને પોતાને બબડવાના અભ્યાસનો શોખ હોય તો તેનું બબડવું નિરાંતે સાંભળી લેવું, આ અને આવાં કામો માટે ગૃહપતિએ અવારનવાર નિવાસગૃહમાં જવું જોઈએ. મોટા વિદ્યાર્થીઓના નિવાસગૃહમાં આવું કામ તો ન હોય, છતાં બધા પોતપોતાને સ્થાને છે કે કેમ તે પણ પ્રસંગે જોવાની જરૂર છે; એટલે ત્યાં પણ અવારનવાર અનિયમિત વખતે આંટો તો મારવો જ જોઈએ.

પ્ર૦ છાત્રાલયમાં ધર્મનું શિક્ષણ આપવામાં આવે તો આપને વાંધો છે ?

ઉ૦ વાંધાનો સવાલ નથી. ધર્મનું થોડુંએક જ્ઞાન તો જરૂરનું છે. કોઈ હિંદુને વેદો એ છે કે ચાર છે એટલી પણ ખબર ન હોય તો અને એ ન ગમે. પછી એ જ્ઞાન ઘેર મળો, છાત્રાલયમાં મળો કે શાળામાં મળો. અને જેમ ઘણી બાબતોમાં આપણને અજ્ઞાન પોસાય જ નહિ, તેમ ધર્મના સંબંધમાં પણ કેટલુંક અજ્ઞાન પોસાય જ નહિ. આટલું તો ધર્મના જ્ઞાન વિષે. પરંતુ આપણે છાત્રાલયમાં ધર્મશિક્ષણની વાત કરીએ છીએ ત્યારે તો આવા શિક્ષણદ્વારા વિદ્યાર્થી ધાર્મિક થશે, શ્રદ્ધાળુ બનશે વગેરે વગેરે આશાઓ રાખીએ છીએ. ઉપર જણાવ્યું તેવું જ્ઞાન ગમે તેટલું જરૂરી હોય છતાં વિદ્યાર્થીઓમાં ધાર્મિકતા જગાડવા માટે એ બસ નથી, અથવા તો ઉપયોગી નથી. આ ધર્મનું જ્ઞાન કેટલું આપવું કેવું આપવું વગેરે વિગતોમાં હું ઉતરતો નથી.

(૧૯૨૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસોયો

રસોયો છાત્રાલયનું એક મુખ્ય માણસ. કેટલાંક છાત્રાલયોમાં તો આજે ગૃહપતિ હોતો જ નથી ત્યાં રસોયો કુલ અધિકારી બને છે. છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓની ઉંમર જોતાં ખોરાક એ છાત્રાલયમાં તેમને મન એક મુખ્ય વસ્તુ છે. છાત્રાલયમાં બીજું બધું ગમે તેટલું સારું હોય પણ ખોરાકમાં દરરોજ ત્રાસ રહે તો વિદ્યાર્થીઓ કંટાળી જવાના. આ રીતે બોર્ડિંગોમાં રસોયાઓ કેટલાયે વિદ્યાર્થીઓનાં જીવન કડવાં કરી શકે છે; કેટલીયે દેશવિખ્યાત સંસ્થાઓમાં રસોયાની અવ્યવસ્થાને લીધે વિદ્યાર્થીઓ ચાલ્યા જાય છે. વિદ્યાર્થીઓને મન ગૃહપતિના કરતાંયે વધારે ઉપયોગી એવા આ રસોયાનો આપણે વિચાર કરીએ.

રસોયો કેવો જોઇએ ?

આ પ્રશ્નને ત્રણ રીતે વિચારવો જોઇએ: એક રસોયાનું અંગત જીવન, બીજું રસોયાની આવડત અને ત્રીજું રસોયાનો બીજાઓ સાથેનો સંબંધ.

રસોયાના આખાયે જીવન સાથે છાત્રાલયને બહુ સંબંધ નથી પણ રસોયા પાસેથી આપણે બે વસ્તુ પ્રામાણિકતા અને સ્વચ્છતા જરૂર માગીએ.

રસોયો હોય અને પ્રામાણિક હોય એ બે આજે મળવાં મુશ્કેલ થઇ પડ્યાં છે. રસોયાઓ કેવા પ્રમાણિક હોય છે તેનો ખરો અનુભવ તો કૉલેજની કલબો ચલાવનારા વિદ્યાર્થીઓને જ હોય છે. જ્યાં ચીજ વસ્તુ ખરીદ કરવાનું રસોયા હસ્તક હોય છે ત્યાં શાકપાંદડામાંથી ચોરી ખાવું એ રસોયા માટે સુલભ છે. કૉલેજની કલબોમાં સેક્રેટરીઓ મોટે ભાગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બડેખાં હોય છે એટલે સેક્રેટરીઓનું ભાણું સાચવે ને કેમ ખાઈ જવું એ રસોયાઓને શીખવવું પડતું નથી. ઉપરાંત આપણા મોદી લોકો વગેરેની સાથે ખાનગી દલાલીની ગોઠવણ કરી લેવી, દલાલી ન મળે તો માલને રદ્દી જાહેર કરવો વગેરે યુક્તિ પ્રયુક્તિઓ પણ આજે તો હવે ઉઘાડી થઈ ગઈ છે.

આવી અપ્રમાણિકતા અટકાવવાના બે માર્ગો છે. એક તો રસોયાને પૂરતો પગાર આપવો અને બીજું તેના હસ્તક કોઇ પણ માલની ખરીદ રાખવી જ નહિ. ઘણી વાર છાત્રાલયોમાં રસોયાની અપ્રમાણિકતા ઉઘાડી આંખે ચલાવી લેવામાં આવે છે તેથી છાત્રાલયનું નૈતિક ને ધાર્મિક વાતાવરણ દૂષિત થાય છે. છાત્રાલયના ચાલકોએ પ્રમાણિક રસોયા મેળવવા માટે અને સાથે સાથે સંસ્થામાં રસોયાની પ્રામાણિકતા જળવાઇ રહે તે માટે જાગતા રહેવું ઘટે છે.

રસોયા પાસેથી બીજી આપણે સ્વચ્છતા માગીએ. આપણાં રસોડાંઓ આજે ગંદકીના પ્રદર્શન રૂપ બની ગયાં છે, અને રસોયો આ પ્રદર્શનનો મુખ્ય નાયક છે. ગંદું શરીર, મેલી પોતડી, કાળી મશ જનોઇ, ગંધાતી ખાળ, જ્યાં ત્યાં થૂંક અને બડખા : આ બધાં આજે તો આપણાં રસોડાંમાં એવાં તો સ્વાભાવિક થઇ ગયાં છે કે આ ગંદું ગણાય એવું પણ આપણને ભાન ઘણીવાર થતું નથી.

આજે આપણા આખા દેશમાં જો કોઇ વસ્તુ ભગીરથ પ્રયત્ને ઉભી કરવાની હોય તો તે સ્વચ્છતા છે. Cleanliness is next to Godliness એ સૂત્ર આપણે જીવનમાં ઉતારવું જોઇશે અને બોર્ડિંગોમાં તેનો અમલ શરૂ કરી દેવો જોઇશે. આપણા રસોયાઓ ખાળે પેશાબ ન જ કરે, રસોડામાં જ્યાં ત્યાં ન જ થૂંકે, રાંધતાં રાધતાં પાન કે તમાકુ ન જ ખાય, વાળ હમેશાં સ્વચ્છ રાખે, દરરોજ સાબુથી ન્હાય, કપડાં અત્યંત સાફ રાખે વગેરે આપણે તેની પાસેથી અવશ્ય માગીએ, અને તેને માટે જે જે સગવડોની જરૂર હોય તે તેને છૂટથી પૂરી પાડીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસોયાઓ પ્રમાણિક મળે અને સ્વચ્છ મળે તો છાત્રાલયનો અડધો કોયડો તો આપોઆપ ઉકલી જાય.

હવે રસોયાની આવડત.

ઘેર રસોયો રાખવો અને છાત્રાલયમાં રાખવો તેમાં તફાવત છે. ઘરના રસોયાને બે ચાર કે દસ માણસની રસોઇ કરવાની હોય અને ઘરની સ્ત્રીની દેખરેખ હોય એટલે રસોયાની આવડત ઓછી હોય તોપણ નભ્યું જાય છે. છાત્રાલયોમાં એક તો સંખ્યા મોટી, કોઇ સ્ત્રીની દેખરેખ નહિ અને જમનારા બધા વિદ્યાર્થીઓ એટલે રસોયાઓ સારી રસોઇ બનાવતા નથી યા તો બનાવી શકતા નથી. ટંકે મણ લોટને ગુંદીને રોટલીઓ બનાવવી હોય તો આવડતવાળા રસોયાની આવડત પણ ઘડીભર થંભી જાય. છતાં કેટલીક વાર રસોઇયાઓ માત્ર બેદરકારીથી રસોઇને બગાડે છે. સામાન્ય રીતે બોર્ડિંગોનો ચાલુ ખોરાક સ્વાદિષ્ટ બનાવી શકે તેટલી આવડત તો રસોયામાં જોઇએ જ. રોટલી કાચી પાકીની સમજ, દાળ શાકમાં હવેજ મશાલાના પ્રમાણનું ભાન, વસ્તુ ક્યારે દૂણાઇ જાય, ક્યારે બેસી જાય, ક્યારે ન ચડે વગેરેનું જ્ઞાન, વસ્તુઓને જુદી જુદી રીતે મેળવીને નવી નવી વાનીઓ કરવાનો શોખ: આ બધું રસોયામાં ન હોય તો તેની બધી પ્રામાણિકતા અને સ્વચ્છતા નિરર્થક છે.

આપણે ઉપર જણાવ્યું તેમ રસોયામાં પ્રામાણિકતા અને સ્વચ્છતા હોય અને તેનામાં રસોઇની આવડત હોય તો પણ એક ત્રીજી વાત છાત્રાલયમાં ધ્યાન રાખવા જેવી બાકી રહે છે. કેટલાંક છાત્રાલયોમાં રસોડાનો એઠવાડ વગેરે કાઢવા માટે બાઇઓ કામ કરે છે. આવી કામ કરનારી બાઇઓ અને રસોયાના સંબંધ ઘણી વાર વાંધાભરેલા હોય છે અને એવા સંબંધો છાત્રાલયની આખી આબોહવાને ગંધવી મૂકે છે. રસોયો ગમે તેવો પ્રમાણિક ને સ્વચ્છ હોય તેમજ ગમે તેવી સુંદર વાનીઓ બનાવી શકતો હોય તો પણ જો તેનો બાઇઓ સાથેનો સંબંધ વાંધાભરેલો હોય તો તેને એક મિનિટ પણ આપણે છાત્રાલયમાં ઊભો ન રાખીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ છાત્રાલયનો રસોયો.

આવો તૈયાર રસોયો આપણને મળી જાય તો તો આપણાં અહોભાગ્ય! આજે આપણાં સૌનાં એવાં અહોભાગ્ય નહિ હોય. મારા મુરબ્બી ઓધવજી-ભાઈ જણાવે છે તેમ આજે તો જેમ આપણે વિદ્યાર્થીઓને તાલીમ આપીએ છીએ તેમ રસોયાઓને પણ તાલીમ આપવી જોઈએ. દરેક છાત્રાલયે રસોયાઓને સંસ્કારી બનાવવા માટે તેમનો નાનો એવો વર્ગ ચલાવવો જોઈએ અને તેમાં સ્વચ્છતા, આરોગ્ય, પદાર્થના ગુણધર્મ વગેરેનું તેમને જ્ઞાન મળે એવો બંદોબસ્ત કરવો જોઈએ.

રસોયો ગંદો રહે કે રસોઈ બગાડે તે માટે દરરોજ તેના પર ગૃહપતિ ધુરકે તેથી તેની ગંદી ટેવ મટવાની નથી, તેમ રસોઇ સારી થવાની નથી. એ તો રસોયાને પોતાને સ્વચ્છતાની દિશા સૂઝે, આવડત આવે ત્યારે જ દિ વળે. આ માટે રસોયાઓને રીતસર શિક્ષણ આપવાની જરૂર છે.

જ્યાં સુધી મેલા અને ચોરીચાટીને ખાવાના જીવન કરતાં વધારે ઉચ્ચ બીજું જીવન છે એવું તેને ભાન ન થાય ત્યાંસુધી છાત્રાલયના અનેક નિયમો, સેક્રેટરીની અનેક ધમકીઓ, કોઠારીના અનેક બળાપા અને ગૃહપતિના હાથે કરાયેલા દંડ રસોયાના જીવનમાં એક તસુ ભાર ફેરફાર કરી શકશે નહિ.

રસોયા એ રસોયા છે. આજે તેમનો આખો વર્ગ અમુક જ રીતે ઉછરેલો છે. તેમનાં મંતવ્યો, ટેવો, વિચારો બધાં અમુક રીતે ઘડાયેલાં છે. આપણે તેના માનસમાં ફેરફાર કરવો હશે તો છાત્રાલયમાં તેને યોગ્ય સ્થાન આપવું પડશે. રોજ તાપને સેવનારાનું મગજને સંભાળવું પડશે; તેને ખાવા પીવામાં વિદ્યાર્થીના જેટલી જ ઉદારતા દેખાડવી પડશે; તેની નાની નાની માગણીઓ વગર માગ્યે સંતોષવી પડશે; અને પોતે માત્ર ઉભડિયો નથી પણ સંસ્થામાં પોતાજોગું કરનારો આદમી છે એટલી ખુમારી તેને મળવી જોઇશે.

(૧૯૨૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદલ તંડૂલ

છાત્રાલયના કાર્યવાહકો અવારનવાર પોકાર કરે છેઃ " અમને સ્વાર્થત્યાગ કરે તેવા ગૃહપતિઓ આપો. "

આ ત્યાગ એટલે દ્રવ્યનો ત્યાગ.

ત્યાગ કોણ માગી શકે? કોની પાસેથી માગી શકાય ?

એક વાત છે.

કોઈ એક ગામડામાં એક બ્રાહ્મણને શરીરે ગૂમડાં ફૂટી નીકળ્યાં. એક વાર શહેરના એક રાજવૈદ ચડી આવ્યા. બ્રાહ્મણે તેને નાડ દેખાડીઃ નાડ જોઈને વૈદરાજ બોલ્યાઃ " તમારે વિદલ તંડૂલનો પ્રયોગ કરવો પડશે. "

" એ પ્રયોગમાં શું કરવું પડે ? " બ્રાહ્મણે નમ્રતાથી પૂછ્યું.

પાસે એક ડોસો બેઠો હતો તેણે કહ્યુંઃ " મગનું પાણી અને ભાત બે વાનાં જ ખાવાં. "

વૈદરાજે આંખ માંડીને કહ્યુંઃ " બરાબર છે. તમારા આખા શરીરે ગરમી થઈ ગઈ છે. વિદલ તંડૂલના પ્રયોગ વિના તે મટે તેમ નથી. મગનું પાણી અને ભાત એ જ લેવાશે. જો જો હો, મશાલાની નાડે જતા ! છ બાર માસ બરાબર કરી પાળશો તો કાયા કંચન જેવી થઈ જશે. "

" ઠીક, મહારાજ ! "

વૈદરાજે ઉઠવાની તૈયારી કરી ત્યાં પેલો ડોસો બોલ્યોઃ " વૈદરાજ, રજા આપો તો એક વાત પૂછું. "

" બે પૂછો ને, એક શા માટે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારા સમજવા પ્રમાણે આ તમારો ઉપાય ખોટો છે."

વૈદરાજે આંખ ચડાવીને કહ્યું: "એમ. તમે ચરકસુશ્રુત વાંચ્યા છે?"

"મને શાસ્ત્રી વાંચતાં જ આવડતું નથી. પણ મને ખબર છે કે જેને દરરોજ થાળીમાં પાંચ દશ શાક આવતાં હોય, ત્રણ ચાર ચટણીઓ આવતી હોય, અથાણાં પાપડ વિના તો જે આરોગતો જ ન હોય અને આ ઉપરાંત યાકુતીઓ વગેરે જેને ચાલુ જ હોય એવા રાજામહારાજાને કે શ્રીમંતને માટે આ વિદલ તંડૂલનો પ્રયોગ છે. આ બિચારા બ્રાહ્મણને માગ્યા લોટનો રોટલો ખાવો: એક દિ દાળ ન હોય તો એક દિ શાક ન હોય; વાળુમાં રોજ ઢીલી ખીચડી અને કેરડાં; મશાલામાં હળદર મીઠા સિવાય તેણે બીજું ભાળ્યું નથી. તેને આ વિદલ તંડૂલના પ્રયોગ શા? આ બ્રાહ્મણ તો જન્મ્યો ત્યારથી વિદલ તંડૂલનો પ્રયોગ જ કરતો આવ્યો છે. આ તો ચોમાસાના પાણીનાં ગૂમડાં છે તે ભાદરવાના પાણીએ ન્હાશે એટલે મટી જશે."

વૈદરાજે રસ્તો લીધો.

શિક્ષકો અને ગૃહપતિઓ પાસે સ્વાર્થત્યાગની માગણી કરનારા શ્રીમંત ભાઈઓ આ વાત વિચારે.

(૧૯૨૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તહેવારોનો વિચાર

રામનવમી આવી અને ગઈ. આપણી શાળાઓમાં રામનવમીની રજા પડે છે, રજા શા માટે પડે છે? રામચંદ્રજી અવતાર લે તે દિવસે વિદ્યાર્થીઓ આડા દિવસ કરતાં વધારે રખડે એ માટે?

રજાની પાછળ તો તહેવારનો વિચાર છે. એ રજાના દિવસે વિદ્યાર્થી શાળાના ભણતરથી મોકળો રહે પણ શાળાના ભણતર કરતાંયે ઊંચું જે કેટલુંક જીવનનું ભણતર છે તે જાણી લે. આખી પ્રજાને આવું જીવનનું ભણતર મળી રહે એવા અંતર્ગત ઉદ્દેશથી દુનિયાના બધા લોકોમાં ભાત ભાતના તહેવારો ઊભા થયા છે. એ તહેવારોનાં ઉજવણાંમાં સમગ્ર પ્રજાની કેળવણી રહેલી છે.

આપણા તહેવારોમાં કેટલાક તહેવારો ઋતુના તહેવારો છે: જેવા કે શરદપૂનમ, વસંતપંચમી; કેટલાક ધાર્મિક તહેવારો છે: જેવા કે રામનવમી, મહાવીરજયંતી, બકરઈદ; કેટલાક રાષ્ટ્રીય તહેવારો છે: જેવા કે એપ્રીલની છઠ્ઠી; કેટલાએક વીરપૂજનના તહેવારો છે: જેવા કે તિલકજયંતી; કેટલાક સામાજિક તહેવારો છે: જેવા કે વીરપસલી, ભાઈબીજ વગેરે.

આ બધા તહેવારો સમાજમાં ઉત્સાહભેર ઉજવાતા હોય ત્યારે તો ઉછરતી પ્રજાને એ ઉજવણીથી સુંદર કેળવણી મળે છે એમાં શક નથી. પણ આજે જેમ આપણું આખું જીવન રસહીન થયું છે તેમ તહેવારો પણ રસહીન થયા છે. આપણા તહેવારો એટલે કાં તો ખાવાનું પ્રોગ્રામ માત્ર–શિવરાત્રિનાં શકરીઆં અને જન્માષ્ટમીનાં પારણાં એ તહેવારોનો મુખ્ય વિચાર. તહેવારને દિવસે માણસના મનનો જે ઉજમ તે આપણે સૌ ગુમાવી બેઠા છીએ. હજીયે આપણી સ્ત્રીઓ સાપ ગયા ને લીસોટા રહ્યા એ રીતે તહેવારોનું બાહ્ય સ્વરૂપ થોડું ઘણું જાળવી રહી છે; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેયે નજીવું. આપણી આજની કેળવણીએ આપણા તહેવારોને ધા માર્યો છે અને એ તહેવારોને પુનર્જીવન આપવાના જે પ્રયત્નો આજકાલ જોવામાં આવે છે તે પણ ઘણી વાર માત્ર ભાષણિયા પ્રયત્ન જેવા નીવડવાના છે.

એ તહેવારોને ઉજવીને જીવનમાં રસ ઊભો કરવો હોય તો આજે આપણે છાત્રાલયોમાં તેની શરૂઆત કરી શકીએ. જેટલા જેટલા તહેવારોની રજા પડે તે બધા તહેવારો એક યા બીજી રીતે છાત્રાલયમાં ઉજવવા જ એવો સર્વસામાન્ય નિયમ કરવો જોઇએ. અને પછી દરેક તહેવારની પાછળ જે કેન્દ્રભૂત વિચાર હોય તે વિચારને પોષણ મળે એવી રીતે જ તેનો આખો વિગતવાર કાર્યક્રમ યોજાવો જોઇએ. હોળીના તહેવારે ખાવામાં ધાણીદાળિયા ને ખજુર જ હોય અને શરદપૂનમના રોજ દુધપૌંવા હોય એ જ યથાર્થ છે. બળેવના રોજ સમુદ્રપૂજનનો વિધિ હોય અને વસંતપંચમીના રોજ આંબાના કોરનું પૂજન હોય, પજુસણમાં ઉપવાસ હોય અને મકરસંક્રાતિના લાડુ હોય; અખાત્રીજના રોજ આંબા-ડાળે હીંચકો હોય અને શરદપુનમના રોજ દાંડિયારાસ હોય; ગાંધી જય-ન્તીના રોજ આખો દિવસ કાંતવાનું હોય અને હોળીના દિવસે રંગ ખેલવાનું હોય. ધનતેરશે લક્ષ્મીપૂજન હોય અને આષાઢીપૂનમે ગુરુપૂજન હોય.

આ તહેવારોને આજે છાત્રાલયમાં ઉજવવા હોય ત્યારે એક વિચાર ઉપર ખાસ ભાર મૂકવાની જરૂર છે. છાત્રાલયમાં મોટો સમૂહ જુવાન વિદ્યાર્થીઓનો હોય છે. તહેવારોના વિચારમાં આપણી આંખ આગળ એ જુવાનો રહેવા જોઇએ અને એ જુવાન માનસનો વિચાર તહેવારના કાર્યક્રમમાં લગીરે વિસરાવો ન જોઇએ. એ જુવાનોના નિર્દોષ આનંદ તરફ સૂગ લાવીને આપણને પ્રજાજીવનમાંથી તહેવારોને વિદાય કર્યા છે. આજે હવે એ સૂગને વિદાય કરવી પડશે. જુવાનો હસે, રમે, ખેલે, બજાવે, ખાય, પીએ એ બધી વસ્તુઓને સ્થાન અપાવું જોઇએ; નહિતર એ તહેવાર મટીને બીજું કંઇ બની જશે એમાં શક નથી.

સાથે સાથે આવા તહેવારોમાં વિદ્યાર્થીઓના સર્જનને યોગ્ય અવકાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે એવી ગોઠવણુ કોઇ પણ ચકોર ગૃહપતિ ન જ ભૂલે. ખરી રીતે તો આવા તહેવારો અંતરને વ્યક્ત કરનારા સુંદર પ્રસંગો છે. પ્રજાની લલિત કલાઓ આવા તહેવારોમાં જ ભભકી ઉઠવી જોઇએ. ઉત્સવના રોજ ખાસાં તોરણો બંધાય, રંગોળી સાથિયા પૂરાય, ફળફૂલની શોભા થાય, માણસો રંગબેરંગી પોષાક પહેરે, ધૂપ અગરબત્તી મ્હેંકે, ચાકળા બંધાય, નવાં ચિત્રો પ્રકટે, નવાં કાવ્યો સ્ફુરે, નવાં નાટકો લખાય-ભજવાય, નૃત્ય, સંગીત, ગાયન, વાદન બધાં જામી પડે અને મનુષ્યજીવનનો આ બધો લ્હાવો લેતો વિદ્યાર્થી સાધારણ દિવસોના કરતાં આજે વધારે પવિત્રતા, વધારે સંસ્કારિતા, વધારે ઉલ્લાસ અનુભવે એથી વિશેષ આપણે શું માગીએ ?

(૧૯૨૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરકસર

છાત્રાલયની ફિલસૂફી નીપજાવી કાઢવી તે એક વાત છે અને ફિલસૂફીને વ્યવહારમાં ઉતારીને રીતસરનું છાત્રાલય ચલાવી લેવું તે બીજી વાત છે. છાત્રાલય વ્યવહારના આવા અનેક પ્રશ્નોમાં એક પ્રશ્ન કરકસરનો છે.

છાત્રાલય વ્યવહારમાં કરકસર ક્યાં ક્યાં થઈ શકે ? કેવી રીતે થઈ શકે !

એક તો છાત્રાલય એટલે સંસ્થા. ઘરમાં કાંઈ ચીજ વસ્તુ બગડે કે નકામી જાય તો માને હૈયે વાગે. રાંધતાં રાંધતાં તાપ વધી જાય તો લાકડાં પર મા પાણી નાખે; સવારે દાળ વધી હોય તો રાત માટે સાચવી રાખે; છાયલ પહેરવા લાયક ન રહ્યું હોય તો ગોદડાં કરે, ચંદરવા કરે, બાળોતિયાં કરે, હાથ લુછવાના કટકા કરે અને છેવટ મસોતાં કરે. આ બધાની પાછળ માની મમતા છે. “ આ ઘર મારું; આ છોકરાં મારાં; બચશે તો મારા ધણીની કમાણી મજરે આવશે; હશે તો મારી પ્રજા વાપરશે. ” વગેરે અનેક ભાવનાઓ માની આવી કરકસર પાછળ છૂપાએલી હોય છે.

પણ છાત્રાલયમાં આવી મમતા કોને હોય ? સારા વિદ્વાન ગૃહપતિઓને પણ પોતાની વિદ્વત્તા વિદ્યાર્થીઓને આપવા ઉપરાંત આવો હૃદયનો ધક્કો લાગે છે કે કેમ તે વિચારવા જેવું છે. માણસ જ્યાં નોકર હોય; જ્યાં બીજા પૈસા લાવે અને ગૃહપતિ વાપરે એવી સ્થિતિ હોય, જ્યાં આવી કરકસર ઉપર પોતાના પગારનો આધાર ન હોય ત્યાં વ્યવહારમાં કરકસર આવવી મુશ્કેલ છે. હા, કેટલાક ગૃહપતિઓ સાદાઇની ભાવનાવાળા હોય છે તેમને કરકસર કરવાનું મન થાય છે, પણ તેમનો ઉછેર જ એવો હોય છે કે અનેક ભાવનાઓ ખિસ્સામાં લઇને ફરે છતાં કરકસર કરતાં આવડે જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું છતાં કરકસરને છાત્રાલયમાંથી જતી નહિ કરાય. આપણાં છાત્રાલયોની આર્થિક દશા પણ કરકસર માગે છે અને ખુદ મનુષ્યજીવન પણ કરકસર માગે છે. વિદ્યાર્થીઓને માટે આપણે છાત્રાલયમાં અનેક વસ્તુઓ ઊભી કરવા માગીએ છીએ તેમાં આ પણ એક અગત્યની વસ્તુ છે.

માટે આપણે સૌથી પહેલાં ગૃહપતિમાં આ કરકસરની દૃષ્ટિ માગીએ. ગૃહપતિના હાથ નીચેનાં બધાં માણસોમાં પણ આ કરકસર માગીએ. છાત્રાલયમાં રહેતા તમામ વિદ્યાર્થીઓ કરકસરની આ દૃષ્ટિને બરાબર સમજે એમ પણ ઇચ્છીએ. આ દૃષ્ટિ લાવવામાં મુખ્ય કારણ છાત્રાલય તરફની મમતા છે; એવી મમતા થોડે ઘણે અંશે છાત્રાલયનાં તમામ મનુષ્યોમાં માગીએ.

ગૃહપતિમાં આ મમતા આવશે એટલે તે જેને તેને નકામા કાગળો નહિ લખે; ફર્નીચર વિના ચાલશે ત્યાં માત્ર શોખ ખાતર ફર્નીચર નહિ લે; પોતાના હસ્તક ચાલતો બધો વહીવટ કરકસરથી ચાલે તે જોશે. ગૃહપતિની આ મમતા રસોયામાં ઉતરશે તો તે ચૂલામાં ઘી નહિ રેડે; ખાવાના પદાર્થો નહિ બગાડે; લાકડામાં બને તેટલી કરકસર કરશે; તાવડીઓ ઓછી ફોડશે; ચૂલો સળગાવવામાં ઓછું ઘાસલેટ વાપરશે અને રોજના વરામાંથી કશું નકામું જવા નહિ દે. ગૃહપતિની આ મમતા વિદ્યાર્થીઓ ઝીલશે તો જમતાં જમતાં પદાર્થો નકામા બગાડશે નહિ; છાત્રાલયની ચીજ વસ્તુઓ નકામી તોડશે ફોડશે નહિ; પોતાનું બચાવીને છાત્રાલયનું વાપરી નાખવાની વૃત્તિ કેળવશે નહિ અને ગૃહમાં બીજાં માણસો બગાડ કરતાં હશે તે સાંખશે પણ નહિ.

કરકસરની આ દૃષ્ટિ આખા છાત્રાલયમાં આવી જશે તો ગૃહપતિ અને વિદ્યાર્થીઓ સ્વાશ્રયી બનશે; છાત્રાલયનું તમામ કામ હાથે કરતાં તેઓ શરમાશે નહિ; છાત્રાલયમાં ન જ ચાલતાં નોકરો રાખશે અને હાથે કામ કરવાથી આવતો સંયમ આખા છાત્રાલયજીવનને વધારે સાદું અને પવિત્ર બનાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કરકસર એટલે કંજુસાઇ નહિ. આજે આપણે કેટયાંયે છાત્રાલયોમાં કરકસરના નામથી કંજુસાઇ કરી રહ્યા છીએ. પણ કંજુસાઈ એ તો બૂરી ચીજ છે. જુવાની એટલે જ જીવનની ઉડાઉગીરી. કંજુસાઇથી જીવનમાત્ર ઠીંગરાઇ જાય છે તો જુવાની ઠીંગરાય એમાં તો પૂછવું જ શું ? સાચી કરકસરની પાછળ તો મનુષ્યજીવનનો યથાર્થ આદર્શ છે; બચત રહેલી જીવનશક્તિનો સદ્વ્યય છે, નાની નાની કરકસરથી સંયમનું મોટું ચણતર ચણવાનો શુભ આશય છે. કરકસરનું આ સ્વરૂપ સમજ્યા વિના કોઇ છાત્રાલય કંજુસાઇમાં લપસી પડે તેના કરતાં છાત્રાલય કરકસરને લાત મારી ઉડાઉ ધોરણ પર ઉડવા લાગે એ વધારે પસંદ કરવા જેવું છે.

(૧૯૨૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂતરડી

સો મોટી વાતો બોલી જાણવી તેના કરતાં એક નાની વાત કરી જાણવી એ સારું છે. છાત્રાલયજીવનને વિષે આપણે કેટલીયે મોટી વાતો કરીએ પણ અમલમાં મીંડું હોય તેના કરતાં થોડીક નાની નાની વાતો કરતા થઈ જઇએ તો કેવું સારું? આવી એક વાત મૂતરડીની છે.

આપણાં ઘરોમાં તેમજ આપણાં ગામડાં અને શહેરોમાં મૂતરના પ્રશ્નનો નિકાલ આપણે લાવ્યા જ નથી. ગમે ત્યાં અને ફાવે તેવી રીતે માણસ પેશાબ કરી શકે એવી આપણી દૃઢ માન્યતા છે. અલબત્ત ઢોર ગમે ત્યાં મળમૂત્ર કરે છે પણ આપણને તો ઇશ્વરે બુદ્ધિ આપી છે. આપણે આપણી બુદ્ધિથી સમાજજીવન ઊભું કર્યું છે એટલે કયાં પેશાબ કરવો તેનો વિચાર માણસ તરીકે આપણે કરવો જ પડશે. આજે ઘરમાં ગમે તે ખાળે આપણે પેશાબ કરી લઇએ છીએ અથવા તો ઘરનાં આંગણામાં કે પાડોશીના ઘરની પછીતે બેસી જઇએ છીએ. ગામડાઓમાં તેમજ શહેરોમાં ખાલી ખાંચો દીઠો કે પેશાબના રગેડા થયા જ સમજો. મ્યુનિસિપાલીટીઓએ માનસશાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી હોતો એટલે તો "આ ઠેકાણે ગંદકી કરવી નહિ" એવાં પાટીયાં મારી ગંદકી કરવાનું નિમંત્રણ કરે છે. મોટાં મોટાં મંદિરોમાં દરવાજા પાસે જ દુર્ગંધ હોય છે; આપણા કેટલાક શેઠીયાઓના બંગલાઓમાં ફળીમાં પેશાબ કરવો એ જ પ્રથા હોય છે. શાળાઓમાં તેમજ છાત્રાલયોમાં તો આ પ્રશ્ન ગંભીર સ્વરૂપ પકડે છે. શાળામાં તેમજ છાત્રાલયોમાં વિદ્યાર્થીની સંખ્યા એવડી મોટી કે તેમને માટે મૂતરડીઓ કરવાની તકલીફ લેવી જ કોઇને ન ગમે, અને કરે તો પણ સાફ રખાવવી એ તો કોઈ સમજે જ નહિ. નિશાળો ચણનારા ઇજનેરો મૂતરડી કરવી ભૂલી જાય છે ત્યારે કોલેજોની હૉસ્ટેલોમાં ગેલેરીમાંથી પેશાબ કરવો' એ સહજ વસ્તુ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરી વાત એ છે કે આ વસ્તુ અત્યંત ખરાબ છે અને પહેલી મિનિટે જવી જોઇએ એમ આપણને લાગ્યું નથી. કોઈ પણ સમાજમાં આ વસ્તુ ટકવી ન ઘટે એવો આપણને વિચારનો આગ્રહ બંધાયો નથી. આપણી કલ્પના એવી બૂઠી થઈ ગઇ છે કે આ પ્રથાથી થતાં નુકશાનો આપણા મગજમાં ઉતરી કમકમાટી ઉપજાવી શકતાં નથી. આપણી મ્યુનિસિપાલીટીઓ આ પ્રથાને દૂર કરવા માટે ઠેકાણે ઠેકાણે મૂતરડીઓ ઊભી કરે છે, પણ આ મૂતરડીઓ પોતે જ એવી ગંધાય છે કે લોકો ત્યાં અરધી મિનિટ પણ બેસવાની સજા ભોગવવી પસંદ ન કરે! ઉપરાંત, લોકોને આ બાબત પૂરેપૂરી સમજાય નહિ ત્યાં સુધી, આજે જેમ ચાલે છે તેમજ ચાલવાનું.

આપણે નિશાળોમાં તેમજ છાત્રાલયોમાં આ સામાજિક પ્રશ્નનો ઉકેલ લાવવા પ્રયત્ન કરવો જોઇએ. આપણે

૧ શાસ્ત્રીય ઢબે મૂતરડીઓ ઊભી કરીએ;

૨ મૂતરડીનો ઉપયોગ વિદ્યાર્થીઓને સમજાવીએ;

૩ મૂતરડીઓને અસાધારણ સ્વચ્છ રખાવવા જહેમત ઉઠાવીએ;

૪ મૂતરડીઓમાં જ પેશાબ થાય એવો આગ્રહ રખાવીએ;

૫ ગમે ત્યાં પેશાબ કરનાર સમાજના આરોગ્યનો મોટો દ્રોહી છે એટલી વાત મોટા વિદ્યાર્થીઓને શાસ્ત્રીય રીતે સમજાવીએ.

આજે આટલી શરૂઆત કરશું તોયે ઘણી છે. આપણે શિક્ષકો તેમજ ગૃહપતિઓ હજી ગંદી પેશાબની ઓરડીઓ ચલાવી લઇએ છીએ અને ઘેરથી નીકળી મંદિરો પાસે પેશાબ કરીએ છીએ ત્યાં આટલું કરી શકીએ તો બસ છે. આપણા ગૂજરાત કાઠિયાવાડના લોકોને ફાવે અને ખર્ચમાં તેમજ વ્યવસ્થામાં કિફાયત પડે તેવી મૂતરડીઓ સત્યાગ્રહ આશ્રમમાં વપરાય છે. એટલે તે મૂતરડીઓ જોવાની અને તે મૂતરડીઓ પાછળ રહેલો વિચાર પકડી તેવી પોતાને ત્યાં ઊભી કરવાની અમે શાળા અને છાત્રાલયોના ચાલકોને ભલામણ કરીએ છીએ.

(૧૯૨૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણેલ વિદ્યાર્થીઓ

પરણેલ હોય તેને ચાલુ અર્થમાં વિદ્યાર્થી કહેવો કે કેમ એ જ પ્રશ્ન છે. માધ્યમિક શાળાનો વિદ્યાર્થી પરણેલો હોય એ પ્રશ્ન ખાસ આપણા દેશનો પ્રશ્ન છે. આવડી નાની ઉંમરમાં પરણાવી દેવાનું સાહસ બીજા દેશો ભાગ્યે જ કરે છે.

કેટલાંક છાત્રાલયો તો પોતાના આદર્શને વળગી રહીને પરણેલા વિદ્યાર્થીઓને રાખતા જ નથી. આની પાછળ આદર્શ પણ છે અને સાથે સાથે બાળલગ્નની પ્રથાને ઉત્તેજન ન આપવાનો આશય પણ છે.

પણ ઘણાંખરાં છાત્રાલયોમાં પરણેલા અને કુંવારા બન્ને પ્રકારના વિદ્યાર્થીઓ છે—ખાસ કરીને જ્ઞાતિનાં છાત્રાલયોમાં. જ્ઞાતિનાં છાત્રાલયોને કાં તો આવાં નાની ઉંમરનાં લગ્ન સાલતાં ન હોય અથવા તો એવા લગ્નમાં સપડાએલા જુવાનોને પાછો બીજો માર યોગ્ય ન લાગતો હોય. ગમે તેમ પણ આ સ્થિતિ આજે છે.

જ્ઞાતિની દૃષ્ટિથી વિચાર કરતાં એટલું તો સમજાય છે કે આજે તેઓ પરણેલા વિદ્યાર્થીઓને બહાર રાખી ન શકે. પણ જ્ઞાતિઓને જો આ વાત સાચોસાચ ખૂંચતી જ હોય તો તેઓ નિયમ કરી શકે કે અમુક અમુક વર્ષો સુધી અમે પરણેલા વિદ્યાર્થીઓને લેશું અને ત્યારપછી લેવા બંધ કરશું. આ તો થયો દાખલ કરવા ન કરવાનો સવાલ.

પણ પરણેલા વિદ્યાર્થીઓની સાથે કામ લેનાર ગૃહપતિનું શું ? પરણેલા વિદ્યાર્થીઓ પોતાની સાથે અમુક વાતાવરણ લઇને આવે તેનું શું ? એવા વિદ્યાર્થીઓની સાથે નાના કુંવારા વિદ્યાર્થીઓને મૂકવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાનિ નથી ? પરણેલા વિદ્યાર્થીઓની અશ્લીલ વાર્તાનો ચેપ આ નાનાઓને લાગે તો ?

આ બધી વાત સાવ સાચી છે. આવા પરણેલા વિદ્યાર્થીઓ ઘણીવાર છાત્રાલયના આખા વાતાવરણને અશ્લીલ કરી મૂકે છે, નાના વિદ્યાર્થીઓને ઊંધે માર્ગે લઇ જાય છે અને વિદ્યાર્થી અવસ્થામાં અતિ ઉપયોગી બ્રહ્મચર્ય તેનો કેવળ અભાવ જ જ્યાં ત્યાં લાવી મૂકે છે.

પણ ગૃહપતિને ડરવાનું કશું કારણ નથી. કેટલાક અનુભવીઓ તો એમ કહે છે કે નાના વિદ્યાર્થીઓને ઉંધે માર્ગે લઈ જવામાં આવા પરણેલ વિદ્યાર્થીઓનો ફાળો હોય છે તેના કરતાં વધારે મોટો ફાળો તો કુંવારા મોટા વિદ્યાર્થીઓનો ફાળો હોય છે. પરણેલા વિદ્યાર્થીઓની વૃત્તિઓ તો અમુક રીતે એક સ્ત્રી તરફ બંધાઇ હોય છે જ્યારે કુંવારાઓની વૃત્તિઓ હરાયા ઢોરની જેમ જ્યાં ત્યાં રખડે છે. પણ આ બાબતમાં આપણે ઊંડા નહિ ઉતરીએ.

પરણેલ વિદ્યાર્થીઓને રાખવા જ છે એટલે તેમને બને તો કુંવારાઓથી અલાયદા રાખવા. અને એ પરણેતર વિષે તેમને જે કાંઈ સમજાવી શકાય તે સમજાવવું. પરણવું એટલે શું તેનો આપણા વિદ્યાર્થીઓને જરાયે ખ્યાલ નથી હોતો એટલે તો આવા પરણેલા વિદ્યાર્થીઓ પરણેતરમાં પડીને પોતાની તાકાત વેડફી નાખે છે અને ખુવાર થાય છે. આ વિદ્યાર્થીઓને પરણવાનો અર્થ, તેની જવાબદારી, તેના ધર્મો, પરણેતરનો સંયમ, વગેરે તેમની ઉંમરના પ્રમાણમાં ગૃહપતિએ સમજાવવાં જોઇએ, અને ખોટી શરમનો ત્યાગ કરી વિદ્યાર્થીના લગ્નજીવનમાં દૂર ઊભાં ઊભાં પણ પ્રેરણા આપવી જોઇએ.

નાતનાં છાત્રાલયો આટલું કરી શકે તો તેઓએ નાતની મોટી સેવા કરી ગણાય.

(૧૯૨૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્ય વિદ્યાર્થી: ધરાર પટેલ

ઘણાંખરાં છાત્રાલયોમાં ગૃહપતિની અવેજીમાં કામ કરવા માટે એક હેડ બોર્ડર રાખવામાં આવે છે. આ મુખ્ય વિદ્યાર્થીને રાખવામાં વિદ્યાર્થીઓ પોતાનાં કાર્યો પોતાની મેળે ઉકેલવાની તાલીમ મેળવી લે એ વિચાર બધી વખત હોતો નથી, પણ ગૃહપતિ પોતે એકલો હોય એટલે બધાં કામોને પહોંચી ન વળે એટલા માટે આવા મુખ્ય વિદ્યાર્થીને રાખવામાં આવે છે. આવો મુખ્ય વિદ્યાર્થી ગૃહપતિની હાજરી ગેરહાજરીમાં કામ કરે છે, ભોજન, પ્રાર્થના વગેરે પ્રસંગોમાં વ્યવસ્થા રાખે છે અને ગૃહપતિ તથા વિદ્યાર્થીઓ વચ્ચે સાંકળરૂપ બને છે.

પણ આ જ મુખ્ય વિદ્યાર્થી છાત્રાલયમાં ઘણીવાર આંકેલો સાંઢ થઇ પડે છે. આજના સ્વાતંત્ર્યયુગમાં કેટલાયે ગૃહપતિઓ વિદ્યાર્થીઓને ભાબાપા કરીને છાત્રાલયો ચલાવે છે અને અંદરખાનેથી મોટા વિદ્યાર્થીઓથી બ્હીએ છે. આ સાચું સ્વાતંત્ર્ય જ નથી. પણ ઓછી બુદ્ધિના ગૃહપતિઓએ બબડતાં બબડતાં પણ આ સ્વાતંત્ર્ય પોતાને ત્યાં દાખલ કર્યું છે અને તેને પરિણામે મુખ્ય વિદ્યાર્થીનું સ્થાન ભારે થઈ પડ્યું છે. આપણી નાતોમાં કેટલાક ધરાર પટેલ હોય છે: જેમનાં જીવનમાં કશી ધાર્મિક ઉચ્ચતા ન હોય, જેમને પોતાની જવાબદારીનું ભાન ન હોય, જેમને કોઇએ નીમ્યા ન હોય પણ માત્ર પોતાની અકોણાઈથી જ પોતે પટેલ થઈ બેઠા હોય અને જાણ્યા છતાં જેને ના પાડવાની બીજાઓમાં જીભ ન હોય એવા આવા ધરાર પટેલો ઉઘાડી નાગાઈ કરી શકે, મ્હોંમાં ધર્મનાં વચનો રાખે અને બીજાઓની બીક ઉપર જ પોતે જીવે. હેડ બોર્ડર એ આવો ધરાર પટેલ થઇ બેસે છે. તેનામાં તાકાત હોય છે એટલે કામ જલદી ઉકેલી શકે છે. તેને ગૃહપતિ છંછેડે તો કામ અટકાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે, પોતાના મિત્રોને ઘી ગોળ વગેરે ખવરાવી શકે છે, દુશ્મનોને કનડી શકે છે અને છતાંયે પાછો આ બધું કેમ જાણે છાત્રાલયની સેવા કરી હોય એમ કહી શકે છે.

બોર્ડિંગના આવા ધરોર પટેલોને ઊભા જ થવા ન દેવા અને ઊભા થઇ જાય તો કેળવણીની રીતે જેર કરવા એ ગૃહપતિનું ખાસ કામ છે.

સ્વાતંત્ર્યના વિચારને અનુલક્ષીને કે માત્ર સ્થૂળ વ્યવહાર ખાતર પણ છાત્રાલયમાં અમુક અમુક કામો વિદ્યાર્થીઓને સોંપ્યા વિના ચાલવાનું જ નથી. આ કામો સોંપો એટલે આ કામો પૂરતી જવાબદારી પણ વિદ્યાર્થીમાં હોવી જોશે. જવાબદારીની સાથેસાથે જ થોડી ઘણી સત્તા નહિ સોંપો તો જવાબદારી શિથિલ થઇ જવાની છે અને ગોટાળો ચાલવાનો છે.

આવી પરિસ્થિતિમાં આપણે ગૃહપતિઓએ બે વાત કરવાની રહે છે. એક તો જે વિદ્યાર્થી મુખ્ય વિદ્યાર્થી બને તે માત્ર પોતાની ઉંમર કે શક્તિથી જ નહિ પણ પોતાના જીવનથી પણ બીજા વિદ્યાર્થીઓ પર પ્રભાવ પાડી શકે એવો હોય તો જ મુખ્ય વિદ્યાર્થી થાય તેવી ગોઠવણ કરવી. આવા પ્રસંગે માત્ર પોતાના કાર્યની સફળતા તરફ ન જોતાં આખા છાત્રાલયના જીવનનો વિચાર કરીને ગૃહપતિએ ચાલવું જોઇએ અને છાત્રાલયમાં તોફાનનાં તત્ત્વો ઊછળતાં હોય તેને કબ્જે કરી અન્ય માર્ગે વાળવાં જોઇએ.

પણ આથીએ વધારે અગત્યની વાત તો વિદ્યાર્થીઓના પોતાના માનસની છે. ગૃહપતિએ પોતે આખા છાત્રાલયમાં સ્વાતંત્ર્યનું એવું સુંદર વાતાવરણ ઊભું કરવું જોઇએ કે વિદ્યાર્થીઓ પોતે જ બીજાનો જુલમ સહન ન કરે. આજે તો છાત્રાલયના બીકણ વિદ્યાર્થીઓને મોટા વિદ્યાર્થીઓના ત્રાસથી આપણે બચાવવા પડે છે, અને અમુક હદ સુધી બચાવવા પણ પડે. પણ વિદ્યાર્થી કાયમ બીજાનો બચાવ્યો બચે એ જ સ્થિતિ ખરાબ છે. એટલે છાત્રાલયના વાતાવરણમાં જ સ્વાતંત્ર્ય ને નીડરતા આવી જવાં જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે ગૃહપતિઓ સજા કરતા નથી, જે ગૃહપતિઓ વિદ્યાર્થીઓના ભય ઉપર નભતા નથી, જે ગૃહપતિઓ વિદ્યાર્થીઓના તોફાનને ઉદાર દૃષ્ટિથી જુએ છે, જે ગૃહપતિઓ વિદ્યાર્થીઓના મનને ઓળખીને આવી ઓળખ ઉપર સંસ્થા ચલાવે છે, જે ગૃહપતિઓ છાત્રાલયમાં શાળાનાં લેસનોને પ્રધાનપદ નથી આપતા પણ જીવનને પ્રધાનપદ આપે છે; આવા ગૃહપતિઓ જ આવું વાતાવરણ ઊભું કરી શકે છે.

(૧૯૨૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટપાલ

ઘણીખરી સંસ્થાઓમાં એવો નિયમ હોય છે કે આખી સંસ્થાની ટપાલ એકહથ્થુ આવે અને પછી જેની તેની પહોંચાડવામાં આવે. અમુક જાતની વ્યવસ્થાની ખાતર આ યોજના ઠીક છે. શાળા મહાશાળાઓમાં ટપાલ આવે છે ત્યારે આચાર્ય પાસે પહેલી આવે છે; છાત્રાલયમાં ટપાલ ગૃહપતિના હાથમાં આવે છે અને પછી જેની હોય તેને પહોંચાડે છે.

પણ છાત્રાલયના ગૃહપતિઓ આ ટપાલને ઘણી વાર વાંચે છે અને પછી વિદ્યાર્થીને પહોંચાડે છે. આ પ્રમાણે વિદ્યાર્થીની ટપાલ વાંચવી-ફોડવી અને પછી તેને સોંપવી એ બરાબર નથી. દક્ષિણામૂર્તિના શરૂઆતના દિવસોમાં હું પણ આ પ્રમાણે કરતો, પણ થોડા વખત પછી મારા મિત્રોએ મને મારી ભૂલ સમજાવી. ટપાલ એ તે તે વ્યક્તિની ખાનગી માલેકીની વસ્તુ જેવી પવિત્ર વસ્તુ છે એટલે માલીકની પરવાનગી વિના તેને ફોડવી એ નૈતિક ગુન્હો છે.

આપણને ગૃહપતિઓને એમ લાગે કે ટપાલ વાંચવાથી આપણને વિદ્યાર્થીઓ વિષે ઘણું ઘણું જાણવાનું મળશે, અને એ રીતે આપણે વિદ્યાર્થીને વધારે ઓળખશું અને કેળવશું. પણ આ દલીલનો અર્થ એટલો જ કે આપણું મન ટપાલ વાંચવામાં ફાંફાં મારે છે. વિદ્યાર્થીને ઓળખવો હોય તો વિદ્યાર્થી આપણી પાસે ચોવીશે કલાક ઉઘાડો જ ઊભો છે. પણ ટપાલ વાંચીને તો આપણે તેના મનના ગુપ્ત પ્રવાહોનો દુરુપયોગ કરવો છે. વિદ્યાર્થીઓની ટપાલ પરનો ગૃહપતિનો આવો અંકુશ તદ્દન ગેરવ્યાજબી છે, અને તેના મૂળમાં વિદ્યાર્થીઓ પરનો અવિશ્વાસ છે.

આપણાં ઘરોની અંદર માબાપો પણ પોતાનાં પુત્રપુત્રીઓની ટપાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર આવો અંકુશ મૂકવાની ભૂલ કરે છે. પરિણામે પુત્રપુત્રીઓ પોતાને ઘેર ટપાલ ન આવે પણ કોઇ સમભાવી મિત્રને ત્યાં આવે એવી તજવીજ કરે છે, અને માબાપને ભૂલમાં નાખે છે.

હા, માબાપો તેમજ ગૃહપતિ પોતે છોકરાઓને કોની કોની સાથે પત્રવ્યવહાર ચાલે છે, એવો પત્રવ્યવહાર નિર્દોષ છે કે સદોષ છે એ બધું જાણવાનો એમને હક્ક છે પણ તે આ રીતે નહિ. ઘરમાં ને છાત્રાલયમાં માબાપોએ એવી જ હવા ઊભી કરવી ઘટે છે કે છોકરાઓનો પત્રવ્યવહાર ખાનગી હોય પણ ખુલ્લો હોય, ખાનગી હોવા છતાં તેમાં કશું છૂપાવવાપણું હોય જ નહિ.

માબાપોએ તેમ જ ગૃહપતિઓએ બાળકોને એવું અભયદાન આપવું જોઇએ કે વાંધાભરેલો પત્ર હશે તો પણ માબાપ કે ગૃહપતિના મનમાં તેનો દ્વેષ નહિ રહે; એટલે બાળકો પોતાના પત્રો પોતાની મેળે જ માબાપોને કે ગૃહપતિને વંચાવશે અને જરૂર હશે ત્યાં ઉકેલ માગશે.

બાકી આજે છાત્રાલયોમાં વિદ્યાર્થીઓના હિતને નામે કાગળો ફોડવાની રીત ચાલે છે તે બંધ થવી જ જોઇએ.

આ કહેવાનો અર્થ એવો તો નથી કે ઘરમાં તેમ જ છાત્રાલયમાં છોકરાછોકરીઓ શું લખે છે, ક્યાં લખે છે તેની માબાપ તેમજ ગૃહપતિને ખબર જ ન હોય, અને ટપાલ મારફત કોણ કોની સંગતિ શોધે છે એ તરફ એમની આંખ મીંચેલી જ રહે.

(૧૯૩૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓ અને જાહેર જીવન

છાત્રાલયના વિદ્યાર્થીઓ જાહેર જીવનમાં ભાગ લઇ શકે કે કેમ અને લઇ શકે તો કેવા પ્રકારનો અને કઇ બાબતમાં, એ પ્રશ્ન કેટલાંયે છાત્રાલયોને આજે મૂંઝવી રહ્યો છે. આ પ્રશ્ન ઘણાં માબાપોને પણ મૂંઝવી રહ્યો હશે ખરો, પણ છાત્રાલય જેવી સંસ્થામાં આ પ્રશ્ન જે ઉગ્ર સ્વરૂપ પકડે તે ઘરમાં ન પકડે. કેટલાંક છાત્રાલયો પોતાના વિદ્યાર્થીઓને વિધવાવિવાહના પક્ષમાં ભાષણો કરવા ખાતર ડિસમીસ કરે છે તો કેટલાંક છાત્રાલયો પોતાના વિદ્યાર્થીઓને યુવકસંઘ જેવી સંસ્થામાં સભ્યો થવા દેતાં નથી. જે કેટલાંક માબાપો નવા જમાનાના ઝપાટાને બરાબર ઓળખી શકતાં નથી તેઓ આવા પ્રશ્નોથી હાલ બેહાલ થઇ જાય છે અને જગતનું શું થવા બેઠું છે તેના વિચારમાં ને વિચારમાં દુઃખી થઇ જાય છે.

આપણે આ પ્રશ્નને શાંતિથી તપાસીએ.

એક દિવસ એવો હતો કે વિદ્યાર્થી માંદાને દવા આપે તો સેવા કરી ગણાતી, અધર્મની સામે ઝુંબેશ ચલાવે તો વાહવાહ થતી પણ સરકાર સામે પડકાર કરવા નીકળે તો એ તેનું ક્ષેત્ર નથી એમ મનાતું. આની પાછળ સરકારની દમદાટીની બીક મોટું કારણ હશે; સાથે સાથે રાજકીય ક્ષેત્ર એ ધમાલીયું ક્ષેત્ર છે અને તેના રંગો નિત્ય નિરંતર બદલાયા જ કરે તેમાંથી વિદ્યાર્થીને બચાવી લેવો એ પણ હોય. ગમે તે હોય પણ કોઈ પણ જાહેર હીલચાલમાં મનુષ્યનો અને વિદ્યાર્થીનો હક્ક છે એ તો આજે સૌ કોઇ સ્વીકારે છે અને એ રીતે છાત્રાલયનો વિદ્યાર્થી પણ હક્કદાર તો છે જ.

પણ આપણે આજે માધ્યમિક શિક્ષણનાં છાત્રાલયોનો વિચાર કરીએ છીએ. આવાં છાત્રાલયોના વિદ્યાર્થીઓની ઉંમર કોઈપણ પ્રવૃત્તિમાં રીતસર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સક્રિય ભાગ લેવાની નથી, પણ જાહેર પ્રશ્નો ઉપર બની શકે તેટલા વિચારો બાંધવાની અને ભવિષ્યમાં એવા પ્રશ્નોમાં સક્રિય ભાગ લેવાય તેવી તૈયારી કરવાની છે, દરેક ઘરમાં તેમજ દરેક છાત્રાલયમાં જીવનનું ઘડતર એવું તો હોવું જ જોઇએ કે એ ઘડતરના બળે જુવાન મોટી ઉમરે દેશજન તરીકે પોતાની ફરજો અદા કરી શકે.

પણ આવી તૈયારીનો ત્યાગ કરીને જુવાન અકાળે ઉછળી પડે તો તેની સેવામાં કચાશ આવશે અને મોટી ઉંમરે જે સેવા કરી શકત તેનો ઘણો નાનો ભાગ આજે સમાજને મળશે.

માટે જ મારો મત તો એવો છે કે આ ઉંમરના વિદ્યાર્થીઓએ કોઇ જાહેર હીલચાલમાં સક્રિય રીતે જોડાવું નહિ અને કોઈ જાહેર હીલચાલના નેતાએ આ વિદ્યાર્થીઓને પોતાના મંડળ તળે એકઠા કરવા નહિ.

હા, એક વાત છે. દેશને માટે છેલ્લો કટ્ટાકટ્ટીનો સમય આવે ત્યારે તો આવા જુવાનો અભ્યાસ, તાલીમ વગેરે બધાને લાત મારી નીકળી પડે તે સમજી શકાય તેવી વાત છે. ઉપરાંત રજાના દિવસોમાં વિદ્યાર્થીઓ પોતાની તાલીમના અંગ તરીકે પણ થોડું ઘણું કામ જરૂર કરી શકે.

પરંતુ છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે એક સવાલ તો ઊભો જ રહે છે. છાત્રાલયનો ગૃહપતિ સંસ્થામાં એક પિતાને સ્થાને છે; તમામ વિદ્યાર્થીઓની જવાબદારી તેને માથે છે અને વિદ્યાર્થીઓનાં માબાપોને એ પોતે જવાબદાર છે. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓને જાહેર હીલચાલોમાં સક્રિય ભાગ લેવા દેવો ગૃહપતિને યોગ્ય ન લાગે તો ના પણ પાડે. પોતાને પોતાની જવાબદારીનું જે કાંઇ ભાન છે તેનો વિચાર કરીને ગૃહપતિએ આનો નિર્ણય કરવો ઘટે છે. જે સંસ્થામાં યોગ્ય નેતા ન હોય અને જ્યાં જવાથી પોતાના વિદ્યાર્થીઓનું હિત બરાબર સચવ,તું નથી એમ ગૃહપતિને લાગે ત્યાં આવો ગૃહપતિ તેમને જરૂર રોકી શકે અને વિદ્યાર્થીઓએ એ નિર્ણય સ્વીકારવો જોઇએ.

ગૃહપતિ પોતાનો નિર્ણય આપે તે પહેલાં તેણે પોતાના અંતરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પૂછી લેવું જોઇએઃ "હું બીકનો માર્યો તો આ વિદ્યાર્થીઓને રોકતો નથી કે?" "હું આવી હીલચાલોમાં માનતો નથી; પણ એમ કહેવાને બદલે આ કેળવણીના ઓઠા હેઠળ તો ના પાડતો નથી કે?" પણ આ પ્રશ્ન તો ગૃહપતિના અંતરનો રહ્યો.

ગમે તેમ હો. ઉપર જણાવી તેવી દૃષ્ટિથી ગૃહપતિ વિદ્યાર્થીઓને ના પાડી શકે છે. અને કાચી ઉમરે વિદ્યાર્થીઓ જાહેર પ્રવૃત્તિમાં માત્ર ઉલળી પડે તેના કરતાં પાકી ઉંમરે ઊંચા પ્રકારના દેશનેતા થાય એમ કોણ નહિ ઇચ્છે?

(૧૯૩૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી

આપણાં ઘરોમાં જે કેટલીએક વસ્તુઓની આપણે કાળજી રાખવી ઘટે છે તેમાંની એક વસ્તુ પાણી છે.

આપણું પાણી ગંદું, પાણી ભરનારનાં કપડાં ગંદા, પાણી ભરે તેના હાથ સુદ્ધાંત ગંદા, પાણી ભરવાનાં વાસણો ગંદાં, પાણી ગળવાનાં ગળણાં ગંદાં, પાણી ઢાંકવાનાં બુઝારાં ગંદાં, પાણી પીવાના પ્યાલા ગંદા અને આ બધાયના સાર રૂપ આપણું પાણી ગંદું.

આપણને સ્વચ્છ રાખનાર મુખ્યત્વે સૂર્ય ભગવાન્ ને પાણી; સૂર્ય ભગવાનને આપણો હાથ પહોંચી શકતો હોય તો તેને પણ મેલા કરી દઈએ એવા આપણે પાણીને તો ગંદું જ કરીએ છીએ.

ચાલો પૂછીએ—

૧ આપણા રસોયાઓ આંધણ માટે જે પાણી લે છે તે સ્વચ્છ હોય છે?

૨ આપણી રસોઇ માટે જે પાણી વપરાય છે તે વાપરનારનાં આંગળાં, નખ વગેરે સ્વચ્છ હોય છે?

૩ રસોડામાં વપરાતાં વાસણો અંદરથી બરાબર સ્વચ્છ હોય છે?

૪ આપણા ગોળા દરરોજ અંદરથી બરાબર સાફ થાય છે?

૫ પાણીનાં વાસણો ચીકણાં તો નથી હોતાં?

૬ પાણીને ગળવાનાં ને સાફ કરવાનાં ગળણાં પોતે જ પાણીને મેલું તો નથી બનાવતાં?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭ આપણા કળશા પ્યાલા ચોકખા હોય છે ?

૮ ગમે તેવી રીતે પાણી ઢાળતાં ઢાળતાં આપણે બીજાના પાણીને પણ મેલું તો નથી કરતા ?

આ બધા તરફ આપણું લક્ષ નથી. આવો ગંદવાડ આપણને ગંદવાડ લાગતો નથી. ખરી રીતે તો આવી વાતોની આપણને સહેજે સૂગ આવવી જોઇએ. પણ આપણે છેક નાનપણથી જ આવી ગંદી રીતભાતમાં ટેવાઇ ગયા છીએ એટલે આજે તો એ જ આપણને સહજ લાગે છે.

દરેક છાત્રાલયમાં આ તમામ પ્રકારની ગંદકીની સમજ આપવી જોઇએ અને એવી સમજ આપ્યા પછી છાત્રાલયના જીવનમાંથી તેને દૂર કરવા મોટો પ્રયત્ન થવો જોઇએ.

(૧૯૩૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઠાર

માત્ર દિશાસૂચન

દરેક ઘરમાં તેમજ દરેક છાત્રાલયમાં નાનો યા મોટો કોઠાર તો હોય જ છે. દરેક ઘરમાં તેમ જ છાત્રાલયમાં આવા કોઠારની વ્યવસ્થા કાં તો ઘરની સ્ત્રીના હાથમાં હોય છે, યા તો ગૃહપતિના હાથમાં હોય છે, અથવા તો તે માટે અલાયદો કોઠારી હોય છે. પણ કોઠાર અને કોઠારનો કોઠારી એક યા બીજે રૂપે હોય છે તો ખરો જ.

વસ્તુતઃ કોઠાર શરીરની જરૂરીઆતોને પહોંચી વળવા માટે છે. જીવનની સંસ્થાઓમાં આવા કોઠારને કેવું સ્થાન આપવું તે વિષે આજે વિચાર ન કરીએ. પણ ખાસ કેળવણીને માટે સ્થપાએલી સંસ્થાઓ માટે પણ એટલું તો કહેવું જ પડશે કે શરીરના સ્વાસ્થ્યનો અનાદર કરીને કોઈ સંસ્થા કેળવણી આપવાનો દાવો કરી શકવાની નથી. ઉલટું ઘણી વાર તો શરીર-સ્વાસ્થ્ય એ માનસિક તેમજ આધ્યાત્મિક કેળવણીમાં અનિવાર્ય વસ્તુ છે. એટલે ઘર કે છાત્રાલય કોઠારની ઉપેક્ષા કરી શકે તેમ નથી.

છાત્રાલયમાં તો કોઠાર વધારે ચીવટ માગે છે. જ્યાં ગૃહપતિ પોતે જ કોઠારીનું કામ કરે છે ત્યાં ઘણી વાર અજ્ઞાનને લીધે કોઠારમાં ગોટાળો થાય છે. ગૃહપતિના હાથ નીચે બીજો કોઠારી હોય ત્યાં પણ અજ્ઞાન અને ઉપેક્ષા ઘણાં માઠાં પરિણામો લાવે છે અને ઉચ્ચ કેળવણી માટે જે વાતાવરણ જોઇએ તે ઊભું થવા દેતાં જ નથી. એટલા માટે અહીં કોઈ પણ છાત્રાલયના કોઠાર વિષે થોડીએક સામાન્ય સૂચનાઓ કરી છે.

કોઠારમાં નીચેની વસ્તુઓનો સમાસ ગણ્યો છેઃ—

૧ અનાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ ઘી, તેલ

૩ ઉપાહારનો સામાન

૪ હવેજ મશાલો

૫ ગોળ, સાકર, મધ

૬ ગ્યાસલેટ

૭ સરપણ

૮ શાક; ફળફળાદિ; તૈયાર મિષ્ટાન્ન

૯ અથાણું પાપડ

૧ અનાજ બને ત્યાં સુધી તે તે અનાજની ઋતુમાં જ આખા વર્ષ માટે ખરીદ કરવું. આમ કરવાથી માલ સારો મળે છે અને ભાવમાં કિફાયત પડે છે.

૨ ઘઉં, બાજરો. ચોખા, દાળ વગેરે જથ્થાબંધ લેવું હોય ત્યારે જવાબદાર માણસે પોતે જ ખરીદ કરવી અને માલ સારો જ લેવો. ખરાબ માલ સસ્તો હોય છતાં આખરે મોંઘો પડે છે એ વાત કદી ભૂલવી નહિ.

૩ અનાજના દેખાવ પર જોવા કરતાં તેનાં પોષક તત્ત્વો પર વધારે ભાર દેવો. આ બાબતમાં અનાજના જાણીતા કોઈ ગૃહસ્થની મદદ મળે તો તે જરૂ લેવી.

૪ ઘઉંને ખરીદ કર્યા પછી સાફ કરાવી, એરંડિયું લગાડીને રાખવા.

૫ ઘઉંને એરંડિયું દેવા માટે તથા પછી તેની ગુણો ભરવા માટે વિદ્યાર્થીઓને કામમાં લેવાય તો સારૂં.

૬ ચોખાને સાફ કરાવ્યા પછી તેની સાથે પાકું મીઠું મેળવીને ગુણો ભરવાથી બગડતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭ સામાન્ય રીતે બાજરો આખા વર્ષનો ન ભરવો પણ ચોમાસા સુધીનો જ ભરવો, છતાં યે આખા વર્ષનો ભરવો જ હોય તો તેને પારો તથા ટાઢી રાખ ભેળવીને રાખવો.

૮ તુરદાળને તેલ યા એરડિયું દઇને રાખવી.

૯ આ બધાં અનાજોને રાખવાની જગા ખૂબ ઠંડી જોઇએ. એવા ઠંડા ઓરડામાં પણ આ બધાંને ગુણોમાં જ રાખવાં વધારે ઠીક છે. જ્યાં માટીની મોટી કોઠીઓ મળી શકે ત્યાં તે જરૂર વાપરવી. પણ લોઢાનાં પીપોમાં અનાજને જલદી ગરમી લાગે છે માટે બનતાં સુધી તે ન વાપરવાં.

૧૦ મગની દાળને સંઘરવામાં એક જ મુખ્ય વાત છે—મગની દાળ ભેગા આખા મગ રહેવા ન જોઇએ. આ પ્રમાણે દાળને ચાળ્યા પછી તેને તેલ લગાડીને સાચવીએ તો વાંધો નહિ આવે.

૧૧ આખા મગને સંઘરવા હોય તો પહેલાં તો બધા મગને સાફ કરાવવા; પછી તેને ટાઢી ધૂળ અને મરચાંમાં દાટી રાખી મૂકવા.

૧૨ વાલ, ચોળા, મઠ વગેરે કઠોળ તે તે ઋતુમાં જ વાપરી નાખવું એટલે સંઘરવાની ઉપાધિ ન રહે.

૧૩ અનાજ માટે ઉપરની ક્રિયાઓ થાય ત્યારે કાંકરા સાથે ભળેલા દાણા રહે તેને ઓવરાળી સાફ કરાવવા; દાળોનું કોરમું રહે તેનો ઢોકળામાં ઉપયોગ થાય તો કરવો; ફોતરાં ઢોરવાળાને વેચી દેવાં; ચોખાનું ભૂંસું નાખી દેવું અને કણકી રહે તેનો ઢોકળામાં ઉપયોગ કરવો અથવા તો અટામણમાં ઉપયોગ કરવો.

૧૪ આ પ્રમાણે અનાજ સંઘર્યું હોય તેને ઓછામાં ઓછું અઠવાડિયામાં એક વાર ગુણોમાં બંખી નાંખી તપાસવું—ખાસ કરીને ગરમીના દિવસોમાં એટલે કે ચૈત્ર વૈશાખમાં, અને ભાદરવા મહિનામાં તો ખૂબ કાળજી રાખવી; જરાએ વહેમ પડે એટલે બહાર કાઢી, જીવાત પડી હોય તો દૂર કરી ફરીથી તેને સંઘરવાની તજવીજ કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫ ઘી આવે કે તરત જ તેને ઉનું કરવું અને ગળણાથી ગળવું; ત્યારપછી જ તેનો ઉપયોગ કરવો.

૧૬ કેટલીક વાર ઘીના વાસણને તળિયે કીટા જેવો ભાગ રહી જાય છે તેને ઉપયોગમાં ન લેવો; પણ એવો ભાગ વધારે પ્રમાણમાં હોય તો ચૂરમુ તળવામાં કે પૂરી તળવામાં વાપરી લેવું.

૧૭ ઘી ખૂબ તાજું પસંદ કરવું. મોટાં શહેરોમાં ઘીની ખરીદમાં બહુ સાવચેત રહેવાની જરૂર છે.

૧૮ તેલ પણ તાજું જ લેવું. તેલમાં આજે અનેક જાતના ભેગ થાય છે તેથી સંભાળવું.

૧૯ ઘી તેલ ભરવાનાં વાસણો નવાં ઘી તેલ આવે ત્યારે સાફ કર્યા પછી જ તેનો ઉપયોગ કરવો. આ વાતમાં ખૂબ આગ્રહ રાખવાની જરૂર છે.

૨૦ સંસ્થામાં ઉપાહારનો જે ક્રમ નક્કી કર્યો હોય તે ક્રમ પ્રમાણે ઉપાહારની ચીજો બરાબર સાચવવી. ઉપાહારમાં પ્રેમુદી, ચેવડો, શીંગ-રેવડી, મગની દાળ, ચણાની દાળ, આખા મગ, આખા ચણા, દુધિયો બાજરો, સાથવો વગેરે આપી શકાય.

૨૧ સાધારણ રીતે સવારના ઉપાહારમાં રોટલો માખણ ને છાશ, દહીં રોટલો, ગોળ રોટલી, રાબ, દૂધ રોટલો વગેરે પદાર્થો વધારે ફાવે તેવા છે.

૨૨ હવેજ મશાલો અથાણાની ઋતુમાં એટલે કે ચૈત્ર વૈશાખમાં સંઘરી લેવો.

૨૩ હળદર આખા વર્ષની સાથે લેવી અને બારીક દળાવ્યા પછી તેને તેલ દઈ વધારણી-હીંગ સાથે સંઘરવી એટલે જીવડાં પડશે નહિ. વધારણી, રાઈ, મેથી પણ આખા વર્ષનાં ખરીદવાં. ફક્ત કોકમ દર માસે જરૂર જેટલા લેવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪ સાકરનો ઉપયોગ ઓછો કરવો. ગોળ બનાવટી ન આવી જાય તેની ખાસ તપાસ રાખવી અને બનતાં સુધી આઠ માસનો સંઘરવો. શિયાળામાં ખાવા માટે જો આપી શકીએ તો મધ આપવું.

૨૫ સરપણુમાં છાણાં બને ત્યાં સુધી વાપરવાં જ નહિ. છાણાં વાપરવાં જ પડે તો હુતાશની પર આખા વર્ષ માટે ખરીદ કરવાં અને મોઢવું ખડકીને સાચવી રાખવાં.

૨૬ કીટો માગશર માસ લગભગ આખા વર્ષનો સામટો લેવો. કીટામાં ખેર, બાવળ વગેરેનાં લાકડાં ધૂમાડો કરતાં નથી અને તાપ સારો આપે છે માટે તેને જ પસંદ કરવાં. સાગ વગેરેનો કીટો ધૂમાડો કરે છે માટે તે ન લેવાં.

૨૭ કીટો ગોઠવવાની જગાએ ઉધઈ ન હોય તેટલું ખાસ ધ્યાનમાં રાખવું.

૨૮ શાક દરરોજ તાજું જ આવવું જોઇએ.

૨૯ બગડી ગએલા કે વાશી શાકને હરગીજ ન વાપરવું.

૩૦ પ્રસંગોપાત ઋતુઋતુનાં જે ફળો હોય તે સંસ્થાના ગજા પ્રમાણે વિદ્યાર્થીને મળે એવો આગ્રહ રાખવો–જેવાં કે બોર, જમરૂખ, દાડમ, શેરડી, પોપૈયું, કેરી, ખજુર, ડોડા, કેળાં, સીતાફળ વગેરે.

૩૧ લોટમાં કે અનાજમાં ધનેડાં, મટકાં કે કીડા પડે તો તેને તડકે નાખવાં.

૩૨ લોટના વાસણમાં દરરોજ હાથફેરો કરવો એટલે બાવાં, કરોળિયા વગેરે ન બાઝે.

૩૩ લોટ બહુ જ બારીક દળાવવો નહિ.

૩૪ લોટ ઝાઝા દિવસનો પડતર ન રાખવો–ખાસ કરીને બાજરાનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫ લોટમાં કાંકરી આવે છે એમ જણાય કે તરત જ તપાસ કરવી અને કાંકરીવાળો લોટ કોઇના ખાવામાં તો ન જ વાપરવો.

૩૬ બગડી ગએલા લોટને રદ કરવો. વાપરવાનો લોભ કદિ ન કરવો.

૩૭ દૂધ તાજું આવે તેમ સગવડ રાખવી.

૩૮ દૂધને ગળ્યા પછી જ ઉપયોગમાં લેવું.

૩૯ દૂધની તપાસ કરવાને અવારનવાર તેનો માવો કાઢવો અથવા તો માખણ કાઢી જોવું.

૪૦ ઉપર જણાવેલ પદાર્થો ઉપરાંત સાવરણી, ગળણાં, દોરડું, મીઠું, બાકસ, સાબુ, સોડા, ફિનાઇલ, ચીમનીઓ એ બધું કોઠારમાં જ છે અને તેને સાચવવામાં પણ ચીવટની જરૂર છે.

૪૧ દૂધ, દહીં તથા તૈયાર કરી રાખેલું મિષ્ટાન્ન વગેરે બધા પદાર્થોને બરાબર સાચવવા માટે તેમના પર માખીઓ ન બેસે તેવી ગોઠવણ થવાની ખાસ જરૂર છે.

૪૨ આટલા માટે ઝીણી જાળીવાળાં એક બે નાનાં કબાટો દરેક છાત્રાલયમાં જોઇએ જ.

(૧૯૩૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓના ખાનગી પૈસા

વિદ્યાર્થીઓના પોતાના ખાનગી પૈસા અને તેનો ઉપયોગ એ કેટલાંક છાત્રાલયોનો મોટો પ્રશ્ન છે. પ્રશ્ન તો બધાં છાત્રાલયોનો અને બધાં કુટુંબોનો છે. પણ જેમ પૈસાદાર કુટુંબોમાં તેમ કોલેજનાં છાત્રાલયોમાં આ પ્રશ્નની કોઇને દરકાર હોતી નથી. બાકી તો પોતાના દ્રવ્યનો ઉપયોગ કરતાં શીખવું એ જીવનની એક મોટી તાલીમ છે.

આપણાં ચાલુ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓના ખાનગી ખર્ચ પર ગૃહપતિની દેખરેખ હોય છે અને એક રીતે હોવી જોઇએ. કેટલીક વાર તો વિદ્યાર્થીની ઉંમરને લીધે આવી દેખરેખ અત્યંત આવશ્યક પણ ગણવી જોઇએ. વિદ્યાર્થીઓનાં માબાપો છાત્રાલયમાં વિદ્યાર્થીઓને મોકલ્યા પછી એવાં બેફિકર થઈ જાય છે કે વિદ્યાર્થીના પાઈ પાઈના હિસાબ માટે પણ ગૃહપતિને જવાબદાર (જુમ્મેદાર ?) ગણે છે. અને ગૃહપતિ પોતે કાં તો સંસ્થાની આબરૂને સાચવવા ખાતર કે કાં તો માબાપોનો ઠપકો ખાવો ન પડે એ બીકથી કે કાં તો આ પ્રશ્ન પણ પોતાની ડિસિપ્લીનનો પ્રશ્ન છે એમ માનીને વિદ્યાર્થીના નાના મોટા તમામ ખર્ચ પર આકરી દેખરેખ રાખે છે, અને વિદ્યાર્થીએ કયો ખર્ચ કરવો અને કયો ખર્ચ ન કરવો તેના ઝીણા ઝીણા ભેદો કહે છે.

આનું એક પરિણામ એ આવે છે કે વિદ્યાર્થી દરેક નાની બાબતમાં પણ ગૃહપતિની દખલ જોઇને અંતરથી ઉશ્કેરાઈ જાય છે અને દ્રવ્ય ખર્ચવાના આડાઅવળા માર્ગો શોધ્યા વિના રહેતો જ નથી. પણ ખરું નુકશાન તો આથીયે વધારે બીજી રીતે થાય છે. વિદ્યાર્થીને પોતાના પૈસા કેમ વાપરવા, કઇ કઈ ચીજો તેણે લેવી અને કઇ કઈ ચીજો જતી કરવી, અમુક જ રકમમાંથી બધો ઘાટ કેવી રીતે ઉતારવો, પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાની શી રકમનું બજેટ કેમ બનાવવું, અમુક એકાદ શોખને ખાતર બીજી ચીજો વિના કેમ ચલાવી લેવું એ આખી તાલીમથી વિદ્યાર્થી અળગો રહી જાય એ મોટું નુકશાન છે. દરેક ગૃહપતિએ ચેતવાનું રહે છે. બે ફદુડીની ખાતર વિદ્યાર્થીજીવનની આ આવશ્યક તાલીમનો અવસર ગુમાવી બેસવો એથી વધારે મોટી મૂર્ખાઇ કઈ હોય ?

આનો અર્થ એવો નથી કે છાત્રાલયોમાં ગૃહપતિ વિદ્યાર્થીના ખાનગી ખર્ચ પર દેખરેખ ન રાખે. ગૃહપતિ દેખરેખ તો જરૂર રાખે; પણ એ દેખરેખ ગૃહપતિનો પોતાનો અંકુશ ન થઇ જાય એટલું ખાસ ધ્યાનમાં રાખવું. છાત્રાલયોમાં માબાપોએ અને ગૃહપતિઓએ મળીને વિદ્યાર્થીને દરેક સત્રમાં કેટલી રકમ ખાનગી વાપરવા માટે આપવી એ નક્કી કરવું જોઇએ. આ રકમ નક્કી કરવામાં વિદ્યાર્થીની ઉંમર, માબાપની આર્થિક સ્થિતિ, તેના કુટુંબની રીતભાત, સંસ્થાની પ્રણાલિકા, સંસ્થા જે સ્થળમાં હોય તે સ્થળનું વાતાવરણ, વગેરે બધું ધ્યાનમાં લેવું ઘટે છે.

અને આ પ્રમાણે વાપરવાની રકમ નક્કી થયા પછી ગૃહપતિનું કામ દરેક વખતે વિદ્યાર્થીએ કઈ ચીજ લેવી અને કઇ ન લેવી તે નક્કી કરવાનું રહેતું નથી. ગૃહપતિએ પોતાના વિદ્યાર્થીઓ સાથેના સહવાસમાં અવારનવાર ખાનગી પૈસા કેવી રીતે વપરાય, સત્રનું બજેટ વિદ્યાર્થી કેમ કરે, ચીજ વસ્તુ ખરીદ કરતાં શું શું વિચારાય એવી વાતો કરવી, સંસ્થાના પ્રત્યક્ષ પરિચયથી એ વાત તેમના લક્ષ પર લાવવી, અને પછી તો તેમને છૂટા મૂકી દેવા. આ પ્રમાણે છૂટો મૂકી દીધેલ વિદ્યાર્થી કાંઇનું કાંઈ કરી બેસશે એવી બીક રાખવાનું કશું પ્રયોજન નથી. વિદ્યાર્થી ભૂલ કરી બેસશે એમાં ના નથી; પણ એ ભૂલ કરશે, નકામા પૈસા ખર્ચી બેસશે અને કામ વખતે હાથ ખાલી થશે તોજ તેને સમજણ આવવાની છે, અને તે વિચાર કરવાનો છે.

પણ આ આખી તાલીમની ચાવી ખર્ચવાની રકમ નક્કી કરવામાં છે. જે તવંગર કુટુંબોમાં આવી રકમ નક્કી નથી હોતી ત્યાં આ પ્રકારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાલીમ મળતી જ નથી, કારણ કે અમુક વસ્તુની ખાતર બીજી વસ્તુ જતી કરવી પડતી નથી. જેમ તવંગર કુટુંબોનાં ફરજંદોને આ તાલીમનો લાભ નથી મળતો તેમજ જ્યાં છોકરાઓને પોતાના ખાનગી પૈસા જ હોતા નથી ત્યાં પણ આ ઊણપ રહી જવાનો સંભવ છે. જે જે છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને તમામ ચીજો છાત્રાલયો તરફથી જ મળે છે અને તેમને પોતાની કશી પસંદગી કરવાની હોતી નથી, ત્યાં પોતાનું દ્રવ્ય વાપરવાની તાલીમ નથી મળતી. જે કુટુંબોમાં બાળકોને રીતસર ખાનગી પૈસા આપવામાં આવતા નથી ત્યાં ઘરની આર્થિક સ્થિતિ, બાળકના ભાવાભાવ, માબાપનાં વલણ વગેરે બાળકની પાસે એટલાં સ્પષ્ટ હોય છે કે રીતસરના ખાનગી દ્રવ્ય વિના પણ આ જાતની તાલીમમાંથી તે અનાયાસે પસાર થઇ જાય છે. પણ આવાં કુટુંબો પણ તેમની એવી રકમ બાળકને સોંપી જ દે અને તેનો ઉપયોગ કેવળ તેના પર જ છોડી દે તો એથી જરૂર વધારે લાભ થાય.

વિદ્યાર્થીને પૈસો પોતાની મેળે વાપરવા જ ન દેવો અને પછી પૈસો વાપરવાની આવડત માગવી એ કેવું બેહૂદું છે ? વિદ્યાર્થીને માર્ગ બતાવો, છતાં ન માને તો ઠોકર ખાવા દો; પણ દરરોજ ઠોકરની બીકથી તેને સંતાપો નહિ. જીવનમાં ઠોકરો ખાધા વિના કોઇને શક્તિ આવી સાંભળી છે ? ઠોકર વિના માણસ ચડતો જ નથી, ચડી શકે જ નહિ.

(૧૯૩૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીક આવડત

આપણે સામાન્ય ભાષામાં ઘણીવાર કહીએ છીએ કે અમુક માણસ ભણ્યો પણ ગણ્યો નહિ. એકલો પુસ્તકિયા બુદ્ધિવિકાસ ઘણી વાર માણસને દુનિયાના વ્યવહારમાં રઝળતો મૂકે છે. કેળવણીનું ધ્યેય જો માણસનો વિકાસ સાધી તેને સ્વાશ્રયી કરવાનું છે તો આપણા સાધારણ વ્યવહારમાં જે થોડીક આવડતની માણસને ડગલે ને પગલે જરૂર પડે છે તે તેનામાં આવી જવી જોઇએ. આવી આવડતની પાછળ બહુ મોટી બુદ્ધિની જરૂર હોય છે તેવું પણ નથી, છતાં જેમ પાક ઘડે કાંઠા ચડતા નથી તેમ આવી વસ્તુઓ જુવાનીમાં હાથ કરી લીધી હોય તો સ્હેલાઇથી થઈ શકે છે અને મોટપણે હાથ કરવા જતાં અડવું લાગે છે અને મહામહેનતે પણ ઘણી વાર આવડતી નથી. આજનો કેળવાયેલ જુવાન આવી અનેક પ્રકારની આવડતમાં ઘડાયો નથી હોતો તેથી આજની કેળવણી માણસને વ્યવહારમાં લૂલા જેવો કરી નાખે છે. વ્યવહારમાં કુશળ લોકો આપણા જેવા કેળવાયેલા તરફ જોઇને હસે તો નવાઈ નહિ.

આપણાં છાત્રાલયોમાં આવી આવડતો ઊભી કરવાનું આપણે ખાસ ધ્યાનમાં લેવું ઘટે છે. આપણી શાળાઓ આજે જે ઢબે ચાલે છે તે ઢબ જોતાં ત્યાં આવી વ્યવહારની આવડત આપી દેવા માટે ઘણું ઓછું થઈ શકે એમ છે. પણ છાત્રાલયોમાં તો રોજના જીવનનો પ્રશ્ન જીવતો-જાગતો પડ્યો છે એટલે આપણે આ વિચારને પૂરી ગતિ આપી શકીએ. આ આવડત વિના માણસ આપણા સમાજમાં પરાધીન થઇ જાય છે, એ આપણે જોઇએ છીએ. એટલે માણસને તેના વ્યવહારમાં-સાધારણ વ્યવહારમાં-ઊંચું માથું રાખી શકે તેવો બનાવવો હોય તો આ નાની દેખાતી વસ્તુઓ તરફ આપણે ધ્યાન આપીએ. આ આવડતમાં આપણે બહુ મોટી બુદ્ધિની અપેક્ષા છે એમ ન ધારીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા સામાન્ય જીવનમાં માણુસ માત્રને નીચેની બાબતોની આવડતની જરૂર છેઃ—

૧ ચૂલો સળગાવવો.

૨ રાધવું—ખાસ કરીને પોતાપૂરતું (રોટલી, શાક, ખીચડી વગેરે સાદું.).

૩ દીવાબત્તી કરવી.

૪ કપડાં ધોવાં.

૫ કાગળ લખવો.

૬ સંજવારી વાળવી.

૭ સંદેશો બરાબર ઝીલવો અને પહોંચાડવો.

૮ ઘરમાં સાફસુફ કરવું, બાવા પાડવાં, સામાન ગોઠવવો, શણગાર કરવો વગેરે.

૯ ઠામવાસણ માંજવાં.

૧૦ રેલગાડીનાં સમયપત્રકો જોઇ દૂરના રસ્તાઓ નક્કી કરવા.

૧૧ શાક ખરીદવું.

૧૨ ઘરનો સામાન ખરીદવો.

૧૩ છાપરાનો ચુવો કરવો.

૧૪ અકસ્માતના ઉપાય કરવા.

૧૫ સાઇકલ ચલાવવી તથા ટેલીફોન વગેરે કરવાં.

૧૬ સાધારણ હિસાબ રાખવો.

૧૭ મુસાફરીમાં દિશા નક્કી કરવી.

૧૮ તરવું.

૧૯ ચૂંકો, ખીલા મારવા, ગાબડું સાધવું વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦ કપડાંને થીગડાં મારવાં, સાંધવાં વગેરે.

આ તો માત્ર દિશાસૂચન છે. આવી બીજી ઘણી ઘણી આવડતોનો આપણે હારડો કરી શકીએ.

આ નજીવી જણાતી બાબતો આપણા જીવનમાં ઘણીવાર મોટી થઈ પડે છે એટલે આ આવડતોના શિક્ષણને આપણે છાત્રાલયમાં ઊભું કરવું જ જોઇએ. એમ કરશું ત્યારે આપણા વિદ્યાર્થીઓ સાધારણ જીવનમાં આજે છે તેથી વધારે પાવરધા બનશે ને આજની આખી કેળવણી જીવનથી છૂટી પડી ગઇ છે તે જીવનની નજીક આવશે.

(૧૯૩૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાર્થના

પ્રિય ભાઇ,

રોજની પ્રાર્થના વિષેનો તમારો પ્રશ્ન જરા વિકટ છે–એટલા માટે વિકટ છે કે એ બાબતમાં મારા પોતાના વિચારો કેટલા સ્પષ્ટ અને સાચા છે તેની મને પૂરી ખબર નથી.

હું પોતે પ્રાર્થના કરવામાં માનું છું. છાત્રાલયનો ગૃહપતિ ન હોઉં અને માત્ર એક સાધારણ ધંધાદારી માણસ હોઉં તો પણ હું માત્ર ખાનગી જીવનમાં દરરોજ પ્રાર્થના કરૂં અને મારા કુટુંબજીવનમાં પણ એને દાખલ કરૂં. છાત્રાલય એ મારે મન મારું પોતાનું ઘર છે એટલે ત્યાં પણ મેં તેને દાખલ કરી.

પ્રાર્થના ફરજીઆત કે મરજીઆત એ પ્રશ્ન મને તો પ્રશ્ન જ નથી લાગતો. ગૃહપતિને પોતાને જો રોજના જીવનમાં પ્રાર્થનાનું સ્થાન હોય તો એ પોતે દરરોજ પ્રાર્થના કરે અને જે વિદ્યાર્થીઓને તેની સાથે ભળવું હોય તેમને બોલાવે. તેના મનમાં સ્વાભાવિક રીતે એમ રહે ખરૂં કે બધા વિદ્યાર્થીઓ આ પ્રાર્થનામાં ભાગ લે તો વધારે ઠીક. પણ એ તો કોઇ પણ સારી બાબતમાં બનવાનું. મને કોઇ ખુશખબર મળ્યા કે તરત જ મારા વિદ્યાર્થીઓ પણ તે ખબર જાણી ખુશ થાય એમ હું ઇચ્છવાનો. મને કોઇ નવી વાત હાથ લાગી એટલે મારો આનંદ મારા વિદ્યાર્થીઓ પણ લે એમ મને થવાનું. મને પ્રાર્થના કરવી એ સુંદર વસ્તુ લાગી એટલે મારા વિદ્યાર્થીઓ પણ પ્રાર્થના કરે અને તેનો આનંદ લૂટે એમ મને જરૂર થવાનું. આમ ઇચ્છવામાં હું ભૂલ કરું છું એમ મને નથી લાગતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હા, વાત એક જ છે. પ્રાર્થના વિષે મારી પોતાની કેટલી સચ્ચાઇ છે તે નક્કી થવું જોઇએ. આપણને સૌને આજે આ વિચારો આવે છે કારણ કે આપણા પોતાના જ જીવનમાં પ્રાર્થના એ ઉછીની લીધેલી વસ્તુ જેવી છે. આપણે પોતે જ પરાણે પ્રાર્થના કરતા હોઇએ ત્યાં વિદ્યાર્થીઓને માટે પૂછવું જ શું ?

પ્રાર્થના કરવાનો તમારો પોતાનો આગ્રહ જો બરાબર હોય તો તમે દરરોજ પ્રાર્થના કરો. તમારી સાથે કેટલા વિદ્યાર્થીઓ આવે છે તેની દરકાર છોડી દો. કેટલા નથી આવતા તેનું ધ્યાન પણ ન રાખો. તમે આ પ્રમાણે પ્રાર્થના કરશો એટલે તમારી પ્રાર્થના તમારા છાત્રાલયમાં ફેલાશે. અને ન ફેલાય તોય શું થઈ ગયું ? તમને પોતાને તો આત્મસંતોષ થશે.

આટલી વાત તો પ્રાર્થના વિષે. આધ્યાત્મિક કેળવણી વિના શરીરની અને મગજની તમામ કેળવણી નકામી છે એમ હું તો માનું છું. મેં જણાવ્યું તેવી સાચા દિલથી પ્રાર્થના એ આધ્યાત્મિક કેળવણીમાં ભારે મદદગાર છે. આધ્યાત્મિક વાંતાવરણ એ જ આધ્યાત્મિક કેળવણીમાં જરૂરતું હોય તો તમારી અંતરની પ્રાર્થના એ આવા વાતાવરણમાં મુખ્ય વસ્તુ છે એમ હું માનું. પછી તો વિદ્યાર્થીઓના માનસનો વિચાર કરીને આવા વાતાવરણને માટે શી શી બાહ્ય રચનાઓ કરવી એ પ્રશ્ન રહે છે. પ્રાર્થનાનું સ્થળ મનોહર હોય. પ્રાર્થના વખતે અસાધારણ શાંતિ હોય. પુષ્પો, ધૂપ, દીપ આદિ સુંદર સરંજામ હાજર હોય, મધુર સંગીત ચાલુ હોય–આ બધાં પ્રાર્થનાનું વાતાવરણ ઊભું કરવામાં ઉપયોગી છે એની મને ના નથી. પણ આ બધાં હાજર હોય અને છતાંય પ્રાર્થના કરનાર એક પણ હૈયું ત્યાં હાજર ન હોય તો આ બધાં પ્રાણ વિનાનાં શરીરનાં અવયવો હોય તેવાં રહેવાનાં છે; એમ જરૂર સમજજો.

મને આશા છે કે તમારા છાત્રાલયમાં તમારે પ્રાર્થના વિષે શું કરવું તે આટલામાંથી નક્કી કરી શકશો. બાકી એટલું ચોક્કસ સમજશો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી બોર્ડિંગમાં પ્રાર્થના નથી રાખતા માટે, તમે અને તમારી બોર્ડિંગ નાસ્તિક છો એમ માનનારો હું પોતે નથી. ગૃહપતિએ કે આખી સંસ્થાએ આસ્તિક ઠરવાને માટે પ્રાર્થનાનો ક્રમ રાખવો એના જેવી જૂઠાઇ બીજી એકેય ન ગણાય. તમે પોતે તમારી ખરી માન્યતા પ્રમાણે ચાલો છો એ જ આધ્યાત્મિક કેળવણીની હવાનું ઉપયોગી તત્વ છે એમ સમજી લેશો. તમારી વિચારશ્રેણિ બદલાય નહિ ત્યાં સુધી તમે ખુશીથી એ પ્રમાણે કરી શકો છો.

(૧૯૩૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાત્રાલયમાં ધર્મક્રિયા

એક છાત્રાલયના ગૃહપતિ લખે છેઃ ‘ અમારા છાત્રાલયમાં વિદ્યાર્થીઓને અમારા ધર્મની ક્રિયાઓ કરવાની હોય છે તેથી અમને ભારે તકલીફ પડે છે. વિદ્યાર્થીઓ આ ક્રિયાઓ કરવા જરાય રાજી નથી અને માથા પરથી વેઠ ઉતારતા હોય તેવી રીતે ક્રિયા કરે છે. એક વાર તો તેઓએ ખુદ સંચાલકોની પાસે પણ આવી ક્રિયાઓ સામે પોતાની ફરિયાદ કરેલી. પણ સંચાલકોએ દિલગીરી સાથે જણાવ્યું કે એ ક્રિયાઓ કરવાનું આજે બંધ કરશું તો દાતાઓ પૈસા આપતા બંધ થઇ જશે માટે મને-કમને પણ ક્રિયાઓ કર્યે રાખો. હું પોતે આમ ક્રિયાઓમાં માનતો નથી અને સંસ્થાને છોડી પણ શકતો નથી એટલે વિદ્યાર્થીઓ પાસે ક્રિયાઓ કરાવું છું...’

આ વાંચીને મને તો દુઃખ થયું છે, અને હરકોઇને દુઃખ થયા વિના રહેશે નહિ. આપણાં છાત્રાલયોમાં ધાર્મિક ક્રિયાઓની આ દશા કરવી તે આવતી કાલની પ્રજાને એ જ ક્રિયાઓની સામે બંડ કરતાં શીખવવાનો ચોખ્ખો માર્ગ છે. જો ધાર્મિકતા જેવી ઊંચામાં ઊંચી વસ્તુ વિદ્યાર્થીઓમાં જાગે એવો આપણો આશય હોય તો આ તેનો માર્ગ નથી; ઊલટું, આથી તો ધાર્મિકતાના અંશો હશે તે પણ બીજું રૂપ લેશે અથવા તો છેવટ આવી ક્રિયાઓને તો જરૂર ફેંકી દેશે.

સંપ્રદાય તરફથી ઊભાં થએલાં છાત્રાલયોનો આ એક મુખ્ય પ્રશ્ન છે. આજે તો આવાં લગભગ બધાં છાત્રાલયોમાં ઉપર જણાવ્યું તેવી સ્થિતિ છે. પણ એ સ્થિતિ બરાબર નથી. કારણકે એના મૂળમાં જ ગોટાળો છે.

છાત્રાલયોમાં પ્રચલિત ધર્મક્રિયાઓમાં જો ગૃહપતિને પોતાને શ્રદ્ધા નથી, એ ક્રિયાઓમાં જો સંચાલકોને દ્રવ્ય મેળવવા પૂરતી શ્રદ્ધા છે અને વિદ્યાર્થીઓ પોતે તેને વેઠ જ સમજે છે તો આવી ક્રિયાઓ ધર્મની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાઓ મટીને માત્ર એક જાતની અખાડાની કસરત થઇ જાય છે, એ કહેવાની જરૂર નથી.

આપણે ત્યાં જૂના વિચારના દાતાઓની માન્યતા હું સમજી શકું છું. ધર્મની ક્રિયાઓ અને ધાર્મિકતા, અને એ બેનો સંબંધ, એ બાબતમાં તેમના વિચારો બરાબર નથી એ પણ હું સમજું છું. આવા લોકોને ઉપર જણાવ્યો તેવો ક્રિયાઓનો આગ્રહ રહે છે તે પણ હું જાણું છું. પણ 'આવો આગ્રહ એ દુરાગ્રહ છે' એમ જો તેમને એક વાર બરાબર સમજાય તો તેઓ પોતાનો આગ્રહ છોડી દેશે એમાં મને શંકા નથી. સંચાલકો પોતે જો આવી બાબતોમાં મક્કમ હોય તો તેમણે આ જૂના વિચારના ભાઇઓની પાસે પોતાની વાત મૂકવી જોઇએ. આજે તો એવું બને છે કે સંચાલકો દાતાઓને એવું મનાવ્યા કરે છે કે 'તમે ઇચ્છો છો તેવું જ છાત્રાલયમાં ચાલે છે.' અને બીજે મોઢે વિદ્યાર્થીઓને તથા ગૃહપતિને કહે છે કે 'હં બાપા, ચલાવ્યે રાખો.' સંચાલકોની આ જાતની મનોવૃત્તિ જ ધર્મમૂલક નથી; સંચાલકોનું આવું ધ્યેય સંસ્થાની તેમની સેવાના મૂળમાં ઘા કરે છે અને ઊગતી પ્રજાના હૃદયમાં અધર્મના પાયા નાખે છે. સંચાલકોએ પોતે છાત્રાલયની ધર્મક્રિયાઓની દશાને દાતાઓ પાસે મૂકવી ઘટે છે અને તેમ છતાં દાતાઓને ગળે એ વાત ન ઉતરે તો આખરી ઇલાજ તરીકે એ દાતાઓના દાન પરથી પોતાનો હક છોડી દેવો જોઇએ. સંચાલકોનો આ જ ધર્મ છે.

એવો જ ધર્મ ગૃહપતિનો પણ છે. છાત્રાલયમાં કામ કરતા ગૃહપતિને સંચાલકો સાથે અનેક પ્રકારની બાંધછોડ કરવી પડે એ હું બરાબર સમજું છું. ધર્મની અને અંગત માન્યતાઓના સંબંધમાં પણ અનેક પ્રકારની બાંધછોડ કરવી પડે એ સ્વીકારી શકાય. પણ આવા સંપ્રદાયના છાત્રાલયમાં ગૃહપતિ થઇને રહેવું અને પોતાની અંગત માન્યતા વિરુદ્ધ સંપ્રદાયની ક્રિયાઓ વિદ્યાર્થીઓ પાસે ગમે તેમ કરાવવી એ ધર્મની હાનિ તો છે જ પણ મનુષ્ય આત્માનું અપમાન છે અને એવું અપમાન કોઈ ગૃહપતિ ચલાવી ન લે એ જ એનો ધર્મ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓનો ધર્મ પણ આપણે વિચારી લઇએ. મોટા ભાગના વિદ્યાર્થીઓ તેમની નાની ઉંમરને લઇને આ વસ્તુ સમજી પણ ન શકે. મોટી ઉંમરના વિદ્યાર્થીઓનો માર્ગ તો સ્પષ્ટ છે. જો તેમને જણાતું હોય કે ધર્મ જેવી ઉચ્ચ બાબતમાં આવો ઢોંગ ચલાવવો એ બરાબર નથી તો તેમણે પોતાની હકીકત સંચાલકો તથા ગૃહપતિ પાસે છૂટથી રજૂ કરવી અને તેમ છતાં તેઓ ન જ માને તો એ સંસ્થાઓમાંથી તરત છૂટા થવું. આજે તો વિદ્યાર્થીઓ છાત્રાલયના લાભો ગુમાવવા તૈયાર નથી એટલે આવી વેઠ ઉતારી લે છે; ગૃહપતિ નોકરી ગુમાવવા તૈયાર નથી એટલે સેવાના લોભે આટલી બાંધછોડ સ્વીકારી લે છે; સંચાલકો ધર્મક્રિયાઓના આવા પ્રશ્ન પર દાનનો ચાલતો પ્રવાહ અટકાવવા ઇચ્છતા નથી એટલે બન્ને બાજુ ઢોલકી વગાડે છે અને દાતાઓ બિચારા આવી ઝીણી વાતને સમજતા નથી એટલે જૂની શ્રદ્ધાથી, પણ આંખો મીચીને દ્રવ્યની મદદ આપ્યે જાય છે. પરંતુ જે લોકોએ ધર્મશાસ્ત્રનો અને જીવનશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે, તેઓને તો સ્પષ્ટ દેખાય છે કે આ માર્ગ મનુષ્યના કલ્યાણનો નથી પણ વિનાશનો છે.

(૧૯૩૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે ખાવું

છાત્રાલય વિષે એક સામાન્ય ફરિયાદ એવી છે કે છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ હદ ઉપરાંત ખાય છે. છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે આ ફરિયાદ તદ્દન પાયા વિનાની નથી. છાત્રાલયમાં રસોયાઓ રાંધે છે એ કારણે હો કે છાત્રાલયોમાં મોટે ભાગે માવતરનો કોમળ હાથ હોતો જ નથી એને કારણે હો, પણ વિદ્યાર્થીઓને ભોજનમાં એક પ્રકારની છૂપી અતૃપ્તિ રહ્યા જ કરે છે; અને આવી અતૃપ્તિના માર્યા વિદ્યાર્થીઓ ત્યાં ધરાતા જ નથી. આ ઉપરાંત સરખેસરખા જુવાનો એકઠા થાય ત્યારે હરીફાઈમાં પણ ઉતરે, ને ચડસાચડસીમાં વધારે ખાય, એ પણ સમજી શકાય તેવું છે.

પણ આ પ્રશ્નને છાત્રાલયથી બહાર લઈને જોઈએ તો આપણે સૌ જોઈએ તેથી ઘણું વધારે ખાતા નથી? આપણા ખાવાના પદાર્થો, તે પદાર્થોને તૈયાર કરવાની રીત, એ બધાં તો ક્યારનાં મોટો ફેરફાર માગી રહ્યાં જ છે; પણ ખાવાની રીત પણ એવો જબ્બર ફેરફાર માગે છે.

આજે તો આપણે વાસ્તવિક રીતે ખાતા નથી, પણ પદાર્થોને ગળીએ છીએ. ઉની રોટલી ભાણામાં આવી એટલે તેનું એક બટકું લઈને રસાદાર શાક તેમાં ખોસીએ છીએ; અને એ બટકું મોઢામાં મૂકીને ચાવ્યું ન ચાવ્યું ત્યાં તો દાળનો સબડકો લઈ, એ બટકાને, એ શાકને અને એ દાળને ગળાની હેઠળ ધકેલી મૂકીએ છીએ. આ આપણી ખાવાની સામાન્ય રીત. ચાવીને ખાવું એ તો જાણે આપણે શીખ્યા જ નથી. ખાવા પાછળ નિરાંતે અડધો કલાક ગાળવો એને આપણે વખતનો દુરુપયોગ માનતા થયા છીએ; આટલા માટે જ આપણે સૌ જોઈએ તેથી ઘણું વધારે ખાઈએ છીએ. જો આપણે દરેક પદાર્થને પૂરો ચાવ્યા વિના ગળા હેઠળ ઉતરવા દેવો જ નહિ એવો નિશ્ચય કરીએ તો આપણે આજે જેટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાઈએ છીએ તેથી ઘણું ઓછું ખાવાના. ખોરાકને ચાવીને ખાવાથી અમુક વખતે દાંત, જડબાં વગેરેને કુદરતી થાક જેવું લાગે છે એટલે જોઈતો ખોરાક પેટમાં ગયા પછી આપણે તરત જ ખાવાનું બંધ કરીએ છીએ. જે લોકો ચાવી ચાવીને ખાય છે તેમને જાતિઅનુભવ છે કે ચાવીને ખાવાથી દરેક પદાર્થનો સ્વાદ જીભ લઈ શકે છે, અને પેલી જરૂરિયાત પૂરી થયે જીભને આ સ્વાદ મળતો બંધ થાય છે એટલે પોતે તે પદાર્થ ખાવો બંધ કરે છે.

આજે આપણે ખાઈએ છીએ તેની પાછળ એક બીજી માન્યતા છે. આપણે સૌ, અને ખાસ કરીને આપણો જુવાનવર્ગ એમ માને છે કે વધારે ખાઈએ તો વધારે જાડા થવાય, વધારે મજબૂત થવાય. આ માન્યતાને પરિણામે આપણા જુવાનો, અખાડિયનો, વિદ્યાર્થીઓ વધારે ખાય છે. મનની આવી માન્યતાને લીધે આપણને સૌને ઘણીવાર ખોટી ભૂખ લાગે છે તે એક વાત; પ્રવાસે જનાર આ વાતને ખ્યાલમાં રાખીને પોતાને અચૂક ભૂખ લાગી છે એમ માને એ બીજી વાત. અને પછી તો સ્ટીમરના તુતકો ઉપર અને રેલગાડીના ડબ્બાઓમાં આપણે ખા ખા કર્યા જ કરીએ તેમાં શી નવાઈ છે? કસરત કરવાથી શરીરની તંદુરસ્તી સારી રહે એ એક વાત, સારી તંદુરસ્તી હોય તો ભૂખ વધારે લાગે એ બીજી વાત; માટે રોજ કસરત ચાલે છે એટલે ભૂખ વધવી જ જોઈએ ને તેથી વધારે ખાવું જ જોઈએ એ વિચાર પર તો આપણા ઘણા કસરતવાળા કસરતમાં આગળ વધે છે તેમ તેમ ખોરાકમાં પણ આગળ વધતા જાય છે!

આ અને આવી અનેક મૂર્ખાઈઓને પરિણામે આજે આપણે સૌ જોઈએ તેથી ઘણું વધારે ખાઈએ છીએ. આપણા શરીરના આરોગ્ય માટે આટલું બધું ખાવાની જરૂર નથી એ દેખીતું છે, આપણો આ હદ ઉપરાંતનો આહાર આપણા રોગો માટે જવાબદાર છે.

આપણાં ઘરોમાં ને આપણાં છાત્રાલયોમાં તો આપણે આનો જરૂર વિચાર કરીએ, અને ચાવી ચાવીને ખાતાં શીખવીએ.

(૧૯૩૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીની સારવાર કોણ કરે ?

છાત્રાલયના એક વિદ્યાર્થીએ મને રૂબરૂમાં પૂછ્યું : " છાત્રાલયમાં કોઇ વિદ્યાર્થી માંદો પડે તો ગૃહપતિ તેની સારવાર કરે કે નહિ ? "

હું પોતે તો આ પ્રશ્ન સાંભળીને જ દિંગ થઇ ગયો ! હજી આજે પણ આ પ્રશ્નને સંભારૂં છું ત્યારે મને કંઇ ને કંઇ થઇ જાય છે. કોઈ ભાઇને ઠેશ લાગે તો તેની બેન ખમ્મા બોલે કે નહિ? કોઈ દીકરી દુ:ખી થતી હોય તો માનું હૈયું કકળી ઉઠે કે નહિ ? કોઈ પિતા ખાટલે પડ્યો હોય તો પુત્ર તેની ચાકરી કરે કે નહિ? કોઇ પ્રજા રીબાતી હોય તો રાજા તેનું રક્ષણ કરે કે નહિ ? ભાઇને ઠેશ લાગે ત્યારે બેનથી અનાયાસે ખમ્મા બોલાઇ જવાશે, અને ન બોલે તો એ બેન નથી; દીકરીનું દુ:ખ જોઇને માનું હૈયું અનાયાસે કકળી ઉઠવાનું છે, અને ન કકળી ઉઠે તો એ મા નથી; પિતા ખાટલે પડ્યો હશે તો પુત્ર ચોવીસે કલાક તેના ખાટલા પાસે ખડો રહેશે, અને ન રહે તો એ પુત્ર નથી; રીબાતી પ્રજાનું દુ:ખ એ પોતાનું જ દુ:ખ છે એમ માની રાજા પ્રજાને દુ:ખમાંથી મુક્ત કરશે, અથવા તો તે રાજા નથી પણ રાક્ષસ છે. એ જ પ્રમાણે છાત્રાલયનો વિદ્યાર્થી માંદો પડે તો ગૃહપતિ તેની સારવાર કર્યા વિના રહેવાનો જ નથી; ન કરે તો તે ગૃહપતિ નથી પણ માત્ર વ્યવસ્થાપક મંડળે રોકેલો એક જમાદાર છે.

વિદ્યાર્થીઓની સંખ્યા બહુ મોટી હોય તો એક ગૃહપતિ પોતે જ બધાની સારવારમાં ન પહોંચે એટલે વિદ્યાર્થીઓની અંદર અંદર સારવારની ગોઠવણ કરે એ સમજી શકાય તેવું છે. બધી માંદગીઓ એવી જ ભારે નથી હોતી કે ગૃહપતિએ જાતેજ સારવારમાં રોકાવું પડે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓની સંખ્યા સો હોય કે દોઢસો હોય, માંદગી સાદી હોય કે વધારે ભયંકર હોય, પણ ગૃહપતિ છાત્રાલયમાં માબાપના સ્થાને છે એટલે સારવારની મુખ્ય જવાબદારી તો તેને જ માથે છે. વિદ્યાર્થી લાયક હોય કે નાલાયક હોય, વિદ્યાર્થી હુશિયાર હોય કે ઠોઠ હોય, વિદ્યાર્થી સ્વચ્છ હોય કે ગંદો હોય, વિદ્યાર્થી નાનો હોય કે મોટો હોય, માંદા વિદ્યાર્થીની સારવારમાંથી કોઈ ગૃહપતિ કોઇપણ બહાને છૂટી શકેજ નહિ; અને છૂટવા માગે તો તેણે સદંતર ગૃહપતિપદમાંથી છૂટા થવું ઘટે.

હા, કોઇ કોઈ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ અને ગૃહપતિ વચ્ચે એવી અંટસ પડી ગઇ હોય છે કે કેવળ ગૃહપતિને ખીજવવા ખાતર જ વિદ્યાર્થીઓ પેટમાં દુઃખે છે વગેરે ઢોંગો લઇ બેસે છે. આવે વખતે ચકોર ગૃહપતિને આવા ઢોંગી વિદ્યાર્થીઓને દાદ ન દેવાનું મન થઇ જાય એ સમજાય તેવું છે. પણ બીજી રીતે જોઇએ તો આવા ઢોંગી માંદાઓની પણ ગૃહપતિ જો સારવાર કરે–ઢોંગ જાણવા છતાંયે સારવાર કરે, તો વિદ્યાર્થીઓને આવો ઢોંગ કરવામાં જે રસ છે તે ઊડી જશે; અને આખા છાત્રાલયમાં જે અંટસનું વાતાવરણ ઉભું થયું હશે તે એટલે અંશે નાબૂદ થશે.

પણ આ ભાઈનો પ્રશ્ન તો વધારે ઊંડો છે. માંદા વિદ્યાર્થીનું મેલું કોણ ઉપાડે? વિદ્યાર્થીઓ કે ગૃહપતિ? મારો પોતાનો એવો મત થાય છે કે જે છાત્રાલયમાં આ અને આવા પ્રશ્નો ઊભા થાય છે તે છાત્રાલયની હવામાં ક્યાંક મેલ છે. છાત્રાલયમાં કોઇ વિદ્યાર્થી માંદો હોય અને તેનું મેલું પડ્યું હોય તો તે હરકોઇ વિદ્યાર્થી ઉપાડે, હરકોઇ ગૃહપતિ ઉપાડે, સેક્રેટરી ઉપાડે, છાત્રાલયના અંગનો કોઈ પણ માણસ ઉપાડે; અને કોઇથી એમ કહી જ ન શકાય કે મારાથી આ કામ નહિ બને માટે બીજા કોઇને સોંપો. એવું બને કે છાત્રાલયમાં મેલું ઉપાડવા માટે કોઈ માણસને રોકેલું હોય તો વિદ્યાર્થીની જરૂર ન પડે; એવું બને કે વિદ્યાર્થીઓ આપસઆપસમાં ગોઠવણ કરી લે એટલે ગૃહપતિને માટે પ્રશ્ન જ ઊભો ન થાય; એવું બને કે સેક્રેટરીને પોતાને ભાગે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ આવે પણ નહિ; છતાં કોઇ વિદ્યાર્થી એમ કહે કે આ તો ગૃહપતિનું કામ છે માટે હું નહિ કરૂં, તો હું એ વિદ્યાર્થીને છાત્રાલય માટે નાલાયાક ગણી મુક્ત કરૂં. અને એના જેવા માંદા વિદ્યાર્થીઓનું કોઇ છાત્રાલય હોય તો ત્યાં જવાની ભલામણ કરૂં. એજ પ્રમાણે કોઇ ગૃહપતિ આ કામ મારૂં **નથી** પણ વિદ્યાર્થીઓનું જ છે એમ કહીને મેલાને પડ્યું રહેવા દે તો આવા ગૃહપતિને પણ હું ગૃહપતિ તરીકે રદ કરૂં અને આવા ખોટા ગૃહપતિઓને માટે કોઈ સંસ્થા કે છાત્રાલય હોય તો ત્યાં તેને મોકલી આપું.

જે છાત્રાલયમાં આ અને આવા પ્રશ્નો ઊભા થતા હોય, તે છાત્રાલયના હાડમાં કંઈક રોગ છે. આ રોગ ઝીણા તાવની માફક દેખાય નજીવો છતાં છાત્રાલયના હાડને ગાળી નાખે છે અને એને પ્રાણઘાતક નીવડે છે.

(૧૯૩૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોજન પહેલાં

કેટલાંક ભાઈબહેનો ભોજન શરૂ કર્યા પહેલાં પીરસેલ અન્નને જલ-પ્રોક્ષણ કરીને જમે છે; કેટલાંક સહનાવવતુ જેવા એકાદ મંત્રનો ઉચ્ચાર કરીને જમવું શરૂ કરે છે; કેટલાંક પંચયજ્ઞ કર્યા વિના અને વિશ્વદેવોને આહૂતિ આપ્યા વિના જમતાં જ નથી, કેટલાંક સાદા ભોળાભાવે અન્નને બે હાથ જોડીને જમવા માંડે છે, ત્યારે કેટલાક ભોજન પૂરૂં થયા પછી અન્નના પાત્રને પગે લાગીને જ તેનો ત્યાગ કરે છે.

આ બધી એક રીતે તો બાહ્ય ક્રિયા જ છે. કોઇપણ બાહ્ય ક્રિયા અંતરના ભાવથી વિખૂટી પડી જાય તો જેમ ગંધાય છે અને ફગાવી દેવા યોગ્ય છે તેમ આ બાહ્ય ક્રિયાનું પણ સમજવું.

છતાં જે બાહ્યક્રિયા આપણા અંતરના ભાવને વ્યક્ત કરતી હોય અને ભાવને વ્યક્ત કરવાથી આપણા અંતરને વધારે પોષણ અને તૃપ્તિ આપતી હોય તે ક્રિયાને આપણે સમજી લઇએ તો ક્રિયા વધારે તેજસ્વી બને અને અંતરની ભાવના વધારે સ્પષ્ટ સ્વરૂપ પકડે.

માણસ માત્ર એક રીતે પશુ છે. ભૂખ લાગવી એ તેનો પશુદેહનો એક ધર્મ છે. પણ માણસ પશુ હોવા છતાં કેવળ પશુ નથી. માણસને ઈશ્વરે પશુનો દેહ આપ્યો છે છતાંય તેનામાં હૃદય, બુદ્ધિ, આત્મા વગેરે કાંઇક એવાં તત્વો છે કે જે તેના પશુભાવથી તેને ખસેડ્યા વિના જંપવા દેતાં નથી. આ રીતે માણસ માત્ર પશુ હોવા છતાં પશુભાવમાંથી ઊંચે ચડવાનો અને પશુત્વને જીતવાનો નિરંતર પ્રયત્ન કરે છે.

એક રીતે માણસ પરમેશ્વરનો બચ્ચો છે; એ પરમેશ્વર અંશને થોડે ઘણે અંશે પણ તૃપ્ત કર્યા સિવાય તેને ચેન પડતું નથી. કેળવણી માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક રીતે માણસનો આ પરમેશ્વરી અંશને વિચારવાનો નમ્ર પ્રયત્ન છે. આ વાતને જુદા જુદા જમાનાઓમાં જુદા જુદા જીવનશાસ્ત્રીઓએ જુદા જુદા રૂપે કહી છે અને હજુ પણ નવા જમાનાઓમાં નવે રૂપે કહેશે.

માણસ માત્ર દેહ નથી પણ આત્મા પણ છે. દેહના ધર્મ તરીકે લાગતી ભૂખ આધ્યાત્મિક ભૂખનું પ્રતીક બને, દેહ માટે નિર્માયેલો ખોરાક આધ્યાત્મિક ભૂખને પણ જગાડે અને પોષે, સંસાર માત્રનું બાહ્ય કેન્દ્ર જે ભોજન, એ ભોજન માટે આપણે પ્રભુનો જ આભાર માનીએ. માત્ર પેટ જ નહિ, પણ તમામ ઇંદ્રિયોના આહાર પવિત્ર કરવાનું પ્રભુ આપણને બળ અર્પો,- માણસ જમે તે પ્રભુને ધર્યા પછી તેમની પ્રસાદીરૂપે જ જમે, આખોય સંસાર એ રીતે ભોગવતાં શીખે. આ અને આવી અનેક ભાવનાઓ આ ક્રિયાની પાછળ રહેલી છે.

આપણાં ઘરોમાં તેમજ છાત્રાલયોમાં જ્યાં જ્યાં આ ક્રિયા ચાલતી હોય ત્યાં વિદ્યાર્થીઓ મોટી ઉંમરના હોય તો આ ભાવ તેમની આગળ પ્રસંગે ખડો કરવાની જરૂર છે.

પણ જો આ ક્રિયા એક પવિત્ર ભાવનાને વ્યક્ત કરનારી ક્રિયા હોય તો એ ક્રિયાને અંગે કોઇપણ પવિત્ર ક્રિયાની મનોહરતા અને ગંભીરતા લાવવાં ઘટે. જમવાનો વખત થાય ત્યારે અધીરાઇથી 'બોલો હર હર મહાદેવ હર' ની બૂમ પાડતી બ્રાહ્મણોની નાતોમાં હર હર મહાદેવ બોલો કે સીસોટી વગાડો એ બન્ને સરખાં છે. મનુષ્યજીવનની આ કેન્દ્રસ્થ વસ્તુમાં આધ્યાત્મિક દૃષ્ટિને દાખલ કરીને જો આપણે આખા જીવનને આધ્યાત્મિક બનાવવું હોય તો આ આ ક્રિયાને આજે છે તેથી વધારે મનોહર, કર્ણપ્રિય અને ભાવનાવાહી બનાવવાની જરૂર છે.

(૧૯૩૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાત્રાલયમાં ચોરી

આપણાં છાત્રાલયોમાં વિદ્યાર્થીએ ચોરી કર્યાના કિસ્સાઓ અનેક વાર બને છે, અને એવા પ્રસંગોમાં શું કરવું એ ઘણીવાર ભારે મૂંઝવણ ઉત્પન્ન કરનારો સવાલ થઈ પડે છે. જે છાત્રાલયો આજે પણ માર અને બીકના ધોરણે વિદ્યાર્થીઓને ઘડવાનો મનોરથ સેવે છે તે છાત્રાલયોનો અને તેમના ગૃહપતિઓનો માર્ગ ઘણો સહેલો છે. આવા છાત્રાલયો અને આવા ગૃહપતિઓ ચોરી થાય કે તરત જ છાની ઉઘાડી અનેક રીતે તપાસ કરીને ચોરી કરનાર વિદ્યાર્થીને પકડી પાડે છે, અને પછી સજાના શાસ્ત્રને અનુસરીને બીજાઓ ફરીથી એવી ચોરી ન કરે એ માટેના ચાંપતા ઉપાયો લે છે, જેને પરિણામે ચોર વધારે ઊંડો ચોર બને છે.

પણ જે છાત્રાલયો કેળવણીના તેમજ જીવનના નવીન આદર્શોને અનુસરીને પોતાનું કામ કરે છે તેમને માટે ચોરીનો પ્રશ્ન આટલો સરળ નથી. આવાં છાત્રાલયોનું તેમજ આવા ગૃહપતિઓનું મુખ્ય કામ તો છાત્રાલયના વિદ્યાર્થીઓના માનસમાંથી ચોરીને નાબૂદ કરવાનું હોય છે. અને તેથી તો તેઓ વિદ્યાર્થીઓને સામાજિક જીવનની તાલીમ આપવા માટે ભારોભાર જહેમત ઉઠાવે છે. આપણે આ સ્થળે ચોરીની શાસ્ત્રીય મીમાંસા નહિ કરીએ. પણ આજે જે રીતે સમાજનું બંધારણ છે તે પ્રમાણે ચોરી કરવી એ મોટું અસામાજિક કૃત્ય છે એમાં શંકા નથી. છાત્રાલયમાં વિદ્યાર્થીઓ, ગૃહપતિઓનો પણ એક પ્રકારનો સમાજ છે, અને એ સમાજ શાંતિથી પોતાનું કાર્ય તો જ કરી શકે જ્યારે કોઈ આદમી એક બીજાની વસ્તુઓ ચોરી ન જાય. કોઈ પણ સમાજમાં માણસને પોતે પ્રમાણિકપણે મેળવેલી ચીજો ભોગવવાનો અધિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર છે અને જે સમાજમાં આવો અધિકાર નથી તે સમાજ એકંદરે સ્વતંત્ર સમાજ નથી.

પણ છાત્રાલયમાં ગૃહપતિ સામાજિક જીવનની તાલીમ આપે અને ચોરીનું માનસ નાબૂદ કરવાનો પ્રયત્ન કરે તો ઠીક છે, પણ રીતસર ચોરી થાય ત્યારે શું કરવું ?

સૌથી પહેલું તો ચોરીના સમાચાર આવે ત્યારે ઉશ્કેરાયા વિના તે સાંભળી લેવા અને પછી કયા વિદ્યાર્થીએ ચોરી કરી હોય એવો સંભવ છે તે મનમાં ને મનમાં વિચારી જવું. ચોરી કયારે થઈ? કેવી રીતે થઈ? વગેરે હકીકતો મેળવતાં મેળવતાં સંભવ છે કે કયો વિદ્યાર્થી સંડોવાયેલો છે તેનો ખ્યાલ ગૃહપતિને આવી પણ જાય. આવો ખ્યાલ આવી ગયા. પછી તે વિદ્યાર્થીને એકાંતમાં બોલાવી પોતાનું જેટલું નૈતિક બળ હોય તે બળનો પ્રયત્ન કરીને વિદ્યાર્થીને મનાવી લેવો. ઘણું ખરું તો ગૃહપતિ આ પ્રમાણે શાંતિથી કામ લેશે તો વિદ્યાર્થી માની જશે અને આખુંય કોકડું ઉકલી જશે.

પણ આપણે ધારીએ કે વિદ્યાર્થી ન માન્યો, તેમ કોઈ બીજો પણ ન માન્યો તો તો ગૃહપતિએ રાહ જોવી; અને કદાચ વર્ષો સુધી રાહ જોવી પડે તો પણ જોવી. પણ આવી ચોરીના પ્રસંગે કોઈ પણ નિર્દોષ વિદ્યાર્થી માત્ર વહેમથી જ માર્યો ન જાય એ ખાસ જોવું.

પરંતુ ધારો કે કોઇ વિદ્યાર્થી ઉપર લગભગ ચોક્કસ એવો વહેમ છે, તો પણ એ વિદ્યાર્થીને વિદ્યાર્થીઓની સમક્ષ ચોર તરીકે જાહેર કરવામાં તે ચોક્કસ વિદ્યાર્થીનું કેટલું બધું અહિત છે તેનો ખ્યાલ ગૃહપતિએ કદી પણ દૂર કરવો નહિ. વિદ્યાર્થીઓ પોતાના સ્વભાવ પ્રમાણે આવા ચોર વિદ્યાર્થીને ચોર ચોર કરીને ખીજવશે. અને પરિણામે પેલો બિચારો સંસ્થાને છોડી જઈ વધારે પાકો ચોર થશે.

માટે એ વિદ્યાર્થીની ખાતર ગૃહપતિએ ચોરાયેલા પૈસા કે ચીજનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર બાજુ પર રાખીને વિદ્યાર્થીને અને તેના માનસને ખાસ બચાવી લેવા અને વિદ્યાર્થી ફરીથી આવું ન કરે તે માટે ચાંપતા ઉપાયો લેવા. પણ છાત્રાલયમાંથી કે સમાજમાંથી એક ચોર ઓછો કરવાને બદલે બે ચોર પોતે વધારતો નથી એ તરફ ખાસ ધ્યાન આપવું.

તેમ છતાં ચોરી થાય ત્યારે ગાફલ રહેવું, અને વિદ્યાર્થીને ભય શિક્ષાની રીતે પણ ન શોધવો તેમ આ નવીન રીતે પણ ન શોધવો, એ તો એક જાતનો ગંભીર ગુન્હો જ ગણાય.

કોઈ વિદ્યાર્થીને આ રીતે અનેક વાર જતો કર્યો હોય છતાં ચોરી કરતો ન જ અટકે તો તેને આવા ચોર વિદ્યાર્થીની ખાસ સંસ્થા હોય ત્યાં મોકલાવવો, અથવા તો કોઇ માનસશાસ્ત્રી પાસે તેનું નિદાન કરાવવું. અને એ બધું શક્ય ન હોય તો આવી અસામાજિક વર્તણુક ખાતર તેને સંસ્થામાંથી રજા આપવી, પરંતુ તેના કપાળ ઉપર ચોરીનું તિલક ન કરવું તે ન જ કરવું.

આપણે ગૃહપતિઓ ચોરી પકડવાની આપણી ચાલાકીના જોર પર કેટલાંય વિદ્યાર્થીઓના જીવન વેડફી નાખતા હઇશું તેનો આપણને જ ખ્યાલ નથી. ચોરીનું માનસ છાત્રાલયમાં ઊભું જ ન થાય અને થાય તો ટકે નહિ એવા તમામ ઉપાયો આપણે લઇએ; સામાન્ય રીતે ચોરી કરવાની લાલચ થઇ જાય એવા પ્રસંગો છાત્રાલયમાં ઊભા થવા ન દઇએ. તેમ છતાં કોઇએ ચોરી કરી તો એ વિદ્યાર્થીને ઉપર જણાવેલી રીતે આપણે શોધીએ, અને પછી તેને આપણી ગોદમાં લઇને તેને ચોર મિટાવીએ. અને છતાંય એ ચોર તો મટ્યો જ નહિ, તો આખરે નાઇલાજે એના અસામાજિક વર્તનની ખાતર આપણાં સમાજમાંથી તેને બહાર મૂકીએ.

આ માર્ગ આપણા માટે, છાત્રાલય માટે, અને ખુદ વિદ્યાર્થી માટે આનભર્યો માર્ગ છે, આ માર્ગ તે કેળવણીનો માર્ગ છે.

(૧૯૩૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાત્રાલયમાં હડતાળ

થોડા દિવસ પર અમદાવાદના એક છાત્રાલયમાં વિદ્યાર્થીઓ ભૂખમરાની હડતાળ પર ગયાનો તાર મને મળ્યો હતો. હું સમજું છું કે આ હડતાળનો યુગ છે. પરસ્પરના સ્વાર્થના સંઘર્ષણમાંથી હડતાળ જ જન્મે એ પણ દેખીતું છે. મિલ મજૂરોની હડતાળ, ગોદીના કામદારોની હડતાળ, ભંગીઓની હડતાળ, એ બધાં ચિન્હો આજનો સમાજ રોગી છે તેનાં સ્પષ્ટ સૂચક છે.

પણ છાત્રાલયમાં વિદ્યાર્થીઓ ગૃહપતિ સામે ભૂખમરાની હડતાળ પર પણ જશે એની મને તો કલ્પના સરખી નહિ; એટલે ઉપરનો તાર વાંચીને પહેલાં તો હું હેબતાઇ જ ગયો, અને મારા પોતાના વિદ્યાર્થીઓ આવી હડતાળ પર જાય તો હું શું કરું એના વિચારમાં પડી ગયો.

મારી પોતાની તો એવી સાદી સમજ છે કે વિદ્યાર્થીઓ ગૃહપતિ સામે હડતાળ પર જાય ત્યારે ગૃહપતિએ પોતાના પદનું દેવાળું કાઢ્યું સમજવું, અને એ સ્થાન માટેનો પોતાનો અધિકાર ટળ્યો સમજી ચાલતા થવું. આનો અર્થ એવો તો નથી જ કે કોઇ બે ચાર લફંગા વિદ્યાર્થીઓ પોતાના અંગત સ્વાર્થ માટે 'ડરાઉં ડરાઉં' કરે તેથી ગૃહપતિએ ગભરાઇને નાસી જવું. પરંતુ જો વિદ્યાર્થીઓના હૃદયમાં આપણે લાંબે કાળે પણ સ્થાન મેળવી ન શકયા તો બહેતર છે કે આપણે કેવળ સવાશેર અન્નને માટે ત્યાં પડ્યા ન રહીએ. હું જાણું છું કે ગૃહપતિનો ધંધાનો કક્કો સરખોય આવડતો ન હોય એવા આપણા કેટલાય ભાઇઓ છાત્રાલયમાં ગૃહપતિ થઇને બેઠા છે, અને તેથી છાત્રાલયો જેવી પવિત્ર સંસ્થાઓમાં પણ ઘણી વિષમ પરિસ્થિતિ ઊભી થાય છે. ગૃહપતિ તરીકેની આપણી યોગ્યતાનું એક સર્વોપરી લક્ષણ એ જ છે કે વિદ્યાર્થીઓ અને ગૃહ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિ વચ્ચે મેળ છે. જ્યાં જ્યાં આવો મેળ હોય છે ત્યાં બીજી ઘણી વસ્તુઓ મહેનતથી મેળવી શકાય છે, અથવા તો તેના વિના પણ ચલાવી લેવાય છે. પણ વિદ્યાર્થીઓ અને ગૃહપતિઓ વચ્ચે બારમો ચંદ્રમા જ હોય ત્યાં આખું છાત્રાલય ચૂંથાઈ જાય છે અને કેમ જાણે છાત્રાલય રોજની યુદ્ધભૂમિ હોય એવું બની રહે છે.

આવી પરિસ્થિતિમાંથી સમજુ ગૃહપતિએ પોતાની સ્વેચ્છાથી છૂટી જવું એ જ તેને માટે સારો માર્ગ છે.

સંસ્થાની દૃષ્ટિથી જોઇએ તો જ્યાં ગૃહપતિ અને વિદ્યાર્થીઓ વચ્ચે આવી જાતની ખેંચતાણ હોય, ત્યાં સંસ્થાના મંત્રી કે એવા જ બીજા કોઇ જવાબદાર ભાઇ હોય તેમણે સંસ્થાની હિતની ખાતર વહેલી તકે આવી ખેંચતાણ કેમ દૂર થાય તેવું કરવું જોઇએ. આવા મંત્રીએ બધી વસ્તુને શાંતિથી જોવી પડશે, બધાય પક્ષોને શાંતિથી સાંભળવા પડશે, દોષનું મૂળ ક્યાં છે તે જોવું પડશે, અને પછીથી જે પગલું યોગ્ય લાગે તે જરૂર પડે તો કડક થઈને પણ લેવું પડશે. જે ભાઇઓ આજે લોક સંસ્થાઓને મોખરે બેઠા હશે તેઓ પોતાની માન્યતાઓ અને કાળનું બળાબળ જોઇને નિર્ણય કરશે તો જ ટકી શકશે.

પણ આ હડતાળ પર ગયેલા વિદ્યાર્થીઓનું શું ? વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહીને ભૂખમરાની હડતાળ પર જવાની કેટલી જરૂર છે તે હજુ મારા સમજવામાં આવ્યું નથી. વિદ્યાર્થીઓને ન ફાવે તો ગૃહપતિના ઉપરી હોય એવા મંત્રી કે સમિતિને જણાવી શકે છે અને પોતાની હકીકત રજૂ કરી શકે છે; અને તેથી પણ મનને સંતોષ ન થાય તો એવા છાત્રાલયનો ત્યાગ કરી શકે છે. વધુમાં આવા વિદ્યાર્થીઓ જાહેર કાર્યની પ્રેરણાથી ફસાયા હોય તો છાપાં મારફત પોતાની હકીકત જાહેર કરી બીજા વિદ્યાર્થી ભાઇઓ એ છાત્રાલયમાં ફસાઇ ન પડે એવો સૂર કાઢી શકે છે. પણ છાત્રાલયમાં રહીને ઉપવાસ કરવા એની પાછળ શો ઉદ્દેશ છે તે હજુ સુધી મારા ખ્યાલમાં તો આવતું જ નથી. આપણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાત્રાલયો ઘણાંખરાં આજે હજી જાહેર સંસ્થાઓ નથી, પણ ખાનગી સંસ્થાઓ જેવાં છે. આપણે તે જાહેર સંસ્થાઓ બને તેવું કરવા માગીએ છીએ. પણ કેળવણીની કોઇપણ સંસ્થા કેવળ વિદ્યાર્થીઓ કહે તે જ રીતે ચાલવી જોઇએ એમ આપણાથી શી રીતે કહેવાય? ઘરમાં જો બાપ વિરુદ્ધ દીકરો આપણે કલ્પવો હોય તો જ છાત્રાલયમાં ગૃહપતિ વિરુદ્ધ વિદ્યાર્થીઓની કલ્પના હું કરું. પણ છાત્રાલય માટે મને એ કલ્પના જ ભયંકર લાગે છે. અને હું તો એમ પણ કહેવા તૈયાર છું કે આવી કલ્પના કરીને આપણે છાત્રાલયો ચલાવવાં હોય તો એવાં છાત્રાલયો કેળવણીની સંસ્થાઓ નથી પણ વેપારી સંસ્થાઓ છે, અને એને વેપારની નીતિથી જોવાં એ જ વધારે ઠીક છે. એવાં વેપારી છાત્રાલયોમાં જ્યારે ખેંચતાણ થાય ત્યારે મારા જેવા મહેતાજી પાસેથી એનો નિર્ણય લેવાને બદલે વેપાર રોજગારની હડતાળોનો જેમને વધારે અનુભવ હોય એવા ભાઈઓની સલાહ સૂચના વધારે ઉપયોગી થાય એમ હું માનું છું.

મારા પોતાનો સામાન્ય મત એવો છે કે જ્યાં જ્યાં વિદ્યાર્થીઓ આવી હડતાળ પર જાય છે ત્યાં ત્યાં ગૃહપતિની અણઆવડત હોય છે, મંત્રી વગેરેની બેદરકારી હોય છે અને વિદ્યાર્થીઓનું ઉતાવળીયાપણું હોય છે. હડતાળનો સાચો અંત લાવવો હોય તો ગૃહપતિ પોતાની અણઆવડત છોડે, વિદ્યાર્થીઓ સામે અધિકારનો વિચાર ન કરતાં તેમને પોતાની ગોદમાં પાછા લે અને જરૂર પડે તો પોતાની મૂછ નીચી કરે; મંત્રી વગેરેએ પણ શિસ્ત('ડીસિપ્લીન)ના ખોટા ખ્યાલો છોડીને છાત્રાલયના કામમાં વધારે ઊંડા ઉતરવું જોઇએ, અને વિદ્યાર્થીઓએ સ્વતંત્રતાના અને સ્વમાનના જે ખ્યાલો બાંધ્યા હોય તેને ફરી વખત તપાસી લેવા જોઇએ. જેમ છાત્રાલયમાં ગૃહપતિ રાજ્ય ચલાવવા નથી આવ્યો તેમ વિદ્યાર્થીઓ પણ અમલ કરવા નથી આવ્યા. તેમને કેળવણી લેવી છે એ સ્પષ્ટ વાત છે. છાત્રાલયના કાર્યકર્તાઓ પોતાની દૃષ્ટિથી કેળવણી આપે તે ન પાલવે તો છાત્રાલયને છોડી જવું એ બહેતર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાત્રાલય એ કાંઇ જેલ નથી કે વિદ્યાર્થીઓ હડતાળ પર જાય અને સત્તાવાળાઓ પર દબાણ લાવે. તેઓ ગમે ત્યારે ત્યાંથી જઇ શકે છે અથવા તો શક્ય હોય તેવી રીતે છાત્રાલયના વહીવટમાં ફેરફાર કરાવી શકે છે.

હું આશા રાખું છું કે આવી ભૂખમરાની હડતાળોનો ચેપ આપણાં છાત્રાલયોમાં ન ફેલાય એટલી સમજ આપણી છાત્રાલયઆલમમાં છે જ.

(૧૯૩૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*આપણાં શરીરો

એક કાચના કબાટમાં મને ઊભો રાખો અને બીજા કબાટમાં બહાઉદ્દીનભાઇને ઊભા રાખો તો તમારે મારૂં ભાષણ સાંભળવાની જરૂર ન રહે. આપણા શરીરો આજે કેવાં છે તે જોવા માટે હું છું; આપણાં શરીરો કેવાં હોવાં જોઇએ તે માટે બહાઉદ્દીનભાઈ છે.

આજે તો આપણાં શરીરો દિવસે દિવસે ઘસાતાં જાય છે. આ ઘસારાની પાછળ જે અનેક રાજકીય તેમજ સામાજિક કારણ પડ્યાં છે, તેના વિચારણામાં હું તમને ઉતારતો નથી. પરંતુ એટલું તો કહ્યા વિના નથી રહી શકતો કે આપણાં ઘસાતાં શરીરો તરફ વખતસર ધ્યાન આપવામાં નહિ આવે તો કાલે આપણું શું થશે તે કોઇ કહી શકે તેમ નથી.

સારૂં શરીર તો મારેય જોઇએ છે ને તમારેય જોઇએ છે, પણ કેવળ ઇચ્છા કરવાથી શરીર સારૂં થઇ જતું નથી. સારૂં શરીર એક પ્રકારનો પ્રયત્ન માગે છે. આપણે એવી રીતે ઘડાયાં છીએ કે 'શરીર' ઉપર મોટું વ્યાખ્યાન સાંભળીએ, કદાચ આખી વ્યાખ્યાનમાળા સાંભળીએ પરંતુ શરીર સારૂં બનાવવા માટેની કોઇ જગ્યામાં જવું પડે તો એક દિવસ પણ ન જઇએ. જે કેળવણીની પ્રથામાં આજે આપણે સૌ ઘડાઇ રહ્યાં છીએ તે પ્રથાએ કહેવાતી બુદ્ધિનાં મૂલ્ય ખોટાં વધારી દીધાં છે, અને તેથી શરીરનાં મૂલ્ય આપોઆપ ઘટી ગયાં છે. કોણ જાણે શાથી, નિશાળેથી ઘેર આવે ને ઘેરથી નિશાળે જાય, ઘરે વાંચ વાંચ કરે ને શાળામાં તોફાન જ કરે—આવો વિદ્યાર્થી આજે આપણો આદર્શ વિદ્યાર્થી થઇ પડ્યો છે. અઢાર—વીશ વર્ષ સુધી તો ફાવે તેમ કૂદે, દોડાદોડી કરે ને રખડપાટનો આરો ન રાખે, આ વાતનો આપણે અસ્વીકાર કરીએ

---

* તા. ૨૨-૮-૩૫ ના રોજ પીલગાર્ડન અખાડામાં અપાયેલું વ્યાખ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. અને તેથી જ આપણી સંસ્થાઓમાં આવી કૂદાકૂદ માટે કે રખડપાટ માટે આપણે વ્યવસ્થા નથી કરતા. એ ઉમરે તો શરીરના મોટા અવયવો જેવા કે હાથપગ, તેમને ખૂબ આનંદ સાથે ગતિ મળે એ જ કેળવણી છે, એમ આપણે ક્યાં માનીએ છીએ? માબાપોની અને શિક્ષકોની આ માન્યતામાં બહુ મોટો ફેરફાર ન થાય ત્યાં સુધી ભવિષ્યની પ્રજાનાં શરીરો સુધરે એવી મને આશા નથી.

સારું શરીર એટલે કેવું? સારૂં શરીર કોને કહેવું? અખાડાની અંદર વર્ષો સુધી તાલીમ પામીને જે આદમી પોતાના સ્નાયુઓનું પ્રદર્શન કરી શકે અથવા તો ચોર્યાશી આસનો બતાવી શકે એનું નામ સારૂં શરીર? આવા સારા શરીરને હું ઉસ્તાદી શરીર કહું છું; આવું શરીર શાસ્ત્રીય રીતે ભલે સારૂં હોય. મારી સારા શરીરની કલ્પનામાં આવું ઉસ્તાદી શરીર નથી. આવા ઉસ્તાદી શરીરોની કિંમત હું સમજું છું. શાસ્ત્રીય પ્રયોગ વખતે આવાં ઉસ્તાદી શરીરો આગળ ધરવાથી આપણને મોટો લાભ થાય છે, એ પણ મને કબૂલ છે.

પણ આજે તો હું, તમે અને સામાન્ય માણસો જે સારૂં શરીર કરી શકવાનાં છીએ તેવા સારા શરીરની વાત કરવા હું આવ્યો છું.

સારા શરીરનું સૌથી પહેલું ચિન્હ તો એ કે તે શરીર જીવનમાં જરૂરી મહેનત કરી શકે. આપણા સાધારણ વ્યવહારમાં જે મહેનત મજૂરી આપણે કરવી પડે છે તે કરી શકે એ તેનું એક ચિન્હ. આજે તો આપણે ડગલે ને પગલે બીજાના શરીર પર આધાર રાખવો પડે છે. સ્ટેશને ઊતરીને આપણો સમાન ઉપાડવા માટે મજૂરને શોધવો પડે છે અથવા તો આપણી સ્ત્રીને માથે પેટી મૂકીને બડા સાહેબ થઇને આપણે ચાલીએ છીએ. શરીર સારૂં હોવું તે માત્ર શોભા માટે કે રૂપાળા દેખાવા માટે નથી; જીવતરમાં શરીર કામ આપી શકે એટલા માટે શરીર સારૂં જોઇએ.

ઉપરાંત, આપણું શરીર કસાયેલું હોવું જોઇએ. કેટલાક લોકોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરો આમ બહુ સારાં લાગે, હાડમાંસ પણ ઠીક ઠીક હોય; પણ એ શરીરને કસાવું પડ્યું ન હોય એટલે કસાવાનો વખત આવે ત્યારે એ ભાંગી પડે. શરીરને મુશ્કેલીઓમાં કસ્યું હોય તો જ શરીરની તાકાત વધે છે, ને શ્રમ સહન કરતાં કરતાં શરીર વધારે દૃઢ થાય છે.

પણ શરીરનો સૌથી મોટો આધાર તો મન પર છે. શરીર ગમે તેટલું મજબૂત હોય, શરીર ગમે તેટલું કસાયેલું હોય, પણ એ શરીરના અવયવો પર મનનો પૂરો કાબૂ ન હોય તો એ શરીર આખરે નકામા જેવું છે. શરીર વાસ્તવિક રીતે તો એક સાધન છે, મન શરીરના સાધનને વાપરી શકે એટલી મનમાં તાકાત ન હોય તો સારૂં. શરીર પણ શા કામનું ? સામાન્ય રીતે આપણી એવી માન્યતા હોય છે કે બળવાન શરીરવાળો આદમી બીતો નથી. પણ આપણો સૌનો અનુભવ આપણુને જુદું કહે છે, ઘણા બળવાન શરીરવાળા લોકોનાં મન એટલાં બધાં બીકણ હોય છે કે ન પૂછો વાત ! અખાડાબાજ શરીર પોતાની અંદર બીકને સંઘરી શકે છે એમ આપણે ઘણી વાર જોઇએ છીએ એટલે હું કહું છું કે બળવાન શરીરની સાથે તેનો ઉપયોગ કરનારં મન પણ બળવાન હોવું જોઇએ, નહિતર એકલું બળવાન શરીર કોઈપણ કામનું નથી. આ દૃષ્ટિથી જોતાં આજે આપણાં શરીરો તદ્દન નમાલાં છે એમ જ કહેવું જોઇએ. પણ એથીયે આગળ ચાલીને એમ પણ કહેવું જોઇએ કે સારાં શરીર કરવા તરફ આપણું ધ્યાન સુદ્ધાં ગયું નથી. આપણે તો શરીરનો કૂચો કરીને જેમ તેમ જીવી લેવામાં જ જીવનનું સાર્થક માન્યું છે. જે વિદ્યાર્થીઓ શરીર પર જરા વધારે ધ્યાન આપે, અથવા તો નાચે કૂદે ને શરીરને મજબૂત બનાવે તેમને રખડાઉ કહીને ડાંભવા સુધી જતાં આપણુને આંચકો નથી લાગતો. મારા પોતાના વિદ્યાર્થીજીવન તરફ નજર નાખું છું ત્યારે મને લાગે છે કે હું આ કહેવાતા રખડાઉ લોકો કોલેજનાં વ્યાખ્યાનોમાં ધિંગામસ્તી કરતા તેમનો દ્વેષ કરતો અને તેઓ ભણતા નથી એવો આક્ષેપ કરતો. હજી આજે પણ શિક્ષકોને અખાડાની તથા બોય સ્કાઉટ હિલચાલની સૂગ છે, એની પાછળ આ કારણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં સુધી શરીર તરફની આ બેદરકારી તથા સૂગ દૂર ન થાય ત્યાં સુધી આપણા વાતાવરણમાં શરીરોને સુધારવાનો પવન આવવાનો નથી. એક વખત આત્મદેવના મંદિર સમું આ શરીર સારામાં સારૂં થવું જ જોઇએ, ને એ પ્રમાણે ન થાય તો આપણે દેવનો દ્રોહ કરીએ છીએ એવી હવા ઊભી થાય પછી જ શરીરો તરફની આપણી દૃષ્ટિમાં ફેર પડવાનો છે.

હવે આપણે શરીરને સારૂં કરવાના પ્રયાસો તરફ વળીએ. વાસ્તવિક રીતે તો જે શરીરને આપણે જાતમહેનત કરીને દરરોજ વાપરતા રહીએ તે શરીર સારૂં રહે જ. આપણા જીવનમાં રીતસરની શરીરની મહેનતને નિયમિત સ્થાન મળવું જ જોઇએ. માણસ પોતાના રોજના વ્યવહારમાં પરસેવો ઉતારતો બંધ થયો ત્યારથી શરીરની કમબખતી બેઠી છે. જ્યારે માણસને પરસેવો ઊતરે એવાં જીવનવ્યવહારનાં કાર્યો કરવાં બંધ પડે છે ત્યારેજ તેને બીજે કોઇમાર્ગે પરસેવો ઊતારીને શરીરને મજબૂત બનાવવું પડે છે. આપણાં કુસ્તીગૃહોને અખાડાઓ એ આવા પ્રયત્નો છે. મને પોતાને પૂછો તો હું તો કહું કે આપણે ખૂબ મહેનત કરો, પણ આપણી મહેનત એળે જવી ન જોઇએ. આપણે ખાલી હવામાં મગદળ ફેરવીએ તેના કરતાં પાવડો કોદાળી લઇને જમીનમાં ખોદીએ, વાવીએ એ મને વધારે ગમે. હું પોતે તો ચોક્કસપણે માનું છું કે માણસ માત્રે થોડી ઘણી ઉત્પાદક મહેનત કરવી જોઇએ. એમાં જ માનવજાતનું શ્રેય છે.

પણ ઘણી વાર એવો માર્ગ શક્ય નથી હોતો. મોટાં શહેરોમાં વિદ્યાર્થીઓ ધારે તો પણ ઉત્પાદક શ્રમને સ્થાન આપી શકતા નથી. આવે પ્રસંગે આપણે કસરતો કરીએ અને અખાડા જમાવીએ એ હું બરાબર સ્વીકારૂં. ઉપરાંત કેટલાક લોકોનું માનસ જ અખાડા માનસ હોય છે; કેટલાક લોકોને અમુક અવયવને ઠેકાણે લાવવા માટે અમુક વિશિષ્ટ પ્રકારની કસરતની જરૂર હોય છે. આ સર્વ લોકો માટે કસરત અખાડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ એક પ્રકારનું અનિવાર્ય ઓસડ છે. અને એ રીતે તેનું સેવન થવું જ જોઇએ.

પણ શરીરને સારૂં બનાવવામાં સૌથી મોટો ફાળો તો રમતોનો છે. રમતો વિષે વિસ્તારથી બોલવાનો આ પ્રસંગ નથી, પણ મારે કહેવું જોઇએ કે રમતોને આપણાં જીવનમાં આજે છે તેથી ઘણું વધારે સ્થાન મળવું ઘટે છે. આજે આપણી રમતો પણ સુકાઇ ગઇ છે; અને રહી છે તે પરદેશથી ઉચકી આણેલી ને આપણને ભાગ્યેજ પોસાય તેવી જૂજબાજ. જુવાનીનો ઉલ્લાસ, જુવાનીની મસ્તી, જુવાનીના ધીંગાણા, જુવાનીની રખડપટ્ટી, જુવાનીની ભાંગફોડ આ સર્વ આપણે આજે ગુમાવ્યાં છે. અને તેને પરિણામે આપણાં જીવતર લૂખાં થયાં છે.

પણ શરીરને સારૂં કરવામાં જેટલો આ બધાં તત્ત્વોનો ફાળો છે તેટલો જ બલકે તેથી વધારે ફાળો જીવનની શાંતિ ને સુમેળનો છે. આજે આપણી ચોમેર ગડબડ ને અશાંતિનું સામ્રાજ્ય ચાલી રહ્યું છે. તેવે વખતે આપણું મન અને ઇંદ્રિયો તંગ જ રહ્યા કરે એ સ્વાભાવિક છે. આવા તંગપણાને લીધે આપણે જીવનમાં આજે શાંતિ અનુભવતા નથી. અને માણસ થાકે છે ત્યારે એકદમ ભાંગી પડે છે; કારણ કે આખા દેહને ધક્કો લાગે છે ત્યારે ધક્કાની સામે ટકવાની તાકાત કેળવાઈ નથી. આવી તાકાત કેળવવા માટે દરેક માણસે જીવનમાં શરીરને આરામ (Repose) આપતા શીખી જવું જોઇએ. મહેનતની, કસરતની, રમતોની અને એવી જ પ્રવૃત્તિની જેટલી જરૂર છે તેટલી જ જરૂર આવા આરામની છે. શરીરને આવો આરામ આપવાની કળા છે, અને તે હાથ કરવી હોય તો કરી શકાય છે. જે લોકો પાસે એ કળા નથી એ લોકોનાં શરીરો ક્યારે તૂટી પડશે તે કહી શકાય નહિ. જગતના મહાપુરુષો, વિજ્ઞાન-શાસ્ત્રીઓ, સંગીતશાસ્ત્રીઓ, ચિત્રકારો વગેરેમાં શરીરને આવો આરામ આપવાની આ કળા આવી ગઇ હોય છે. આપણે પણ તેને પામી લેવાનો પ્રયત્ન કરવો જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો વિષય પૂરો થાય છે. જુવાનોનાં શરીરો એ તો દેશની સાચી સમૃદ્ધિ છે. ભારતનાં સંતાનોનાં શરીરો આપણાં જેવાં હોય તો આ શરીરોથી આપણે માતાની શી સેવા કરવાના હતા ? આપણા દેહથી તો ભારતમાતા લાજે એવું છે. આપણે સૌ શરીરો તરફની આવી અક્ષમ્ય બેદરકારીને ફગાવી દઈએ ને શરીર સારા બનાવવાના આ અખાડા જેવા પ્રયત્નોમાં આપણો ફાળો આપીએ.

(૧૯૩૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૂલી કેળવણી

છાત્રાલયો મુખ્યત્વે બે પ્રકારનાં છે. એક તો શાળા મહાશાળાઓના અભ્યાસને એ અભ્યાસની રીતે જ મદદ કરવા માટે સ્થાપેલાં, અને બીજાં શાળા મહાશાળાઓના અભ્યાસમાં જે ઊણપો રહે છે તે ઊણપોને દૂર કરવા માટે સ્થપાએલાં. આ બન્ને પ્રકારનાં છાત્રાલયોને ઘણી વાર એક બીજાથી જૂદાં તારવવાં સહેલાં નથી; કારણ કે ઘણી વાર તો કોઇ પણ ચોક્કસ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને જ આપણે છાત્રાલયો કાઢતા જ નથી.

છતાં આ બે પ્રકારો આપણી સન્મુખ પડ્યા છે. જે છાત્રાલયો શાળાના અભ્યાસને સીધી રીતે કે આડકતરી રીતે મદદ કરવા માટે સ્થપાયાં છે તેમને તો આપણે કશું કહી શકીએ નહિ. આવાં છાત્રાલયો તૈયાર કરાવે તો પોતે પણ છાત્રાલયમાં શાળાનાં લેસનો જ ચલાવે છે, ઘરના પાઠો છે અને ઘેર શિક્ષક રાખ્યો હોય તેવી રીતે ગૃહપતિ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદ કરે છે. આવાં છાત્રાલયો માટે આપણે કશું કહેવાનું નથી. માત્ર એટલું જ કે જ્યાં શાળાનો ચીચોડો આજે વિદ્યાર્થીઓને ઠીક ઠીક નીચોવી રહ્યો છે ત્યાં આ મદદનીશ ચીચોડો ન રાખ્યો હોય તોય કંઇ ખોટું નથી. આથી વધારે કહેવાનો આપણને અધિકાર નથી.

પણ જે છાત્રાલયો શાળાના અભ્યાસની ઊણપોને પૂરવા માટે નીકળ્યાં છે, જ્યાં શાળાના બૌદ્ધિક અભ્યાસની પૂર્તિઓ–શારીરિક કેળવણી, ધાર્મિક કેળવણી, સામાજિક તાલીમ બગેરેનો પ્રબંધ થાય છે, તે છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની આર્થિક કેળવણીનો પ્રશ્ન વિચારવા જેવો છે. આપણે વિદ્યાર્થીઓની શારીરિક કેળવણીનો વિચાર કરીએ, તેમની માનસિક કેળવણીનો વિચાર કરીએ, તેમણી આધ્યાત્મિક કેળવણીનો વિચાર કરીએ, તો તેમની આર્થિક કેળવણીનો વિચાર કેમ ન કરીએ ? આજની પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષામાં બોલીએ તો જગતનો સમાજ, કલા, સાહિત્ય, ધર્મ, સંસ્કૃતિ વગેરેનો મુખ્ય આધાર જગતના અર્થશાસ્ત્ર પર છે. એટલે કોઈ પણ કેળવણીની યોજનામાં અર્થનો વિચાર અનિવાર્ય છે.

આપણી શાળા મહાશાળાઓ કોના પૈસાથી ચાલે છે તે ભલે વિદ્યાર્થીને વિચારવાનું ન હોય, આપણાં છાત્રાલયો કોના પૈસાથી ચાલે છે તે ભલે તેમને જોવાનું ન હોય; પણ જે સંસ્થામાં વિદ્યાર્થી પડ્યો છે તે સંસ્થામાં જ એવી કોઇ ચોક્કસ યોજના હોવી જોઇએ કે જેથી વિદ્યાર્થી દ્રવ્ય ઉત્પાદનમાં જાતે જ નાનો એવો સક્રિય સાથ આપે. છાત્રાલયની સંસ્થાઓ આજે જે રીતે ચાલે છે તેમાં આપણે ત્યાંનો મોટો ભાગ તો દાન પર નભે છે; અને દાન પર નભનારી આ સંસ્થાઓ આજકાલ તો વિદ્યાર્થીઓમાં એક પ્રકારની હરામ વૃત્તિ પણ ઊભી કરે છે એવો ઘણા લોકોનો અનુભવ છે. પણ આ વાતને બાજુ પર મૂકીએ તો પણ દરેક છાત્રાલય પોતાને આંગણે કોઈ પણ નાની એવી ઉત્પાદક પ્રવૃત્તિ કરે, અને એ ઉત્પાદનમાં એકે એક વિદ્યાર્થીનો હિસ્સો હોય. હું જાણું છું કે આજે કેટલાંક છાત્રાલયો રેંટીઆ ચલાવે છે, કેટલાંક છાત્રાલયો પોતાની જગ્યામાં નાનાં નાનાં ઝાડ વાવે છે; પણ હું તો આ બધી પ્રવૃત્તિઓ શોખની સાથે કમાણી આપે એવી રીતે ચલાવવાની હિમાયત કરૂં છું. કારણ કે વસ્તુઓ ઉત્પન્ન કરવી, એ ઉત્પન્નને બજારમાં વેચવું અને તેના મૂલ્યને આંકીને પોતાની મેહેનતને બજારને ભાવે આંકવી, આ આર્થિક કેળવણી દરેક માણુસને માટે જરૂરી છે. એની શરૂઆત આપણે છાત્રાલયમાં સરસ રીતે કરી શકીએ છીએ. મારો કહેવાનો અર્થ તો એ છે કે દરેકે દરેક છાત્રાલયે આર્થિક ઉત્પન્નનો આવો એક પોતાનો પ્રબંધ કરી જ લેવો, ને એ પ્રબંધમાં વિદ્યાર્થીઓને સામેલ કરવા. કોઇ છાત્રાલય ઉત્પન્નને નજર સામે રાખીને કાંતે, કોઈ છાત્રાલય એ દૃષ્ટિએ કેળ–પોપૈયા વાવે, કોઇ છાત્રાલય એ દૃષ્ટિએ ઢોરોને પાળે, કોઈ છાત્રાલય શીવણકામ ચલાવે, પણ હાથપગ ચલાવીને દ્રવ્ય મેળવવાનો નાનો શો ધંધો દરેક છાત્રાલયે દાખલ કરવો જોઇએ. આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધંધાથી આર્થિક કેળવણીનો ઉકેલ તો આવશે જ, પરંતુ આજે આપણી શાળાઓમાં હાથપગ ચલાવવાની કેળવણીનો જે તદ્દન લોપ થયો છે તે પાછો જામશે. એમ થતાં વિદ્યાર્થીઓના જીવનમાં હાથ-પગ ચલાવવાથી માનવ જીવનની ખુમારી અનાયાસે ઉતરી જશે. મારો પોતાનો આગ્રહ તો દરેક છાત્રાલયમાં વિદ્યાર્થીઓ કાંતવાવણવાનો ધંધો આ રીતે ઉપાડે એ જ છે; પણ છાત્રાલયો પોતાના અને પોતાના વિદ્યાર્થીઓના માનસને વધારે ફાવે એવો કોઈ ઉદ્યોગ સ્વીકારે તો મને વાંધો નથી.

પણ આવા કોઇ પ્રબંધને અભાવે આજે આપણી કેળવણી લૂલી રહે છે એમાં મને પોતાને શંકા નથી.

(૧૯૩૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોકખું પાણી

ચોકખું પાણી એ છાત્રાલયનો એક પ્રશ્ન; ખાસ તો એટલા માટે કે છાત્રાલયમાં વિદ્યાર્થીઓનો સમૂહ મોટો, અને ઉપરાંત આજે આપણું માનસ માટે ભાગે આવી આવી વાતોમાં જોઈએ તેવું આગ્રહી નથી રહ્યું. આપણા સમાજે શૌચાચારના ઘણા સુંદર નિયમો ઘડ્યા છે, પણ એ નિયમોનું પાલન કરનાઓએ એમનું જડ પાલન કર્યું અને આખાયે આચારધર્મમાં અતિશયતા ઊભી કરી; એટલે કેળવાયેલ જુવાન સમાજે આખા શૌચાચારને બારીએથી ફગાવી દીધો, અને આજે હજી આપણે એ શૌચાચારની દશા પર હસીએ પણ ખરા!

પણ શૌચાચારની આ દશા કરવાથી આપણને જેમ લાભ થયો છે, તેમ નુકશાન પણ થયું છે. આપણે મરજાદી લોકોના વહેમોમાંથી છૂટ્યા એ મોટો લાભ; આપણે પાણી ઢોળવાના ખોટા આચારમાંથી છૂટ્યા એ મોટો લાભ; આપણે આભડછેટના તૂતમાંથી બહાર નીકળ્યા એ મોટો લાભ. પણ સાથો સાથ આપણે મેલા ચોખ્ખાનો ભેદ ગુમાવ્યો એ નુકશાન; આપણે સ્વચ્છ અને અજીઠનો ભેદ ભૂલ્યા એ નુકશાન; આપણે માત્ર દેખાવની સ્વચ્છતાને સ્વીકારી એ મોટું નુકસાન, આપણો ઘરનો રોટલો છોડી બજારના સેવ ગાંઠિયા પર ચડ્યા, પાણી છોડી સોડા પર ચડ્યા, ગમે તેવું ગમે ત્યાંથી મોંઢામાં નાખતાં સંકોચ ન રહ્યો એ નુકશાન અને આ માનસ આજે એટલી હદ સુધી ગયું છે કે આપણે પોતે જે પાણી પીએ છીએ તે ચોખ્ખું છે કે કેમ તેનો વિચાર સરખો પણ આપણે કરતા નથી!

છાત્રાલયમાં સંખ્યા રહી મોટી. સ્વામીનારાયણના સંપ્રદાયના સાધુઓની માફક એવો રિવાજ હોય કે દરેક જણ પોતાનો કળશો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદો રાખે, એક ગરણું રાખે અને પાણી પીવું હોય ત્યારે ગળ્યા વિના ન જ પીએ, તો ઠીક. આજે તો આપણે Common towel ના માનસ ઉપર છીએ. કળશા તો કહે ક્યાં જુદાજુદા વાપરીએ ? બે ચાર મૂકો એટલે સૌ પાણી પીશે. છાત્રાલયમાં ગોળા રોજ વીંછળાય છે કે કેમ તે પ્રભુ જાણે ? આપણે તો પાણી જોઇએ: કોઇનું ભરેલું પાણી જોઇએ અને તકલીફ વિના જોઇએ !

આને લીધે આજે સારાં સારાં ગણાતાં છાત્રાલયોમાં પણ પાણીની સ્વચ્છતા પર પૂરતું લક્ષ અપાતું નથી. રસોયા લોકો રસોડમાં પાણી વાપરે છે તે ચોખ્ખું છે કે કેમ તે કોણ જુએ છે.? અંગ્રેજ લોકોની માફક આપણે તો ટેબલ પર લિજ્જતદાર વાનીઓ આવવી જોઇએ એવું આપણું મન છે. ખાવામાં ભલેને એકલો રોટલો આવે પણ સ્વચ્છ રીતે તૈયાર થયેલો હોવો જોઇએ એવું આપણું મન નથી.

છાત્રાલયના ચાલકોએ આ બાબત પર ધ્યાન આપવું ઘટે છે. જૂના લોકોના વહેમથી નહિ પણ આજની દાક્તરી દૃષ્ટિથી પાણી જેવું ચોખ્ખું હોવું જોઇએ તેવું આપણે કાં ન રાખીએ? અને એવું ચોખ્ખું પાણી મેળવવા માટે જે સમય અને શક્તિ ગાળવાં પડે તે ઓછાં જ ગુમાવ્યાં કહેવાય ?

મને તો લાગે છે કે આજે આપણે આપણા સમગ્ર આચારધર્મને નવેસરથી વિચારવો ઘટે છે, અને તેનો અમલ આપણાં છાત્રાલયોમાં શરૂ કરવો ઘટે છે. આપણું ઉત્થાન, આપણો દાતણવિધિ, આપણો મળ-મૂત્રત્યાગ, આપણું સ્નાન, આપણો આહાર, આપણો એંઠવાડ, આપણી રસોઇ, આપણા ચા–ગાંઠિયા, આપણા નાસ્તાપાણી, આ બધાયને આપણે આજથી નવી દૃષ્ટિથી તપાસવાં જોઇએ. આપણો આજનો વ્યવહાર તો જૂના શૌચાચારનો પ્રત્યાઘાત છે. પણ હવે તો નવેસરથી એ બધાયને તપાસવાનો વખત આવી લાગ્યો છે.

આપણા દાક્તરો અને આપણા સમાજસેવકો આ બાબતમાં સારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંત્રણા કરે તો સમાજને ઘણો લાભ થાય. આ પ્રમાણે થશે પછી સમાજની સ્ત્રીઓ પોતાનાં બાળકોને સડક પર દિશાએ જવા નહિ બેસારે; આવું થશે પછી આપણા શહેરીઓ સરિયામ રસ્તાઓ પર પેશાબ કરવા નહિ બેસે; આવું થશે પછી આપણા જુવાનો ચહાની હોટલમાં ચહા નહિ પીએ, આવું થશે પછી આપણે આજના બજારમાં વેચાતા સેવગાંઠિયા નહિ ખાઇએ; પછી આપણે આજે ઊભા કરીએ છીએ એવા ઉકરડા ઊભા નહિ કરીએ. આવું થશે પછી આપણા જીવનમાં આપણે ઘણુંખરૂં પરિવર્તન કરશું એમાં શક નથી.

(૧૯૩૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેક્રેટરી વિ૦ ગૃહપતિ

છાત્રાલય જેવી સંસ્થામાં સેક્રેટરી અને ગૃહપતિની તકરારો તો જગજૂની છે. એ તકરાર પાછળ તો સત્તાનો મોટો સવાલ છે. અને સત્તા કોને વહાલી નથી ?

પણ જે લોકો કોઈ પણ પ્રકારની સેવા કર્યા વિના જ સત્તાનો લોભ રાખે છે તેઓ ભારે મોટી ભૂલ કરે છે. જે લોકો સેવા કરે છે તેમના હાથમાં એ સેવાને અંગે અમુક સત્તાની જરૂર છે. એટલી સત્તા કદાચ આપવામાં ન આવે તો ઘણીવાર સેવા વાંઝણી રહી જાય છે.

આપણી સંસ્થાઓમાં સાધારણ રીતે સેક્રેટરી બહારનો વહીવટ કરે છે અને ગૃહપતિ અંદરનો વહીવટ કરે છે. આ બંને વહીવટોને એક બીજાની સાથે નિકટનો સંબંધ છે. એટલે સેક્રેટરી અને ગૃહપતિની વચ્ચે બરાબર મેળ ન હોય તો સંસ્થાના બહારના વહીવટમાં તેમજ સંસ્થાના અંદરના વહીવટમાં નિરંતર ખડખડાટ રહ્યા જ કરવાનો. અને આપણાં છાત્રાલયોમાં બને છે પણ એવું જ.

સેક્રેટરી ઘણી વાર ભૂલી જાય છે કે વિદ્યાર્થીઓને કેળવણી આપવાની સંસ્થાનો હું સેક્રેટરી છું એટલે ખુદ કેળવણીનો જ નાશ થાય એવું વર્તન રાખવું મને ન શોભે. વસ્તુસ્થિતિ એવી છે કે વિદ્યાર્થીઓની કેળવણીમાં ખલેલ આવે તેનું જોખમ નથી સેક્રેટરીને કે નથી ગૃહપતિને. એથી જ બન્ને સામસામા પોતાની સત્તાના લોભથી લડે છે અને કેળવણીની સંસ્થાને મોટું રણમેદાન બનાવી મૂકે છે. આજે આપણે કેટલીય સંસ્થાઓમાં સેક્રેટરીઓને ગૃહપતિના માર્ગમાં દખલ કરતા જોઈએ છીએ.

અને જેવું છાત્રાલયના વહીવટનું તેવું જ શાળાના વહીવટનું. આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળામાં પણ ઘણે ભાગે સેક્રેટરી અને શિક્ષકોની વચ્ચે આવી જ લડાઇઓ ઊભી છે. સેક્રેટરીઓનો ધર્મ છે કે તેમણે સારા યોગ્ય ગૃહપતિને શોધી લેવો. સારા ગૃહપતિની શોધ પાછળ ખર્ચ કરવો પડે તો કરવો. આવી શોધમાં પોતાની સત્તાનો વિચાર ન કરતાં વિદ્યાર્થીઓના ભલાનો જ વિચાર કરવો. અને આવો ગૃહપતિ મળ્યા પછી અંદરના વહીવટની તમામ લગામ તેને સોંપી દેવી. સેક્રેટરીઓ ગૃહપતિને કેળવણીની જવાબદારી સોંપે છે અને છતાંય અંદરના વહીવટમાં સમજ્યા વિના દખલ કર્યા કરે છે. એની સામે જ ગૃહપતિઓનો મોટો વિરોધ હોય છે. આપણા સેક્રેટરીઓ વ્યવહારથી માણસો હોય છે. તેઓ મોટા મોટા વેપાર ખેડનારાઓ હોય છે, વેપારી આલમમાં સત્તાની વહેંચણી કેવી રીતે કરવાથી વેપાર સારો ચાલે તે બરાબર તેઓ સમજે છે. અને છતાંય આવી સંસ્થાઓના વહીવટમાં એ જ દૃષ્ટિ તેઓ કેમ રાખતા નથી એ નવાઇ જેવું છે.

(૧૯૩૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું આપણા સેક્રેટરીઓ માટે.

ગૃહપતિભાઇઓએ પણ ઘણું વિચારવાનું રહે છે. આપણે જુવાન ગૃહપતિઓ આપણા કામની અંદર કોઇની દખલગીરી ન ઇચ્છીએ એ હું સમજી શકું છું, પરંતુ આવી દખલગીરીની સામે થતાં પહેલાં આપણે આપણી સેવાથી સંસ્થામાં આપણો હક્ક તો ઊભો કરવો જ જોઇએ. કાલ સવારના આપણે ઊડતા પંખીની માફક એક સંસ્થામાં આવ્યા, અને આવ્યા પછી બીજી જ મિનિટે આપણી સ્વતંત્રતાનો પોકાર ઉઠાવીએ તો કોણ આપવાનું છે? જે લોકો સંસ્થાની સેવાથી, સંસ્થામાં મૂળીયાં નાખ્યાં પહેલાં જ પોતાના હક્કો અને સત્તાઓનીં વાતો કરે છે તેઓ જીવનમાં ખત્તા ખાય છે. બીજાઓ આપણાં કામની વચ્ચે દખલગીરી ન કરે એમ કરવું હોય તો એ દખલ કરનારા સેક્રેટરી ઉપર આપણે કામ કરવું જોઇએ. વળી એ સેક્રેટરી વિશ્વાસથી આપણને સાંભળવા તૈયાર હોય તો તે આપણી વાત આજે સ્વીકારે કે બે વર્ષે સ્વીકારે એ બાબતને નાહક બહુ મહત્વ ન આપીએ. હા, સેક્રેટરીને આપણામાં વિશ્વાસ જ ન હોય તો તો એને છોડીને આપણે બીજું કોઈ સ્થાન શોધી લઇએ.

પણ આપણે ગૃહપતિઓ સંસ્થાને છોડવાની હિંમત ધરતા જ નથી; એટલું જ નહિ પરંતુ સંસ્થામાં રહ્યા રહ્યા વિદ્યાર્થીઓના અંદર સેક્રેટરી તરફ અસંતોષ ઊભો કરીએ છીએ અને તે પણ ઘણી હલકી રીતે. આપણું છાત્રાલય જાહેર સંસ્થા હોય અને જાહેર સંસ્થાના કલ્યાણને માટે આપણને સાચી જ દાઝ હોય તો સંસ્થામાંથી છૂટા થઇને આપણે છાત્રાલય સામે બેશક મોરચા માંડીએ. પણ સંસ્થાના ગૃહપતિપદ પરથી, સંસ્થાના સેક્રેટરી સામે અસંતોષ કેળવીએ એ કોઇપણ માનવીને શોભે તેવું નથી.

આપણે ગૃહપતિઓએ આ વાત પૂરેપૂરી સમજવાની જરૂર છે. આપણે આજે કેટલાય છાત્રાલયોમાં આ વસ્તુ કરી રહ્યા છીએ.

(૧૯૩૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નટખટ વિદ્યાર્થી

દરેક છાત્રાલયમાં થોડાક નટખટ વિદ્યાર્થીઓ હોય છે. અને હોય છે એ સારૂં છે. સંસ્થામાં એવા નટખટો હોય એટલે નાના મોટા, સારા નરસા પ્રસંગો ઊભા કર્યા કરે, છાત્રાલયની હવા ગતિમાન રહે અને સારા વિદ્યાર્થીઓની સારાઇને કસોટીમાંથી પસાર થવાનો લાભ મળે.

આવા નટખટ લોકોને ગૃહપતિએ તરતજ ઓળખી લેવા જોઇએ. આવા નટખટ વિદ્યાર્થીઓ ભારે હોશિયાર હોય છે, તેમની બુદ્ધિ ઘણી ચાલાક હોય છે, સંસ્થાના તમામ નિયમો તેમને મોઢે હોય છે, ગૃહપતિનાં પ્રવચનોમાંથી તેમને ઘણાં વાકયો યાદ હોય છે; અને આ બધી શક્તિ એકઠી કરીને તેઓ પ્રસંગે શોધીને ગૃહપતિને તેમજ વિદ્યાર્થી-ઓને ભારે મૂંઝવણમાં મૂકી દે છે.

ગૃહપતિએ આ લોકોને પારખી લેવા, અને છતાં તેમના દુશ્મન ન થવું. આવા લોકો જ્યારે છાત્રાલયની વ્યવસ્થામાં અનેક અડચણો ઊભી કરે છે ત્યારે ભલભલા ગૃહપતિને પણ ઘડીભર તો એમ થાય છે કે એમને ડિસમિસ કરીએ એટલે નિરાંત થાય. અને જ્યારે આવા લોકોની સંખ્યા ઘણી મોટી હોય અથવા તો તેમના સુધારા માટે આશા જ ન હોય ત્યારે તો તેમને રજા આપવી એ યોગ્ય પણ છે.

નહિતર આવા લોકોને ઓળખી લીધા એટલે એ લોકોનાં હથિયાર હેઠાં પડે છે. પોતાની યુક્તિ પ્રયુક્તિઓ અને નાના નાના કાવાદાવા ગૃહપતિ જાણે છે એટલું તેમને ભાન થાય કે તરતજ એ લોકોના હાથ હેઠા પડે છે. પછી ગૃહપતિ આ લોકોની શક્તિને સારે માર્ગે દોરી શકે. તેમની શક્તિ વાપરવાનાં ક્ષેત્રો તેમને આપે. તેમનાં મનની સાચી ખોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂંચો હોય તેને ચતુરાઇથી ઉકેલે. અને તેમનું સ્વમાન જળવાય એવી રીતે તેમને ખોટા માર્ગે જતા અટકાવે તો આ નટખટ લોકો જ ગૃહપતિના શક્તિવાળા પડખીઆ થઇને ઊભા રહે છે.

પણ નટખટ લોકોથી ગૃહપતિ મૂંઝાયો તો મર્યો સમજો. તેમનાથી મુંઝાઇએ તો તો એ માથે જ ચડી જવાના. પણ તેમ મુંઝાવાની જરૂર નથી, તેમજ તેમના પર વેર લેવાની પણ જરૂર નથી. કોઈ વિદ્યાર્થીને ગૃહપતિ પોતાનો દુશ્મન ન માને. એવી હલકી માન્યતાથી તો ગૃહપતિ હંમેશાં પર હોવો જોઇએ. વિદ્યાર્થી એટલે વિદ્યાર્થી, આપણો બાળક. કાઢી મૂકીએ તોપણ એ આપણો બાળક ક્યાં મટવાનો છે? એટલે આવા લોકોને અને તેમના નટખટવેડાને પારખવા, અને એ પારખી એ વિદ્યાર્થીઓને એ નટખડવેડામાંથી ઊંચા લેવા એ આપણું ગૃહપતિઓનું કામ.

જે ગૃહપતિ આવા વિદ્યાર્થીઓને વેરબુદ્ધિથી સકંજામાં લેવા જશે તે ખત્તા ખાશે. પોતાના ભાઇબંધોને પોતાના પક્ષમાં લઇ લેવાની કળા આ વિદ્યાર્થીઓ પાસે હોય છે. એક તરફ નટખટ પણ વિદ્યાર્થીઓ અને બીજી બાજુ ગૃહપતિ એવા બે પક્ષો હશે તો બાકીના વિદ્યાર્થીઓ નટખટ પક્ષમાંજ ભળવાના એમાં શક નથી. ઉપરાંત તકરારો ઊભી થાય છે ત્યારે સામાન્ય લોકો મોટે ભાગે નાના હોય તેમના પક્ષમાં સહેજે ભળી જાય છે. એટલે લોકમતને આ નટખટ લોકો ખેંચી જશે અને ગૃહપતિને ભોંય ભારે થઇ પડશે. આવે વખતે સંસ્થા આખી ઉથલી પડે એવું પણ બને છે, માટે ગૃહપતિએ આવા વિદ્યાર્થીઓ સાથે ચેતીને ચાલવું. અને કશું ન ફાવે તો છેવટે તેમને યુક્તિ પ્રયુક્તિથી રજા આપવી.

(૧૯૩૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વણનોંધ્યો ગૃહપતિ

એ જમાનામાં હજી આપણા કાઠિયાવાડમાં બોર્ડિંગોનો પવન શરૂ થયો ન હતો. દેવશંકર વૈકુંઠજી ભટ્ટ નામના એક પ્રશ્નોરા બોટાદની તાલુકાશાળાના મુખ્ય મહેતાજી, શરીરે ઠીક ઠીક લાંબા અને છેક જ દુબળા, રાતે દેખે ઓછું; માથે પ્રશ્નોરાશાહી પાઘડી, શરીરે અંગરખું, અને હાથમાં લાકડી. રાજકોટની ટ્રેનીંગ કોલેજમાં તેમજ રાજ્યના કેળવણી ખાતામાં તેમની કારકિર્દી ઘણી જ ઉજ્જવળ હતી.

દેવશંકર મહેતાજીનું ઘર એટલે વણનોંધી પ્રશ્નોરા બોર્ડિંગ. મહેતાજીને ઘરે જઇને જુઓ તો મેડી પર નાગરદાસ મઢડાકર કે પ્રભાશંકર પંડ્યા, ગિરજાશંકર પાઠક કે અંબાશંકર મહેતા, કોઇ ને કોઇ પડ્યા જ હોય. જે કેટલાક પ્રશ્નોરા મહેતાજીઓએ ભાવનગર રાજ્યના કેળવણી ખાતામાં અનેક રીતે ભાત પાડી છે તેમાંનો મોટો ભાગ દેવશંકર મહેતાજીને ઘેર ભણેલો. માસ્તરની મેડી એટલે પ્રશ્નોરાઓની ધર્મશાળા.

વિદ્યાર્થીઓ હાથે રાંધીને ખાય, પોતાનું તેમજ માસ્તરનું કામકાજ કરે અને દેવશંકર માસ્તર પાસે ભણે. દેવશંકર માસ્તરે કોઇ પણ દિવસ આ નાના વિદ્યાર્થીઓને પોતાના ન ગણ્યા હોય એવું નથી બન્યું. વિદ્યાર્થી માંદો પડે એટલે તેને માટે જમવાની સગવડ દેવશંકર માસ્તરનાં પત્ની કરે; વિદ્યાર્થીની ખબર કાઢવા માટે તેનાં માબાપ આવે એ દેવશંકર માસ્તરનાં મેમાન; વિદ્યાર્થીને કોઈ વાર આળસ થઈ આવે ત્યારે તેનો પાટલો દેવશંકર માસ્તરના રસોડામાં પડે; વિદ્યાર્થી એકલો હોઇ તે મૂંઝાય ત્યારે તેને હૈયાસરસો ચાંપીને મૂંઝવણ દૂર કરે દેવશંકર માસ્તર; વિદ્યાર્થીને પૈસાની તાણ પડે તો નગરશેઠને ઘેર જઇને તેને મદદ કરાવે દેવશંકર માસ્તર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવશંકર માસ્તરનાં પત્ની આપણાં સૌનાં પત્નીની માફક જ હાડ-ચામનાં ઘડેલાં. વિદ્યાર્થીઓનો હચમચાટ સહન ન થાય ત્યારે આકળાં થઈને બે કડવાં વેણ પણ બોલી જાય. વિદ્યાર્થીઓ આખરે તો વિદ્યાર્થીઓ, એટલે રીસાય પણ ખરા. આ બધાંયનું શાંતિસમાધાન કરવું ને જીવનને દોરેલા માર્ગથી ખસવા ન દેવું એ દેવશંકર માસ્તરનું જીવનકાર્ય.

એ જમાનામાં ગુરુ તરફનો પૂજ્યભાવ આજના કરતાં ઘણો વધારે. આ વિદ્યાર્થીઓ દેવશંકર માસ્તરનાં કપડાં ધોતા, અને તેમના પગ ચાંપતા, ઘરનું વાશીદું વાળતા, માસ્તરના છોકરાને હીંચકાવતા અને બજારમાંથી ચીજ વસ્તુઓ પણ લઈ આવતા. શરીરથી પણ ગુરુસેવા કર્યા વિના સાચી વિદ્યા ફળતી નથી એ માન્યતા એ દિવસોમાં ભૂંસાઈ ગઈ ન હતી. તેમ જ માંદા વિદ્યાર્થીનાં કપડાં ધોવામાં, મળમૂત્ર ઉસડવામાં ઘરનાં કોઈએ મોં મચડયું હોય એવું યાદ નથી.

અને છતાં દેવશંકર માસ્તરે વિચાર સરખો પણ ન કર્યો કે પોતે એક આદર્શ ગૃહપતિ તરીકે કામ કરી રહ્યા છે, યા તો કેળવણીના ક્ષેત્રમાં મોટી સેવા કરી રહ્યા છે. એ તો પોતાની રીતે જીવ્યે જતા હતા, અને એવા જીવનમાં જ એમને સંતોષ હતો.

આજે દેવશંકર માસ્તર પણ નથી અને આ વિદ્યાર્થીઓનો મોટો ભાગ પણ દેવ થયો છે. પણ એ જમાનાનો દેવશંકર માસ્તરનો કોઈ રહ્યો ખડ્યો સાથી હોય છે, તે એ દિવસને યાદ કરે છે ત્યારે તેની આંખ ભીની થયા વિના રહેતી નથી. અને આવો સાથી કોઈ કોઈ વાર આપણા આજના ગૃહપતિના શાસ્ત્ર પર અને શાસ્ત્રીય ગૃહપતિઓ પર એકાદ ફિક્કું હાસ્ય પણ ફેંકે છે ખરો.

(૧૯૩૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણી વિષયક પ્રશ્નોત્તરી

[તા. ૧-૫-૪૫-ને રોજ ગુજરાતમાં જુદાં જુદાં સ્થળેથી લગભગ ૭૦ શિક્ષકોનું જુથ શ્રી નાનાભાઈ ભટ્ટનો સંપર્ક સાધવા આંબલા મુકામે પહોંચ્યું. સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ, ઉત્તર ગુજરાત, પોરબંદર, મોરબી, વઢવાણ, કચ્છ વગેરે સ્થળોએ પ્રાથમિક શિક્ષણનું કામ કરનાર મુખ્ય મુખ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ ત્યાં ગયા હતા.

પ્રસ્તાવિક વિવેચન પછી પ્રશ્નોત્તરી થઈ હતી. પ્રશ્નોત્તરી દરરોજ લગભગ પાંચ કલાક ચાલતી. શ્રી. નાનાભાઇએ પોતાના અનુભવોના નિષ્કર્ષરૂપે જે ઉત્તરો આપ્યા હતા તે સૌ કોઇને માર્ગદર્શક બને તેવા હોઈ અહીં તેનો સાર આપ્યો છે.]

જીવનમાં જીવવાની યોજના.

(૧) વર્ધાયોજનાનું સામાન્ય સ્વરૂપ અમને જણાવો.

વર્ધાયોજના એ માત્ર કેળવણીની એક યોજના નથી, એ તો જીવનની ફિલસૂફી છે. વર્ધાયોજના એ બાપુની ચૌદ પ્રકારની જે રચનાત્મક પ્રવૃત્તિઓ છે તેનો કળશ છે. એ આખી કળાની ઇમારત એવી સુસંબદ્ધ ગોઠવાઇ ગઇ છે કે તેમાંથી કોઇ પણ એક ભાગ ઉઠાવીને તમે જુદા ચોકઠામાં ગોઠવો તો તે ભાગ પોતે પણ બેડોળ બને અને પેલું ચોકઠું પણ બેડોળ બને. એટલે જ સત્ય અને અહિંસાના પાયા પર જે નવા સમાજનું ચણતર ચણવાનું છે તેની એક પ્રવૃત્તિ તરીકે જ તેનું એક સ્થાન છે અને એ રીતે તે યોજના માત્ર 'વર્ગમાં શીખવવાની એક યોજના' નથી. પણ ' જીવનમાં જીવવાની યોજના ' છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) વર્ધા યોજના અને મોન્ટેસોરી પદ્ધતિની સુસંગતિ વિશે આપના વિચારો જણાવો.

મોન્ટેસોરી પદ્ધતિનાં જે તત્ત્વો છે તે મને અત્યંત આદરપાત્ર લાગે છે. એ પદ્ધતિની શાસ્ત્રીયતા અને બાળક પાસે વિષય ધરવાની શાસ્ત્રીય હથોટી વર્ધાયોજના પ્રમાણે હાથ-ઉદ્યોગોને ધરવામાં પણ બહુ જ ઉપયોગી છે. આપણા બાળકોને 'શું શીખવવું અને શું ન શીખવવું' તે શીખવા માટે આપણે બાપુ પાસે જઈએ; પરંતુ જે શીખવવાનું છે તે કેવી રીતે શીખવવું તે માટે આપણે મેડમ મોન્ટેસોરી પાસે જઈએ. મેડમની દૃષ્ટિ બાળજગતને આવરી લે છે; બાપુની દૃષ્ટિ આખા જગતને આવરી લે છે.

(૩) થોડા સમય પર અમદાવાદમાં જે મોન્ટેસોરી વર્ગ ચાલતો હતો તે વિશે આપનું શું મંતવ્ય છે?

તમે જાણો છો કે હું મેડમના તત્ત્વોનો આદર કરું છું એટલું જ નહિ પણ તેમને વધાવું છું. એમની રગેરગમાં બાળપ્રેમ ભર્યો છે. ઉપરાંત તેમની પાસે બાળકને કેળવવાની શાસ્ત્રીય કળા પણ છે. પણ જે ઉચ્ચ કક્ષાએ ઊભા રહીને મેડમ બાળકને જુએ છે અને તેને કેળવવાની વાતો કરે છે તે કક્ષાએ, અથવા તો તેથી નીચે ઊભા રહીને પણ મેડમની વાણીને સમજવાની આપણામાંથી કેટલાંની લાયકાત છે? એ વર્ગમાં દાખલ થએલાં સૌ ભાઈબહેનોની આવી લાયકાત હતી? મને તો એમ પણ લાગે છે કે મેડમ જેવાં બાળકેળવણીનાં નિષ્ણાતને ચરણે રૂપિયા ધરવા પડે તો ધરીએ, પણ તે એ માટે કે તેમનું શાસ્ત્રીય જ્ઞાન અને માનસશાસ્ત્રની દૃષ્ટિ તે આપણા ગરીબ બાળકો પર લગાડે અને તે બાળકોની કેળવણીની કૂંચી આપણા ખોળામાં નાખે. આપણા દેશના બાળકોનો પ્રશ્ન આપણા દેશની નવરચનાના પ્રશ્નથી છૂટો પાડીને કેવી રીતે ઉકેલવાના છીએ? માટે જ તેનો ઉકેલ ડૉ. મોન્ટેસોરી આપણા દેશમાં વસી આપણામાંના એક થઈને ઉકેલી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણો આદર્શ અને અન્યનાં સાધનોનો મેળ

(૪) મોન્ટેસોરી પદ્ધતિ આપણા દેશની કેળવણીમાં દાખલ કરવા વિષે આપ શું કહો છો ?

હું તો એ પદ્ધતિને આપણા જીવનનો જે સનાતન ગજ બાપુએ આપણને આપ્યો છે તેથી માપું. જો મેડમની પદ્ધતિમાં મને સત્ય અને અહિંસા દેખાય તો હું એને સોએ સો ટકા સ્વીકારું, એમ હશે, ત્યારે તો અહિંસા, અસ્તેય, આદિ બધાય ગુણો મોન્ટેસોરી શિક્ષકના આદ્ય-ગુણો ગણાશે.

બાળકેળવણીની પદ્ધતિ ગમે તે હોયઃ આપણા દેશની હો કે પરદેશી હો પણ હું તેને અહિંસા અને સત્યની એરણ પર મુકું અને જો ફટકિયા મોતીની માફક તે તૂટી જાય તો હું તેને શી રીતે સ્વીકારું ? માટે જ કહું છું કે આપણો આદર્શ વર્ધા પ્રમાણે રાખીએ અને તેની સાથે મેડમનાં સાધનો વગેરેનો થાય તેટલો મેળ રાખવા પ્રયત્ન કરીએ. પણ એ સાધનો ઉપરનું મેડમનું સ્વામિત્વ મને કોઇ રીતે બંધબેસતું ન લાગે. મેડમ પોતાની પદ્ધતિની શુદ્ધિ જાળવી રાખવા માટે જે centaralisatioN રાખવા માગે છે તે મને પોતાને તો એમના કેળવણીના સિદ્ધાંતોની વિરુદ્ધ જ લાગે છે.

વર્ધાયોજના માટે વર્ધાજીવન

(૫) શહેરમાં વર્ધાયોજનાનો અમલ કેવી રીતે થઇ શકે ?

સૌથી પહેલું તો એટલું જ કહું કે પ્રત્યેક શિક્ષકે બાપુ કહે છે તેવા આદર્શ આશ્રમવાસી કે માનવી તરીકે જીવતા શીખવું જોઇએ. તેના જીવનમાં એ પદ્ધતિનાં મૂળમાં પડેલ તત્ત્વો નહિ હોય તો માત્ર શાળાની ચાર દીવાલોમાં એ પદ્ધતિને ઊભી નહિ કરી શકાય. શહેરોમાં આપણે આપણી શાળાઓમાં જાતમહેનત અને ઉત્પાદક ઉદ્યોગને શરૂ કરી શકીએ છીએ. પણ જો આપણે પોતે એવું શ્રમજીવન નહિ જીવતા હોઇએ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલ કરવાની આપણી યુક્તિપ્રયુક્તિઓ એળે જવાની છે એમ સમજજો. વર્ધાશિક્ષણ તો આખા રાષ્ટ્રના દેહને બદલાવી નાખવા ઇચ્છે છે, એના સિદ્ધાંતો ઘરમાં કે રસોડા સુધી પહોંચશે ત્યારે જ એની સાર્થકતા થશે. એની સફળતા શિક્ષકના પોતાના જીવન પર અને તેની શ્રદ્ધા પર છે, પણ હું એક પ્રશ્ન પૂછું છું કે આપણે આ કાર્ય આજે નહિ તો ક્યારે ઉપાડીશું ? આપણું પુણ્યપર્વ તો આજે છેઃ ઉપરાંત, આપણે કેળવણી પાછળ આટલા બધા શા માટે પડ્યા છીએ એ જ હું તો સમજતો નથી આજ સુધી શહેરોમાં જીવનની ફેશન શ્રીમંતો ઊભી કરે છે તેના બદલે આજે આપણે વર્ધાદૃષ્ટિએ નવી ફેશન ઊભી કાં ન કરીએ ? નાની વીગતો આજે હું તમને નથી આપતો પણ આપણે જ્યાં પડ્યા હોઇએ ત્યાં આ જાતનું વર્ધાજીવન ગાળીએ તો વર્ધાયોજના અર્ધી તો આપોઆપ જ ઊભી થઇ જશે.

ગામડાંમાં પ્રજાની ભીંસ

(૬) ગામડાંનો આપનો અનુભવ કેવો છે ?

ગામડાંનું જીવન આજે સાવ ઊતરી ગયું છે. તે ગરીબ પ્રજા રાજકીય, આર્થિક અને સામાજિક દબાણો વચ્ચે એવી તો ભીંસાઇ ગઇ છે કે એનો આત્મા આપણને જડવો મુશ્કેલ છે. કોઇ ખેતરમાંથી આપણે દર વર્ષે પાક ખાઇએ પણ એના બદલામાં તેમાં ખાતર પૂરીએ જ નહિ તો તે ખેતર જતે દિવસે કેવું થાય ? આવું આપણાં ગામડાંઓનું થયું છે. એટલે આજે તો ગામડાંનાં ભાઇબહેનો, ગામમાં કોઇ નવો માણસ આવે કે તુર્ત જ તેને બીકની કે અવિશ્વાસની નજરે જુએ છે. કારણ કે તેણે વર્ષો થયાં કોઇ સારા આદમીને આવ્યો જોયો નથી. જે આવ્યો છે તે ધનિક થઇને આવ્યો છે અને ધનથી જ ટક્યો છે. આવનાર સૌએ ગામડાંને ભયમાં ને ભયમાં જ રાખ્યું છે, તેમાં જે કોઇ નવો આવે તે નવો ભય લાવશે એમ લોકો માને તો એમનો શો દોષ ? મારી પણ એવી જ દશા થઇ છે, એમ કહી શકું. મને આવતાં ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવડયું. હું દક્ષિણામૂર્તિના નિયામકપદેથી ગુજરાત-કાઠિયાવાડના સમર્થ કેળવણીકાર તરીકેની પ્રતિષ્ઠા લઇને રાજ્યની મોટી મદદથી અહીં એરોપ્લેન ઊતરે તેમ ઊતરી પડયો. પણ હું કાંઈ આંબલાની ધરતીમાં ઊગ્યો છું.? હું જો ગામડાંના સાદા વાસી તરીકે આવ્યો હોત અને પછી ધીમે ધીમે ગામના સહકારથી શાળા કાઢવા પ્રયત્ન કર્યો હોત તો એ શાળા ગામની શાળા થાત. આજે હવે મારી આ ભૂલને હું સુધારી રહ્યો છું. અને ગામના લોકોનો અવિશ્વાસ મોટે ભાગે દૂર થયો છે પણ ખરો.

દક્ષિણામૂર્તિનો આત્મા જીવંત છે

(૭) તમે આપણી ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થાને જીવતી રાખીને આ પ્રયત્ન કરી શકયા હોત. તમારામાં એવી શક્તિ છે જ, છતાં તમે એમ કેમ ન કર્યું ?

મારા અભિપ્રાય પ્રમાણે તો દ. મૂ. ના આત્માને જીવતો રાખવા માટે જ હું અહીં આવ્યો છું. અને મારે મન તો આજે પણ એ સંસ્થા જીવે છે. તમે બોલો છો એ તો દ. મૂ. ના-ભાવનગરનાં-મકાનો વિશે બોલો છો મારે મન, એ મકાનો તો માત્ર ઈંટ, પથ્થર અને ચૂનાનો ઢગલો જ છે. હું દ. મૂ. નો ત્યાગ કરીને આંબલા આવ્યો છું એ વાત જૂઠી છે. દ. મૂ.નો વિભાગ એટલે ગ્રામ. દ. મૂ. મેં ભાવનગરની સંસ્થાના એક ભાગ તરીકે અહીં શરૂઆત કરી હતી. પરિસ્થિતિ એવી આવી કે જવાબદારી લેનારના અભાવે ભાવનગરના વિભાગો બંધ કરવા પડશે એમ સૌને જણાયું. અને સાથોસાથ એવો ભય પણ પેદા થયો કે તે વિભાગો બંધ થાય અને આંબલા વિભાગ ચાલુ રહે તો આખીય સંસ્થાનો વારસો આંબલા વિભાગને જાય. એટલે, મિત્રોના આ ભયને દૂર કરવા માટે મેં ગ્રામ દક્ષિણામૂર્તિને ભાવનગર દ. મૂ. થી અલગ પાડવાની દરખાસ્ત મૂકી અને મિત્રોએ તેને સહર્ષ તુર્ત જ વધાવી લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તમે સમજી શકશો કે મારા માટે બે ઘોડે ચડવું અશકય જ હતું. ગ્રામ દ. મૂ માં મારી જાતે કામ કરવાની મને હોંશ હતી. નહિતર આંબલાનો વિભાગ ઉઘાડીને કોઇ સાધારણ આદમીથી એ ચલાવી શકાત; પણ એવો વિભાગ તો માત્ર રમકડું થાય. એમાં પ્રાણ ન આવે.

ગૃહકાર્યોને ધોરણે કન્યાકેળવણી

(૮) વર્ધાયોજનામાં જે ઉદ્યોગો પ્રધાન સ્થાને છે, તેવું જ સ્થાન ગૃહકાર્યોને આપી કન્યા કેળવણી માટે વર્ધાયોજના થઈ શકે કે નહિ?

જરૂર થઈ શકે. આ સંબંધે વર્ધાના યાજકો સાથે કેટલાક વિચારકોએ વિચારવિનિમય કર્યો છે. વળી કસ્તુરબા–સ્મારક અંગે થનાર કાર્યમાં પણ આ વિચારણા પ્રધાન સ્થાને છે. રસોઈ, શીવણ વગેરે ગૃહકાર્યોને વર્ધાયોજનામાં બતાવેલ ઉદ્યોગો જેવું જ સ્થાન અને મહત્ત્વ આપી કેળવણી આપી શકાય.

કયો ઉદ્યોગ પ્રધાન સ્થાને?

(૯) વર્ધાકેળવણીમાં પ્રધાન સ્થાને કયો ઉદ્યોગ હોવો જોઇએ?

મારી અંગત માન્યતા એવી છે કે ખેતીને મુખ્ય ઉદ્યોગ તરીકે સ્થાન આપવું જોઇએ. પરંતુ બાપુજીએ કાંતણને મુખ્ય સ્થાન આપ્યું છે તેની પાછળ અનેક વિચારોની વ્યાપક દૃષ્ટિ અને આનુભવિકની ઉકેલની નજર છે. એમને વિવિધ ઉદ્યોગોમાંથી કાંતણ જ પ્રધાન ઉદ્યોગ તરીકે જડી આવેલ છે. એ જ તેમનો મોટામાં મોટો ફાળો છે.

વર્ધાકેળવણીના સિદ્ધાંતોએ તો આખા વિશ્વની નજર ખેંચી છે. મોટા મોટા વિચારકોએ આ યોજનાને મુબારકબાદી આપી છે. આવે તબક્કે દુનિયા આપણા ઉપર મીટ માંડી બેઠી છે. હવે વર્ધાનું શિક્ષણ-શાસ્ત્ર પણ સંપૂર્ણ બન્યું છે. એટલે જનતાએ તેને જલદી વ્યાપક સ્વરૂપ આપવું જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહશિક્ષણનું સાહસ ક્યારે ખેડવું ?

(૧૦) સહશિક્ષણ વિશેના તમારા અનુભવો આપો.

મને લાગ્યું છે કે સંસ્થા સતત જાગૃત સેવી શકે તો સહશિક્ષણ આવકારદાયક છે, છતાં તે જાગૃતિ સેવ્યા પછી કેટલીક વખત હાથ દાઝે છે...તો સમજવું કે કોઈ પણ સદ્‌વિચારની પાછળ કંઈ કંઈ ઊણપો ને દૂષણો તો રહી જ જાય છે–સહશિક્ષણનો અમલ સૈદ્ધાંતિક દૃષ્ટિયે જરૂરી છે એમ ન જોવું. શક્તિ હોય તો જ–જાગૃતિ સેવીને–તેવાં સાહસ ખેડવાં.

કલા અને સાદાઇ

(૧૧) તમને એમ નથી લાગતું કે આપણાં બાલમંદિરોમાં કલાની અતિરેકતા થાય છે ?

હું કળામાં નથી સમજતો, પરંતુ મારી પાસે તેનો કસ લેવાની બુદ્ધિ તો છેજ. મને લાગે છે કે નૃત્ય, નાટકો ને કલામય વાતાવરણ બાલમંદિરમાં જરૂર હોવાં જોઇએ. પરંતુ શ્રી. ગિજુભાઈ જે સાદાઈ અને ખાસ પૂર્વ તૈયારી વિના બાળ નાટકો કરાવતા, તે સાદાઇ ભૂલીને તમે બધા પોશાક, ઝાકઝમક વગેરે પાછળ એવા તો પડ્યા છો કે હાવભાવની મુખ્ય વાતને તમે ભૂલી જાઓ છો. આથી શહેરોમાં જે રીતે બાળનાટકો ભજવાય છે તેને હું આવકારી શકતો નથી. એ અતિરેકતાનો નાશ કરી હાવભાવવાળાં નૃત્ય અને બાળનાટકો સાદાઇથી યોજે તે જરૂરનું છે.

ટ્યુશનની ગુલામી તોડો

(૧૨) શહેરી શિક્ષકોનો આત્મા ટ્યુશનથી ખવાઇ જાય છે તેનો શો જવાબ છે ?

હું જોઉં છું કે ઉચ્ચ ખમીરવાળા સ્વાભિમાની શિક્ષકોને પણ શહેરોમાં ટ્યુશનની ગુલામી સેવવી પડે છે. એ દશાના સાક્ષી જ્યારે મારે થવું પડે છે ત્યારે મારું હૃદય રડે છે અને તે શિક્ષકોની આંખમાંથી આંસુ સરે છે. મને લાગે છે કે તે શિક્ષકો તેમના આત્માની શક્તિ જોઇ શક્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. શહેરમાં તેઓ જે મહેનત કરે છે તે જ મહેનત ગામડાંમાં કરે તો તેમને રોટલો ન મળે તેવું નથી. પરંતુ આજે તો ગામડાંની ખોટી ભડક તમને સૌને લાગી ગઈ છે. સ્વાભિમાન સાચવીને તમારો રોટલો ગમે ત્યાંથી મેળવી શકો તેમ છો. પણ નીચી મૂંડી રાખીને ટ્યુશનો પાછળ કેમ પડો છો તે સમજાતું નથી. કાં તો તમારી શાળાઓની ફી વધારી એ પ્રશ્નોનો ઉકેલ કરો, કરાવો, અગર આ ધંધાને લાત મારી કોઈ પણ સ્વમાની ધંધો લો. આ રીતે શહેરની તમામ નિશાળો તમે સૌ એકત્રિક થઈને બંધ કરો તો પણ શું ખોટું છે?

(૧૩) સર્વ ધર્મોનાં તત્ત્વો દ્વારા બાળકોને ધાર્મિક વાતાવરણ કેવી રીતે આપી શકાય?

સર્વ ધર્મની સરખામણી કે ઉપદેશનીતિ કરવાને બદલે બાળકને સંતપુરુષોનાં જીવનચરિત્રો આપવાં એ વધારે યોગ્ય માનું છું. સર્વ ધર્મોના સારા સારા સંતોનાં જીવનવૃત્તાંત કહેવાં કે વાંચી સંભળાવવાં એ આજની ઉત્તમ રીત મને લાગે છે. બાકી તો શિક્ષકનું અંગત જીવન-ધાર્મિક જીવન જ-તેમને વધુ સ્પર્શ કરે છે.

નવમીની રજા.

(૧૪) દર માસની દરેક નવમીએ રજા પાડવા સંબંધે આપ શું કહો છો?

વિદ્યાર્થીઓ જો તે રજા માગતા હોય તો ખુશીથી આપવી. તેમની આ માગણી પાછળ રાષ્ટ્રભાવના દેખાય છે. શિક્ષકો અને સંચાલકોનો ધર્મ છે કે તેમણે તે ભાવનાનો ઉપયોગ કરવો. રજા નહિ પાડવાની વૃત્તિ દાખવી તેમનો સામનો કરશો તો ભારે વિરોધગ્રંથીની મડાગાંઠ પડશે. મારી ડાહી ને વ્યવહારૂ સલાહ એ છે કે કોઈપણ રીતે રચનાત્મક કાર્યક્રમ ન યોજી શકાય તો પણ, તે દિવસે રજા પાડી બાળકોના વિચારોને સન્માનો તે ઓછું નથી. અમદાવાદ કે જ્યાં મોટા ધરખમ આચાર્યો પડ્યા છે ત્યાં આવો પ્રશ્ન ઉપસ્થિત થાય તે સંચાલકો માટે શરમજનક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુવકોની આ તમન્નાને સન્માની તેનો સદુપયોગ કરવાની આવડત આપણામાં ન હોય તો શાળાઓનું મોટું દેવાળું છે.

સ્ત્રીનું સ્વાતંત્ર્ય.

(૧૫) સ્ત્રીઓને આર્થિક સ્વાતંત્ર્યની જરૂર છે? જો હોય તો કેવી ને કેટલી?

આવો પ્રશ્ન આર્યાવર્તમાં ઉપસ્થિત થવો ન જોઇએ. તે થાય છે તેનું કારણ આપણે પુરુષો છીએ. સ્ત્રીને આપણે ઘણી રીતે અવગણી છે. ઉપાય તો એકજ છે કે પુરુષોએ પોતાની કમાણી સ્ત્રીને ચરણે ધરી દેવી અને તેમાંથી ઘર ચલાવવાની પૂર્ણ સત્તા સ્ત્રીને આપી દેવી. એમ કરતાં પુરુષે પોતાના સિદ્ધાંત કે મતનું આક્રમણ જરાયે થવા ન દેવું. ઉપરાંત એટલું કહું કે માનવી તરીકે ઉત્પાદક ઉદ્યોગો હાથ કરી લેવાની સૌની ફરજ છે તેમ સ્ત્રીઓ પણ તેવો એક ઉદ્યોગ હાથ કરી લે તે જરૂરનું છે. પરંતુ તે આવડતનો વિકૃત અમલ આપણા દેશને અને તેની રગને હાનિકારક છે.

બાળમંદિરોનું ઓજસ.

(૧૬) બાળમંદિરોનું ઓજસ શ્રી. ગિજુભાઇની હયાતીમાં દેખાતું તેવું આજે નથી; તે બધાં ભાંગતી દશામાં છે. તેનો ઉપાય બતાવશો?

ઉપાય તમારા જ હાથમાં છે. આજની કમિટીઓ કે વાલીઓ સમક્ષ તમે ટટ્ટાર ઊભા રહી શકતા નથી, અને ધીરે ધીરે સિદ્ધાંતો છોડી વધુ પડતા વ્યવહારૂ થતા જાઓ છો. પ્રજાને દોરવણી આપવાનું કામ તમારૂં છે, તે પ્રમાણે પ્રજા ન દોરવાય તો બીજા સ્વમાની ધંધા શોધી લેવા. સ્વમાન સાચવીને બાલમંદિર ટકાવી શકતા ન હો તો બહેતર છે કે તેને તાળાં મારવાં અને નવા ધંધા શોધવા અગર ગામડાંમાં બેસી જવું. જ્યાં જરૂર છે ત્યાં તમારે જવું નથી, અને જ્યાં ભીંસાવ છો ત્યાંથી નીકળવું નથી! આ કેવી બેહૂદી વાત!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજોપયોગી ઉત્પાદક શ્રમ મારા મનથી માનવજીવનનો એક મોટો અને પવિત્ર અધિકાર છે; એટલે જીવનમાં આ પવિત્ર અધિકારને જેટલું ઊંચું સ્થાન છે અને હોવું જોઈએ, તેવું જ પ્રતિષ્ઠામય સ્થાન આવા ઉદ્યોગ ને કેળવણીમાં પણ હોવું જોઈએ. પણ આ ઉપરથી આપણે એમ ન સમજીએ કે ઉદ્યોગ સિવાય બીજા બધા વિષયો કેળવણીમાં નકામા છે અથવા તો ગૌણ છે. ઉપર જણાવ્યા તેવા ઉદ્યોગને જેમ આપણી કેળવણીમાં અને જીવનમાં સ્થાન છે, તેવું જ સ્થાન આપણી કેળવણી-માં શુદ્ધ માતૃભાષાનું છે, એ ભાષાના અનેક પ્રકારના આવિર્ભાવોનું છે, કલાનું છે, માનવજીવનના આજ સુધી થયેલા જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોના વિકાસનું છે. એટલે ઉત્પાદક કામ કરવાના પવિત્ર અધિકારને આપણી કેળવણીમાં યોગ્ય સ્થાન અને તે પણ મહત્ત્વનું સ્થાન આપવું જોઈએ. ટૂંકામાં સમગ્ર જીવનદષ્ટિને સુસંગત હોય એટલું જ નહિ, પરંતુ એને પોષક પણ હોય એવા તમામ વિષયોને આવા ઉદ્યોગની સાથે આપણી કેળવણીમાં સ્થાન હોવું જોઈએ; કારણકે જેમ આવા ઉદ્યોગ વિના જીવન તેમ જ કેળવણી ખાંગાં છે, તેમ જ ઉપર જણાવેલી દષ્ટિ વિના પણ તે ખાંગાં, અથવા તો વધારે ખાંગાં રહેવાનાં છે, તેમાં શંકા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

નાં

પ્રકાશનો

દીપનિર્વાણ (દર્શક) ૩-૪-૦

બીજી આવૃત્તિ

બે વિચારધારા (દર્શક) ૨-૧૨-૦

અંધારના સીમાડા (નાટક) ૧-૯-૦

:: છપાય છે ::

રોમના ઇતિહાસની કથાઓ (દર્શક)

નાનસેન—જીવનચરિત્ર

(મૂળશંકર મો. ભટ્ટ)

દૃષ્ટાંતકથાઓ (નાનાભાઈ)

પ્રવાસીના પત્રો (છગનલાલ જોષી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોડિયું

તંત્રી

નાનાભાઈ ભટ્ટ

ગામડાંના અને રાષ્ટ્રના પુનરુત્થાનના
પ્રશ્નોની કેળવણીની દૃષ્ટિએ ચર્ચા
કરતું માસિક

•

વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ચાર : પરદેશમાં શિલિંગ સાત

ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
આંબલા

મુખ્ય વિક્રેતા

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
મુંબઈ અને અમદાવાદ

Sarasvati Press, Bhavnagar

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar